૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 200 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 August 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૩ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

CHANDAK

PROMISES MADE.PROMISES KEPT.

MahaRERA Registration No:
P51800080145
https://maharera.mahaonline.gov.in

## કહો તો, સૌથી વધુ ખુશખુશાલ આપણે ક્યાં દેખાઇએ?
## ફેમિલી ફોટોમાં!

રજા ગાળવાની મસ્તીમાં, પરિવાર પૂરો મસ્ત આનંદમાં
દાદાદાદી - નાનાનાની, ઝૂમે તેમની સાથે 'વહાલાં વ્યાજ'ની ટોળી

ભાઇ અને બહેન ફરી ખોવાય બાળપણ જેવી મસ્તીમાં
તમારા જીવનસાથી પણ રંગાય એક અનોખા રંગમાં

સ્વીમિંગ પુલમાં છબછબિયાં કરતાં, રેસ લગાવીને દોડી જતાં
સ્પામાં સ્વર્ગ જેવી હળવાશ અનુભવતાં, "રોકાઇ જાને થોડું વધુ...!" એમ એકબીજાંને કહેતાં..

કેવું સારું થાય કે ફક્ત રજાઓ જ આવી ન હોય,
બલ્કે, તમારી જીવનશૈલી જ આ હોય !!

પ્રસ્તુત છે **ચાંડક વંશમ્**
જ્યાં આપનો વંશ આનંદમાં મ્હાલે



CHANDAK
# vansham
*Celebrate Your Legacy*

VILE PARLE (W)

LUXURY 3 & 4 BBHK RESIDENCES STARTING AT ₹5.32 CR*
(B = Balcony)

7620560000 | www.chandakgroup.com

Site Add: Chandak Vansham, S.V. Road, Opp. Jain Derasar, Kripa Nagar, Vile Parle (W), Mumbai - 400056

The project is registered as Chandak Vansham on MahaRERA website under registered projects. This communication is purely conceptual and not a legal offering. The information contained herein is only indicative in nature. All the views, surroundings, models, aesthetics, furniture, fixtures, and/or any other details are conceptualized for illustration purposes only. The project amenities and facilitates are subject to final approvals from the concerned authority. The list of standard offerings, amenities and other details are available for verification at site. Intending purchasers are requested to verify all the details before acting in any manner with respect to the project.

RBL BANK The project is mortgaged in favour of IDBI Trusteeship Services Limited acting as security trustee for RBL Bank Limited.

CHANDAK
PROMISES MADE.PROMISES KEPT.

MahaRERA Registration No:
P51800080145
https://maharera.mahaonline.gov.in

# વિલે પારલેમાં ~3.4 એકરમાં ફેલાયેલી વૈભવી ભવ્યતાઓમાંની એક

પોતાનાં સ્વજનોને કંઇક આપીને જવું એ જ ફક્ત વારસો નથી. બલ્કે, તેમને અનુરૂપ વૈભવ, લક્ઝરીનો આનંદ ઉઠાવતાં જોવાં એ વારસો છે. જ્યાં બધી પેઢીઓ સ્નેહની માળામાં હોંશે હોંશે ગૂંથાય અને સંબંધોને આદરપૂર્વક માણે એવી એક છત તળે, પરિવારને એકસાથે લાવવો..

## એ છે ખરો વારસો.

## વિશેષતાઓ:

13 મીટર પહોળો, શાંતિભર્યો પ્રવેશ પથ



"વિશાળ" શબ્દનો અર્થ સાકાર કરતી બાલ્કનીઓ



1.2 એકરમાં ફેલાયેલી સુવિધાઓ નાનાં, મોટાં સહુ કોઇ માટે ખુલ્લી જગ્યા






સ્કૂલો, ઓફિસો અને આનંદપ્રમોદનાં સ્થળો સુધી પહોંચવાની સરળતા





લોકોને ભેગાં થવાનું મન થાય તેવું લૅન્ડસ્કેપ રિટ્રીટ






ઘર જેવા જ આરામદાયક ગેસ્ટ રૂમ્સ



કાર પાર્કિંગ માટે પૂરતી જગ્યાઓ



જૈન દેરાસરની બાજુમાં

અગર હવે કોઇ પૂછે, શું નવાજૂની? તો શાનથી કહેજો,

CHANDAK
**vansham**
*Celebrate Your Legacy*

Balcony
**LUXURY 3 & 4 BBHK RESIDENCES**
**STARTING AT ₹5.32 CR***
**VILE PARLE (W)**

**એક્સપીરિઅન્સ સેન્ટર તૈયાર છે**

7620560000 | www.chandakgroup.com

Site Add: Chandak Vansham, S.V. Road, Opp. Jain Derasar, Kripa Nagar, Vile Parle (W), Mumbai - 400056

The project is registered as Chandak Vansham on MahaRERA website under registered projects. This communication is purely conceptual and not a legal offering. The information contained herein is only indicative in nature. All the views, surroundings, models, aesthetics, furniture, fixtures, and/or any other details are conceptualized for illustration purposes only. The project amenities and facilitates are subject to final approvals from the concerned authority. The list of standard offerings, amenities and other details are available for verification at site. Intending purchasers are requested to verify all the details before acting in any manner with respect to the project.

RBL BANK The project is mortgaged in favour of IDBI Trusteeship Services Limited acting as security trustee for RBL Bank Limited.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 200 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 August 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૩ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## આધાર કાર્ડધારકને પણ મતદાર ગણોઃ સુપ્રીમ કોર્ટ

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 92,430/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે આધાર કાર્ડ ધારકને પણ મતદાર તરીકે માન્યતા આપવા ચૂંટણી પંચને શુક્રવારે આદેશ આપ્યો હતો.

બિહાર સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક મોટી ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ચૂંટણી પંચે મતદાર યાદીના ચાલી રહેલા 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' દરમિયાન સબમિટ કરી શકાય તેવા ૧૧ દસ્તાવેજોમાંથી એક તરીકે આધાર કાર્ડને સ્વીકારવો પડશે.

મતદાર યાદીના 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન'ને પડકારતી અરજીઓની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ફરીથી મતદાર યાદીમાં સામેલ કરવા માટેની અરજી આ ૧૧ અથવા આધારમાંથી કોઈપણ એક સાથે રજૂ કરી શકાય છે.

કોર્ટે બિહારના રાજકીય પક્ષો પર પણ કડક ટિપ્પણી કરી અને એ જાણવા માગ્યું કે તેમણે ૬૫ લાખથી વધુ કાઢી નાખેલા મતદારોને કેમ મદદ ન કરી. હકીકતમાં આરજેડી અને કોંગ્રેસ જેવા ઘણા રાજકીય પક્ષોએ આ સુધારાનો વિરોધ કર્યો છે કારણ કે તે પરંપરાગત રીતે તેમને મત આપનારા સમુદાયોને મતાધિકારથી વંચિત રાખવા માટે રચાયેલ છે.

કોર્ટે કહ્યું હતું કે, ''રાજકીય પક્ષો તેમનું કામ કરી રહ્યા નથી. તમારા બૂથ સ્તરના એજન્ટો શું કરી રહ્યા છે? રાજકીય પક્ષોએ મતદારોને મદદ કરવી જોઈએ.'' કોર્ટે ચૂંટણી પંચના અવલોકનને પુનરાવર્તિત કર્યું કે વાંધા વ્યક્તિગત રાજકારણીઓ, એટલે કે સાંસદો અને ધારાસભ્યો દ્વારા દાખલ કરવામાં આવ્યા હતા, રાજકીય પક્ષો દ્વારા નહીં.

પોતાના નિર્ણયમાં કોર્ટે આ મામલે રાજકીય પક્ષોને જ સામેલ કર્યા નથી પરંતુ તેમને સક્રિય રીતે લોકોને મદદ કરવાનો નિર્દેશ પણ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આશ્ચર્યજનક છે કે આટલી મોટી સંખ્યામાં બૂથ સ્તરના એજન્ટો હોવા છતાં ખૂબ ઓછા વાંધા દાખલ કરવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું,

(જુઓ પાનું ૨) ▶▶

## ઈન્કમ ટૅક્સ ઍક્ટ, ઑનલાઈન ગૅમ્સ ખરડાને રાષ્ટ્રપતિની બહાલી

નવી દિલ્હીઃ લોકસભામાં મંજૂરી આપવામાં આવ્યાના માત્ર એક જ દિવસ બાદ ઑનલાઈન ગૅમ્સ ખરડા અને ઈન્કમ ટૅક્સ ઍક્ટને શુક્રવારે રાષ્ટ્રપતિએ પણ મંજૂરી આપી દેતાં તે કાયદો બની ગયો છે. રૂપિયાથી રમાતી તમામ પ્રકારની ગૅમ્સ પર પ્રતિબંધ મૂકતા ખરડાને સંસદના બંને ગૃહમાં મંજૂરી મળી જતાં રિયલ-મની ઑનલાઈન ગૅમ્સનો સમય પૂરો થઈ ગયો છે.

આ કાયદો ક્યારથી અમલી બનશે તેની જાણ કરતું જાહેરનામું હવે બહાર પાડવામાં આવશે.

સરકારે ભારપૂર્વક કહ્યું હતું કે ઑનલાઈન ગૅમિંગ ગંભીર સામાજિક મુદ્દો બની ગયો હતો અને સમાજ પર તેની નકારાત્મક અસર જોવા મળી રહી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સંસદના ચોમાસુ સત્રમાં પસાર થયેલા આવકવેરા કાયદા,૨૦૨૫ને મંજૂરી આપી છે. ગેઝેટ સૂચના અનુસાર,આ બિલ આવતા વર્ષે ૧ એપ્રિલથી સમગ્ર દેશમાં અમલમાં આવશે. આ કાયદો ૧૯૬૧ના આવકવેરા કાયદાનું સ્થાન લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ

(જુઓ પાનું ૨) ▶▶

## સેન્સેક્સ ૬૯૪ પોઈન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાની ફેડરલ રિઝર્વના રેટકટ અંગેની અનિશ્ચિતતા વચ્ચે શેરબજારમાં શુક્રવારે ભારે વેચવાલી વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટી લગભગ એક ટકા ગબડ્યા હોવાથી છ દિવસની આગેકૂચને બ્રેક લાગી હતી. આ ઉપરાંત રશિયા અને યુક્રેન વચ્ચેની શાંતિ મંત્રણા પડી ભાંગવાને કારણે પણ બજારનું સેન્ટિમેન્ટ ખરડાયું હતું.

ખાસ કરીને એચડીએફસી બેંક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં ભારે વેચવાલી વચ્ચે સેન્સેક્સ ૬૯૩.૮૬ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા ઘટીને ૮૧,૩૦૬.૮૫ પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૨૧૩.૬૫ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા ઘટીને ૨૪,૮૭૦.૧૦ પર બંધ થયો છે.

બજારનાં સાધનો અનુસાર રોકાણકારોએ જેક્સન હોલ સિમ્પોઝિયમમાં યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલના આગામી નિવેદનો પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાથી બજારમાં ઊંચા મથાળે વેચવાલીનો દોર

(જુઓ પાનું ૨) ▶▶

## મોદી સોમવારથી ગુજરાતની મુલાકાતે

### ₹ ૧૪૦૦ કરોડથી વધુના રેલવે પ્રોજેક્ટ્સની ભેટ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે, જ્યાં તેઓ રૂ. ૧,૪૦૦ કરોડથી વધુના વિવિધ રેલવે પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ્સથી ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાઓને લાભ થશે. આ રેલવે પ્રોજેક્ટ્સ રિજિનલ કનેક્ટિવિટી, ઔદ્યોગિક વિકાસ, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા અને રોજગાર સર્જનને પ્રોત્સાહન આપશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી જે રેલવે પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે, તેમાં રૂ. ૫૩૭ કરોડના ખર્ચે તૈયાર થયેલી મહેસાણા-પાલનપુર રેલવે લાઇન (૬૫ કિમી)નું ડબલિંગ, રૂ. ૩૪૭ કરોડના ખર્ચે કલોલ-કડી-કટોસણ રોડ રેલવે લાઇન (૩૭ કિમી)નું ગેજ કન્વર્ઝન અને રૂ.

(જુઓ પાનું ૨) ▶▶

બેંગકોક તો જોયું, હવે જોઈએ થાઈલેન્ડમાંનું હિડન જેમ્સ!
ફુકેત ક્રાબી
ફક્ત ₹ 49,000
વીણા વર્લ્ડ સંગાથે ઓલ ઈન્ક્લુઝિવ 4 દિવસ/3 રાત
ફ્લાઈટ્સ ☑ 4* હોટેલ્સ ☑ સર્વ મહત્ત્વનાં સાઈટસીઈંગ ☑
બ્રેકફાસ્ટ-લંચ-ડિનર ☑ ડ્રાઈવર-ગાઈડ ટિપ્સ ☑
કોઈ પણ છૂપા ખર્ચ નહીં કે કોઈ પણ ટેન્શન નહીં, કારણ કે વીણા વર્લ્ડના લોકપ્રિય ટુર મેનેજર મુંબઈથી મુંબઈ દરેક ક્ષણે તમારી સંગાથે છે જ.
Hurry! આ કિંમતમાં મર્યાદિત ટુર્સ ઉપલબ્ધ. હમણાં જ બુક કરો!



veenaworld.com
ફેમલી ગ્રુપ ટૂર ફુકેત ક્રાબી 25 સપ્ટે
વુમન્સ સ્પેશિયલ ફુકેત ક્રાબી 24 સપ્ટે
સિનિયર્સ સ્પેશિયલ ફુકેત ક્રાબી 22 સપ્ટે
ચાલો બેગ ભરો, નીકળી પડો!
Book Online, visit veenaworld.com
જેમ્સ બોન્ડ આઈલેન્ડના આઈકોનિક નીડલ રોકથી ક્રાબીની ફોર આઈલેન્ડ ટુર સુધી દરેક દિવસ એટલે જાણે એક નવું પોસ્ટકાર્ડ! તમારી આ ટુરમાં અનુભવો:
• ક્રાબી ફોર આઈલેન્ડ હોપિંગ ટુર
• આઓ નાંગ બીચ અને પટાંગ બીચ
• આઓ ફાંગ ન્ગા નેશનલ પાર્ક
• જેમ્સ બોન્ડ આઈલેન્ડ - નીડલ રોક
• એ.આર. ટ્રિકઆઈ મ્યુઝિયમ, ફુકેત
• સિયામ નિરામિત શો/ફુકેત ફેંટા સી શો
મૈં હૂં ના!
ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં જવા-આવવાનો વિમાનપ્રવાસ, ટ્રાન્સપોર્ટ, હૉટેલમાં મુકામ, બ્રેકફાસ્ટ-લંચ-ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ડ્રાઈવર-ગાઈડ ટિપ્સ, ટ્રાવેલ ઈન્શ્યુરન્સ*, ટુર મેનેજર સર્વિસીસ, વિઝા ફી (ફ્રી વિઝા દેશ ઉપરાંત), વગેરે બાબતોનો સમાવેશ છે.
veenaworld.com Call: 1800 22 7979 1800 313 5555
Scan for your nearest Veena World Sales Office
Monday-Saturday 10 to 7 travel@veenaworld.com
VEENA WORLD Travel. Explore. Celebrate Life.
All group tours are ex-Mumbai. Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of 'Veena Patil Hospitality Pvt. Ltd.' No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

## રસ્તામાં કૂતરાઓને ખવડાવવા પર સુપ્રીમ કોર્ટનો પ્રતિબંધ

### 'શ્વાનોને નસબંધી, રસીકરણ કરી છોડી દો'

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે રખડતા કૂતરાઓને રસ્તા પર ખવડાવવા પર પ્રતિબંધ મૂકયો હતો અને રખડતા શ્વાનોને નસબંધી તેમ જ રસીકરણ કરીને છોડી દેવા આદેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં રખડતા શ્વાનોને કડવા અને સ્થાનાંતરિત કરવા અંગેના પોતાના અગાઉના આદેશમાં ફેરફાર કર્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ એનવી અંજારૈયાની બનેલી ત્રણ ન્યાયાધીશોની બેન્ચે શુક્રવારે જાહેરાત કરી હતી કે હડકવાથી સંક્રમિત અથવા આક્રમક વર્તન દર્શાવતા શ્વાનો સિવાયના રખડતા શ્વાનોને નસબંધી અને રસીકરણ પછી તે જ વિસ્તારમાં પાછા છોડી દેવામાં આવે.

અમે બધાં રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો માટે આ આદેશ આપ્યો છે અને સમગ્ર ભારતમાં આ બાબતનો વ્યાપ વિસ્તાર્યો છે,એમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.

સુપ્રીમ કોર્ટે એવો પણ આદેશ આપ્યો છે કે શ્વાનોને જાહેરમાં ખોરાક આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં, અને રખડતા શ્વાનો માટે ખાસ ખોરાક આપવાની જગ્યાઓ બનાવવામાં આવે.

''મ્યુનિસિપલ સત્તાવાળાઓ ફકરા ૧૨, ૧૨.૧ અને ૧૨.૨નું પાલન કરશે, રખડતા શ્વાનોને છોડવા પરનો પ્રતિબંધ રોકી દેવામાં આવશે. તેમને કૃમિનાશક દવા, રસી વગેરે આપવામાં આવશે અને તે જ વિસ્તારમાં પાછા મોકલવામાં આવશે. જે શ્વાનો આક્રમક વર્તન ધરાવતા હોય અથવા હડકવાથી પીડાતા હોય તેમને રસી આપવામાં આવશે અને છોડવામાં

(જુઓ પાનું ૨) ▶▶

Trusted Since 1864
RIGHT CHOICE PRICE
ત્રિભોવનદાસ ભીમજી ઝવેરી
ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જિસ
₹299* પ્રતિ ગ્રામ
થી શરુ
ડાયમંડ જ્વેલરીની ઘડામણ પર
50% સુધી ની છૂટ*



*શરતો લાગૂ
BORIVALI | GHATKOPAR | KALYAN (W)
MARINE DRIVE | SANTACRUZ | THANE
VASAI | VASHI | ZAVERI BAZAR
For franchise inquiry, please call on 9158635000 or please send email on franchisee@tbzoriginal.com
Follow Us : @tbz.theoriginal | @TBZTheOriginal
tbz® The original since 1864

## જીવનાવશ્યક ચીજો સસ્તી થશેઃ અમિત શાહ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જીએસટીમાં સુધારાની કરેલી જાહેરાતને પગલે જીવનાવશ્યક ચીજો સસ્તી થશે, એમ કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે શુક્રવારે કહ્યું હતું. અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે તમિળનાડુના મુખ્ય પ્રધાનનો એજન્ડા માત્ર પોતાના પુત્રને મુખ્ય પ્રધાન અને સોનિયા ગાંધીનો એજન્ડા રાહુલ ગાંધીને વડા

(જુઓ પાનું ૨) ▶▶

## આરએસએસના દશેરાના કાર્યક્રમમાં કોવિંદ અતિથિવિશેષ


નવી દિલ્હીઃ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ બે ઑક્ટોબરે ઉજવવામાં આવનારાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના દશેરાના વાર્ષિક કાર્યક્રમમાં અતિથિવિશેષ હશે.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટ મારફતે આરએસએસએ આ માહિતી આપી હતી.

આરએસએસની સ્થાપનાની શતાબ્દીના પ્રસંગે એટલે કે બે ઑક્ટોબરે દશેરાની ઉજવણી કરવામાં આવશે.

નાગપુરના રેશીમબાગ ખાતે બે ઑક્ટોબરે સવારે ૭:૪૦ વાગે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ હશે. આરએસએસના વડા

(જુઓ પાનું ૨) ▶▶




## કર્ણાટકના વિધાનસભ્યને ત્યાં ઈડીના દરોડા

નવી દિલ્હીઃ કર્ણાટક કોંગ્રેસના વિધાનસભ્ય કે. સી. વીરેન્દ્ર (પપ્પી), તેમના ભાઈ અને અન્યો વિરુદ્ધના કથિત ઑનલાઈન અને ઑફલાઈન ગેરકાયદે સટ્ટા સંબંધિત મનીલૉન્ડરિંગ કેસને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી)એ શુક્રવારે દેશના વિવિધ રાજ્યમાં અનેક સ્થળે દરોડા પાડ્યા હતા.

સત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર પ્રિવેન્શન ઑફ મનીલૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલે) અંતર્ગત છત્તીસગઢ જિલ્લા, બેંગલૂરુ, કર્ણાટકના હુબલી, જોધપુર (રાજસ્થાન), મુંબઈ અને ગોવા સહિતના ઓછામાં ઓછા ૩૦ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા.

વીરેન્દ્ર પર ઑનલાઈન અને ઑફલાઈન બૅટિંગ સાઈટ ચલાવવાનો આક્ષેપ છે. પચાસ વર્ષના વીરેન્દ્ર ચિત્રદુર્ગા

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન સાથે ક્રિકેટ, મોદી સરકારની પણ સગવડિયા નીતિ

**ભારતે** પાકિસ્તાન સામે ક્રિકેટ રમવું જોઈએ કે નહીં એ મુદ્દો પાછો ચર્ચામાં છે. પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓએ એપ્રિલ મહિનામાં પહલગામમાં હુમલો કરીને ત્રીસેક ભારતીયોની હત્યા કરી પછી ભારતમાં આવેલા દેશપ્રેમના જુવાળમાં ભારતે પાકિસ્તાન સાથેના તમામા સંબંધો કાપી નાખવા જોઈએ એવી વાતો બહુ ચાલેલી. ભારત-પાકિસ્તાનના સંબંધોમાં ક્રિકેટમાં લોકોને સૌથી વધારે રસ પડે છે તેથી પાકિસ્તાન સાથેના તમામ પ્રકારના ક્રિકેટ સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ એવા દેકારા પણ બહુ થયા હતા.

ભારત લાંબા સમયથી પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય સિરીઝ તો રમતું જ નથી તેથી તેનો તો સવાલ જ નહોતો પણ એશિયા કપ અને વર્લ્ડ કપ જેવી સ્પર્ધાઓમાં પણ પાકિસ્તાનનો બહિષ્કાર કરવો જોઈએ અને પાકિસ્તાન સામે ન રમવું જોઈએ એવી વાતોનાં વડાં બહુ થયાં હતાં. તેના શ્રીગણેશ સપ્ટેમ્બરમાં રમાનારા એશિયા કપથી કરીને ભારતે પાકિસ્તાન સામે ના રમવું જોઈએ એવી વાતોનો મારો પણ ચાલેલો પણ નરેન્દ્ર મોદી સરકારે આ બધી વાતોને કોરાણે મૂકીને એશિયા કપમાં પાકિસ્તાન સામે રમવાની ભારતીય ક્રિકેટ ટીમને મંજૂરી આપી દીધી છે.

કેન્દ્રના ગૃહ મંત્રાલયે ચોખવટ કરી છે કે, પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવે છે એટલે ભારત પાકિસ્તાન સામે દ્વિપક્ષીય શ્રેણી નહીં રમે પણ એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન મેચ સામે અમને વાંધો નથી. કેન્દ્રીય રમતગમત મંત્રાલયે તો ભારત અને પાકિસ્તાન વચ્ચેના સ્પોર્ટ્સ સંબંધો અંગે આખી નવી નીતિ જ બનાવી નાખી છે.

આ નીતિ પ્રમાણે, ભારત-પાકિસ્તાન સામસામે એટલે કે દ્વિપક્ષીય સિરીઝમાં નહીં રમે પણ મલ્ટીનેશન ટૂર્નામેન્ટમાં થનારી મેચને રોકી ના શકાય તેથી વર્લ્ડકપ સહિતની આવી સ્પર્ધાઓમાં ભારત અને પાકિસ્તાન રમી શકશે. ભારતીય ટીમ કોઈ પણ ટૂર્નામેન્ટ કે મેચ માટે પાકિસ્તાન નહીં જાય કે પાકિસ્તાનની ટીમને પણ ભારતમાં રમવાની મંજૂરી નહીં મળે પણ તટસ્થ સ્થળે રમાતી વધારે દેશો ભાગ લેતા હોય તેવી સ્પર્ધામાં ભારત અને પાકિસ્તાનની મેચ સામે વાંધો નહીં લેવાય.

એશિયા કપ દુબઈમાં રમાવાનો છે અને ભારત-પાકિસ્તાન સહિત ૮ દેશો ભાગ લેવાના છે તેથી મલ્ટીનેશન ટૂર્નામેન્ટ છે એટલે મોદી સરકાર ભારતીય ક્રિકેટ ટીમને એશિયા કપમાં રમતા નહીં રોકે. એશિયા કપમાં ભારતીય ટીમ ૧૦ સપ્ટેમ્બરે યુએઈ સામે પહેલી મેચ રમશે ને ૧૪ સપ્ટેમ્બરે રવિવારે પોતાની બીજી મેચ પાકિસ્તાન સામે રમશે. ભારતીય ટીમ પોતાની ત્રીજી અને છેલ્લી ગ્રૂપ મેચ ઓમાન સામે રમશે.

એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણેક મેચ રમાય એવા સંજોગો છે. ભારત અને પાકિસ્તાન એશિયા કપ ૨૦૨૫માં એક જ ગ્રુપમાં છે. ગ્રુપ-એમાં ભારત અને પાકિસ્તાન ઉપરાંત યુએઈ અને ઓમાન એ બીજી બે ટીમો પણ છે જ્યારે ગ્રુપ બીમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા અને હોંગકોંગ એ ચાર ટીમો છે. બંને ગ્રુપમાંથી બે ટોચની ટીમ સુપર ફોરમાં જશે ને એકબીજા સામે રમશે. ભારત અને પાકિસ્તાન બંને એક જ ગ્રુપમાં છે ને બીજી બે ટીમો સાવ ઉચકૂચિયાં જેવી છે તેથી ગ્રુપ એમાં ભારત-પાકિસ્તાન ટોપ પર રહેવાનાં એટલે સુપર ફોરમાં પાછાં ટકરાશે. સુપર ફોરમાં રમનારી ચાર ટીમોમાંથી જે બે ટીમ ટોપ પર રહેશે એ બંને ફાઈનલમાં જશે તેથી ભારત-પાકિસ્તાનની ફાઈનલમાં પણ ટક્કર થઈ શકે છે.

એશિયા કપમાં પાકિસ્તાન સામે ભારતીય ટીમને રમવાની મંજૂરી ભારતના દંભનો નાદાર નમૂનો છે. તમે દ્વિપક્ષીય સિરીઝ ના રમો ને આઈસીસીની સ્પર્ધામાં રમો એ દંભ નહીં તો બીજું શું કહેવાય ? તમે સામસામે આખી સિરીઝ રમો કે એક મેચ રમો, ક્રિકેટ સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે એવું ના જ કહેવાય ને ? તમારે સંબંધો ના રાખવા હોય તો કોઈ પણ સ્તરે ના રાખવા જોઈએ પણ તેના બદલે સરકાર સગવડિયા નીતિ અપનાવી રહી છે કેમ કે વાત નાણાંની છે.

ભારત પાકિસ્તાન સામે કોઈ પણ સ્તરે ના રમે તો ભવિષ્યમાં બોર્ડ ફોર ક્રિકેટ કંટ્રોલ ઈન ઈન્ડિયા (ઇઈઈઈ)ને આર્થિક ફટકો પડે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ પર ભારતીય બોર્ડનું વર્ચસ્વ છે. એશિયન કાઉન્સિલે ૨૦૨૪માં આગામી ચાર એશિયા કપના બ્રોડકાસ્ટર્સ અધિકારો જ ૧૭ કરોડ ડૉલર (લગભગ ૧૫૦૦ કરોડ રૂપિયા)માં વેચી માર્યા હતા. એશિયા કપના બ્રોડકાસ્ટિંગ રાઈટ્સ આટલી તોતિંગ કિંમતે વેચાયા તેનું કારણ ભારત-પાકિસ્તાન મેચો છે. ભારત-પાકિસ્તાન મેચના જાહેરાતના ૧૦ સેકન્ડના સ્લોટ ૨૫થી ૩૦ લાખ રૂપિયામાં વેચાય છે.

ભારતની બીજી મેચો માટે તેનાથી ચોથા ભાગની રકમ પણ નથી મળતી. ભારતીય ટીમ પાકિસ્તાન સામે ના રમે તો બ્રોડકાસ્ટર્સ જાહેરખબરના પ્રસારણના સ્લોટ્સ ઊંચી કિંમતે ના વેચી શકે ને મોટું નુકસાન થાય. તેના કારણે ભવિષ્યમાં આ બ્રોડકાસ્ટર્સ ભારતીય બોર્ડને પડખે ના ઊભા રહે. બોર્ડને અને સરકારને પણ દેશપ્રેમ કરતાં વધારે ચિંતા બ્રોડકાસ્ટર્સની છે તેથી તેમનું નુકસાન રોકવા માટે મોટી સ્પર્ધાઓમાં તટસ્થ સ્થળે રમવું ને દ્વિપક્ષીય સિરીઝ ના રમવી એવી સગવડિયા નીતિ બનાવી દેવાઈ છે.

આ સગવડિયા નીતિ માટે હાલની મોદી સરકારને જ દોષિત ગણાવી શકાય તેમ નથી કેમ કે આ સગવડિયા નીતિ વરસોથી ચાલે છે. ૨૦૦૮માં ૨૬ નવેમ્બરે પાકિસ્તાનના આતંકવાદીઓએ મુંબઈમાં આતંકવાદી હુમલો કરીને લગભગ બસો લોકોનાં ઢીમ ઢાળી દીધાં હતાં. એ વખતે મનમોહન સિંહ સરકારે પાકિસ્તાન સાથે કોઈપણ દ્વિપક્ષીય ક્રિકેટ સિરીઝ પર પ્રતિબંધ મૂકી દીધો હતો પણ આઈસીસી સહિતનાં એસોસિએશનની સ્પર્ધાઓમાં રમવા પર પ્રતિબંધ નથી તેથી ભારત ૨૦૦૮ પછી પણ વર્લ્ડકપ, ચેમ્પિયન્સ ટ્રોફી, ટી-૨૦ વર્લ્ડકપ સહિતની સ્પર્ધાઓમાં પાકિસ્તાન સામે રમે જ છે. મુંબઈ હુમલા પછી તરત ડિસેમ્બરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી દ્વિપક્ષીય સિરીઝ રદ થઈ તેથી ૨૦૦૮ પછી ભારત અને પાકિસ્તાન સામસામે ટેસ્ટ નથી રમ્યાં પણ વન ડે અને ટી-૨૦ મેચો તો રમ્યાં જ છે.

મોદી સરકારે એ જ નીતિ ચાલુ રાખી છે પણ મોદી સરકારે પહલગામ હુમલા પછી કરેલી હોહાને અનુરૂપ આ નિર્ણય નથી જ.

મોદી સરકારે એકદમ આક્રમક મૂડમાં આવી જઈને પાકિસ્તાન સાથેના તમામ સંબંધો પર પૂર્ણવિરામ મૂકવાની વાતો કરેલી પણ તેના બદલે એશિયા કપમાં રમવાની મંજૂરી આપી છે. મતલબ કે, મોદી સરકાર પણ મનમોહન સિંહની કૉંગ્રેસ સરકારના રસ્તે જ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ શનિવાર, તા. ૨૩-૮-૨૦૨૫,
અશ્વત્થ મારુતિ પૂજન, શિવપૂજન સમાપ્ત

- ભારતીય દિનાંક ૧, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર મઘા મધ્યરાત્રે ક. ૨૪-૫૪ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૦, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૬, મધ્ય રાત્રે ક. ૦૦-૧૯
- ઓટઃ સાંજે ક. ૧૮-૩૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – અમાવસ્યા. ઈષ્ટિ, અશ્વત્થ મારુતિ પૂજન, શિવપૂજન સમાપ્ત, રુદ્રવ્રત, દર્ભાહરણ, ભારતીય ભાદ્રપદ માસારંભ, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, પીપળાનું પૂજન, શનિદેવતાનું પૂજન, સૂર્ય-કેતુદેવતાનું પૂજન, પિતૃપૂજન, મહાબલિ શ્રી હનુમાનજીનું પૂજન, વડનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, શ્રી ગણેશ પૂજા વિશેષરૂપે, શ્રાવણ શિવપૂજા સમાપન, તીર્થમાં ત્રિપીંડી શ્રાદ્ધ પૂજા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય યુતિ વફાદાર, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય યુતિ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, સૂર્ય પુષ્ય નક્ષત્ર પ્રવેશ, શ્રાવણ અમાસ.
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ઈમરાન ખાનના ભત્રીજાની ધરપકડ

લાહોરઃ પાકિસ્તાનની જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનના ભત્રીજા શાહરેઝ ખાનની ૯ મે, ૨૦૨૩નાં રમખાણોના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. તેમનું અપહરણ કરવામાં આવ્યું હોવાના દાવા વચ્ચે પાકિસ્તાનની પંજાબ પોલીસે આ વાતની પુષ્ટિ કરી હતી.

ઇમરાન ખાનની પાકિસ્તાન તહરિક-એ-ઇન્સાફ(પીટીઆઇ) પાર્ટીએ ગુરુવારે એક નિવેદનમાં દાવો કર્યો હતો કે શાહરેઝ ખાનનું અહીં તેમના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું. ડીઆઇજી ઇન્વેસ્ટિગેશન ઝીશાન રઝાએ એક નિવેદનમાં જણાવ્યું કે પંજાબ પોલીસે શાહરેઝ ખાનની ધરપકડ કરી છે. તે ૯ મેના કેસમાં વોન્ટેડ હતો અને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. તેમણે કહ્યું કે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ લોકો કોઇપણ પ્રકારની છૂટને પાત્ર નથી.

ઇમરાન ખાનના નજીકના સહયોગી ઝુલ્ફી બુખારીએ ગુરુવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે સાદા વસ્ત્રોમાં આવેલા કાયરોએ અલીમા ખાન (ઇમરાનની બહેન)ના ઘર પર હુમલો કર્યો હતો. તેમણે બિચારા કર્મચારીઓને માર માર્યો હતો અને તેમના પુત્ર શાહરેઝ ખાનનું અપહરણ કર્યું હતું, જેને રાજકારણ સાથે કોઇ લેવાદેવા નથી. ■

# શ્રીલંકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ વિક્રમસિંઘેની ધરપકડ

કોલંબો : શ્રીલંકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેની શુક્રવારે સરકારી ભંડોળના દુરુપયોગના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, ૭૬ વર્ષીય વિક્રમસિંઘેની ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી) મુખ્યાલય ખાતે ધરપકડ કરવામાં આવી હતી, જ્યાં તેમને સરકારી ભંડોળના કથિત દુરુપયોગની તપાસના સંદર્ભમાં નિવેદન નોંધાવવા માટે સમન્સ પાઠવવામાં આવ્યું હતું.

તેમના પર સપ્ટેમ્બર ૨૦૨૩ માં તેમની પત્ની, પ્રોફેસર મૈત્રીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપવા માટે ઇંગ્લેન્ડ જવા માટે સરકારી ભંડોળનો ઉપયોગ કરવાનો આરોપ છે.

એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે વિક્રમસિંઘે એક સત્તાવાર કાર્યક્રમ પછી યુએસથી પરત ફરી રહ્યા હતા અને તેમની પત્નીના ખાનગી કાર્યક્રમમાં હાજરી આપવા માટે રાજ્યના ખર્ચે યુકેની મુલાકાત લીધી હતી.

સીઆઇડીએ અગાઉ તેમના સ્ટાફને મુસાફરી ખર્ચ વિશે પૂછપરછ કરી હતી.

૨૦૨૪ ના અંત સુધી બાકીનો કાર્યકાળ પૂર્ણ કરવા માટે ગોતાબાયા રાજપક્ષેના સ્થાને રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત થયેલા વિક્રમસિંઘેને ૨૦૨૨ ના આર્થિક સંકટમાંથી શ્રીલંકાને બહાર કાઢવાનો શ્રેય આપવામાં આવ્યો હતો. તેઓ જુલાઈ ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી રાષ્ટ્રપતિ રહ્યા.

આ અનુભવી રાજકારણી છ વખત શ્રીલંકાના વડા પ્રધાન પણ રહ્યા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### આધાર કાર્ડ

'જો રાજકીય પક્ષો વધુ જવાબદાર હોત અને તેમની જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવતા હોત તો આજે પરિસ્થિતિ ઘણી સારી હોત.'

અરજદારોના વકીલ પ્રશાંત ભૂષણે આરોપ લગાવ્યો હતો કે ચૂંટણી પંચ આધાર કાર્ડ ઉપરાંત અન્ય દસ્તાવેજોનો આગ્રહ રાખી રહ્યું છે. આના પર કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે આધાર કાર્ડને માન્ય પુરાવા તરીકે સ્વીકારવું પડશે અને કોઈ વધારાના દસ્તાવેજની જરૂર નથી. કોર્ટે પુનરોચ્ચાર કર્યો કે લોકોને તેમના નામ ઉમેરવા અથવા સુધારવા માટે બિહાર આવવાની જરૂર નથી, તેઓ ઓનલાઈન પણ અરજી કરી શકે છે.

ચૂંટણી પંચે કહ્યું કે મતદાર યાદીમાંથી દૂર કરાયેલા ૬૫ લાખ લોકોની બૂથવાર યાદી વેબસાઇટ પર મૂકવામાં આવી છે. આ લોકોએ સુધારા માટે અરજી અથવા ફોર્મ ૬ દાખલ કરવા પડશે અને દાવો કરવો પડશે.

ચૂંટણી પંચના વકીલ રાકેશ દ્વિવેદીએ કોર્ટને જણાવ્યું હતું કે કાઢી નાખવામાં આવેલાં ૬૫ લાખ નામોમાંથી ૨૨ લાખ મૃત મળી આવ્યા છે અને ૮ લાખ ડુપ્લિકેટ છે. તેમણે કહ્યું કે જો લોકો પોતે આગળ આવશે, તો તેમના દાવાઓની તપાસ કરવામાં આવશે. અરજદારોના વકીલ પ્રશાંત ભૂષણ અને વૃંદા ગ્રોવરે આરોપ લગાવ્યો હતો કે ચૂંટણી પંચ જમીની સ્તરે કામ કરી રહ્યું નથી અને પોતે જ સમસ્યાઓ ઊભી કરી રહ્યું છે. ભૂષણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે સૌથી મોટી વિપક્ષી પાર્ટી આરજેડીએ ફક્ત અડધા મતવિસ્તારોમાં બીએલએ તૈનાત કર્યા છે.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો હતો કે બિહારમાં વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) દરમિયાન મતદાર યાદીમાંથી હટાવવામાં આવેલા વ્યક્તિઓને ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે તેમના દાવા દાખલ કરવાની મંજૂરી આપવામાં આવે. ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમાલ્યા બાગચીની બેન્ચે આધાર કાર્ડ નંબર અને એસઆઇઆરમાં સ્વીકાર્ય ૧૧ દસ્તાવેજોમાંથી કોઈપણ એક સાથે ક્લેમ ફોર્મ સબમિટ કરવાની મંજૂરી આપવામાં આવે. સર્વોચ્ચ અદાલતે રાજકીય પક્ષો ૬૫ લાખ વ્યક્તિઓને મતદાર યાદીમાંથી બાકાત રાખવા સંબંધિત કેસમાં વાંધો નોંધાવવા માટે આગળ ન આવતા આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

કોર્ટે બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીને રાજકીય પક્ષોને પણ કોર્ટ કાર્યવાહીમાં પક્ષ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. કેસની આગામી સુનાવણી માટે ૮ સપ્ટેમ્બરની તારીખ નક્કી કરતી વખતે બેન્ચે કહ્યું હતું કે, "તમામ રાજકીય પક્ષો આગામી સુનાવણી સુધીમાં ક્લેમ ફોર્મ અંગે સ્ટેટસ રિપોર્ટ દાખલ કરશે, જે તેમણે મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા વ્યક્તિઓને ફાઇલ કરવામાં મદદ કરી હતી. બેન્ચે ચૂંટણી અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટોને સ્વીકૃતિ રસીદો પ્રદાન કરે જે મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા વ્યક્તિઓના ક્લેમ ફોર્મ ભૌતિક રીતે સબમિટ કરે છે. ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ કોર્ટને વિનંતી કરી કે ચૂંટણી પંચને ૧૫ દિવસનો સમય આપવામાં આવે જેથી તે બતાવી શકાય કે યાદીમાંથી કોઈ નામ બાકાત રાખવામાં આવ્યું નથી. દ્વિવેદીએ કહ્યું હતું કે, "રાજકીય પક્ષો અવાજ ઉઠાવી રહ્યા છે. પરિસ્થિતિ ખરાબ નથી. અમારા પર વિશ્વાસ કરો અને અમને થોડો વધુ સમય આપો. અમે તમને બતાવીશું કે કોઈપણને બાકાત રાખવામાં આવ્યા નથી."

પંચે બેન્ચને જણાવ્યું હતું કે ડ્રાફ્ટ મતદાર યાદીમાં સામેલ ન હોય તેવા લગભગ ૮૫,૦૦૦ મતદારોએ તેમના ક્લેમ ફોર્મ સબમિટ કર્યા છે અને રાજ્યમાં એસઆઇઆર હેઠળ મતદાર યાદીમાં તેમના નામ સામેલ કરવા માટે બે લાખથી વધુ નવા વ્યક્તિઓ આગળ આવ્યા છે. ૧૪ ઓગસ્ટના રોજ સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને ૧૯ ઓગસ્ટ સુધીમાં બિહારમાં મતદાર યાદીના એસઆઇઆર પછી ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા ૬૫ લાખ મતદારોની વિગતો પ્રકાશિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેન્ચે કહ્યું હતું કે ચૂંટણી પંચે તેની સામે "ઉપજાવી રહેલી વાર્તા"નો અંત લાવવો જોઈએ. બેન્ચે એવો પણ આદેશ આપ્યો હતો કે ચાલુ એસઆઇઆર પ્રક્રિયા દરમિયાન યાદીમાંથી નામો કાઢી નાખવાના કારણો પણ વિગતોમાં શામેલ હોવા જોઈએ. બેન્ચે કહ્યું હતું કે, "પારદર્શિતા મતદારોનો વિશ્વાસ વધારશે." ■

### રસ્તામાં કૂતરાઓને

આવશે નહીં," એમ ન્યાયાધીશ નાથે જણાવ્યું હતું.

ડોગ શેલ્ટરમાંથી રખડતા શ્વાનોને છોડવા પર પ્રતિબંધ મૂકતો ૧૧ ઓગસ્ટનો નિર્દેશ હાલ પૂરતો સ્થગિત રાખવામાં આવ્યો.

ખંડપીઠે કહ્યું કે શક્ય હોય ત્યાં સુધી, નસબંધી અને રસીકરણ પછી ચેપગ્રસ્ત અથવા હડકવાથી સંક્રમિત અને આક્રમક વર્તન દર્શાવતા કૂતરાઓને અલગ આશ્રયસ્થાનોમાં રાખવા.

ખંડપીઠે મ્યુનિસિપલ સત્તાવાળાઓને દરેક મ્યુનિસિપલ વોર્ડમાં રખડતા શ્વાનો માટે સમર્પિત ખોરાક આપવાની જગ્યાઓ બનાવવા માટે તાત્કાલિક કવાયત શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે નિયુક્ત ખોરાક વિસ્તારોની નજીક નોટિસ બોર્ડ લગાવવામાં આવશે જેમાં ઉલ્લેખ કરવામાં આવશે કે રખડતા શ્વાનોને ફક્ત આવા વિસ્તારોમાં જ ખવડાવવામાં આવશે.

કોઈપણ સ્થિતિમાં શેરીઓમાં રખડતા શ્વાનોને ખોરાક આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

તેમાં કહેવામાં આવ્યું છે કે શેરીઓમાં રખડતા શ્વાનોને ખોરાક આપતા જોવા મળતા વ્યક્તિઓ સંબંધિત કાનૂની માળખા હેઠળ કાર્યવાહી કરવા માટે જવાબદાર રહેશે નહીં.

ઉપરોક્ત નિર્દેશો રખડતા કૂતરાઓને અનિયંત્રિત ખોરાક આપવાથી થતી અનિચ્છનીય ઘટનાઓ અંગેના અહેવાલોને ધ્યાનમાં રાખીને અને રસ્તાઓ અને જાહેરસ્થળોએ શ્વાનોને ખોરાક આપવાની પ્રથા નાબૂદ થાય તે સુનિશ્ચિત કરવા માટે જારી કરવામાં આવી રહ્યા છે કારણ કે આ પ્રથા શેરીઓમાં ચાલતા સામાન્ય માણસ માટે મોટી મુશ્કેલીઓ ઊભી કરે છે,' એમ ખંડપીઠે કહ્યું.

ખંડપીઠે કહ્યું કે દરેક મ્યુનિસિપલ સત્તાવાળાઓ આ નિર્દેશોના ઉલ્લંઘનની ઘટનાની જાણ કરવા માટે એક સમર્પિત હેલ્પલાઇન નંબર બનાવશે.

તેમાં કહેવામાં આવ્યું છે કે આવા રિપોર્ટ પ્રાપ્ત થવા પર, સંબંધિત વ્યક્તિ અથવા સંગઠન સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.

શુક્રવારે બેન્ચે કહ્યું હતું કે કોઈપણ વ્યક્તિ અથવા સંગઠન તેના નિર્દેશોના અસરકારક અમલીકરણમાં કોઈ અવરોધ કે અવરોધ પેદા કરશે નહીં.

"જો ઉપરોક્ત નિર્દેશોનું પાલન કરતા કોઈપણ જાહેર સેવક અવરોધાય છે, તો ઉલ્લંઘન કરનારને સત્તાવાર ફરજ બજાવતા જાહેર સેવકને અવરોધવા બદલ કાર્યવાહીનો સામનો કરવો પડશે," એમ બેન્ચે કહ્યું.

સુપ્રીમ કોર્ટે સમગ્ર ભારતમાં આ મામલાનો વ્યાપ વધાર્યો છે અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પક્ષકાર તરીકે સામેલ કર્યા છે.

તેણે રખડતા શ્વાનો સંબંધિત મુદ્દા પર વિવિધ ઉચ્ચ અદાલતો સમક્ષ પેન્ડિંગ અરજીઓ પણ પોતાની પાસે ટ્રાન્સફર કરી છે.

કોર્ટે કહ્યું કે તેણે તેના સેક્રેટરી જનરલને સમાન પડતર બાબતો અંગે ઉચ્ચ અદાલતો પાસેથી વિગતો મેળવવા અને તે તમામ બાબતોને ટોચની અદાલતમાં ટ્રાન્સફર કરવા જણાવ્યું છે જેથી "આ સમસ્યા અંગે અંતિમ રાષ્ટ્રીય નીતિ અથવા નિર્ણય લેવામાં આવે."

તેમાં કહેવામાં આવ્યું છે કે દરેક શ્વાન પ્રેમી અને દરેક એનજીઓ જેણે સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કર્યો છે તેમણે સાત દિવસની અંદર રજિસ્ટ્રીમાં અનુક્રમે રૂ. ૨૫,૦૦૦ અને રૂ. બે લાખ જમા કરાવવા પડશે, નહીં તો તેમને આ કેસમાં આગળ હાજર રહેવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

"આ રીતે જમા કરાયેલ રકમનો ઉપયોગ સંબંધિત મ્યુનિસિપલ સંસ્થાઓના નેજા હેઠળ રખડતા શ્વાનો માટે માળખાગત સુવિધાઓના નિર્માણમાં કરવામાં આવશે," એમ બેન્ચે કહ્યું.

તેમાં કહેવામાં આવ્યું છે કે ઇચ્છુક પ્રાણી પ્રેમીઓ રખડતા શ્વાનોને દત્તક લેવા માટે સંબંધિત મ્યુનિસિપલ સંસ્થાઓને અરજી કરી શકે છે અને દત્તક લીધેલા શ્વાનો શેરીઓમાં પાછા ન ફરે તેની ખાતરી કરવાની જવાબદારી અરજદારની રહેશે.

તેણે મ્યુનિસિપલ સત્તાવાળાઓને સંસાધનો, શ્વાનોના વાડા, પશુચિકિત્સકો, શ્વાનો પકડનારા કર્મચારીઓ, ખાસ સુધારેલાં વાહનો અને પ્રાણી જન્મ નિયંત્રણ નિયમોના પાલન માટે ઉપલબ્ધ પાંજરા વિશે સંપૂર્ણ વિગતો સાથે પાલનનું સોગંદનામું ફાઇલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

બેન્ચે આઠ અઠવાડિયાં પછી આ મામલાને સુનાવણી માટે મુલતવી રાખ્યો હતો.

સુપ્રીમ કોર્ટના ૧૧ ઓગસ્ટના આદેશ બાદ દેશભરમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો થયાં હતાં.

બાદમાં, આ મામલો ૧૪ ઓગસ્ટના રોજ ત્રણ ન્યાયાધીશની વિશેષ બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવ્યો, જેમાં નોંધવામાં આવ્યું હતું કે દિલ્હી-એનસીઆરમાં રખડતા શ્વાનોની "સમગ્ર સમસ્યા" સ્થાનિક અધિકારીઓની "નિષ્ક્રિયતા"નું પરિણામ છે જેમણે શ્વાનોની નસબંધી અને રસીકરણ પર પશુ જન્મ નિયંત્રણ નિયમોના અમલીકરણમાં "કંઈ કર્યું નથી." ■

### ઈન્કમ ટૅક્સ ઍક્ટ

આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ને મંજૂરી આપી હતી જે જૂના આવકવેરા અધિનિયમ, ૧૯૬૧નું સ્થાન લેશે. આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ આગામી નાણાકીય વર્ષથી ૧ એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવશે. નવો કાયદો કર કાયદાઓને સરળ બનાવશે અને કાયદામાં શબ્દોની માત્રા ઘટાડશે, જેનાથી તે સમજવામાં સરળ બનશે. આવકવેરા વિભાગે 'એક્સ' પર એક પોસ્ટમાં લખ્યું હતું કે 'આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ને ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ માનનીય રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ છે. ૧૯૬૧ના કાયદાનું લેનાર આ એક ઐતિહાસિક સુધારો છે જે એક સરળ પારદર્શી અને પ્રત્યક્ષ કર વ્યવસ્થાનો પ્રારંભ કરે છે. આવકવેરા બિલ, ૨૦૨૫, ૧૨ ઓગસ્ટના રોજ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.

નવો કાયદો કોઈ નવો કર દર લાદતો નથી અને ફક્ત ભાષાને સરળ બનાવે છે, જે જટિલ આવકવેરા કાયદાઓને સમજવા માટે જરૂરી હતી. નવા કાયદામાં બિનજરૂરી જોગવાઇઓ અને જૂની ભાષા દૂર કરવામાં આવી છે અને ૧૯૬૧ના આવકવેરા કાયદામાં કલમોની સંખ્યા ૮૧૯થી ઘટાડીને ૫૩૬ અને પ્રકરણોની સંખ્યા ૪૭થી ઘટાડીને ૨૩ કરવામાં આવી છે.

નવા આવકવેરા કાયદામાં શબ્દોની સંખ્યા ૫.૧૨ લાખથી ઘટાડીને ૨.૬ લાખ કરવામાં આવી છે, અને પ્રથમ વખત તે સ્પષ્ટતા વધારવા માટે ૧૯૬૧ના કાયદાના સઘન પાઠના સ્થાન પર ૩૯ નવા કોષ્ટકો અને ૪૦ નવાં સૂત્રો સામેલ કરવામાં આવ્યાં છે. (એજન્સી) ■

### જીવનાવશ્યક ચીજો

૧૩૦મા બંધારણીય સુધારા ખરડાને કાળો કાયદો લેખાવવાનો કોઈ અધિકાર નથી, એમ જણાવી શાહે સવાલ કર્યો હતો કે શું કોઈ જેલમાં બેસીને સરકાર ચલાવી શકે ? પહલગામ આતંકવાદી હુમલા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા વચન મુજબ પાકિસ્તાનસ્થિત આતંકવાદીઓના તાલીમ કેન્દ્રો અને છાવણીઓનો નાશ કર્યો હતો.

એનડીએના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે તમિળનાડુના વતની સી. પી. રાધાક્રિષ્નનનું નામ સૂચવવા બદલ શાહે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના વડા જે. પી. નડ્ડાનો આભાર માન્યો હતો. (એજન્સી) ■

### કર્ણાટકના

વિધાનસભા બેઠક પરથી વિધાનસભ્ય છે. વિધાનસભાના સત્રના છેલ્લે દિવસે આ દરોડા પાડવામાં આવ્યા હતા. જોકે વીરેન્દ્રએ આ મામલે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપી નહોતી. (એજન્સી) ■

### મોદી સોમવારથી

૫૨૦ કરોડના ખર્ચે બેચરાજી-રણુંજ રેલવે લાઇન (૪૦ કિમી)ના ગેજ કન્વર્ઝનનો સમાવેશ થાય છે.

આ રેલવે પ્રોજેક્ટ્સ ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓને બ્રોડગેજ લાઇન દ્વારા સરળ, સલામત અને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આનાથી દૈનિક મુસાફરો, પ્રવાસીઓ અને વ્યવસાયો માટે મુસાફરી સરળ અને ઝડપી બનશે. તે પ્રાદેશિક આર્થિક એકીકરણને પણ પ્રોત્સાહન આપશે. વધારાની લાઇન ક્ષમતાના કારણે અમદાવાદ-દિલ્હી રૂટ પર વધુ ઝડપે ટ્રેનોનું સંચાલન થશે. આનાથી વધુ પેસેન્જર ટ્રેનો ચલાવવાનો માર્ગ મોકળો થશે અને માલગાડીઓની ગતિ અને કાર્યક્ષમતામાં પણ નોંધપાત્ર સુધારો થશે.

ખાસ બેચરાજી-રણુંજ રેલવે લાઇનનું ગેજ કન્વર્ઝન નેશનલ લોજિસ્ટિક્સ પૉલિસી અને પ્રધાનમંત્રી ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન ફોર મલ્ટિમોડલ કનેક્ટિવિટી અનુસાર કરવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ્ય લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાનો અને ગુજરાત રાજ્યના લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ રેન્કિંગમાં વધુ સુધારો કરવાનો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આ પહેલ ઉત્તર ગુજરાતની સામાજિક-આર્થિક પ્રગતિને વધુ વેગ આપશે. આ ઉપરાંત, તે ભારતના લોજિસ્ટિક્સ અને રેલવે ક્ષેત્રમાં એક નવો માપદંડ સ્થાપિત કરશે.

આ ઉપરાંત, નરેન્દ્ર મોદી કટોસણ રોડ અને સાબરમતી વચ્ચે પેસેન્જર ટ્રેન સેવા અને બેચરાજીથી કાર-લોડેડ માલગાડી સેવાનું પણ ઉદ્ઘાટન કરશે. કટોસણ-સાબરમતી રોડ નવી ટ્રેન સેવાના કારણે પ્રવાસન અને ધાર્મિક સ્થળો સુધી પહોંચવાની સુવિધા મળશે, સાથે તે સ્થાનિક સ્તરે આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે. તો બેચરાજીથી શરૂ થતી કાર-લોડેડ માલગાડી ટ્રેન રાજ્યના ઔદ્યોગિક વિસ્તારોને મજબૂત કનેક્ટિવિટી પ્રદાન કરશે. ■

### સેન્સેક્સ

જોવા મળ્યો હતો. નોંધવું રહ્યું કે, ગુરુવાર સુધી છ દિવસની તેજીમાં, બીએસઇ બેન્ચમાર્ક ૧,૭૬૫ પોઈન્ટ અથવા ૨.૧૪ ટકા ઊછળ્યો છે અને નિફ્ટી ૫૯૬ પોઈન્ટ અથવા ૨.૪ ટકા વધ્યો છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા છે. યુરોપનાં બજારો મધ્ય સત્ર સુધી ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે અમેરિકાના શેરબજારો નીચા સ્તરે બંધ થયાં હતાં. ■

### આરએસએસના

મોહન ભાગવત દર વરસે દશેરા નિમિત્તે નાગપુરના રેશીમબાગ મેદાન ખાતે આરએસએસના સ્વયંસેવકો સહિત ઉપસ્થિત લોકોને સંબોધન કરે છે. (એજન્સી) ■

### બાળગંગા ડેમ પ્રોજેક્ટ

# સરકારે કોન્ટ્રેક્ટર કંપનીને ૩૦૩ કરોડ ચૂકવવા જ પડશે

મુંબઈ: રાયગડ જિલ્લામાં બાળગંગા ડેમના નિર્માણ માટે બાકી નીકળતી રકમ ન ચૂકવવા બદલ કોન્ટ્રાક્ટર કંપનીને ૩૦૩ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. તાજેતરમાં જ હાઈકોર્ટે ટ્રિબ્યૂનલના એપ્રિલ ૨૦૧૯ના બહુમતિથી કોન્ટ્રાક્ટર કંપની એ. એન્ટરપ્રાઈઝએ ૩૦૩ કરોડ રૂપિયા ચૂકવવા પડશે એવા આપેલા નિર્ણયને માન્ય રાખ્યો હતો. કંપનીના પક્ષમાં કોર્ટના ચુકાદાથી સરકારને મોટો ફટકો પડ્યો છે. નવી મુંબઈના વિસ્તારિત વિસ્તારમાં પીવાના પાણી સહિતના ઔદ્યોગિક હેતુઓ માટે પાણી પૂરું પાડવા માટે આ પ્રોજેક્ટની રચના કરવામાં આવી હતી.

૧૯ મે, ૨૦૨૦ના દિવસે ન્યાયમૂર્તિ (નિવૃત્ત) રમેશ ધનુકાની ખંડપીઠે ટ્રિબ્યુનલના નિર્ણયને રદ કરી રાજ્ય સરકાર, શહેર અને ઔદ્યોગિક વિકાસ નિગમ (સિડકો) અને કોંકણ સિંચાઇ વિકાસ નિગમ (કેઆઈડીસી)ને રાહત આપી હતી. જોકે કંપનીએ આ નિર્ણયને પડકાર્યો હતો. મુખ્ય ન્યાયમૂર્તિ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ મકરંદ કર્ણિકની ખંડપીઠે કંપનીની તરફેણમાં ટ્રિબ્યુનલના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો. આ ઉપરાંત સિંગલ જજની ખંડપીઠના નિર્ણયને રદ કર્યો હતો. ટ્રિબ્યુનલના તારણો સુનાવણી દરમિયાન રજૂ કરાયેલા પુરાવાના યોગ્ય મૂલ્યાંકન પર આધારિત હતા એવું ખંડપીઠે નોંધ્યું હતું. ■

# થાણેમાં છ ફૂટની ગણેશ મૂર્તિઓનું વિસર્જન ફક્ત કૃત્રિમ તળાવોમાં જ

(અમારા પ્રતિનિધી તરફથી)

થાણે: મુંબઈ હાઈ કોર્ટના આદેશ મુજબ છ ફૂટ સુધીની બધી ગણેશ મૂર્તિઓનું વિસર્જન ફક્ત કૃત્રિમ તળાવોમાં જ કરવામાં આવશે. જ્યારે છ ફૂટથી ઊંચી મૂર્તિઓનું કુદરતી જળાશયોમાં વિસર્જન કરી શકાશે. તે માટે કૃત્રિમ તળાવો અને મોબાઇલ વિસર્જન ની સુવિધામાં વધારો કરવામાં આવ્યો હોવાનું થાણે પાલિકાએ જણાવ્યું હતું.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને ગયા વર્ષ કરતાં દોઢ ગણી વધુ વિસર્જન વ્યવસ્થા કરી છે અને ગ્રીન વિસર્જન એપ પણ તૈયાર કરવામાં આવી છે, એમ થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે જણાવ્યું હતું.

કમિશનર સૌરભ રાવે પણ નાગરિકોને અપીલ કરી છે કે ગણેશભક્તોને કોઈ અસુવિધા ન થાય તેનું ધ્યાન રાખીને ભગવાન ગણેશના આશીર્વાદથી ઉત્સવ ઉજવવામાં આવશે.

આ વર્ષે કુલ ૧૩૪ સ્થળોએ વિસર્જનની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં ૨૩ કૃત્રિમ તળાવો, ૭૭ ટેન્ક વિસર્જન સિસ્ટમ, ૧૫ મોબાઇલ વિસર્જન કેન્દ્રો, ૦૯ ખાડી ઘાટ વિસર્જન સિસ્ટમ અને ૧૦ મૂર્તિ સ્વીકાર કેન્દ્રો શામેલ છે. કમિશનરે એમ પણ ઉલ્લેખ કર્યો છે કે ખાડી ઘાટ પર ફક્ત છ ફૂટથી ઉપરની ગણેશ મૂર્તિઓનું જ વિસર્જન કરવામાં આવશે. ■

### ક્રોસ વોટિંગનો ભય

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પૂર્વે એનડીએમાં અકળામણ: રાઉતનો દાવો

મુંબઈ: ભાજપ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ટેકો મેળવવા માટે 'ઈન્ડિયા બ્લોક' પાર્ટીઓનો સંપર્ક કરી રહી છે કારણ કે આંધ્રપ્રદેશ અને તેલંગાણાના એનડીએના સંસદ સભ્યોમાં અસ્વસ્થતા છે અને તેઓ ક્રોસ-વોટિંગ કરે એવો ડર છે, એવો દાવો શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે કર્યો હતો.

૨૦૦૭ની પ્રમુખપદની ચૂંટણીમાં ભાજપના તત્કાલીન સહયોગી પક્ષ શિવસેનાએ કોંગ્રેસની આગેવાની હેઠળના યુપીએના ઉમેદવાર પ્રતિભા પાટીલ મહારાષ્ટ્રના હોવાથી તેમને ટેકો આપ્યો હતો એ યાદ કરી રાઉતે દલીલ કરી હતી કે તેવી જ રીતે એનડીએને ડર છે કે આંધ્રપ્રદેશ અને તેલંગાણાના સંસદ સભ્યો વિરોધ પક્ષના ઉમેદવાર સુદર્શન રેડ્ડીને ટેકો આપી શકે છે. આ સિવાય બિહાર અને અન્ય કેટલાક સ્થળોએ રાહુલ ગાંધીએ સર્જેલા વાતાવરણને કારણે ક્રોસ વોટિંગની શક્યતા છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ સપ્તાહની શરૂઆતમાં શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવાર સાથે વાત કરી હતી અને નવમી સપ્ટેમ્બરે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમનો ટેકો માંગ્યો હતો. બહુમતી હોવાનો દાવો એનડીએ કરે છે તો મત શું કામ માંગે છે એવો સવાલ પણ રાઉતે કર્યો હતો. (પીટીઆઈ)■

### ઘોડબંદરના ભારે વાહનો ડાયવર્ટ

# ભિવંડી-કલ્યાણના લોકોને પરિણામો ભોગવવા પડશે

થાણે : ઘોડબંદર રોડ પર ટ્રાફિક જૅમના ઉકેલ માટે રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે એક બેઠકમાં દિવસ દરમિયાન ઘોડબંદર રોડ પરથી પસાર થતા ભારે વાહનો વાહનોને ભિવંડીના રસ્તે ડાયવર્ટ કરવા માટે નિર્દેશ આપ્યો હતો. જોકે, ભિવંડી અને કલ્યાણના નાગરિકોને આના પરિણામો ભોગવવા પડે તેવી શક્યતા છે.

ભિવંડી અને કલ્યાણના હજારો વાહનચાલકો મુંબઈ નાસિક હાઈવે પર મુસાફરી કરતા હોવાથી આ રૂટ પર હંમેશા ટ્રાફિક જૅમ જોવા મળે છે. જો આ રૂટ પર ઘોડબંદરના ભારે વાહનોની સંખ્યા વધશે તો ટ્રાફિક જામની સમસ્યામાં પણ વધારો થાય તેવી શક્યતા છે. ઉરણ જેએનપીએ બંદરથી નીકળતા હજારો ભારે વાહનો ઘોડબંદર, મુંબઈ-અમદાવાદ માર્ગ થઈને ગુજરાત તરફ જાય છે. થાણે શહેરમાં ભારે વાહનો પર પ્રતિબંધ છે.

થાણે પોલીસ કમિશનરના નિર્દેશાનુસાર, ઘોડબંદરમાં દરરોજ બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી અને રાત્રે ૧૧ થી સવારે પાંચ વાગ્યા સુધી ભારે વાહનોને મંજૂરી છે. ઘોડબંદર વિસ્તારમાં સર્વિસ રોડને મુખ્ય રોડ સાથે જોડવાનું કામ ચાલી રહ્યું છે. ઉપરાંત મેટ્રો લાઇનનું કામ ચાલી રહ્યું હોવાથી રસ્તાની હાલત ખરાબ થઈ ગઈ છે. ઘોડબંદર ઘાટ રોડ સાંકડો છે અને તેમાં મોટા પ્રમાણમાં ખાડાઓ પડ્યા હોવાને કારણે ઘાટ પર દરરોજ ટ્રાફિક જામ થાય છે. જે લોકો દરરોજ મીરા ભાયંદર, વસઈ વિસ્તારોમાંથી થાણે આવે છે અથવા થાણેથી ઘાટ દ્વારા મીરા ભાયંદર જાય છે તેમને ભારે પીડા સહન કરવી પડી રહી છે. આ ઉપરાંત ભારે વાહનોની અવરજવર ભિવંડી માર્ગે વાળવા માટે, આ વાહનોને મુંબઈ-નાશિક, કાલ્હેર, કશેળી, વાડા-ભિવંડી માર્ગે વાળવા પડશે. ■

# એક્શન અને રોમાન્સ ફિલ્મોના વાવાઝોડા વચ્ચે "મહારાણી"નો દબદબો: ચોથા સપ્તાહમાં પણ શોઝ હાઉસફુલ!

### પારિવારિક કોમેડી અને સશક્ત વાર્તાના જોરે ફિલ્મે દર્શકોના દિલ જીત્યા, થિયેટરોમાં પકડ મજબૂત



જ્યાં એક તરફ બોક્સ ઓફિસ પર મોટા બજેટની એક્શન અને રોમાન્સ ફિલ્મોનો દબદબો જોવા મળી રહ્યો છે, ત્યાં એક ગુજરાતી ફિલ્મ શાંતિથી પોતાની જગ્યા બનાવીને સૌના દિલ જીતી રહી છે. સોશિયલ કોમેડી ડ્રામા "મહારાણી" તેના ચોથા સપ્તાહમાં પ્રવેશી ચૂકી છે અને ખાસ વાત એ છે કે ફિલ્મે ગુમાવેલા થિયેટરો અને શોઝ ફરીથી પાછા મેળવ્યા છે. આ સફળતા એ વાતનો પુરાવો છે કે સારી વાર્તા અને પારિવારિક મનોરંજન હંમેશાં દર્શકોને સિનેમાઘરો સુધી ખેંચી લાવે છે.

નેશનલ એવૉર્ડ વિજેતા વિરલ શાહના દિગ્દર્શન હેઠળ અને રામ મોરી તથા હાર્દિક સાંગાણીની કલમે લખાયેલી "મહારાણી" એક એવી ફિલ્મ છે જે હાસ્ય, લાગણીઓ અને સામાજિક સંદેશનો સુંદર સમન્વય કરે છે.

ફિલ્મની વાર્તાના કેન્દ્રમાં છે "રાણી" (શ્રદ્ધા ડાંગર), એક ભોળી, ગફલતભરી પણ દિલની સાફ કામવાળી. જ્યારે તે માનસી પારેખ અને ઓજસ રાવલ દ્વારા ભજવાયેલા એક આધુનિક યુગલના ઘરમાં કામ કરવા આવે છે, ત્યારે તેની વિચિત્ર હરકતો અને ભોળપણથી એવી પરિસ્થિતિઓ સર્જાય છે કે દર્શકો હસી-હસીને લોટપોટ થઈ જાય છે. રાણીના વર્તનથી કંટાળીને જ્યારે ઘરમાલિકો નવી કામવાળીની શોધ શરૂ કરે છે, ત્યારે વાર્તા એક રસપ્રદ અને મનોરંજક વળાંક લે છે.

ફિલ્મની સફળતાનો મોટો શ્રેય તેના કલાકારોને જાય છે. શ્રદ્ધા ડાંગરે "રાણી"ના પાત્રમાં પ્રાણ પૂરી દીધો છે. તેમની સહજતા અને માસૂમિયત દર્શકોના દિલ જીતી લે છે. તો બીજી તરફ માનસી પારેખ, ઓજસ રાવલ અને સિનિયર કલાકાર સંજય ગોરડિયાનું કોમિક ટાઈમિંગ અદ્ભુત છે. દરેક કલાકારે પોતાના પાત્રને સંપૂર્ણ ન્યાય આપ્યો છે, જેના કારણે ફિલ્મ શરૂઆતથી અંત સુધી દર્શકોને જકડી રાખે છે. ટ્રેલર અને ગીતોએ જે લોકપ્રિયતા મેળવી હતી, તેને ફિલ્મે સિનેમાઘરોમાં સાચી સાબિત કરી છે.

આજના સમયમાં જ્યાં મોટાભાગની ફિલ્મો એક્શન રોમાન્સ અને થ્રિલર પર કેન્દ્રિત છે, ત્યાં "મહારાણી" એક ફ્રેશ હવાની લહેર જેવી છે. આ એક એવી ફિલ્મ છે જે તમે તમારા સમગ્ર પરિવાર સાથે માણી શકો છો. ફિલ્મનો હળવો-ફૂલ અંદાજ, સંબંધોની મીઠાશ અને અંતમાં એક સુંદર સંદેશ તેને એક હૃદયસ્પર્શી અનુભવ બનાવે છે.

ટૂંકમાં, "મહારાણી" એ સાબિત કરી દીધું છે કે જો વાર્તામાં દમ હોય અને રજૂઆત દિલથી કરવામાં આવી હોય, ફિલ્મ બોક્સ ઓફિસ પર પોતાનો જાદુ ચલાવી શકે છે. ■

### પાલઘરમાં ફાર્મા કંપનીમાં નાઈટ્રોજન ગેસ લીકેજ

# કંપનીના ચાર અધિકારી વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો દાખલ

પાલઘર: પાલઘર જિલ્લામાં ફાર્માસ્યુટિકલ કંપનીમાં નાઇટ્રોજન ગેસ લીકેજમાં ચાર કામગારનાં મૃત્યુ થયાના બીજે દિવસે પોલીસે કંપનીના ચાર અધિકારી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

બોઇસર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ફાર્મા કંપનીના ચાર વરિષ્ઠ અધિકારી સામે શુક્રવારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ (સદોષ મનુષ્યવધ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. એફઆઇઆરમાં તેમનાં નામ છે અને આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું. બોઇસરના ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં પ્લોટ નંબર-૧૩ ખાતે મેડલી ફાર્મામાં ગુરુવારે બપોરે આ ઘટના બની હતી.

પાલઘર જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે ફાર્મા કંપનીમાં નાઇટ્રોજન રિએક્શન ટેન્કમાંથી બપોરે ૨.૩૦થી ૩ વાગ્યા વચ્ચે ગેસ લીકેજ થતાં છ કામગારને અસર થઇ હતી. કામગારોને તાત્કાલિક સારવાર માટે શિંદે હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં સાંજે ચાર જણ મૃત્યુ પામ્યા હતા. ચારેયની ઓળખ કલ્પેશ રાઉત (૪૩), બંગાલી ઠાકુર (૪૬), કમલેશ યાદવ (૩૧) અને ધીરજ પ્રજાપતિ (૩૧) તરીકે થઇ હતી. ઘટના સમયે પ્લાન્ટમાં ૩૬ કામગાર હાજર હતા. રોહન શિંદે (૩૫) અને નીલેશ હદલ (૩૭) નામના બે કામગારની હાલત નાજુક છે અને તેમની આઇસીયુમાં સારવાર ચાલી રહી છે.

દરમિયાન સ્થાનિક પોલીસ અને ડિરેક્ટરેટ ઓફ ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થના અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને પ્રાથમિક તપાસ આદરી હતી. (પીટીઆઇ)■

# વિક્રોલીમાં વિવાદ બાદ યુવક પર કાતરથી હુમલો: વાળંદની ધરપકડ

મુંબઈ: વિક્રોલીમાં વિવાદ થયા બાદ ૧૯ વર્ષના યુવક પર કાતરથી હુમલો કરવા બદલ વાળંદની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. પાર્કસાઇટ પોલીસે ધરપકડ કરેલા વાળંદની ઓળખ અફરોઝ ફારુકઅલી શેખ (૧૯) તરીકે થઇ હતી. તેની વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરાયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર વિક્રોલી પશ્ચિમના સૂર્યાનગરમાં ગુરુવારે બપોરે આ ઘટના બની હતી. આરોપી અફરોઝ શેખ સલૂનમાં કામ કરતો હોઇ તેણે આ વિસ્તારમાં રહેનારા ૧૭ વર્ષના સગીરની મારપીટ કરી હતી. આથી સગીરનો પિતરાઇ ઇરફાન ઇસ્માઇલ કુરેશી પૃચ્છા કરવા માટે સલૂનમાં ગયો હતો. એ સમયે વિવાદ થતાં આરોપી અફરોઝે કાતરથી ઇરફાન પર હુમલો કર્યો હતો, જેમાં તેને ગંભીર ઇજા પહોંચી હતી.

આ ઘટનાને પગલે એકઠા થયેલા નાગરિકોએ આરોપી અફરોઝને પકડી પાડ્યો હતો અને તેને બાદમાં પોલીસ સ્ટેશનમાં લવાયો હતો. દરમિયાન સગીરે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે અફરોઝ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. ■







# શિલફાટા રોડ પર એમઆઈડીસીની પાણીની પાઈપલાઈન ફૂટી

### નવી મુંબઈમાં પાણી પુરવઠાને અસર


ડોમ્બિવલી: બારવી ડેમથી શિલફાટા રોડ થઈને નવી મુંબઈ જતી પાણીની પાઇપલાઇન શુક્રવારે સવારે નિલજે રેલવે ફ્લાયઓવર વિસ્તાર પાસે ફૂટી જતા, ૬૦ ફૂટ ઊંચા પાણીના ફુવારા ઉડ્યા હતા અને સેંકડો લિટર પાણી વેડફાયું હતું. આ પાણીની પાઇપલાઇન ફાટવાથી નવી મુંબઈ વિસ્તારના પાણી પુરવઠા પર અસર પડશે, એમ એમઆયડીસીના એક અધિકારીએ જણાવ્યું હતું.

એમઆયડીસી દ્વારા કલ્યાણ, ડોમ્બિવલી, થાણે, મુમ્બ્રા, કલવા, નવી મુંબઈને બારવી ડેમમાંથી ગુરુત્વાકર્ષણ દ્વારા જળ વિતરણ પાઇપલાઇન દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે.

ગુરુવારે સવારે, શિલફાટા રોડ પર નિલજે રેલવેના પૂર્વ ભાગમાં બ્રિજની બાજુમાં એમઆયડીસીની પાણીની પાઇપલાઇન ફાટી, ત્યાં બાજુમાં એક નવી ઇમારતનું કામ ચાલી રહ્યું છે. પાઇપલાઇન ફાટવાથી થયેલા ફૂવારાને કારણે ઇમારતોમાં કામગારો ભીંજાઈ ગયા હતા.

નવી મુંબઈ જતી આ પાણીની પાઇપલાઇન એમઆયડીસીના મહાપે વિભાગ હેઠળ આવે છે. મહાપે ઓફિસને આ માહિતી મળતાની સાથે જ, એન્જિનિયરો અને સમારકામ ટીમ તાત્કાલિક સ્થળ પર રવાના થઈ હતી.

આ પાણીની પાઇપલાઇન દ્વારા બારવી ડેમ અને જાંભુલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે. એકવાર આ પાણીની પાઇપલાઇનમાં પાણીનું સ્તર ઘટી જાય, પછી તાત્કાલિક સમારકામ માટે આ કામ હાથ ધરવામાં આવશે, એમ એમઆયડીસીના એક અધિકારીએ જણાવ્યું હતું. ■



# ગારગાઈ પ્રોજેક્ટ પાટે ચઢ્યોઃ અસરગ્રસ્તોના પુનર્વસન માટે તૈયારી શરૂ

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગર પાલિકા પોતાના પ્રસ્તાવિત ગારગાઈ ડેમ પ્રોજેક્ટથી પ્રભાવિત છ ગામોનું પુનર્વસન કરવા માટે તૈયાર છે, જેમાં વાડાના દેવલી ગામ નજીક ૪૦૦ હેક્ટર જમીન પુનઃસ્થાપન માટે નક્કી કરવામાં આવી છે.

આગામી તબક્કાના ભાગ રૂપે, સુધરાઇએ જમીન સીમાંકન પ્રક્રિયા શરૂ કરી છે અને સીમાંકન અને અસરગ્રસ્તના પુનર્વસનના કામની દેખરેખ માટે એક સલાહકારની નિમણૂક કરશે.

ગારગાઈ ડેમ પ્રોજેક્ટ, જે મુંબઈના દૈનિક પાણી પુરવઠામાં ૪૪૯ મિલિયન લિટર પ્રતિ દિવસ (ખકઉ) વધારો કરશે છે.

આ પ્રોજેક્ટ પાલઘર જિલ્લાના વાડા તાલુકાના બે ગામો - ઓગડા અને ખોડાડે - ને સીધી અસર કરે છે, જેના માટે ૮.૪ ચોરસ કિલોમીટર જમીન સંપાદનની જરૂર પડશે. વધુમાં સુધરાઈ ચાર પડોશી ગામો - પચઘરે, આમલે, ફાસગાંવ અને તિલમલ માંથી પણ જમીન સંપાદન કરવાની યોજના ધરાવે છે, તેને કારણે માનવ વસવાટનો સમગ્ર વિસ્તાર સાફ થઈ જશે.

અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ૬૧૯ પરિવારોને વિસ્થાપિત કરશે, જેનાથી લગભગ ૨,૫૦૦ લોકો પ્રભાવિત થશે. પાલિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર અસરગ્રસ્ત ગ્રામજનોનું સ્થળાંતર કરવામાં આવશે. તે માટે સુધરાઈએ વાડાના દેવલી ગામ નજીક ૪૦૦ હેક્ટર જમીન સંપાદિત કરી છે, જેનું પુનર્વસન માટે સીમાંકન કરવામાં આવશે. નિયુક્ત સલાહકારને સંભવિત જમીનનું ચોક્કસ સીમાંકન કરવાનું અને અસરગ્રસ્ત ગ્રામજનો માટે સંપૂર્ણ પુનર્વસન પ્રક્રિયાનું સંચાલન કરવાનું કામ સોંપવામાં આવશે જેથી સરળ અને અસરકારક પુનર્વસન સુનિશ્ચિત થાય.

છેલ્લા પાનાનું ચાલુ

## ઈદ-એ-મિલાદના

મુહમ્મદના જીવન અને ઉપદેશોની ચર્ચા કરવામાં આવે છે. આ દિવસે કોઈ દારૂ ન પીવે અને કોઈ ખોટું કામ ન કરે, ધાર્મિક લાગણીઓને ઠેસ ન પહોંચે અને કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ન સર્જાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે ઈદ-એ-મિલાદ (અથવા મિલાદ-ઉન-નબી) પાંચ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના દિવસે ડ્રાય ડે જાહેર કરવો જોઈએ. એવો ભય છે કે જો કોઈ આ દિવસે દારૂ પીવે અને કાર્યક્રમમાં ખલેલ પહોંચાડે તો ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી શકે છે. આ પૃષ્ઠભૂમિ પર હાજી શાહનવાઝ ખાને મુખ્ય પ્રધાન ફડણવીસને આ પવિત્ર દિવસે 'ડ્રાય ડે' જાહેર કરવા વિનંતી કરી છે.

## જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ

અને મારી વાત સાંભળતા નહોતા. બીજી તરફ સમન્સ જારી કરનારો તાયડે નામનો કર્લક પણ મારી સાથે સહયોગ કરતો નહોતો. આથી મારી પાસે આત્મહત્યા સિવાય બીજો કોઇ વિકલ્પ બચ્યો નહોતો.

વિનાયક ચાંદેલે વડવાની ખાતે કોર્ટમાં રસ્સીથી ગળાફાંસો ખાધો હતો. કોર્ટનો સ્ટાફ બુધવારે સવારે ૧૦.૪૫ વાગ્યે કોર્ટમાં આવ્યો ત્યારે ચાંદેલ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો, જેને પગલે પોલીસને જાણ કરાઇ હતી.

પોલીસને ઘટનાસ્થળેથી સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં ચાંદેલે જેએમએફસી રફિક શેખ અને તાયડે નામના ક્લર્ક પર આરોપ લગાવ્યો હતો.

ચાંદેલના પુત્રએ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેના પિતા જાન્યુઆરી, ૨૦૨૫થી વડવાની કોર્ટમાં સરકારી વકીલ તરીકે કામ કરતા હતા.

ચાંદેલ છેલ્લા કેટલાંક સપ્તાહથી તાણ હેઠળ હતો અને તેણે પરિવારજનોને કહ્યું હતું કે તાજેતરમાં કાર્યભાર સંભાળનારા જજ રફિક શેખ કોઇ પણ કારણ વગર તેને અપમાનિત કરતા હતા અને ત્રાસ આપતા હતા. તાયડેએ પણ તેના માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. ચાંદેલના પુત્રની ફરિયાદને આધારે શુક્રવારે જજ રફિક શેખ અને તાયડે વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ (આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું) હેઠળ ગુનો દાખલ કરાયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## રસ્તાના ખાડા

ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે જ્યાં કામ બાકી છે ત્યાં તાત્કાલિક કોન્ટ્રાક્ટરોની નિમણૂક કરવામાં આવે અને વિલંબ કર્યા વિના ખાડા ભરવાની કામગીરી ઝડપી બનાવવામાં આવે. ગણેશ ચતુર્થી પહેલા મુંબઈને ખાડામુક્ત બનાવવાના સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે હવે તમામ બાકી રસ્તાઓનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવું જોઈએ એવી સૂચના પણ તેમણે આપી હતી. જાહેર સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે નવા બનેલા રસ્તાઓ પર, ખાસ કરીને શાળાઓ, કોલેજો અને વધુ ટ્રાફિકવાળા વિસ્તારોની નજીક, સ્પીડ બ્રેકર અને રમ્બલર તાત્કાલિક સ્થાપિત કરવા પર પણ ભાર મૂક્યો હતો.

જૂન અને ૨૨ ઓગસ્ટ વચ્ચે, સુધરાઈને ૧૧,૫૨૫ ખાડાઓની ફરિયાદો મળી હતી, જેમાંથી ૩,૦૧૧ ખાડાઓ સાથે સંબંધિત નહોતી અને ૮૨૬અન્ય સરકારી એજન્સીઓ હેઠળના રસ્તાઓ સાથે સંબંધિત હતી. પાલિકા આ ફરિયાદો સંબંધિત અધિકારીઓને મોકલે છે, પરંતુ કાર્યવાહીમાં ઘણીવાર વિલંબ થાય છે. નાગરિકો ને થતી અસુવિધાને રોકવા માટે, જો સ્ટેટ રોડ ડિપાર્ટમેન્ટ અધિકારક્ષેત્ર હેઠળના ફ્લાયઓવર કાર્યવાહી કરવામાં નિષ્ફળ જાય તો પાલિકા ખાડાઓનું સમારકામ સંભાળશે. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે, બધા સમારકામમાં સારી ટકાઉપણું માટે મેસ્ટીક ડામર ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

## કૉંગ્રેસ પોતે

રાહુલ ગાંધી પર નિર્ભર છે, એમ તેમણે કહ્યું હતું. આગામી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીઓ અંગેના સવાલના જવાબમાં, ફડણવીસે કહ્યું હતું કે, તેમણે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર સાથે વાત કરી છે અને એનડીએના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણન માટે તેમનો ટેકો માગ્યો હતો.

ઉપરાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી પક્ષ આધારિત નથી. કોઈ વ્હીપ નથી. મેં તેમને કહ્યું કે તેઓ મરાઠી અને મહારાષ્ટ્રની અસ્મિતાને સમર્થન આપે છે, તેથી તેમણે રાધાકૃષ્ણનનું સમર્થન કરવું જોઈએ. રાધાકૃષ્ણન મહારાષ્ટ્રના રાજ્યપાલ છે અને મુંબઈમાં નોંધાયેલા મતદાતા છે, એમ તેમણે કહ્યું હતું. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે તેઓ આ બાબતે અન્ય લોકો સાથે ચર્ચા કરશે, જ્યારે શરદ પવારે કહ્યું હતું કે કારણ કે વિપક્ષે પણ પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે, તેથી તેઓ વિપક્ષ સાથે જશે, એવી માહિતી તેમણે આપી હતી. દિલ્હીમાં આરએસએસના કાર્યક્રમમાં ભાગ લેવા બદલ એનસીપીના સાંસદ અને નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના પત્ની સુનેત્રા પવારની થઈ રહેલી ટીકા અંગે ફડણવીસે પૂછ્યું હતું કે, 'શું છજ્જ પ્રતિબંધિત સંગઠન છે?'

'મને આરએસએસ સ્વયંસેવક હોવાનો ગર્વ છે કારણ કે તેણે મને રાષ્ટ્રવાદ અને સર્વસમાવેશક વિકાસ શીખવ્યો છે,' એમ તેમણે કહ્યું હતું. ગુરુવારે રાજ ઠાકરેની તેમની મુલાકાત વિશે વાત કરતા તેમણે કહ્યું હતું કે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડાએ ટ્રાફિક અંગે કેટલાક સારા સૂચનો આપ્યા છે અને સરકાર તેનો અમલ કરવાનો પ્રયાસ કરશે.

જ્યારે ટૂંકા ગાળામાં ભારે વરસાદ પડે છે, ત્યારે માળખાકીય સુવિધાઓ પર અસર પડે છે, એમ તેમણે ઉમેર્યું કે તેમની સરકાર સિસ્ટમ સુધારવા માટે કામ કરી રહી છે.

## વિક્રોલી બ્રિજ

જણાવ્યું હતું. ફરીથી આવી રીતે વરસાદમાં પાણી ભરાતા અટકાવવા માટે પાલિકાએ મુખ્ય માળખામાં ફેરફાર કર્યા વિના એપ્રોચ દીવાલ સાથે લેટરલ ઇનલેટ્સ ઉમેરવાની અને સ્લિપ રોડ પર ડ્રેનેજ નેટવર્ક સ્થાપિત કરવાની યોજના બનાવી છે. પશ્ચિમમાં એલબીએસ રોડને પૂર્વમાં ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે સાથે જોડતો ૬૧૫ મીટરનો વિક્રોલી બ્રિજને છેલ્લાં ૧૫ વર્ષથી બાંધવાની યોજના હાથ ધરવામા આવી હતી, જેનો વર્ક ઓર્ડર ૨૦૧૮માં બહાર પાડવામાં આવ્યો હતો અને બ્રિજનું કામ ૨૦૧૫ માં પૂરું કરવામાં આવ્યું હતું. ટૂ-વેના આ પુલમાં ફક્ત ત્રણ લેન છે, જેમાં સેન્ટ્રલ ડિવાઇડર કે ફૂટપાથ નથી.

મંગળવારના ભારે વરસાદ દરમિયાન, એલબીએસ માર્ગ તરફના પશ્ચિમ બાજુના ફ્લાયઓવરનો વિસ્તાર પાણીમાં ડૂબી ગયો હતો, જેના કારણે બ્રીજની ડિઝાઇન અંગે ચિંતા વ્યકત થઈ હતી.

પાલિકાના અધિકારીઓએ સ્વીકાર્યું કે એલબીએસ માર્ગ અને વિક્રોલી સ્ટેશનના છેડા વચ્ચેના ઊંચાઈના અંતરને કારણે વરસાદી પાણી નીચે તરફ વહે છે અને પુલના નીચેના છેડે એકઠા થાય છે. જોકે તેમણે પાણી ભરાવા માટે નાગરિકો દ્વારા આડેધડ કચરો ફેંકવાનું મુખ્ય કારણ ગણાવ્યું અને નોંધ્યું હતું કે પ્લાસ્ટિક અને અન્ય કચરાના કારણે ડ્રેનેજ ઇનલેટ્સ બંધ થઈ ગયા છે અને પાણીના યોગ્ય પ્રવાહમાં અવરોધ ઊભો થયો છે.

પાલિકા અધિકારીએ જણાવ્યું હતું કે, આવી ઘટનાઓ ફરીથી ન થાય તે માટે અમે પુલની એપ્રોચ દિવાલો સાથે વધારાના લેટરલ વોટર ઇનલેટ્સ બનાવવાની યોજના બનાવી રહ્યા છીએ. આનાથી ખાતરી થશે કે એક કે બે ઇનલેટ્સ બ્લોક થઈ ગયા હોવા છતાં, વરસાદી પાણી વૈકલ્પિક આઉટલેટ્સ દ્વારા પણ નીકળી શકે છે. અધિકારીએ એમ પણ ઉમેર્યું હતું કે મુખ્ય માળખામાં ફેરફાર કર્યા વિના આ ફેરફારો કરવામાં આવશે. લાંબા ગાળે બીએમસી પાણી ભરાવા સામે સતત રક્ષણ સુનિશ્ચિત કરવા માટે સ્લિપ રોડ સાથે યોગ્ય ડ્રેનેજ નેટવર્ક લાગુ કરવાની પણ યોજના ધરાવે છે.

## ફડણવીસે ઉપરાષ્ટ્રપતિના

ક્રમના સર્વોચ્ચ બંધારણીય પદ માટેની ચૂંટણી નવ સપ્ટેમ્બરે યોજાવાની છે. 'એનડીએ ઉમેદવાર અમારી વિચારધારા સાથે મેળ ખાતા નથી. જ્યારે તેઓ ઝારખંડના રાજ્યપાલ હતા, ત્યારે મુખ્ય પ્રધાન હેમંત સોરેન સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે સોરેન રાજ્યપાલને મળવા ગયા ત્યારે તેમની રાજભવન ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી.

'આ સત્તાના દુરુપયોગનું એક સ્પષ્ટ ઉદાહરણ હતું અને આવા ઉમેદવાર માટે સમર્થનની અપેક્ષા રાખવી યોગ્ય નથી. તેથી મેં મુખ્ય પ્રધાનની વિનંતી સ્વીકારવામાં મારી અસમર્થતા વ્યક્ત કરી હતી,' એમ પવારે કહ્યું હતું. ફડણવીસે ગુરુવારે રાધાકૃષ્ણન માટે પવાર અને શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેનો ટેકો માગ્યો હતો. સેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે ફડણવીસ ઉપરાંત, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ ઉદ્ધવ ઠાકરેને ફોન કરીને એનડીએના ઉમેદવારને સમર્થન આપવા વિનંતી કરી હતી. એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી) મહારાષ્ટ્રમાં કોંગ્રેસ સાથે વિપક્ષી મહા વિકાસ આઘાડી (એમવીએ)નો ભાગ છે. આ ત્રણેય પક્ષો રાષ્ટ્રીય સ્તરે વિપક્ષી ઈન્ડી ગઠબંધનના ઘટકપક્ષો છે.

## સિમ કાર્ડ ખરીદીને

ટીમે ગયા સપ્તાહે કાંદિવલીની બન્ને કંપનીમાં સર્ચ હાથ ધરી હતી. બન્ને ઑફિસમાંથી પોલીસે વૈભવ પટેલ, સુનીલકુમાર પાસવાન, અમનકુમાર ગૌતમ, ખુશબૂ સંદરાજુળા અને રિતેશ બાંદેકરને તાબામાં લીધાં હતાં. પ્રાથમિક પૂછપરછ પછી પાંચેયની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીઓ પાસેથી ૧૦૪ સિમ કાર્ડ, પચીસ મોબાઈલ ફોન, વિવિધ બૅન્કની પચીસ પાસબુક, ૩૦ ચેકબુક, ૪૬ એટીએમ કાર્ડ, સ્વાઈપ મશીન, પ્રિન્ટર અને લૅપટોપ જપ્ત કરવામાં આવ્યાં હતાં. આરોપીઓએ દાવો કર્યો હતો કે બૅન્ક ડિટેઈલ્સ અને સિમ કાર્ડ જરૂરિયાતમંદો પાસેથી સાતથી આઠ હજાર રૂપિયામાં વેચાતાં લેવામાં આવતાં હતાં. આરોપીઓ વિરુદ્ધ સમતાનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. કેસની તપાસ દરમિયાન વધુ સાત આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

પકડાયેલા ૧૨ આરોપીની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે તેઓ બૅન્ક ખાતા અને સિમ કાર્ડ પ્રાપ્ત કરવા ગ્રામીણ વિસ્તારના લોકોને પણ ટાર્ગેટ કરતા હતા. સેવિંગ એકાઉન્ટ માટે ૧૫ હજાર, જ્યારે કરન્ટ એકાઉન્ટ માટે ૪૦ હજાર રૂપિયા સુધીની રકમ આપવાની તૈયારી દાખવતા હતા.

ગરીબ લોકોને નાણાંની લાલચે બૅન્ક ખાતું અને સિમ કાર્ડ ખરીદવા તૈયાર કરતા. પછી બૅન્કની કિડ અને સિમ કાર્ડ આરોપીઓ ખરીદી લેતાં. પોતાની ઑફિસમાં નેટબૅંકિંગ સહિતની સુવિધા ચાલુ કરાવી તેમાં અમુક રકમનો વ્યવહાર કરતા. પછી સિમ કાર્ડ ઍક્ટિવેટ કરાવીને બૅન્ક ડિટેઈલ અને સિમ કાર્ડ સાયબર ફ્રોડ કરનારી ટોળકીને આપતા હતા. જપ્ત કરાયેલા લૅપટોપની ટેક્નિકલ બાબતોનું વિશ્લેષણ કરતાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓએ ૯૪૩ બૅન્ક ખાતાંનો ઉપયોગ કર્યો હતો, જેમાંથી ૧૮૧ ખાતાંનો ઉપયોગ નાગરિકોને છેતરવા માટે કરાયો હતો. આ બૅન્ક ખાતાઓ સંબંધી ૩૩૯ ફરિયાદો નોંધાઈ છે. આ ખાતાંનો ઉપયોગ કરી દેશના વિવિધ ભાગોમાં રહેતા લોકો પાસેથી ૬૦.૮૨ કરોડથી વધુ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## પૃથ્વીરાજ ચવ્હાણના

દ્વારા જણાવવામાં આવ્યું છે.

**મતોની ચોરી કરનાર દ્વારપાલ!**

**આ ભૂતપૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણના પરિવારના સભ્યો છે**

**ઇન્દ્રજીત પંજાબરાવ ચવ્હાણ - ત્રણ સ્થળોએ મતદાર તરીકે નોંધણી કરાઈ**

૧. કરાડ (બૂથ નં. ૧૨૦)

૨. મલકાપુર (બૂથ નં. ૧૮૯)

૩. કુંભારગાંવ, પાટણ (બૂથ નં. ૩૭૯)

પિતાનું નામ અને ઉંમર બદલીને નોંધણી કરાઈ

**આશા ઇન્દ્રજીત ચવ્હાણ ત્રણ સ્થળોએ નોંધણી કરાઈ, ઉંમર તફાવતઃ**

૧. કરાડ (ઉંમર ૪૭),

૨. મલકાપુર (ઉંમર ૪૬),

૩. પાટણ (ઉંમર ૪૪)

**શાંતાદેવી ચવ્હાણ બે સ્થળોએ નોંધણી કરાઈઃ**

૧. કરાડ (ઉંમર ૮૭)

૨. મલકાપુર (ઉંમર ૮૬)

**અભિજીત ચવ્હાણ મલકાપુરમાં બે સરનામે નોંધણી કરાઈઃ**

૧. આગાશિવનગર

૨. ઇન્દ્રપ્રસ્થ કોલોની

**રાહુલ વિજયસિંહ ચવ્હાણ અને ગૌરી રાહુલ ચવ્હાણ**

૧. પાટણ કોલોની ખાતે નોંધણી કરાઈ

૨. નોંધણી કુંભારગાંવ, ઉંમરનો તફાવત

**અધિકરાવ અન્નાસાહેબ ચવ્હાણે બે જગ્યાએ પોતાના પિતાનું નામ નોંધાવ્યું - ૧. 'અન્નાસા' અને**

૨. 'અન્નાસાહેબ'.

એમ ભાજપના પ્રવક્તા કેશવ ઉપાધ્યેએ જણાવ્યું હતું.

વિધાનસભ્ય અતુલ ભોંસલેનો ગંભીર આરોપ પાટણ કોલોનીમાં એક ઘરના સરનામે ૧૫ મતદારો નોંધાયેલા છે, જેમાંથી ઘણા ત્યાં રહેતા નથી. કરાડ દક્ષિણ વિધાનસભા ક્ષેત્રમાં બેવડી અને ત્રણગણી મતદાન નોંધણી થઈ છે. ભાજપના પદાધિકારી વિદ્યમાન વિધાનસભ્ય ડો. અતુલ ભોંસલેના પદાધિકારીઓએ આરોપ લગાવ્યો હતો કે પૃથ્વીરાજ ચવ્હાણે ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં બેવડી નોંધણી કરીને મતદારોને જીત્યા હતા. અતુલ ભોંસલેના કાર્યકરોએ એમ પણ કહ્યું છે કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણે કરાડ દક્ષિણમાં 'મત ચોરી' કરી હતી.

## પારસી મરણ

પરવેઝ ફામરોઝ પસ્તાકીયા તે ફરીદાના ખાવિંદ. તે મરહુમો ફરામરોઝ ને આલામાયના દીકરા. તે માલકમ ને ડેલનાઝના બાવાજી. તે મોનાઝ ને રાહુલના સસરા. તે નશાઈતા પસ્તાકીયાના બપાવાજી. તે વરુણ શેઠના મમાવાજી. (ઉં. વ. ૭૩) રે. ઠે. ૨૯, દાદાચનજી બિલ્ડિંગ, રૂમ નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, મરઝબાન કોલોની, નાયર હોસ્પિટલની સામે, મુંબઈ-૪૦૦૦૧૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૩-૮-૨૦૨૫ના રોજ બપોરે ૩-૪૫ કલાકે ભાભા બંગલી નં. ૨, ડુંગરવાડી, મુંબઈ.

તેહેમી પર્સી બાવાઆદમ. તે મરહુમ પર્સીના વિધવા. તે મરહુમો શાવકશા ને ખોરશેદ માલેગામવાલાના દીકરી. તે મરહુમો રૂસી, મની, ફિરોઝ, ડોલી ને દારાના બહેન. તે અસ્પી, મેહેરનોશ ને સાયરસના માસી. તે રોહિન્ટનના ફુઈ. તે મરહુમો જાલ ને ફિરોઝના ભાભી. (ઉં. વ. ૭૨) રે. ઠે. ૭, છત્રીવાલા બિલ્ડિંગ, ત્રીજો માળ, વાડિયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ શનિવાર, તા. ૨૩-૮-૨૦૨૫ના રોજે બપોરે ૦૩.૪૫ કલાકે ભાભા બંગલી નં. ૧, ડુંગરવાડી.

બમન એરચશા લીમઝરવાળા તે મરહૂમ ફ્રેની બી. લીમઝરવાલાના ખાવીંદ. તે મરહુમો નાજામાય તથા એરચશાહના દીકરા. તે ફીરદોશ, મારૂખ, મોના ને રૂકશાનાના પપ્પા. તે કીયાન ફીરદોશ લીમઝરવાલા, ટેહમુરસ્પ સહલોથ, પોરસ વજીફદાર ને મરહુમ દીન્યાર માદનના સસરા. તે મરહુમ નરગીશ વાન્દ્રેવાલાના ભાઇ. તે અરીઝ, જેઝાન ને જેઝીમના બપાવા. (ઉં. વ. ૯૩) રે. ઠે. ૨/૪, એ. એચ. વાડીયા બાગ, પરેલ ટેંક રોડ, કાલાચોકી, મુંબઇ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયા તા. ૨૪-૮-૨૫ના બપોરે ૩.૪૦ કલાકે લાલબાગ, મધે એમ. જે. વાડીયા અગિયારીમાં.

આદિલ હોરમસજી સ્કુવાલા તે રોડા આદિલ સ્કુવાલાના ધની. તે મરહુમો ફિરોઝા તથા હોરમસજી સ્કુવાલાના દીકરા. તે ફિરોઝા ચીરાગ કામા ને નેવીલ આદિલ સ્કુવાલાના પપ્પા. તે ચેરાગ ખુરશેદ કામા ને મીના નેવીલ સ્કુવાલાના સસરા. તે દીલશાદ શાઝાદ નાનજી, ઝરીર ચેરાગ કામાના મમાવા. તે સલોની નેવીલ સ્કુવાલાના બપાવા. (ઉં. વ. ૮૯) રે. ઠે. બિલ્ડિંગ નં.૬, કનૈયા કુંજ, ૨જે માળે, વરલી સી-ફેસ, મુંબઇ-૪૦૦૦૨૫. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૪-૮-૨૫ના બપોરે ૩.૪૦ કલાકે જોગેશ્વરી મધે માલકમબાગ અગિયારીમાં.

## ઑનલાઈન પેમેન્ટનો

નાખ્યા હતા, જેથી આદિલને નાણાં ટ્રાન્સફરની તાત્કાલિક જાણ થઈ નહોતી.

આ રીતની ઘટના બાન્દ્રા ટર્મિનસ પર એક યુવાન સાથે થઈ હતી. તેના બૅન્ક ખાતામાંથી ૪૬ હજાર રૂપિયા સેરવી લેવામાં આવ્યા હતા. પોલીસ આ ટોળકીની તપાસ કરી રહી છે. અત્યાર સુધીની તપાસમાં આ ટોળકી દિલ્હીની હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. ઑનલાઈન પેમેન્ટ કરતી વખતે પાસવર્ડ કોઈ જોઈ ન લે તે રીતે ટાઈપ કરવાની ભલામણ પોલીસે આપી હતી. આ રીતે નાણાં ચૂકવતી વખતે આસપાસની વ્યક્તિ પર ખાસ નજર રાખવાનું સૂચન પણ પોલીસ દ્વારા કરાયું હતું.

## લોકોમાં આ મુદ્દો

સાથે સાંઠગાંઠનો આરોપ લગાવ્યો હતો. તેમણે એવો દાવો કર્યો હતો કે ચૂંટણી સંસ્થાએ 'એક વ્યક્તિ, એક મત' સિદ્ધાંત લાગુ કરવાની પોતાની ફરજ બજાવી નથી.

કોંગ્રેસના નેતાએ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીના ડેટાનો ઉલ્લેખ કરીને દાવો કર્યો હતો કે કર્ણાટકમાં બેંગલોર સેન્ટ્રલ લોકસભા બેઠકના મહાદેવપુરા વિધાનસભા ક્ષેત્રમાં પાંચ પ્રકારની હેરાફેરી દ્વારા ૧ લાખથી વધુ મત 'ચોરી' કરવામાં આવ્યા હતા.

આ મુદ્દા વિશે વાત કરતા પવારે કહ્યું હતું કે, 'અમે ચૂંટણીપંચ દ્વારા (ભૂતકાળની) ચૂંટણીઓના પરિણામોનો પણ અભ્યાસ કરી રહ્યા છીએ અને દેશના લોકો સમક્ષ મત (મત ચોરી)નો મુદ્દો યોગ્ય રીતે રજૂ કરીશું. નક્કર યોજના બનાવવામાં બે અઠવાડિયા લાગશે.'

'અમને ચૂંટણીપંચ પાસેથી કોઈ અપેક્ષા નથી,' એમ પણ પવારે કહ્યું હતું અને ચૂંટણી પંચ દ્વારા માગવામાં આવેલા મતદાર યાદીના આરોપો પર સોગંદનામું રજૂ કરવાના રાહુલ ગાંધીના ઇનકારને વાજબી ઠેરવ્યો હતો.

'ત્રણસો સાંસદો ચૂંટણીપંચ વિરુદ્ધ રસ્તા પર ઉતર્યા અને તેમની ધરપકડ કરવામાં આવી,' એમ તેમણે કહ્યું હતું.

એનસીપી (એસપી)એ કહ્યું હતું કે બિહારમાં રાહુલ ગાંધીની જાહેર સભાઓને લોકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.

૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભાની ચૂંટણીઓ આ વર્ષે ઓક્ટોબર અથવા નવેમ્બરમાં યોજાવાની શક્યતા છે.

બિહાર આર્થિક રીતે પછાત હોઈ શકે છે, પરંતુ તે રાજકીય રીતે જાગૃત છે, એમ તેમણે કહ્યું હતું.

'મહાત્મા ગાંધીએ ચંપારણથી સત્યાગ્રહ શરૂ કર્યો હતો, જેપી નારાયણે બિહારમાંથી કટોકટી સામે આંદોલન શરૂ કર્યું હતું. આ રાજ્યે કર્પૂરી ઠાકુર જેવા ઘણા નેતાઓ આપ્યા છે,' એમ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું.

## જૈન મરણ

બોટાદ નિવાસી હાલ ડોંબિવલી હિંમતલાલ શિવલાલ ગોપાણીના સુપુત્રી રંજનબેન હિંમતલાલ ગોપાણી તા. ૨૧-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. નિરંજનભાઈ, ભૂપેન્દ્રભાઈ અને કોકિલા ભરતભાઈ શહાના બહેન. નૈનાબેન તથા સ્વ. ચારૂબેનના નણંદ ઉષા કલ્પેશ ગોપાણી, ગીતા વિશાલ ગોપાણીના ફઈબા. મિતેશ શહા અને વિરલ શહાના માસી. પ્રાર્થનાસભા. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડિયાના દીપા આશિષ ઉમરશી સાવલા (ઉં. વ. ૪૮) તા. ૨૦-૮-૨૫, બુધવારના મુંબઈ મધ્યે અરિહંતશરણ પામેલ છે. અ. સૌ. જયાબેન ઉમરશી જીવરાજના પુત્રવધૂ. આશિષના ધર્મપત્ની. હેતાંશીના માતુશ્રી. બીજલના ભાભી. અ. સૌ. ગુણવંતીબેન પ્રવિણ શામજી ગડાની દીકરી. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૩-૮-૨૫, બપોરે ૨ થી ૩.૩૦ સ્થળઃ લખમશી નપુ હોલ, ચંદાવરકર રોડ, માટુંગા (સે. રે.).

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન,**

જેતપુર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. જશવંતરાય છોટાલાલ દોશીના ધર્મપત્ની કોકિલાબેન (ઉં. વ. ૭૪) તા. ૨૦-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અમિત, સોનલ, મમતા, કલ્પેશના માતુશ્રી. અ.સૌ. સ્વાતિ, ભુપેન્દ્રભાઈ શાહ, નિલેશભાઈ શાહ, અ.સૌ. પૂજાના સાસુ. હિતાક્ષી ભવ્યકુમાર સત્રા, જૈનમ, દિશા, રાહુલ, શુભમ તથા મોક્ષના બા, ચલાળા નિવાસી સ્વ. તારાબેન અમૃતલાલ લાખાણીના દીકરી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બાડાના રત્નકુક્ષી માતુશ્રી વેલબાઈ દામજી દેઢિયા (ઉં. વ. ૯૧) ૨૧-૮-૨૫ના અરિહંતશરણ પામ્યાં છે. માતુશ્રી પુરબાઈ કાનજી વેલજીના પુત્રવધૂ. દામજીનાં ધર્મપત્ની. કિશોર, કંચન, નીતા, પૂ. નમ્રરૂચિતાશ્રીજીના માતુશ્રી. રતનબેન વેરશીના પુત્રી. જેઠાલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કિશોર દામજી દેઢિયા, પારિજાત રેસિડેન્સી, ૨૦ મે માળે, નવનીત પ્રકાશન ઑફિસની સામે, દાદર (વે), મું-૨૮.

સમાઘોઘાના મણીલાલ પદમશી રણશી સંગોઇ (ઉં. વ. ૭૫) ૨૧/૮/૨૫ના અવસાન પામેલ છે. પુરબાઇ પદમશી સંગોઇના પુત્ર. નવલબેનના પતિ. જીગ્ના, સચિન, રાહુલના પિતા. લક્ષ્મીચંદ, સ્વ. ચંચળબેન, સ્વ. લાલજી, પ્રવીણના ભાઇ. બાડાના મેઘબાઇ વેલજી ભુલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નવલબેન સંગોઇ, રૂ.નં.૧૪, મહાવીરધામ, સાઇબાબા નગર, બોરીવલી-વે.

નાના આસંબીયાના પ્રેમજી હેમરાજ છેડા (ઉં. વ. ૭૯) ૨૧/૮ના અવસાન પામેલ છે. માતુશ્રી લાછબાઇ હેમરાજ ખીમજીના પુત્ર. રેખાબેનના પતિ. કેનલ, દીપના પિતાશ્રી. રતનશી, શાંતીલાલ, રતનબેન પ્રેમજી, સાકરબેન પ્રવિણના ભાઇ. ડોણના મણીબેન રામજી કાનજી ગાલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રેમજી છેડા, ૨૦૪ તુળજેશ્વર હીલ, તુલીંજ રોડ, અંબાવાડી, રામભાઇ નગર, નાલાસોપારા (ઇસ્ટ).

કાંડાગરાના કાંતિલાલ દેવજી ગાલા (ઉં. વ. ૭૧) ૨૦/૮ના અરિહંત શરણ પામેલ છે. મઠાબાઇ દેવજી (નાથુ) કાંઇયાના પુત્ર. પ્રવિણાના પતિ. જીજ્ઞા, શીતલ, જીતીક્ષા, સંજનના પિતા. દામજી, ઝવેર, પુષ્પા, લક્ષ્મીચંદ, ટેકચંદ, મોહનના ભાઇ. ના. ખાખર ધનવંતી જેવત વીરજી મોતાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રવિણા ગાલા, ૩૦૬, ૫એ, એસ.બી. એપાર્ટમેન્ટ, સાંઇબાબા નગર, બોરીવલી (વે.).

રતાડીયા (ગ.) ના અ.સૌ. મણીબેન (દમયંતી) કલ્યાણજી વોરા (ઉં. વ. ૭૯.) તા.૨૦-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. હીરબાઈ નાનજી દેવજીના પુત્રવધૂ. કલ્યાણજીના પત્ની. હિરેન, અમીતના માતુશ્રી. ગુંદાલા વેલબાઈ આણંદજી નરશી રાંભીયાના પુત્રી. પાનબાઈ, રાણબાઈ, બચુભાઈ (દામજી), ભવાનજીના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. કલ્યાણજી વોરા, ૯/૪, રત્નદીપ, બેસંટ સ્ટ્રીટ, સાંતાક્રુઝ (વે).

ડોણના દેવમ મહેન્દ્ર ફુરિયા (ઉં. વ. ૨૯) તા. ૨૧-૮-૨૫ના અવસાન પામેલ છે. બીના મહેન્દ્રના સુપુત્ર. પ્રિયંકાના પતિ. જસ્વીના ભાઈ. દિવ્યાંકના પિતા. સાંઘવી બીટરગામના મહાનંદા શ્રવણ બનસોડેના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ફોન/મેસેજ રૂબરૂતુલ્ય ગણશોજી. નિ. બીના મહેન્દ્ર ફુરિયા, ૬, રોડ્રીક્સ ચાલ, નીલકંઠ કોર્પોરેટ પાર્કની સામે, કિરોલ ગામ, વિદ્યાવિહાર (વેસ્ટ).

સમાઘોઘાના મહેન્દ્ર સાવલા (ઉં. વ. ૭૫) તા. ૨૦-૮-૨૫ના અવસાન પામેલ છે. રૂક્ષ્મણીબેન વિશનજી ડુંગરશી સાવલાના સુપુત્ર. મંજુબેનના પતિ. ચિ. પાર્થના પિતા. ઉષા, જ્યોતિ, વર્ષા, શાંતિલાલ, સ્વ. કિશોર, રમેશના ભાઇ. બેરાજા વસંતબેન ભોગીલાલ વશનજી લધાના જમાઇ. શરદ, બિપિન, ડો. પ્રદીપના બનેવી. ભારતી, રશ્મિ, મીનાના નણંદોઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન અને દેહદાન કરેલ છે. ફક્ત વોટસએપ મેસેજ આવકાર્ય. નિ. મહેન્દ્ર સાવલા, ૨૯૦૨, એચ. એમ. ટાવર, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલીના રાજપ્રકાશ સત્યવ્રત કામદાર (ઉં. વ. ૭૪) તે ગીતાબેનના પતિ. આશિષ અને અક્ષયના પિતા. હેતલ, સવિતાના સસરા. સ્વ. ઇંદુબેન ગુણવંતરાય ગુપ્તા, ભારતીબેન મહેન્દ્ર પરમાર, ચારુલતાબેન મહેન્દ્ર રાવલ, કીર્તિકુમાર સત્યવ્રત કામદારના ભાઇ. મીના કીર્તીકુમાર કામદારના જેઠ. સાસરા પક્ષે સ્વ. ગિરજાબેન પ્રાણજીવનદાસ મોદીના જમાઇ. ૨૧મી ઓગસ્ટ ૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

નાહુરા નિવાસી હાલ બોલિંજ (વિરાર) ગં. સ્વ. ભાનુબેન ગુણવંતરાય બરાલીયા (ઉં. વ. ૬૬) તે કલ્પેશભાઈ, પરાગભાઈના માતુશ્રી. કવિતાબેન, નૂતનબેનના સાસુ. મંજુલાબેન સુરેશકુમાર મીરાણી, વિજયાબેન, ગિરધરલાલના ભાભી. સ્વ. અમૃતલાલ મોહનલાલ ખેતાણીના દીકરી. સુરેશભાઈ, મહેશભાઈ, સ્વ. પુષ્પાબેન, નીતાબેન, જયશ્રીબેનના બહેન. રીષભના દાદી બુધવાર, તા. ૨૦-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૪-૮-૨૫ના સાંજે ૪ થી ૬. સી/૦૦૨, ગ્રીનફીલ્ડ સોસાયટી, ગ્રાઉન્ડ ફ્લોર, બોલિંજ, વિરાર (વે.).

**વડનગર દશાનાગર વણિક**

હાલ વાલકેશ્વર નિવાસી, શકુંતલા શાહ (ઉં. વ. ૭૭) તે નરેન્દ્ર શાહના પત્ની. સ્વ. નવનીતલાલ શાહના પુત્રવધૂ. હેમા હસમુખ શાહના દેરાણી. સોના, સ્વ. ધ્રુવલતા, સ્વ. માલ્વિકા, ભારતી, અમિતા, ગીતા જગદીશ પરીખના ભાભી. નેહલના કાકી. સ્વ. બાબુલાલ મેહતાના પુત્રી. શશીકાંત, સૂર્યકાંત, રતન, મૃદુલા, દીપક અને પ્રકાશના બહેન તા. ૨૧-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૮-૨૫ના સોમવારે, ૪ થી ૬. ૨૧૨, લવ કૃષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલકેશ્વર.

**કપોળ**

કેરિયાનાગસ અમરેલીવાલા હાલ મલાડ, સ્વ ખુશાલદાસ અમૃતલાલ મહેતાના પત્ની હીરાબેન (ઉં. વ. ૮૪) તા. ૨૧.૦૮.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દીપક, નીલેશ, સ્વ. અરુણા રાજેશકુમાર મહેતા, ભાવના સુધીરકુમાર પારેખના માતુશ્રી. અ.સો. દીપ્તિના સાસુ. અ.સૌ. દિપાલી રિકેશ અને અનુજના દાદી. સ્વ. માણેકભાઈ અને અનંતરાય મહેતાના ભાભી. પિયરપક્ષે ડોળિયાવાલા જયંતિલાલ હરજીવનદાસ ગાંધીની દિકરી, સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વિંઝાણ હાલે મુલુંડ, સ્વ. હીરજી વાલજી રૂપારેલના પુત્ર નવિનભાઇ (ઉં. વ. ૭૯) તે ગં.સ્વ. હર્ષિતા રૂપારેલના પતિ. હિમેશ, નૈષધ અને અર્ચના મનીષભાઈ ગણાત્રાના પિતા. સ્વ. મૂલજીભાઈ પુરુષોત્તમભાઈ પાંધી કચ્છ ગામ તેરા વાલાના જમાઈ. સ્વ. રમેશભાઈના ભાઈ. હર્ષાબેન સવિતાબેન તથા મનીષભાઈના સસરા. નીલના દાદા, બુધવાર તા. ૨૦/૮/૨૫ના શ્રીરામચરણ પામ્યા છે. તેમની બંને પક્ષની પ્રાર્થના શનિવાર તા. ૨૩/૮/૨૫ના ૪.૩૦ થી ૬. કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફ્લોર હોલ, આર. આર. ટી. રોડ મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે. બહેનોએ તે જ દિવસે આવી જવું.

**વિશા શ્રીમાળી ૧૦૮ ગોળ સમાજના**

વડસ્મા નિવાસી હાલ વિલેપાર્લા, સ્વ. જયંતીલાલ કેશવલાલ શાહના ધર્મપત્ની કંચનબેન શાહ (ઉં. વ. ૮૭) તે પંકજભાઈ, અલકાબેન, કલ્પનાબેનના માતુશ્રી, શૈલા, રાજેશકુમાર, કેતનકુમારના સાસુ, શ્રેણિક, માનસી દિક્ષીતકુમાર, અવની ભાવિનકુમાર, ખુશ્બુ રોનકકુમાર, પ્રણવ, હેતાના બા કરણનગર નિવાસી સ્વ. ઘુરાલાલ પોપટલાલ શાહ સુપુત્રી. તા. ૨૦-૮-૨૫ના બુધવારે અરિહંતશરણ થયેલ છે. લૈકિક વ્યવહાર રાખેલ નથી. ઠે.૮૦૩ સુવિધા પર્લ પી એમ રોડ વિલેપાર્લે ઈસ્ટ.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

મૂળગામ જામખંભાળીયા હાલ મલાડ, દક્ષાબેન હિતેશભાઈ લીયા (ઉં. વ. ૬૨) બુધવારે તા. ૨૦/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઋષિકેશ હિતેષભાઇ લિયાના માતુશ્રી. નરેશભાઈ લિયા તથા કોમલબેન પ્રફુલકુમાર મચ્છરના ભાભી. નરભેરામ પરસોત્તમ મર્થકના દીકરી. હીરાલાલ મોહનલાલ જોગીના ભાણેજ. ભાવનાબેન મહેન્દ્રભાઈ જાજલ, સૂર્યકાન્ત (ભીખુભાઇ), ગીરીશભાઈ તથા દીપકભાઈના બેન. પ્રાર્થનાસભા તા. ૨૩/૮/૨૫ના શનિવારના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**ગણદેવી દશા લાડ વણિક**

બોરીવલી નિવાસી, હરેશ શાહ (ઉં. વ. ૭૩) તા. ૨૧-૦૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઇશ્વરલાલ મણિલાલ શાહ તથા સ્વ. ચંદ્રકાંતાબેનના પુત્ર. હિનાબેનના પતિ. શ્રુતિ તથા શ્વેતાના પિતા. દિપેનભાઈ તથા ઉર્વિનભાઈના સસરા. સ્વ. રાજીવભાઈ, યોગેશભાઈ તથા આશબેન દીપકકુમાર વકિલના ભાઈ. સ્વ. પ્રવિણચંદ્ર ઠાકોરલાલ શાહના જમાઈ, પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

કરાચીવાળા મૂળ ગામ ગોંડલ હાલ થાણા, વેદાંત ખખ્ખર (ઉં. વ. ૧૮) તે એકતા તેમજ કૌશલ પ્રકાશભાઈ ખખ્ખરના પુત્ર. કલ્પા, પ્રકાશ જાદવજી ખખ્ખરના પૌત્ર. પરી કૌશલ ખખ્ખરના મોટાભાઈ, સ્વ. કિર્તીભાઈ, પ્રતાપભાઈ, ભરતભાઈ તેમજ દિલીપભાઈના ભત્રીજા. અશ્વિન કારીયાના દોહિત્ર. બિનલ કેદાર જોશીના ભત્રીજા. ગુરૂવાર તા. ૨૧/૦૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મુંબઈના રહેવાસી વિજય વિઠ્ઠલદાસ મહેતા (ઉં. વ. ૮૬) તેઓ સ્વ. હિરાબેન અને સ્વ. વિઠ્ઠલદાસ મહેતાના પુત્ર. ડૉ. રવિન્દ્ર મહેતાના ભાઈ. ઉમાના દિયર તા. ૨૧-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટિયા**

ગૌ.વા. વસંતકુમાર વેદ (ઉં. વ. ૯૦) ધ્રોલ નિવાસી હાલ મુંબઇ સ્વ. કસ્તુરબેન મોહનલાલ વેદના પુત્ર. તે સ્વ. રસીલાબેનના પતિ. સ્વ. શાંતિલાલ, સ્વ. કાંતાબેન, સ્વ. વિજયકુમાર, સ્વ. રજનીકાંત, સ્વ. વિનોદચંદ્ર તથા તારાબેનના ભાઇ. તે હિમાંશુ તથા સુમતિના પિતાશ્રી. અ. સૌ. તેજલ અને કૌશિકના સસરા. સ્વ. જમનાદાસ આશર (મુટતાવાલા)ના જમાઇ. હેનિલ, નીશી અને આરવના નાના. શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

હેમંતકુમાર મોઘાભાઇ દેસાઇ (ઉં. વ. ૮૪) તે જયોતિના પતિ. સૌ. મીના પ્રણવ દેસાઇના પિતા. પરિમલ, નિખિલ અને કંદર્પના ભાઇ. સૌ. રેખા, આરતી અને ચંદ્રાના જેઠ. ડો. ભારતી દેસાઇના ભત્રીજા. ચિ. દિવ્યાના, દિયાંશાના નાના તા. ૨૨-૮-૨૫ શુક્રવારના દેવલોક પામ્યા છે. સ્મૃતિસભા તા. ૨૪-૮-૨૫ રવિવારના સાંજે ૪થી ૬. હુ આર વી હોલ, ૧લે માળે, નેહરુ સેન્ટર, વરલી, મુંબઇ-૪૦૦૦૧૮. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



# દિલ કી બાત

## મીઠી પણ જીવલેણ બીમારી

# ડાયાબિટીસ તમારા હૃદયને કેવી રીતે અસર કરે છે

જ્યારે મોટાભાગની વ્યક્તિઓ ''ડાયાબિટીસ'' શબ્દ સાંભળે છે ત્યારે તેને એક ''શુગર પ્રોબ્લેમ'' તરીકે વિચારે છે- એવી પરિસ્થિતિ જેમાં લોહીમાં શુગરનું સ્તર ઘણું ઊંચું થઈ જાય છે, પણ બહુ ઓછાને ખ્યાલ આવે છે કે ડાયાબિટીસનું સૌથી વધુ જોખમી પરિણામ શુગર. પોતે ન હોય પણ છૂપી રીતે હૃદયને જે અસર કરે છે તે હોઈ શકે.

મુંબઈમાં, ભારતના પ્રખ્યાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ્સમાંના એક, ડૉ. તનય પાડગાંવકરે, ડાયાબિટીશ અને હૃદયરોગ વચ્ચેની છૂપી કડી અંગે જાગૃતિ વધારવાને પોતાનું મિશન બનાવ્યું છે. તેઓ ડાયાબીટીસમાં જટિલ હાર્ટ-બ્લોકેજિસ અને ઊંચા જોખમવાળા દર્દીઓ જેઓને અન્યથા બાય-પાસ સર્જરીની જરૂર પડે તેમની સારવારમાં નિષ્ણાત છે. બ્રીચકેન્ડી, સૈફી અને ભાટિયા જેવી ટોચની હૉસ્પિટલો સાથે જોડાયેલા ડૉ. પાડગાંવકરે, ૧૦,૦૦૦થી વધુ કોરોનરી પ્રક્રિયાઓ કરી છે, જેમાંથી ઘણી તો હૃદયની તકલીફની ચેતવણીની ઓછી અથવા કોઈ જ નિશાની વગરના ડાયાબિટીસના દર્દીઓ પર કરી છે.

''હું આ રોજ જોઉં છું- ડાયાબિટીસના દર્દીઓ જે દેખાય છે અને અનુભવે છે સારું, પણ જોખમકારક રીતે બ્લોક થયેલી ધમનીઓ, પોતાની જાણ વગર ધરાવતા હોય છે, ડૉ. પાડગાંવકર કહે છે.

### ડાયાબિટીસઃ ફક્ત શુગર કરતાં વધુ

ડાયાબિટીસ આખા શરીરની લોહીની વાહિનીઓ અને જ્ઞાનતંતુઓને નુકસાન કરે છે. સમય જતાં, આ નુકસાન ધમનીઓને સાંકડી કરે છે, બ્લડપ્રેશર વધારે છે અને ક્લોટ્સના જોખમને વધારે છે- આ બધું હાર્ટએટેક અને સ્ટ્રોકની શક્યતાઓને ઘણી વધારી દે છે.

હકીકતમાં તો, ડૉ. પાડગાંવકર કહે છે, ''ડાયાબિટીશ તમારા હાર્ટએટેકના જોખમને બમણું કે ત્રણ ગણું વધારી દે છે. વધુમાં ચેતવા જેવું એ છે કે હૃદયની આ સમસ્યાઓ, બહુ મોડું ન થઈ જાય ત્યાં સુધી, ઘણે ભાગે છૂપી રહેતી હોય છે.''

ડાયાબિટીસ કિડની- ફેઈલ્યોર માટે જવાબદાર બની શકે, ખાસ કરીને એને જ્યારે અનિયંત્રિત છોડી દેવામાં આવે- અંગોના નુકસાનનું જીવલેણ ચક્ર ઊભું કરી શકે.

### જીવ-બચાવતો એક કેસઃ

તાજેતરમાં, એક બાવન વર્ષના ડાયાબિટીક બિઝનેસમેન, શ્રી નીરવ છેડા, જેઓ ફક્ત થાક અને શ્વાસની તકલીફ સાથે આવ્યા, તેમનો કેસ અલગ તરી આવે છે. છાતીમાં દુઃખાવો ન હતો, ફક્ત કશુંક બરાબર નથી એવી લાગણી. 2D Echoથી જાહેર થયું કે એમને છૂપો હાર્ટએટેક પહેલાં જ આવી ચૂક્યો છે અને એમના હૃદયનું ઈજેક્શન ફ્રેક્શન ૪૫% સુધી ઘટી ગયું છે- સામાન્યથી ઘણું નીચે તાત્કાલિક કરેલા ઍંજિયોગ્રામે બે મુખ્ય ધમનીઓમાં ૯૯% બ્લોકેજીસ બતાવ્યા. તે જ દિવસે, ડૉ. પાડગાંવકરે દર્દીના જમણા હાથની રેડિયલ આર્ટરી મારફતે ઍંજિયોપ્લાસ્ટી કરી. સફળ સારવાર બાદ દર્દીનું હૃદય પાછું સામાન્ય કામ કરતું થયું- અને હવે તેઓ સ્વસ્થ, સક્રિય જીવન જીવી રહ્યા છે.

''જો તેમણે ચિહ્નોને અવગણ્યા હોત, કે થોડા વધુ દિવસ રોકાયા હોત, તો પરિણામ જુદું જ આવ્યું હોત.''



### શા માટે ભારતીયો ઊંચા જોખમ પર છે

સંશોધન બતાવે છે કે ભારતીયોને ડાયાબિટીસ અને હૃદયરોગ બંનેની વધુ શક્યતાઓ હોય છે. સામાન્ય વજનવાળી યુવાન વ્યક્તિઓમાં પણ ટાઈપ-૨ ડાયાબિટીશના મુખ્ય કારણરૂપ ઈન્સ્યુલીન પ્રતિકાર વિકસી શકે છે. ડૉ. પાડગાંવકરના અનુસાર, ભારતીય જીવનશૈલી સમસ્યામાં વધારો કરે છે.




''આનો અર્થ એ થયો કે આપણને ૪૦ના દાયકાની શરૂઆતની વયવાળી વ્યક્તિઓ મેજર બ્લોકેજિસ સાથે જોવા મળે છે. ઘણાને ક્યારેય ચિહ્નો ન હતાં કે હતાં તો એમણે અવગણ્યાં હતાં'', તેઓ ઉમેરે છે.

### છૂપું જોખમઃ

ડાયાબિટીસના સૌથી જોખમી પાસાંઓમાંનું એક છે કે તે હાર્ટ ઍટેકના ચિહ્નોને ઢાંકી શકે છે. દુઃખાવાના સંકેતો વહન કરતા જ્ઞાનતંતુઓને હાઈ બ્લડપ્રેશર નુકસાન કરે છે, તેથી ઘણાં ડાયાબિટીક દર્દીઓને છાતીનો દુઃખાવો અનુભવાતો નથી- મોટી કાર્ડીએક ઘટના દરમ્યાન પણ.

''થકાન, શ્વાસમાં તકલીફ, પરસેવો કે લોકો જેને 'ગૅસ' કહે છે તે, એ બધા ચેતવણીના સંકેતો છે. જો તમે ડાયાબિટીક હોવ તો, આમાંથી કોઈને પણ ગંભીરતાથી લો,'' ડૉ. પાડગાંવકર ચેતવે છે.

### ડાયાબિટીક્સ માટે જીવન બચાવતાં છ પગલાંઃ

ડૉ. પાડગાંવકર ડાયાબિટીસ સાથે જીવી રહેલાઓને સ્પષ્ટ, વ્યવહારુ સલાહ ઓફર કરે છે.

૧ **તમારે શુગરને નિયંત્રણમાં રાખોઃ** H-b A1cને ૭%થી નીચે રાખો, તમારા શુગરને નિયમિત તપાસો, અને મીઠાઈ, મીઠા-પીણાં તથા રિફાઈન્ડ કાર્બસને ટાળો.

૨ **બ્લડપ્રેશર અને કોલેસ્ટ્રોલનું ધ્યાન રાખોઃ** ડાયાબિટીસના આ મુખ્ય જોખમ ગુણકો છે. ચિકિત્સાની જરૂર પડી શકે અને મોડું ન કરવું જોઈએ.

૩ **રોજ ચાલોઃ** ફક્ત ૩૦ મિનિટનું ઝડપી ચાલવાનું પરિભ્રમણ સુધારી શકે છે અને શુગરને નિયંત્રણમાં રાખી શકે છે.

૪ **નિયમિત હાર્ટ સ્ક્રીનિંગ કરાવો** ECG, સ્ટ્રેસ ટેસ્ટ અને 2D Echo છુપાયેલા હૃદયરોગને શોધી શકે છે. ડાયાબિટીક્સને વાર્ષિક ચેક-અપની સલાહ આપવામાં આવે છે, ખાસ કરીને નિદાનના પાંચ વર્ષ પછી.

૫ **ધૂમ્રપાન અને દારૂને છોડોઃ** ડાયાબિટીસ અને તમાકુનું સંયોજન નાટકીય રીતે હૃદયનું જોખમ વધારે છે.

૬ **ચિહ્નોને અવગણો નહીંઃ** થોડો થાક કે શ્વાસની તકલીફ પણ ગંભીર તકલીફનો સંકેત આપી શકે છે. તાત્કાલિક મેડિકલ મૂલ્યાંકન જરૂરી છે.

### ડાયાબિટીસ નિયંત્રણ માટે ટિપ્સ

- શારીરિક રીતે સક્રિય રહો.
- તમારી જાતને હાઈડ્રેટેડ રાખો.
- દારૂ અને ધૂમ્રપાન ટાળો.
- પૂરતી ઊંઘ લો.
- તણાવને મેનેજ કરો.
- તંદુરસ્ત ખોરાકની પસંદગી કરો.




### હાઈ-ટેક હાઈ બેનિફિટ કેરઃ

કોરોનરી ઍંજિયોપ્લાસ્ટીમાં નિપુણતા સાથે, ડૉ. પાડગાંવકર બલુન ટેક્નિક અને સ્ટેન્ટના ઉપયોગથી બ્લોક્ડ ધમનીઓને ખોલવામાં વિશેષતા ધરાવે છે. આજે પ્રક્રિયાઓ વધુ સુરક્ષિત થઈ છે અને રિકવરીનો સમય ઝડપી થયો છે. તે ડ્રગ- એલ્યુટીંગ સ્ટેન્ટ્સ, ઈન્ટ્રાવેસ્ક્યુલર ઇમેજિંગ (ivus/oct) અને રેડિયલ (હેન્ડ) એક્સેસ જેવી નવીનતાને આભારી છે.

''ઘણા કેસમાં હવે દર્દીઓને એજ દિવસે ડિસ્ચાર્જ આપી શકીએ છીએ,'' તેઓ કહે છે, ''છતાં વહેલું નિદાન હજી પણ મહત્ત્વની ચાવી છે.''

### છેલ્લો સંદેશઃ સમય વીતી જાય તે પહેલાં આ કરોઃ

સંદેશો સ્પષ્ટ છે. તમે કે તમારા પ્રિયજનને જો ડાયાબિટીસ હોય તો ફક્ત તમને સારું અનુભવાય છે માટે બધું સારું છે એમ ધારી ન લો.

''હૃદયની તંદુરસ્તીની વાત આવે ત્યારે ડાયાબિટીસ સાયલન્ટ કીલર છે.'' ડૉ. પાડગાંવકર કહે છે, ''જો તમને ડાયાબિટીસ હોય, તો તમારું હૃદય પહેલેથી જ જોખમમાં છે- તમે પૂર્ણપણે સામાન્ય અનુભવતાં હોવ તો પણ.''

૪૦ વર્ષની વધુ ઉંમરના દરેકને - અથવા જેમનો ડાયાબિટીસનો અને હૃદયરોગનો કૌટુંબિક ઈતિહાસ છે- તેમને રૂટીન હાર્ટ સ્ક્રીનિંગને અગ્રીમતા આપવા અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા તેઓ વિનંતિ કરે છે.

**કારણ શુગર અને હાર્ટ વચ્ચેની લડાઈમાં જાગૃતિ અને કાર્યવાહી જિંદગીઓ બચાવે છે**

Know yr Dr.

નામઃ ડૉ. તનય પાડગાઁવકર
માનદ્ પદવીઃ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ M.D., D.M., FSCAI (USA), FESC (EUROPE)
એડ્રેસઃ ૧૨૦૭/૧૨૦૭એ, પંચરત્ન, ઓપેરા હાઉસની સામે, ગિરગાંવ, મુંબઈ ૪૦૦ ૦૦૪.
કોન્ટેક્ટ નંબરઃ 98208 22666
વેબસાઈટઃ www.drtanayp.com

# એનઆરઆઇ ઉદ્યોગપતિ લોર્ડ સ્વરાજ પોલનું ૯૪ વર્ષની વયે નિધન

નવી દિલ્હીઃ ભારતીય મૂળના બ્રિટિશ ઉદ્યોગપતિ લોર્ડ સ્વરાજ પોલનું ગુરુવારે સાંજે લંડનમાં નિધન થયું હતું. તેઓ ૯૪ વર્ષના હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોલના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમ જ તેમના પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

જલંધરની શેરીઓથી લઇને વાર્ષિક 'સન્ડે ટાઇમ્સ રિચ લિસ્ટ'માં નિયમિત નામ સુધીની સફર ખેડનાર લોર્ડ સ્વરાજ પોલ સૌથી પ્રખ્યાત એનઆરઆઇ ઉદ્યોગસાહસિકો અને દાનેશ્વરીઓ પૈકીના એક હતા. બાલટી અને અન્ય કૃષિ સાધનો સહિત સ્ટીલનો સામાન બનાવતી નાની ફાઉન્ડ્રી ચલાવતા પ્યારેલાલના ઘરે જન્મેલા લોર્ડ પોલ તેમના જીવનના પ્રારંભના દિવસોમાં જ આ વ્યવસાયથી પરિચિત થયા હતા. લોર્ડ સ્વરાજ પોલે બ્રિટેનમાં કેપારો ગ્રૂપની સ્થાપના કરી હતી. આ વૈવિધ્યસભર વ્યવસાયિક સંસ્થા છે જે મુખ્યત્વે મૂલ્યવર્ધિત સ્ટીલ અને વિશિષ્ટ એન્જિનયરિંગ ઉત્પાદનોની ડિઝાઇન, ઉત્પાદન, માર્કેટિંગ અને વિતરણમાં રસ ધરાવે છે. ૧૮ ફેબ્રુઆરી, ૧૯૩૧ના રોજ જન્મેલા સ્વરાજ પોલે પોતાનું હાઇસ્કૂલ શિક્ષણ જલંધરમાં મેળવ્યું હતું અને ૧૯૪૯માં પંજાબ યુનિવર્સિટીમાંથી વિજ્ઞાનમાં સ્નાતકની ઉપાધિ મેળવી હતી. ત્યારબાદ તેઓ મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી(એમઆઇટી)માંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક અને માસ્ટર ડિગ્રી મેળવવા માટે અમેરિકા ચાલ્યા ગયા હતા.

પોલના નિધન પર શોક વ્યક્ત કરતાં વડા પ્રધાન મોદીએ જણાવ્યું કે સ્વરાજ પોલના નિધનથી મને ખૂબ જ દુઃખ થયું છે. બ્રિટનમાં ઉદ્યોગ, પરોપકાર અને જાહેર સેવામાં તેમનું યોગદાન અને ભારત સાથેના ગાઢ સંબંધો માટે તેમનું અતૂટ સમર્થન હંમેશાં યાદ રહેશે. મોદીએ તેમના પરિવાર અને ચાહકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.■

# મોદીએ બિહારને આપી મોટી ભેટ, રૂ.૧૩,૦૦૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ

ગયાજી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે બિહારના ગયાજી પહોંચ્યા જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગયાજીમાં ૬,૮૮૦ કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. તેમણે બિહારમાં ૧૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક અન્ય વિકાસ પ્રોજેક્ટ્સનો પણ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમાર અને બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી પણ હાજર રહ્યા હતા.

નોંધનીય છે કે આમાં ૬૬૦ મેગાવૉટનો બકસર થર્મલ પાવર પ્રોજેક્ટ પણ સામેલ છે, જે પ્રદેશના વીજ પુરવઠાને મજબૂત બનાવશે. વડા પ્રધાને આ પ્રસંગે બે ટ્રેનને પણ લીલી ઝંડી આપી હતી, જેમાં પહેલી અમૃત ભારત એક્સપ્રેસ જે ગયાજી અને દિલ્હી વચ્ચે દોડશે અને બીજી બૌદ્ધ સર્કિટ ટ્રેન, જે વૈશાલી અને કોડરમા વચ્ચે બૌદ્ધ સ્થળોથી સંબંધિત પર્યટનને પ્રોત્સાહન આપશે.

વડા પ્રધાન મોદીએ મુઝફ્ફરપુરમાં હોમી ભાભા કૅન્સર હૉસ્પિટલ અને સંશોધન કેન્દ્રનું પણ ઉદ્‌ઘાટન કર્યું. આ અત્યાધુનિક કેન્દ્રમાં ઓન્કોલોજી ઓપીડી, આઈપીડી, ઓપરેશન થિયેટર, બ્લડ બેન્ક અને ૨૪ બેડવાળા આઈસીયુ જેવી સુવિધાઓ છે. આ સાથે બિહાર અને નજીકના રાજ્યોના કૅન્સરના દર્દીઓને હવે સારવાર માટે મહાનગરોમાં જવું પડશે નહીં.

વડા પ્રધાને મુંગેરમાં નમામિ ગંગે પ્રોજેક્ટ હેઠળ ૫૨૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા એસટીપી અને ગટર નેટવર્કનું ઉદ્‌ઘાટન કર્યું હતું, જે ગંગામાં પ્રદૂષણ નિયંત્રણ અને વિસ્તારમાં સ્વચ્છતાને પ્રોત્સાહન આપશે.

આ ઉપરાંત, લગભગ ૧,૨૬૦ કરોડ રૂપિયાના શહેરી માળખાગત પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો, જેમાં ઔરંગાબાદ, જહાનાબાદ, લખીસરાય અને જમુઈમાં ગટર, એસટીપી અને પાણી પુરવઠાના કાર્યોનો સમાવેશ થાય છે. પીએમ મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ૧૨,૦૦૦ લાભાર્થીઓને અને શહેરી યોજના હેઠળ ૪,૨૬૦ લાભાર્થીઓને 'ગૃહ પ્રવેશ' હેઠળ ચાવીઓ સોંપી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારમાં ગંગા નદી પર ૧.૮૬ કિલોમીટર લાંબા ઔટા-સિમરિયા પુલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પુલ નેશનલ હાઈવે ૩૧ ઉપર ૧૮૭૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યો છે અને તે પટના જિલ્લામાં મોકામા અને બેગુસરાય વચ્ચે સીધું જોડાણ કરશે. ■

# જાણીતા પંજાબી અભિનેતા જસવિંદર ભલ્લાનું નિધન

ચંદીગઢઃ પ્રખ્યાત પંજાબી અભિનેતા જસવિંદર ભલ્લાનું શુક્રવારે સવારે મોહાલીની એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું હતું. તેમને બ્રેન હેમરેજ થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ ૬૫ વર્ષના હતા. પ્રાપ્ત વિગતો અનુસાર ભલ્લાએ ફોર્ટિસ હોસ્પિટલમાં સવારે ૪-૩૫ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના મિત્ર બાલ મુકુંદ શર્માએ જણાવ્યું કે ભલ્લાને બે દિવસ પહેલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ છેલ્લા કેટલાક સમયથી બીમાર હોવાનું શર્માએ જણાવ્યું હતું.

ફોર્ટિસ હોસ્પિટલે જણાવ્યું કે ભલ્લાને ૨૦ ઓગસ્ટના રોજ ગંભીર બ્રેન હેમરેજ બાદ હોસ્પિટલના ઇમર્જન્સી રૂમમાં લાવવામાં આવ્યા હતા. નિવેદનમાં જણાવાયું છે કે હોસ્પિટલમાં દાખલ થવા સમયે તેમની હાલત ગંભીર હતી. ન્યુરોસર્જરી ટીમ તેમની દેખરેખ કરી રહી હતી. તેમને બે દિવસથી વેન્ટિલેટર અને કાર્ડિયો સપોર્ટિવ દવાઓ પર રાખવામાં આવ્યા હતા. શ્રેષ્ઠ તબીબી સંભાળ અને તમામ પુનર્જીવનના પ્રયાસો છતાં બીમારીની ગંભીરતાને કારણે આજે(શુક્રવાર) સવારે ૪-૩૫ વાગ્યે તેમનું અવસાન થયું હતું.■

**THE NEW PIECE GOODS BAZAAR CO. LTD.**
(Sheth Mooljee Jaitha Cloth Market)
Regd. Office: 51/53, L.K. Chawl, Ground Floor, Room No. 1, 2 & 3,1st Ganeshwadi, Near M. J. Market, Mumbai – 400 002. Email: mjmarket09@yahoo.com
Website: www.thenewpiecegoodsbazar.com Tel No.: 022 49718824 / 49713793
CIN: U70101MH1871PLC000004

**NOTICE**

NOTICE is hereby given that 154th Annual General Meeting of the Shareholders of the Company will be held on Saturday, 20th September, 2025 at 12:00 noon at Banquet Hall No. 1 & 2, 2nd Floor, Garware Club House, Wankhede Stadium, 'D' Road, Churchgate, Mumbai – 400020 to transact the Ordinary and Special Businesses as per the Notice of the 154th Annual General Meeting of the Company along with Explanatory Statement pursuant to Section 102 of the Companies Act, 2013, and the Annual Report separately will be sent by Email to all the Shareholders of the Company.
Notice is further given under Section 91 of the Companies Act, 2013, that the Register of Members and Transfer Book in respect of Equity Shares of the Company shall remain closed from 6th September, 2025 to 20th September, 2025 (both days inclusive).
The Annual Report for the financial year 2024-25 alongwith Notice of AGM will be sent only by Email to all those Shareholders whose email addresses are registered with Company as on record date September 5, 2025.
By Order of the Board of Directors
**FOR THE NEW PIECE GOODS BAZAAR CO. LTD.**
Deven M. Shah, Director – Office in Charge, DIN: 02122079
Rameshkumar H. Jain, Director – Office in Charge, DIN: 01897842
Praveenkumar C. Jain, Director – Office in Charge, DIN: 09783170
Place: Mumbai Dated: 23rd August, 2025

## ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન



**સ્વ. સૌ. સ્નેહલતા વેણીલાલ ડેલીવાળા**
(અરિહંત શરણ: 19.8.25)

આપના ઉચ્ચ સંસ્કારો, પ્રેરક આદર્શો, સંયુક્ત કુટુંબ ભાવનાઓ, અઢળક પરિશ્રમ દ્વારા અમને જે પ્રગતિ અને રિદ્ધિ સિદ્ધિ સાંપડી છે તે આપે આપેલા અને જીવનભર ચલાવેલાં શ્રમયશની જ ફળસિદ્ધિ છે. એ બદલ અમે સદાય તમારા અતિશય ઋણી રહીશું.

શોકાતુર પરિવાર
શ્રી વેણીભાઈ ભાઈચંદભાઈ ડેલીવાળા
પુત્ર: હેમેન્દ્રભાઈ, સ્વ: રાજીવભાઈ પુત્રવધુ: નીપાબેન, નીનાબેન
પુત્રી: સ્મિતાબેન હિમાંશુભાઈ શાહ
પૌત્ર: મૌલિક, જૈમિક, રાહુલ પૌત્રવધુ: સલોની, ધ્વની, નિધી
પૌત્રી: પૂજાબેન કુનાલભાઈ અગ્રવાલ
દોહિત્ર: રોહન દોહિત્રિ: સલોની ગૌરવ છેડા
પ્રપૌત્ર: દિવ્યાંશ, યુગવીર પ્રદોહિત્ર: હયાન પ્રદોહિત્રિ: શનાયા

પર્યુષણ નિમિત્તે પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે. ડેલીવાળા પરિવારના જય જિનેન્દ્ર.


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**



**સ્વ. નલિનીબેન હિંમતલાલ શેઠ**
સ્વ. તા. ૨૩-૮-૨૦૨૪


સમય જીંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી, આપ નથી હયાત છતાં તમારી હાજરીનો સતત આભાસ થતો રહે છે. આપની નિખાલસતા, મિલનસાર સ્વભાવ, હસતો ચહેરો, તપસ્યાનો અભિગમ, ધર્મપરાયણતા, પ્રેમાળ વ્યક્તિત્વ સદા યાદ રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

હિંમતલાલ શાંતિલાલ શેઠ (પતિ)
ભાવીન (પુત્ર) રાધિકા (પુત્રવધુ) રાયશા (પૌત્રી)
કેતના (પુત્રી) બિપીનભાઈ (જમાઈ)
કિના પાર્થિલ શાહ (દોહિત્રી)
રીના (પુત્રી) પ્રેમલભાઈ (જમાઈ)
મનન, કુશલ (દોહિત્રો)



**Shri Bakulesh Girdharlal Patel**
Left for his heavenly abode on **21st August 2025**.
Prayer Meeting will be held on **Sunday, 24th August from 4:00 pm to 6:00 pm** at Vanita Vishram, 392 SVP Marg, Prarthana Samaj, Mumbai - 4.
***Fond Remembrance:***
Gita, Devang-Deepti-Agastya Kajal-Bhavesh-Jiya

*5th Death Anniversary*
IN LOVING
**Memory**



**Shree. Jitendra Parekh**
26th Nov 1952 – 23rd Aug 2020

"To live in the hearts of those we love is never to die."
You have touched countless lives in your lifetime, and even after your death, you live through your good deeds.

Fondly Remembered by:
The entire Parekh Family, Management & Staff.
GANDHAR GROUP OF COMPANIES

**અમારા પ્રિય માતુશ્રી, લક્ષ્મીબેન મથુરાદાસ મજીઠીયા ૯૪ વર્ષની ઉંમરે, અમારી સાથેનો પોતાનો સુંદર જીવનપ્રવાસ પૂર્ણ કરી હવે શાશ્વત શાંતી અને આનંદમા વિશ્રામ લઇ રહ્યા છે.**



**લક્ષ્મીબેન મથુરાદાસ મજીઠીયા**
(૧૯-૩-૧૯૩૧ થી ૨૨-૮-૨૦૨૫)
**સ્નેહભરી યાદમાં**
સ્વ. શ્રી મથુરાદાસ નારાયણદાસ મજીઠીયા ના પત્ની
સુકેતુ મજીઠીયા, જ્યોત્સના ગોકાણી પૂનમ ગાંધી, કીષ્ના મહેતા, સુનયના વોરા ના માતા
હીના મજીઠીયા, ગોપાલ ગોકાણી, કિશોર ગાંધી, નિલેશ મહેતા, રાજેશ વોરા ના સાસુ
અમન, અંજલી, અર્ષ અને આર્યન ના દાદી
રાજીવ, અમીત, વિશાલ, બિનોય સાહિલ, નતાશા, રુષભ, રાહુલ, જાન્વી ના નાની
અમે તેમની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ
શોકસંદેશ માટે સંપર્ક કરો
laxmiben.condolence@gmail.com

# રાજ્યમાં ૨૨૮ રોડ રસ્તા બંધ, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં સિઝનનો ૮૦ ટકાથી વધુ વરસાદ

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ૨૮ ઓગસ્ટ સુધી અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર, ઉત્તર-દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી હતી. આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે વરસાદ ખાબકી શકે છે.મોન્સૂન ટ્રફ અને અપર એર સાયકલોનિક સર્ક્યુલેશન સક્રિય થતા વરસાદની આગાહી કરવામાં આવી હતી. રાજ્યમાં ૪૦થી ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા ૨૬ ઓગસ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી.

રાજ્યમાં સિઝનનો સરેરાશ ૭૭.૨૪ ટકા વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૮૦.૫૧ ટકા, કચ્છમાં ૮૦.૨૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૭.૩૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૫.૮૭ ટકા અને પૂર્વ મધ્યમાં ૭૩.૪૦ ટકા વરસાદ વરસ્યો છે. સરદાર સરોવર ડેમ તેની સંગ્રહ ક્ષમતાનો ૮૧.૩૦ ટકા ભરાયેલો છે. રાજ્યનાં ૨૦૬ જળાશયો તેની સંગ્રહ ક્ષમતાના ૭૫.૯૬ ટકા ભરાયેલાં છે. રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૯૩ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ખેડાના નડિયાદમાં સૌથી વધુ ૧.૫૭ ઇંચ વરસાદ પડ્યો હતો. બાલાસિનોરમાં ૧.૪૨ ઇંચ, કપરાડામાં ૧.૪૨ ઇંચ, આણંદમાં ૧.૩૪ ઇંચ, વડોદરામાં ૧.૧૮ ઇંચ, મુંદ્રામાં ૧.૧૮ ઇંચ, નેત્રંગમાં ૧.૧૦ ઇંચ, ધનસુરામાં ૧.૦૬ ઇંચ અને ઠાસરામાં ૧.૦૨ ઇંચ વરસાદ વરસ્યો હતો. ૧૮૪ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં ૫૧ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે અને ૭૬ ડેમ હાઇ એલર્ટ પર છે. ૨૦ ડેમમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ છે. ૬૭ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૩૭ ડેમ ૫૦ થી ૭૦ ટકા અને ૨૫ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. રાજ્યમાં વરસાદના કારણે ૨૧૧ પંચાયત હસ્તકના, ૧૦ અન્ય માર્ગો, ૫ સ્ટેટ હાઈવે અને ૨ નેશનલ હાઇવે મળી ૨૨૮ રોડ રસ્તા બંધ છે. જીએસઆરટીસીના જૂનાગઢમાં ૮ તથા પોરબંદરમાં ૪ રૂટ બંધ છે.

# નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ બાદ પ્રધાનમંડળ વિસ્તરણની અટકળો બની તેજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ૨૫ અને ૨૬ ઓગસ્ટના બે દિવસીય પ્રવાસ દરમિયાન તેઓ અમદાવાદના નિકોલમાં જનસભાને સંબોધશે. પ્રવાસ બાદ રાજ્યના પ્રધાનમંડળનું વિસ્તરણ થશે તેવી અટકળો હાલ થઈ રહી છે. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૨ની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવી હતી અને ૧૨ ડિસેમ્બરના રોજ બીજી વખત શપથ લીધા હતા. તે સમયે તેમની ટીમમાં ત્રણ પાટીદાર અને છ નવા ચહેરાને સ્થાન મળ્યું હતું. ત્યારથી ગુજરાતના પ્રધાનમંડળમાં કોઈ બદલાવ થયો નથી. વર્તમાન પ્રધાન મંડળમાં ત્રણ પાટીદાર, સાત ઓબીસી, બે અનુસૂચિત જાતિ અને એક-એક પ્રધાન બ્રાહ્મણ, જૈન, રાજપૂત સમુદાયના છે. ભૂપેન્દ્ર પટેલના પ્રધાન મંડળમાં કુલ ૧૬ પ્રધાન છે, જેમાંથી આઠ કેબિનેટ, બે સ્વતંત્ર હવાલો અને છ રાજ્ય પ્રધાન છે. રાજકીય નિષ્ણાતોના કહેવા પ્રમાણે, ગોવા અને ઉત્તર પ્રદેશમાં પ્રધાન મંડળના વિસ્તરણને લીલી ઝંડી આપવામાં આવ્યાની ચર્ચા છે. બે રાજ્યો બાદ પીએમ મોદીના ગૃહ રાજ્ય ગુજરાતમાં પણ વિસ્તરણની ચર્ચા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખી પ્રધાનમંડળનું વિસ્તરણ કરવામાં આવી શકે છે. આ ઉપરાંત નિકોલમાં સભા કરવાનું કારણ પાટીદાર વોટ બેંક જાળવી રાખવાનું ગણિત પણ હોઇ શકે છે. ભાજપે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ૧૮૨માંથી ૧૫૬ સીટ જીતી હતી. પરંતુ હવે આ સંખ્યા ૧૬૨ પર પહોંચી ગઈ છે. ભાજપના ધારાસભ્યોની સંખ્યામાં પાંચનો વધારો થયો છે. આ પાંચ નેતા કોંગ્રેસમાંથી આવ્યા છે અને ભાજપમાંથી જીતીને ફરી ધારાસભ્ય બન્યા છે. તેમાંથી બે ધારાસભ્યને પ્રધાન બનાવી શકાય છે. એટલું જ નહીં અપક્ષ ધારાસભ્ય ધર્મેન્દ્ર સિંહ વાઘેલા પણ હાલ ભાજપમાં છે, હાલ વડોદરામાંથી કોઈ પ્રધાન નથી તેથી તેમનો પ્રધાનમંડળમાં સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા છે. રાજકીય નિષ્ણાતોના કહેવા પ્રમાણે, નબળું પ્રદર્શન કરનારા અને ભ્રષ્ટાચારનો આક્ષેપ લાગ્યા છે તેવા કેટલાક વિવાદાસ્પદ પ્રધાનોને પડતાં મૂકવામાં આવી શકે છે. ગુજરાતમાં વિપક્ષ પાસે કુલ ૧૮ ધારાસભ્ય છે.

ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર ૮ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ સ્થિતિમાં રાજ્યમાં પ્રધાન મંડળનું વિસ્તરણ થવાની શક્યતા છે. ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં મુખ્ય પ્રધાનપદની જવાબદારી ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સંભાળી હતી. આગામી મહિને તેમના કાર્યકાળને ચાર વર્ષ પણ થશે. આ સ્થિતિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસ પૂરો કરીને જાય તે પછીના થોડા જ દિવસોમાં રાજ્યમાં પ્રધાનમંડળનું વિસ્તરણ થાય તેવી સંભાવના રાજકીય નિષ્ણાતોએ વ્યક્ત કરી હતી.

# અનિરુદ્ધસિંહ જાડેજાની સજા માફી રદઃ ચાર સપ્તાહમાં સરન્ડર થવા હાઇ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇકોર્ટે અનિરુદ્ધસિંહ જાડેજાને મોટો ઝટકો આપ્યો હતો. અનિરુદ્ધ સિંહ જાડેજા ઉર્ફે અનિરુદ્ધસિંહ રીબડાને સજા માફી અંગેના સરકારના નિર્ણયને ગુજરાત હાઇકોર્ટે રદ કર્યો હતો. ગુજરાત હાઇકોર્ટે અનિરુદ્ધસિંહને ચાર અઠવાડિયામાં સરેન્ડર કરવાનો હુકમ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પોપટભાઇ સોરઠિયાની વર્ષ ૧૯૮૮મા ધ્વજવંદન કાર્યક્રમમાં પિસ્તોલથી ગોળીઓ મારીને જાહેરમાં જ હત્યા કરવામાં આવી હતી. જેમાં ટાડા એક્ટ (ત્રાસવાદ વિરોધી ધારો) હેઠળ સજા પામેલા અનિરુદ્ધસિંહ જાડેજા ઉર્ફે અનિરુદ્ધસિંહ રીબડાને ૨૦૧૮માં સજા માફી આપવાના સરકારના નિર્ણયને પડકારતી રિટ અરજી કરવામાં આવી હતી. અગાઉની સુનાવણી દરમિયાન કોર્ટે ગુજરાત સરકારની અત્યંત આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. એટલું જ નહિ અનિરુદ્ધસિંહને રેમીસનનો લાભ આપીને વહેલા જેલમાંથી મુક્ત કરવા બાબતે અણિયાળા સવાલો કરતા રાજ્ય સરકારના વકીલ બચાવની સ્થિતિમાં આવી ગયા હતા.

તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ કોર્ટે ચાર સપ્તાહનો સમય આપતા હવે અનિરુદ્ધસિંહની મુશ્કેલીઓ વધી છે. તેમને જેલ ભેગા થવું પડશે.

ગુજરાત હાઇ કોર્ટના જસ્ટિસ એચ. ડી. સુથારે દ્વારા શુક્રવારે સવારે જાહેર કરાયેલા આદેશમાં જણાવવામાં આવ્યું હતું કે, પૂર્વ જેલ એડીજીપી ટી.એસ. બીષ્ટ દ્વારા સજા માફીનો કરવામાં આવેલો નિર્ણય ગેરકાયદે અને સત્તા બહારનો હોવાથી તેને રદ્દ કરવામાં આવે છે. અનિરુદ્ધસિંહ જાડેજાએ પોતાની ધરપકડ ન થાય તે માટે કોર્ટમાં અરજી કરી હતી. જોકે, આ અરજીના નિર્ણયમાં ગુજરાત હાઇ કોર્ટે કડક વલણ અપનાવીને અરજી રદ કરી હતી. આ સાથે જ આદેશ કર્યો હતો કે, ચાર અઠવાડિયામાં અનિરુદ્ધસિંહ જાડેજાને સરેન્ડર કરવાનું રહેશે. આ સાથે જ દરરોજ નજીકના પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવાની રહેશે.

ગત સુનાવણીમાં હાઇ કોર્ટે જેલ વિભાગના અધિકારીને સજા માફીના લાભની નીતિ અંગે સવાલો કર્યા હતા. પરંતુ તેઓ તેનો સંતોષજનક જવાબ આપી શક્યા ન હતા. સરકારપક્ષ તરફથી પણ સંતોષજનક ખુલાસો મળી શક્યો ન હતો. સ્વ.પોપટભાઇ સોરઠિયાના પૌત્ર હરેશ સોરઠિયા દ્વારા આરોપી અનિરુદ્ધસિંહ જાડેજાને જેલમાંથી સજા પહેલાં વહેલા મુક્ત કરી દેવાના સરકારના વિવાદીત નિર્ણયને પડકાર્યો હતો. તેમણે અરજીમાં જણાવ્યું હતુ કે, ગત ૨૯ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ તત્કાલીન જેલોના એડીજીપી ટી.એસ.બિષ્ટ દ્વારા જૂનાગઢ જેલ ઓથોરીટીને પત્ર લખાયો હતો અને તેના આધારે જાડેજાને સજા માફી આપી દેવાઇ હતી.

જેની પાછળ એવું કારણ અપાયું હતું કે, જાડેજાએ ૧૮ વર્ષનો જેલવાસ ભોગવ્યો છે. પરંતુ સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ, આજીવન કેદની સજા એટલે જીવે ત્યાં સુધી સજા ભોગવવાની હોય છે. સમગ્ર મામલામાં રાજ્ય સરકાર દ્વારા કાયદાકીય પ્રક્રિયા અનુસર્યા વિના ખોટી રીતે નિર્ણય લેવાયો છે, તેથી અનિરુદ્ધસિંહ જાડેજાની સજા માફી રદ કરી તેને બાકીની સજા ભોગવવા માટે જેલમાં પરત મોકલવા જોઇએ.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૮૮ની ૧૫મી ઓગસ્ટના રોજ ગોંડલમાં સંગ્રામસિંહજી હાઈસ્કૂલમાં ધ્વજવંદન કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા પોપટભાઈ સોરઠિયાની અનિરુદ્ધસિંહ જાડેજાએ પોઇન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારીને હત્યા કરી દીધી હતી.

રાજકીય દુશ્મનાવટમાં આ હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતુ. આ હત્યાથી સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચી ગયો હતો. લાંબી કાનૂની લડાઈ બાદ કોર્ટે અનિરુદ્ધસિંહ જાડેજાને વર્ષ ૧૯૯૭માં આજીવન કેદની સજા ફટકારી હતી. અનિરુદ્ધસિંહ જાડેજાના પિતા મહિપતસિંહ જાડેજા પણ ધારાસભ્ય રહી ચૂક્યા છે.

# સુરતમાં ગણપતિ બાપાના આગમનના બેનર ફાડવામાં આવતા સ્થાનિકોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં ગણેશ મહોત્સવ પહેલા કેટલાક અસામાજિક તત્ત્વોએ વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. શહેરના વેસુ વિસ્તારમાં કેટલાક ઇસમોએ ગણપતિ બાપાના આગમનના બેનર ફાડી નાખ્યા હતા. જેને લઈ લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે ડોક્ટર હેડગેવાર નગરમાં ગણપતિ બાપાના આગમનના વધામણાં માટે લગાવવામાં આવેલા બેનરોને અજાણ્યા ઇસમોએ ફાડી નાખ્યા હતા.

ગણપતિ બાપાના બેનરો ફાડીને અસામાજિક તત્ત્વો દ્વારા ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ થતાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. એક દિવસ પહેલા જ ૧૫ ગણેશ પ્રતિમાઓની આંગળીઓ તોડી નાખવાની ઘટના બાદ આ ઘટના બનતાં પોલીસ પણ દોડતી થઈ હતી. બેનરો ફાડનાર અસામાજિક તત્વો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. અસામાજિક તત્ત્વો બાબાસાહેબ આંબેડકર સહિતના અન્ય બેનરોને પણ ફાડતા નજરે પડ્યા હતા. ગણપતિ બાપાના બેનરો ઉપરાંત, ડો. બાબાસાહેબ આંબેડકર સહિત કેટલીક સ્થાનિક દુકાનોના બેનરોને પણ ફાડી નાખવામાં આવ્યા હતા. આ ઘટનાને કારણે ધાર્મિક લાગણી દુભાઈ હોવાથી લોકોમાં આક્રોશ છે. આ તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.

# વિદ્યાર્થીની હત્યા મામલે સેવન્થ ડે સ્કૂલના આચાર્ય સામે કાર્યવાહીઃ બે આરોપીને રિમાન્ડ હોમમાં ધકેલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીની હત્યાથી સમગ્ર શહેર ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. આ કેસમાં અત્યાર સુધીમાં બે સગીર આરોપીઓને ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જે બાદ તેઓને રિમાન્ડ હોમમાં મોકલી દેવામાં આવ્યા છે. આ ઘટના સંદર્ભે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૧૧ અને ૨૩૯ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ મામલે ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત પટેલે જણાવ્યું હતું કે, સેવન્થ ડે હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ના નયન સંતાણી નામના વિદ્યાર્થીની હત્યાના કેસની તપાસ સૌથી પહેલા ખોખરા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. કોણ-કોણ આ ઘટનામાં સંડવાયેલું છે? આ બનાવનો મૂળ ઉદ્દેશ્ય શું હતો? આ તમામ પાસાઓની ઝીણવટભરી તપાસ હાલ ચાલી રહી છે.

વધુ વિગત આપતા તેમણે જણાવ્યું હતું કે, મૃતકના પિતાની અરજી પર પ્રાથમિક તપાસ કરાયા બાદ શાળાના એડમિનિસ્ટ્રેશન અને પ્રિન્સિપાલ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. તો સગીરવયના બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા બાદ રિમાન્ડ હોમ (બાળ સુધારણા ગૃહ)માં મોકલી દેવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, હાલ તો શાળાના જવાબદાર વ્યક્તિ તરીકે શાળાના પ્રિન્સિપાલ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસ દરમિયાન જે બીજી વિગતો બહાર આવશે, તે મુજબ જે-તે જવાબદાર વ્યક્તિ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# કચ્છ અને દ્વારકાના દરિયાકાંઠેથી પંદર દિવસમાં દસ કન્ટેનર મળી આવ્યાઃ એજન્સીઓ એક્શનમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દ્વારકા અને કચ્છ જિલ્લાના દરિયાકાંઠા પર છેલ્લા ૧૫ દિવસથી કન્ટેનર ટેન્ક તણાઈ આવી રહ્યા છે. કચ્છ અને દ્વારકા પોલીસ બિનવારસી કન્ટેનર કબજે કરી તપાસ કરી રહી છે. પરંતુ, હજી સુધી આ મામલે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. દરિયામાં કોઈ શીપમાંથી આ કન્ટેનર પડી ગયા બાદ તણાઈને આવતા હોવાનું અનુમાન કરવામા આવી રહ્યું છે. જો કે હવે આ બિનવારસુ કન્ટેનર મામલે સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. કચ્છના અબડાસા તાલુકાના સૈયદ સુલેમાન પીર પાસેથી એક અને શિયાળ બારી વિસ્તારમાં થી બે કન્ટેનર જખૌ પોલીસને સાતમી ઓગસ્ટે બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા. જખૌ મરીને પોલીસ કન્ટેનરને કિનારા પર લાવી તપાસ હાથ ધરી હતી અને કસ્ટમની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. ત્યાર બાદ ૧૧મી ઓગસ્ટે અબડાસા તાલુકાના સુથરી પાસેના દરિયામાંથી એક કન્ટેનર મળ્યું હતું. ત્યારબાદ ૨૦મી ઓગસ્ટે પણ માંડવીના પાંચોટીયા, ભાડા અને કડુલી પાસેના દરિયાકાંઠેથી કૂલ ત્રણ કન્ટેનર તણાઈને આવ્યા હતા. આ જ પ્રકારે કચ્છ બાદ દ્વારકા જિલ્લાના દરિયાકાંઠેથી પણ બિનવારસી ટેન્કર તણાઈને આવી રહ્યા છે. દ્વારકામાં ૧૭મી ઓગસ્ટે વરવાળા પાસેથી, ૨૦મી ઓગસ્ટે મીઠાપુર પાસેથી અને ૨૨મી ઓગસ્ટે ધ્રેવાડ પાસેથી બિનવારસી કન્ટેનર મળી આવ્યું હતું.

# ગુજરાતમાં ૧૩૧૫ ટ્રાફિક-પોલીસની સીધી ભરતી કરાશેઃ હાઈ કોર્ટમાં સરકારે બાંયધરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ટ્રાફિક પોલીસની સીધી ભરતીનો માર્ગ મોકળો થયો છે. ગુજરાત હાઇ કોર્ટ દ્વારા અમદાવાદમાં રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા, અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિક નિયમોના પાલન અંગે ચીફ જસ્ટિસની બેંચ દ્વારા સુઓમોટો અરજી લેવામાં આવી હતી. જેની ઉપર શુક્રવારે સુનાવણી યોજાઇ હતી. જેમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા રાજ્યમાં ૧૩૧૫ ટ્રાફિક કર્મચારીની જરૂર હોવાનું જણાવ્યું હતું. આગામી સમયમાં આ જગ્યાઓ ઉપર સીધી ભરતી કરાશે. જેની જાહેરાત બહાર પાડવામાં આવશે. ૧૩૧૫ માંથી અમદાવાદમાં ૨૦૦ ટ્રાફિક કોન્સ્ટેબલ ફાળવવામાં આવશે. ૧૫ વર્ષ માટે પોલીસની જગ્યાઓને અંગે થર્ડ પાર્ટી એક્સપર્ટ સલાહ લેવાઈ રહી છે. વર્તમાનમાં ૧૧ હજાર જગ્યાઓ પોલીસમાં ભરાઈ રહી છે. જો કે કોર્ટે કહ્યું હતું કે વર્તમાન સમયમાં રાજ્યમાં વસ્તીના હિસાબમાં પોલીસની જરૂરિયાત અંગે સ્પષ્ટતા નથી. આ માટે એનાલીસીસ જરૂરી છે., ટ્રાફિક પોલીસની કેટલી જરૂર છે? ભવિષ્યમાં કેટલી જરૂર પડશે ? આ સાથે જ કોર્ટે આ મુદ્દે ગૃહ વિભાગના સેક્રેટરીને પ્રોગ્રેસ રીપોર્ટ રજૂ કરવા જણાવીને નવેમ્બર મહિનામાં સુનાવણી રાખી છે. અગાઉની સુનાવણીમાં કોર્ટને જણાવ્યું હતું કે, હતું કે ટ્રાફિક પોલીસની જગ્યા બિનહથિયારધારી પોલીસ કર્મચારીઓમાંથી કરવામાં આવે છે. સીધી ભરતી અંતર્ગત જ ટ્રાફિક પોલીસમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં આવશે.

# રાજ્યમાં ૨૦૫૫ નવીન ગ્રામ પંચાયત ઘરો માટે ₹ ૪૮૯.૯૫ કરોડની ગ્રાન્ટ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યના વિવિધ જિલ્લાના ગ્રામ પંચાયત ઘર કમ તલાટી-મંત્રી આવાસ યોજનામાં ૧૦૦ ટકા સેચ્યુરેશન લાવવાના હેતુથી મહત્વનો નિર્ણય કર્યો હતો. સરકારે રાજ્યમાં ૨૦૫૫ નવીન ગ્રામ પંચાયત ઘરો માટે ૪૮૯.૯૫ કરોડ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યુ હતું. ત્રિસ્તરિય પંચાયતી રાજ વ્યવસ્થાનો મહત્ત્વનો અને પાયાનો એકમ એવી ગ્રામ પંચાયતોને પોતિકા પંચાયત ઘર ઉપલબ્ધ થાય તેવો ઉદ્દેશ્ય મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ માતબર અનુદાન મંજૂર કર્યો હતો.

રાજ્યની જર્જરિત પંચાયત ઘર ધરાવતી અને પંચાયત ઘર ધરાવતી ન હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘર તેમજ તલાટી કમ મંત્રી આવાસ નિર્માણ માટે રાજ્ય સરકારના પંચાયત વિભાગ દ્વારા દર વર્ષે બજેટમાંથી નાણાં ફાળવવામાં આવે છે અને જરૂરિયાત મુજબ પંચાયત ઘરોનું નિર્માણ પણ થાય છે. તદઅનુસાર, ૧૦ હજારથી વધુ વસ્તીવાળા ગામોને રૂ.૪૦ લાખ, ૫ થી ૧૦ હજાર સુધીની વસ્તી ધરાવતા ગામોને રૂ.૩૪.૮૩ લાખ અને ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામોને ૨૫ લાખ રૂપિયાનું અનુદાન ગ્રામ પંચાયત ઘર-તલાટી કમ મંત્રી આવાસ બનાવવા માટે અપાય છે.

ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં પ્રથમવાર એકસાથે રાજ્યની ૨૦૫૫ ગ્રામ પંચાયતોમાં નવીન પંચાયત ઘર માટે જે તે ગામની વસ્તી આધારિત યુનિટ કોસ્ટ મુજબ સમગ્રતયા ૪૮૯.૯૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા તેના પરિણામે મોટા ભાગની ગ્રામ પંચાયતો આ વર્ષમાં જ પોતાના મકાનોનું નિર્માણ કાર્ય હાથ ધરી શકશે. એટલું જ નહિ, આધુનિક સવલતો સાથેની ગ્રામ પંચાયત કચેરીઓ દ્વારા નાગરિકોને ગ્રામ્ય સ્તરે જ સરળતાથી અને ઝડપી સરકારી સેવાઓ મળી રહે એવો સકારાત્મક અભિગમ અપનાવ્યો છે. આ કામગીરી પૂર્ણ થતાં રાજ્યની બધી જ ગ્રામ પંચાયતો પોતિકા ગ્રામ પંચાયત ઘરોથી સુસજ્જ બનશે અને ગ્રામીણ નાગરિકોને ઘરઆંગણે જ ઝડપી સરકારી સેવાઓ મળતી થશે.

# દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાઃ ૩૫૦ યુવાનોને રોજગારના નિમણૂક પત્રો અપાયા

અમદાવાદઃ ગ્રામ વિકાસ પ્રધાન રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના અંતર્ગત જોબમેળો અને એલ્યુમની મીટ કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામ વિકાસ વિભાગ હેઠળની ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની દ્વારા આયોજિત આ જોબમેળાને ગ્રામ વિકાસ પ્રધાને ખુલ્લો મૂક્યો હતો અને સમારોહ દરમિયાન મહાનુભાવોના હસ્તે દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાહેઠળ તાલીમ પ્રાપ્ત કરીને રોજગારી મેળવેલ ૩૫૦ લાભાર્થીઓને રોજગાર નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

ગ્રામ વિકાસ પ્રધાન રાઘવજી પટેલે રોજગારી મેળવનાર તમામ લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારના યુવાધનને રોજગારીની સમાન તક અને લઘુતમ વેતનની બાહેંધરી પૂરી પાડતી દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના આજે ગુજરાતના યુવાધન માટે આશીર્વાદ બની છે. લાભાર્થીઓને ઓછામાં ઓછા રૂ. ૧૦,૦૦૦ માસિક પગારની બાહેંધરી આપતી આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩૦,૦૦૦થી વધુ યુવક-યુવતીઓને વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ તાલીમ અને ૨૩,૦૦૦થી વધુ લાભાર્થીઓને સફળતાપૂર્વક રોજગારી પ્રાપ્ત થઈ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આજે દેશમાં સ્કિલ ઈન્ડિયા અને મેક ઇન ઈન્ડિયા જેવા અભિયાનોથી ગામડાંના યુવાનોને આત્મનિર્ભરતાની નવી દિશા મળી છે. તેમની જ પ્રેરણાથી ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા પણ રાજ્યના યુવાધનને રોજગાર અને કૌશલ્યના નવા અવસર પ્રદાન કરવામાં આવી રહ્યા છે.

પ્રધાને પંડિત દીનદયાલ ઉપાધ્યાયનું સ્મરણ કરતા જણાવ્યું હતું કે, તેમની વિચારધારા અને દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાનો હેતુ એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. તેઓ માનતા હતા કે, ગ્રામ્ય ભારતના યુવાનોને શિક્ષણ, કૌશલ્ય અને રોજગારની સમાન તક આપીને તેમને આત્મનિર્ભર બનાવવા, એ જ રાષ્ટ્ર વિકાસનો સાચો માર્ગ છે. આ વિચારને સાકાર કરવા અમલમાં મુકાયેલી દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના યોજના આજે ગ્રામ્ય વિસ્તારના યુવાનોને માત્ર રોજગારી જ નહીં, પરંતુ આત્મવિશ્વાસ, નવી આશા અને નવી દિશા આપી રહી છે. આ ઉપરાંત પ્રધાન દ્વારા સ્વસહાય જૂથને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા વિવિધ પ્રોત્સાહન અને સહાય અંગે તેમજ રાજ્ય સરકારની જી-મૈત્રી અને જી-સફળ જેવી મહત્ત્વાકાંક્ષી પહેલ અંગે પણ વિસ્તૃત ભૂમિકા આપવામાં આવી હતી.

# ખંભાતના સોખડા ફૂડ કંપનીમાં ઝેરી ગૅસથી બે શ્રમિકનાં મોતઃ બે યુવક આઈસીયુમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખંભાત તાલુકાના સોખડા ગામે આવેલી એકતા ફ્રેશફૂડ કંપનીમાં એક દુઃખદ ઘટના બની હતી. કંપનીના એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ઈટીપી) ટાંકીની સફાઈ દરમિયાન ઝેરી ગેસ ફેલાતા બે શ્રમિકનાં કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય બે શ્રમિક ગંભીર હાલતમાં આઈસીયુમાં સારવાર હેઠળ છે.

કંપનીના માલિકો દ્વારા શ્રમિકોને ટાંકીની અંદર ઉતારી સફાઈ કરવાની સૂચના આપવામાં આવી હતી. ટાંકીમાં ઝેરી ગેસની અસર થતા બંને શ્રમિકો બેભાન થઈ ગયા અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. મૃતકો સ્થાનિક હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ અન્ય બે શ્રમિક તેમને બચાવવા માટે ટાંકીમાં ઉતર્યા હતા, પરંતુ તેઓ પણ ઝેરી ગેસની અસરથી બેભાન થઈ ગયા હતા. તાત્કાલિક તેમને ખંભાતની કાર્ડિયાક કેર હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ હાલમાં આઈસીયુમાં સારવાર હેઠળ છે. મૃતક શ્રમિકોના પરિવારજનોના હૉસ્પિટલ બહાર આક્રંદથી વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાને લઈને સ્થળ પર હાહાકાર મચી ગયો હતો. બીજી તરફ, આ મામલે અનેક તર્કવિતર્ક ઊભા થયા છે. ફૂડ પ્રોડક્શન કરતી કંપનીમાં કેમિકલ પ્રોસેસ સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ થતી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

ઈટીપી પ્લાન્ટની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ન હોવાને કારણે આ દુર્ઘટના બની હોવાની સ્થાનિકોમાં ચર્ચા થઇ રહી છે. પોલીસ અને ફોરેન્સિક ટીમે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. શ્રમિકોના મોત માટે જવાબદાર કોણ છે તે જાણવા માટે વધુ તપાસ ચાલુ છે. આ ઘટનાથી શ્રમિક સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે, અને સ્થાનિક સ્તરે આ ઘટનાની ભારે ચર્ચા થઈ રહી છે.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીના મોતના રહસ્ય પરથી પડદો ઊંચકાયોઃ પીએમ રિપોર્ટમાં પેટમાં લોહી જમા થવાનું કારણ સામે આવ્યું

અમદાવાદઃ શહેરની સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીના હત્યાના કેસમાં ચોંકાવનારો વળાંક આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં શાળાને આરોપી બનાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. તપાસકર્તા અધિકારીઓના માનવા મુજબ, વિદ્યાર્થીઓ વચ્ચે વારંવાર ઝઘડો થતો હતો. તેમ છતાં શાળા આ સંદર્ભમાં કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગઈ હતી. જેના કારણે મહિના પહેલા શરૂ થયેલો આ વિવાદ હત્યામાં પરિણમ્યો હતો. આ કેસમાં અત્યાર સુધીમાં ૧૫ લોકોના નિવેદન લેવામાં આવ્યા છે, જેમાં સ્કૂલના પ્રિન્સિપાલ, સ્ટાફ, સિક્યોરિટી ગાર્ડ અને મૃતક વિદ્યાર્થીના પરિવારનો સમાવેશ થાય છે.તપાસમાં મળેલા પુરાવા મુજબ, સ્કૂલના સીસીટીવી ફૂટેજમાં વિદ્યાર્થી લોહીલુહાણ હાલતમાં બહારથી સ્કૂલમાં આવતો અને પગથિયાં પર બેસી જતો જોવા મળ્યો હતો. એફએસએલની ટીમ પણ પુરાવા એકત્રિત કરી રહી છે. વિદ્યાર્થીનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ ચોંકાવનારો છે. રિપોર્ટ મુજબ, તેના પેટ પર બહારથી માત્ર ૧.૫ સેન્ટિમીટરનો નાનો ઘા હતો. પરંતુ, જ્યારે ડોક્ટરોએ સર્જરી માટે પેટ ખોલ્યું, ત્યારે ખબર પડી કે શરીરમાં લોહી પહોંચાડતી અને પાછું લાવતી મુખ્ય નસો (ધમની અને શિરા) કપાઈ ગઈ હતી. આ કારણે, તેના પેટમાં જ અઢી લિટર લોહી જમા થઈ ગયું હતું.

વધુ પડતા આંતરિક રક્તસ્રાવને લીધે વિદ્યાર્થીને બચાવી શકાયો નહીં. ડોક્ટરોએ ૩ કલાક સુધી ઓપરેશન કરીને નસોને ટાંકા લેવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સફળ રહ્યા નહિ. આ ઉપરાંત, તેના આંતરડામાં પણ ચાર કાણાં અને એક જગ્યાએ આંતરડું ફાટી ગયું હતું.

# વીક એન્ડ



## સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@bombaysamachar.com

# ક્રિકેટને રાષ્ટ્રીય રમત ઘોષિત કરવાનો સમય આવી ગયો છે

### આ મહાન રમત ૧૪૦ કરોડની જનતાને એક તાંતણે બાંધીને રાખે છે... દેશમાં આ રમત ધર્મની જેમ પૂજાય છે અને હવે તો ઑલિમ્પિક્સે પણ ક્રિકેટને પાછી અપનાવી લીધી છે

આઝાદીને ૭૮ વર્ષ વીતી ગયા અને એમાં આપણે વિભિન્ન ક્ષેત્રોમાં આપણી વૈશ્વિક ઓળખ બનાવી છે અને એમાં ખાસ કરીને રમતગમત પણ સામેલ છે. જોકે નવાઈની વાત એ છે કે સત્તાવાર રીતે આપણો કોઈ રાષ્ટ્રીય ખેલ છે જ નહીં, પરંતુ અનૌપચારિક અને સર્વસામાન્ય માન્યતા મુજબ ક્રિકેટની રમતને આપણે આપણી રાષ્ટ્રીય રમત તરીકે જરૂર ઓળખાવી શકીએ. આઝાદી દિન અઠવાડિયા પહેલાં જ ગયો અને એ પ્રસંગે એક સવાલ ખૂબ ચર્ચાઈ રહ્યો છે કે સરકાર કેમ ક્રિકેટને આપણા રાષ્ટ્રીય ખેલ તરીકે ઘોષિત ન કરી દે? આ મુદ્દા અને માગણી પાછળ પૂરતા તર્ક ઉપલબ્ધ છે.

### અપાર લોકપ્રિયતા

ભારતમાં ક્રિકેટ માત્ર એક ખેલ નથી, આ રમત દેશમાં ધર્મની જેમ પૂજાય છે. ભારતમાં ક્રિકેટ એક પ્રકારની જન આસ્થા છે, આ રમત પ્રત્યે કરોડો લોકોમાં ઝનૂન છે અને આ મહાન રમત રાષ્ટ્રીય સ્મૃતિ બની ગઈ છે. જ્યારે પણ ભારતની કોઈ આંતરરાષ્ટ્રીય મૅચ હોય છે અને પછી ભલે એ મૅચ પાકિસ્તાન સામે હોય કે ઇંગ્લૅન્ડ સામે કે ઑસ્ટ્રેલિયા સામે કે બીજા કોઈ દેશ સામે, વર્લ્ડ કપની ફાઇનલ હોય કે આઇપીએલનો નિર્ણાયક મુકાબલો હોય, કાશ્મીરથી માંડીને કન્યાકુમારી સુધી અને ગુજરાતથી લઈને અરુણાચલ પ્રદેશ સુધી દરેક જગ્યાએ લોકો લાઇવ પ્રસારણને ચોંટી રહે છે. ઇન્ટરનૅશનલ મૅચ હોય તો દુકાનોમાં કે ઑફિસોમાં ટીવી ઑન કરી દેવામાં આવે છે. એટલું જ નહીં, સ્કૂલોમાં પિરિયડ મોકૂફ રાખવામાં આવે છે અને કોઈ પણ પ્રકારના કામકાજ કરતા લોકોનું ધ્યાન લાઇવ સ્કોર પર જ હોય છે.

### ગજબની ભાવનાત્મક એકતા

ભારત જેવા બહુભાષી અને બહુ-જાતીય દેશમાં ક્રિકેટ એકમાત્ર પરિબળ કહો કે તત્ત્વ છે જે ૧૪૦ કરોડની જનતાના આવડા મોટા દેશને એક તાંતણે બાંધી રાખે છે. ચૂંટણી હોય, ધાર્મિક ઉત્સવ હોય, જાતીય સમસ્યા હોય કે પ્રાદેશિક અસ્મિતાને લગતો કોઈ પ્રશ્ન હોય, આ વખતે શુભમન ગિલની ૨૬૯ રનની ઇનિંગ્સ અને તેની શાનદાર સિક્સરની ચર્ચા થતી જ હોય છે. જસપ્રીત બુમરાહના યૉર્કર પર દરેક પ્રેક્ષક તાળી પાડે છે અને બુમરાહ જો પૂંછડિયા બૅટ્સમૅન તરીકે ભારતીય ઇનિંગ્સને ઉગારતી વખતે ચોક્કો ફટકારે તો તેના યૉર્કરથી પણ વધુ તાળીઓ પડે છે. એટલું જ નહીં, આપણી મહિલા ટીમની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના કાશ્મીરથી કન્યાકુમારી સુધીમાં દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની લાડકી અને બહાદુર ક્રિકેટર તરીકે દિલદિમાગમાં છવાયેલી છે. પાકિસ્તાન સામે જો મહિલા ટીમ પણ જીતે તો દિલ્હીથી લઈને ચેન્નઈ સુધીની ગલીઓમાં ઉજવણી થાય છે.

### મીડિયા અને માર્કેટમાં જાદુ

ક્રિકેટનો જાદુ માત્ર લોકોની ભાવનાઓ પૂરતો સીમિત નથી. સોશ્યલ મીડિયા તથા પ્રચાર માધ્યમો તેમ જ માર્કેટો પર પણ એનો જાદુ છવાઈ જતો હોય છે. ક્રિકેટની લોકપ્રિયતાને આસમાની ઊંચાઈ સુધી પહોંચાડવામાં મીડિયા તેમ જ કૉર્પોરેટ બ્રૅન્ડ્સે પણ બહુમૂલ્ય ભૂમિકા ભજવી છે. ૨૦૦૮માં શરૂ થયેલી આઇપીએલની સફળતાએ તો ક્રિકેટને ઘર-ઘર સુધી પહોંચાડી દીધી છે અને એની ફાઇનલ વાર્ષિક રમતોત્સવ જેવો બની રહેતો હોય છે. આજે દેશના ખૂણે-ખૂણે પ્રત્યેક બાળક ખેલક્ષેત્રના નામે ક્રિકેટર બનવાનું સપનું રાખતો હોય છે. દેશના કોઈ પણ ભાષા-આધારિત વિસ્તારો બન્યા હોય, પરંતુ બાળકથી લઈને વૃદ્ધ સુધી દરેક જણ બુમરાહ, કોહલી, રોહિત, સિરાજ, ગિલ તેમ જ લેટેસ્ટ સેન્સેશન ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીના નામથી પરિચિત છે. ફિલ્મ, જાહેરખબર, સમાચાર તેમ જ ચૂંટણીલક્ષી રણનીતિઓમાં પણ ક્રિકેટનો પ્રતીકાત્મક ઉપયોગ થતો હોય છે. શું આપણે ત્યાં બીજી કોઈ રમતને આટલી સામાજિક અને સાંસ્કૃતિક માન્યતા મળી છે ખરી? ક્રિકેટ એકમાત્ર ભારતીય રમત છે જે ખેલ ઉદ્યોગમાં ૮૫ ટકા જેટલી આવક ઉપજાવે છે. બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) ક્રિકેટ વિશ્વની સૌથી શ્રીમંત સંસ્થા છે. એ લાખો લોકોને રોજગાર આપે છે. બીસીસીઆઇ માત્ર ખેલાડીઓ વચ્ચેની જ નહીં, કોચ તેમ જ વિશ્લેષક, મેદાન તૈયાર કરતા માળીઓ, જાહેરખબરની એજન્સીઓ, મીડિયા હાઉસ તેમ જ સ્પૉન્સર કંપનીઓ, આ સર્વે માટે ક્રિકેટ જ એકમાત્ર કડી છે જે એકમેક સાથે જોડેલી રાખે છે.

### લોકતાંત્રિક અપીલ

ક્રિકેટ એકમાત્ર એવી રમત છે જેમાં મોટી સંખ્યામાં ગામેગામથી ટૅલન્ટેડ ખેલાડીઓ આગળ આવીને દેશનું પ્રતિનિધિત્વ કરે છે અને દુનિયામાં ચમકે છે. બીજી રમતોમાં પણ દેશને શહેરો ઉપરાંત ગામડાંઓમાંથી કૌશલ્યવાન ખેલાડીઓ તથા ઍથ્લીટો મળતા હોય છે, પરંતુ ક્રિકેટ એ બધી રમતોમાં સર્વોપરિ છે. યશસ્વી જયસ્વાલ ઉત્તર પ્રદેશના ભદૌહી જેવા મામૂલી વિસ્તારમાંથી આગળ આવ્યો, મુંબઈમાં સ્થાયી થયો અને ક્રિકેટની વધુ તાલીમ લઈને આજે ક્રિકેટ જગતમાં ઝળકી રહ્યો છે. મહેન્દ્ર સિંહ ધોની રાંચીમાંથી આગળ આવીને વિશ્વ વિજેતા બન્યો અને થોડા વર્ષોથી સાબિત થઈ ચૂક્યું છે કે આપણા દેશમાં ક્રિકેટની કુશળતા કંઈ શહેરો પૂરતી સીમિત નથી. જેન્ટલમૅન્સ ગેમ તરીકે ઓળખાતી આ રમત આપણે ત્યાં મુંબઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નઈ, હૈદરાબાદ, બેંગલૂરુ પૂરતી મર્યાદિત નથી. યુપી, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ, આસામ જેવા રાજ્યોમાંથી પણ ખેલાડીઓએ (આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કે આઇપીએલમાં) પ્રભાવ પાડ્યો છે. ક્રિકેટને રાષ્ટ્રીય રમત ઘોષિત કરવી જરૂરી એ માટે પણ છે કે જો આપણે ક્રિકેટ જેવી સૌથી સફળ રમતને પણ રાષ્ટ્રીય ખેલ તરીકેનો દરજ્જો ન આપીએ તો બીજી નાની રમતો (દેશમાં ઓછી લોકપ્રિય રમતો) આવા દરજ્જાની ક્યારેય આશા પણ નહીં રાખી શકે.

આપણે ત્યાં ક્રિકેટની રમત લગભગ ૮૦ ટકાથી વધુ લોકો ફૉલો કરતા હોય છે એટલે એને નૅશનલ ગેમ તરીકે જાહેર કરવી જ રહી. જોકે અન્ય રમતોમાંથી પણ ઍથ્લીટોએ ભારતનું નામ રોશન કર્યું છે. ભાલાફેંકમાં નીરજ ચોપડા દરેક ઑલિમ્પિક્સમાં ભારતને ગૌરવ અપાવે છે. બૅડ્મિન્ટનમાં પી. વી. સિંધુએ દેશનું નામ ગર્વથી ફેલાવ્યું છે અને હવે તો શૂટિંગમાં મનુ ભાકર એ કામ કરી રહી છે. એ જોતાં, આપણે આવી રમતોને પણ મહત્ત્વ અને સન્માન આપવું જોઈએ. ખરેખર તો આ માન મેળવવાનું આ રમતનો અને દેશનું નામ રોશન કરતા વીરો અને વીરાંગનાઓનો અધિકાર પણ છે. આપણે એ લેશમાત્ર ન વિચારવું જોઈએ કે ક્રિકેટને રાષ્ટ્રીય રમત તરીકે ઘોષિત કરવાથી આ બધી રમતોનું મહત્ત્વ ઘટી જશે.

### રાષ્ટ્રીય ખેલની જાહેરાત કેમ જરૂરી?

આપણે જ્યારે પણ કોઈ રમતને રાષ્ટ્રીય રમત તરીકે ઓળખાવીએ ત્યારે એનો મતલબ માત્ર લોકપ્રિયતા જ નથી, એ રમત પ્રત્યેની લોકોની ભાવનાને કેવી રીતે એકમેકને જોડાયેલા રાખે છે અને દેશની ધડકન બની જાય છે એવો સીધો અર્થ છે. એક સમય હતો જ્યારે હૉકી આપણી રાષ્ટ્રીય રમત જેવી જ હતી, કારણકે દુનિયાનો કોઈ દેશ એવો નથી જે હૉકીમાં આઠ-આઠ ઑલિમ્પિક્સના ગોલ્ડ મેડલ જીત્યો હોય! ભારત એકમાત્ર દેશ છે જેણે આ સર્વોત્તમ ઉપલબ્ધિ મેળવી છે. આજે આપણો રાષ્ટ્રવાદ સૌથી વધુ ક્રિકેટ સાથે જોડાયેલો છે. આપણે ક્રિકેટની હાર-જીતને રાષ્ટ્રીય સ્તરે સફળતા અને નિષ્ફળતા તરીકે ઓળખાવીએ છીએ. ક્રિકેટની રમત દેશના ખૂણે-ખૂણે ફેલાયેલી છે અને ૧૪૦ કરોડ લોકોને એક રાખે છે. ક્રિકેટને જો રાષ્ટ્રીય ખેલ ઘોષિત કરવામાં આવશે તો સત્તાવાર રીતે એ સાંસ્કૃતિક ઉત્સવ તરીકે પણ ઓળખાવાશે. હવે તો ઑલિમ્પિક્સમાં પણ ક્રિકેટનું લગભગ દસ દાયકા બાદ પુનરાગમન થયું છે એટલે એને લીધે પણ ક્રિકેટની વિશ્વભરમાં લોકપ્રિયતા વધી જશે. દરેક ક્રિકેટપ્રેમીની ઇચ્છા હશે કે હવે તો લાલ કિલ્લા પરથી ક્રિકેટને રાષ્ટ્રીય રમત તરીકે ઘોષિત કરી જ દેવી જોઈએ. ■

## કરિયર

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

# ક્રિપ્ટો એનાલિસ્ટ એક ઉજ્વળ ભવિષ્ય

ભારતમાં ક્રિપ્ટો એનાલિસ્ટ બનવું એ એક ઉજવળ ભવિષ્યની નિશાની છે, ખાસ કરીને જ્યારે દેશ અને દુનિયા ડિજિટલ અસેટ્સ ,બ્લોકચેન ટેકનોલોજી અને વેબ ૩.૦ ની તરફ આગળ વધી રહી હોય.

**ક્રિપ્ટો એનાલિસ્ટ એટલે ?**

ક્રિપ્ટો એનાલિસ્ટ એટલે જે વ્યક્તિ ક્રિપ્ટો કરંસી જેવા કે, ઈથેરમ વગેરેના મૂલ્યના ઉતાર-ચઢાવ માર્કેટ ટ્રેંડ્સ અને બ્લોકચેન ડેટાનું વિશ્લેષણ કરે છે. ક્રિપ્ટો એનાલિસ્ટનું કાર્ય પોતાના ઈનવેસ્ટરને ડેટા આધારિત સલાહ આપવાનું છે અને તેમના દ્વારા લેવાતાં જોખમોનું મુલ્યાંકન કરવાનું હોય છે. આની સાથે ક્રિપ્ટો એનાલિસ્ટ પોર્ટફોલિયો મેનેજ કરવામાં પણ સહયોગ આપે છે. એમ તો ભારતમાં ક્રિપ્ટો કરંસીને કોઈ કાનૂની દર્જો નથી મળ્યો, પરંતુ આને વર્ચ્યુઅલ ડિજિટલ અસેટના રૂપમાં મહત્ત્વ અપાયું છે. તેથી જ ક્રિપ્યો એનાલિસ્ટ તરીકે કેરિયર બનાવવું એ ફાયદામંદ છે અને આવનારા દિવસોમાં આની માગ વધવાની સંભાવના છે.

### કેરિયર ગ્રોથની સંભાવના

ક્રિપ્ટો અને બ્લોકચેન ટેક્નોલોજી અત્યારે તેના પ્રાથમિક ચરણમાં છે. પરંતુ જ્યારે જ્યારે વેબ ૩.૦ અપનાવવામાં આવશે તેમ લોકોમાં ડિજિટલ કરંસીને લઈને વિશ્વાસ વધશે. આની સાથે ઈન્વેસ્ટરોની પણ સંખ્યા વધશે અને માર્કેટમાં બીજા ક્ષેત્રોની જેમ જ  આ ક્ષેત્રમાં પણ નવા



સ્ટાર્ટઅપ પણ ચાલુ થશે. ત્યારે ક્રિપ્ટો એનાલિસ્ટની માગ આજના મુકાબલે ઘણી વધારે હશે.

### ક્યાંથી ભણતર મેળવવું?

હાલમાં ભારતમાં ઘણી ઓછી વિશ્વવિદ્યાલયો છે કે જે ક્રિપ્ટો કે બ્લોકચેનમાં ડિગ્રી આપે છે. પરંતુ ઘણી સંસ્થાઓ છે કે જે સર્ટિફિકેટ કોર્સ પ્રોવાઈડ કરે છે જેમકે ,

- આઈઆઈટી કાનપુર, અહીંથી બ્લોકચેન ટેક્નોલોજીમાં શોર્ટ ટર્મ કોર્સ થાય છે.

- આઈઆઈટી હૈદરાબાદ, અહીંથી બ્લોકચેન સર્ટિફિકેટ કોર્સ કરી શકાય. તેમજ ક્રિપ્ટો અને બ્લોકચેનમાં સર્ટિફિકેટ કોર્સ નેસકોમ અને આઈબીએમ પણ કરાવે છે. આની માટે જરૂરી શૈક્ષણિક યોગ્યતા ગ્રેજ્યુએટની હોવી જરૂરી છે. જેમકે, વાણિજ્ય કે કમ્પ્યુટર સાયન્સ કે મેથ્સ કે ફાઈનાન્સ ઓફ બ્લોકચેન ટેકનોલોજી કોર્સ કરવાના યોગ્ય હોય છે.

### નોકરીની તક

ક્રિપ્ટો એનાલિસ્ટના રૂપમાં તમને ક્વાઈન ડીસીએક્સ , વજીરએક્સ , ક્વાઈન સ્વિચ કુબેર, બિનાસે અને ઓકેએક્સ જેવા ક્રિપ્ટો એક્સચેંજમાં નોકરી મળવાના ભરપૂર ચાન્સ છે. આની સાથે જ ક્રિપ્ટો રિસર્ચ ફર્મ જેવા - મેસારી, જેન એનાલિસિસ તેમજ ગ્લાસનોચ જેવી ક્રિપ્ટો રિસર્ચ ફર્મમાં નોકરી મળી શકે છે. આ વિદેશી કંપનીઓ છે પરંતુ ભારતમાં પોતાની ઘણી બ્રાંચ છે.

### અંદાજિત પગાર

બ્લોકચેન એનાલિસ્ટ અથવા ક્રિપ્ટો એનાલિસ્ટને શરૂઆતમાં ૪ લાખથી ૮ લાખ રૂપિયાનું એન્યુઅલ પેકેજ વાળી નોકરી આરામથી મળી જાય છે. તેમજ ૨ થી ૪ વર્ષના અનુભવવાળાને એન્યુઅલી ૧૦ થી ૧૮ લાખ રૂપિયાના પેકેજ આરામથી મળી જાય છે. ૫ વર્ષથી વધારેના અનુભવ પછી  આ ફિલ્ડમાં માસ્ટરી આવ્યા બાદ ૩૦ થી ૪૦ લાખના પેકેજવાળી નોકરી આરામથી મળી શકે.

ભારત ધીરે ધીરે ક્રિપ્ટો અને બલોકચેનને અપનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈંડિયા દ્વારા સેંટ્રલ બેંક, ડિજિટલ કરંસી એટલે કે, સીબીડીસીની શરૂઆત કરી ચૂકી છે અને સંસદમાં બ્લોકચેન ટેકનોલોજી પર ઘણી વાર થયેલી ચર્ચા એ સંકેત આપે છે કે, જલદી આ ક્ષેત્રમાં ભારતમાં વિકાસ અને વિસ્તારની નવી સંભાવનાઓ લહેરાશે. તેથીજ ક્રિપ્ટો એનાલિસ્ટ બનવું એ ભારતમાં ખૂબ જ લાભદાયક કેરિયર વિકલ્પ છે. એમ તો આ ફિલ્ડ અત્યારે વિકસિત થઈ રહ્યું છે અને આમાં શરૂઆતમાં જોખમ જ છે. પરંતુ જે લોકો ટેકનીકી , નિવેશ અને ડેટા એનાલિસ્ટમાં રુચિ ધરાવે છે, તેઓ માટે આ ક્ષેત્ર ખૂબ જ લાભદાયક છે. ■

## રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનીની વ્યાખ્યાનમાળા — નમ્રવાણી

ચતુર્થ દિવસ



# तू है तो... मुस्कान सहज हैं

''પરમ ગુરુદેવ''

મારા સુખમાં અજાણ્યા અતિથિનો ભાગ, એનું નામ સંવિભાગ!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે અન્યની મુશ્કેલીમાં મુસ્કાન બનવાનું કર્તવ્ય નિભાવવાનો કલ્યાણકારી અવસર!

આ જગતમાં કેટલાંક આત્માઓ એવા હોય જેમને 'કંઈક' મળી જાય તો ચહેરા પર મુસ્કાન આવી જાય અને કેટલાંક આત્માઓ એવા હોય જેમને 'કોઈ' મળી જાય તો ચહેરા પર મુસ્કાન આવી જાય.

'કોઈ' મળી જાય અને મુસ્કાન આવે તે સમ્યક મુસ્કાન હોય કેમકે, એ 'કોઈનું' દુઃખ દૂર કરવાની આત્મ પ્રસન્નતા હોય.

જે અન્યનું દુઃખ દૂર કરે છે, એના દુઃખ ટકતાં નથી!

જેનું નાનપણથી જ 'આપીને' આનંદનું ઘડતર થયું હોય, એને જ અન્યના દુઃખ અને અન્યની તકલીફ શોધતાં અને દૂર કરતાં આવડે.

યાદ રાખજો,

જે તમારા ઘરેથી ખાલી હાથે જાય છે, તે તમારા પુણ્ય ખાલી કરીને જાય છે અને જે તમારા ઘરેથી ભરેલાં હાથે જાય છે, તે તમારું પુણ્ય ભરીને જાય છે. તમારું જેવડું દિલ હોય એટલી સામેવાળાની demand પૂરી થાય. સહાય એ જ કરી શકે, અર્પણ એ જ કરી શકે, જેમનો મોહ, આસક્તિ અને પરિગ્રહ ઘટ્યા હોય.

ભગવાને એક ખૂબ જ સરસ સૂત્ર આપ્યું છેઃ 'અતિથિ સંવિભાગ વ્રત'.

અતિથિ એટલે અજાણી વ્યક્તિ અને સંવિભાગ એટલે મારી પાસે જે છે એમાં અજાણ્યાનો, અતિથિનો ભાગ!

જાણીતા એટલે કે ભાઈ-બહેન, દીકરા-દીકરીને તો બધાં આપે. બધા એમને પોતાના સુખમાં સહભાગી બનાવે પણ જેને જાણતાં નથી, એવી વ્યક્તિઓને પોતાના સુખમાં સહભાગી બનાવવા એ હોય છે, સંવિભાગ!

જેમની સગા, સ્વજન અને સંબંધ પ્રત્યેની આસક્તિ છૂટે, તે જ સંવિભાગ કરી શકે, તે જ નિઃસ્વાર્થ ભાવે સહાયરૂપ બની શકે.

એક દિવસ એક ઉદ્યોગપતિ દર્શન કરવા આવ્યાં હતાં. એમની સાથે discussion ચાલી રહ્યું હતું ત્યારે એમણે કહ્યું, ગુરુદેવ! હું જેટલાં મારી માટે વાપરું છું, એટલાં જ હું અન્યને વયહા કરવામાં વાપરું છું. મારી પાસે કરોડો રૂપિયા નથી પણ જે shirt માટે હું brandનો આગ્રહ રાખતો હતો અને ૧૨,૦૦૦/- રૂપિયામાં ખરીદતો હતો તે હવે ૬૦૦૦/- રૂપિયામાં purchase કરું છું અને જે ૬૦૦૦/- રૂપિયા બચાવું છું તે હું અન્યને help કરવામાં વાપરું છું. આવી જ રીતે દરેક વસ્તુમાં options શોધી ૫૦% હું વાપરું છું અને ૫૦% બચાવી અન્ય માટે વાપરું છું. આને કહેવાય સંવિભાગ!

જો આપણે try કરીએ તો આપણે બીજાના દુઃખને દૂર કરવામાં આપણા સુખનો સંવિભાગ કરી શકીએ.

જે પોતાના સુખનો સંવિભાગ કરે છે, એના સુખનો ગુણાકાર થાય છે. જે પોતાના સુખનો સંવિભાગ કરે છે, તે સામાન્યમાંથી શ્રીમંત અને શ્રેષ્ઠિવર્ય બની જાય છે.

જે પોતાની જ facilitiesનો વિચાર કરે છે, તે ક્યારેય કોઈના દુઃખની લીટીને ભૂંસી શકતા નથી.

દાન અર્પણ કરવું અને સંવિભાગ કરવો, આ બંનેમાં બહુ મોટો ફરક હોય છે.

દાનમાં હું મોટો અને એ નાનો, એવો ભાવ હોય છે, જ્યારે સંવિભાગમાં સરખાપણાનો ભાવ હોય છે.

વિચાર કરો, જો દુનિયામાં એક જ વ્યક્તિ હોય તો એની company ચાલે? એની product વેચાય? એ કોઈને સહાય કરી શકે? એ કોઈને દાન આપી શકે? ના!

એટલે સમાજ છે તો આપણે આપણા કર્તવ્ય નિભાવી શકીએ છીએ.

**प्रभु, तू है तो... अतिथि संविभाग व्रत हैं,**

**गुरु तू हैं तो... संविभाग से मुस्कान का कर्तव्य सहज हैं!**

જે સંઘમાં, જે સમાજમાં તમે કાંઈક અર્પણ કરો, ધર્મક્ષેત્રમાં અર્પણ કરો તેને દાન કહેવાય કે તમારું કર્તવ્ય કહેવાય?

જે સંઘ થકી, જે ધર્મ ક્ષેત્ર થકી, મારા આત્માને લાભ થયો હોય, જે સમાજ થકી મારો પરિવાર ચાલતો હોય, તો સંઘ અને સમાજ માટે મારું પણ કોઈ કર્તવ્ય હોય ને?

જે સમાજ પાસેથી આપણને કાંઈ મળે છે, એ જ સમાજને કાંઈ અર્પણ કરવું એને દાન કેવી રીતે કહેવાય? એને કર્તવ્ય કહેવાય, સંવિભાગ કહેવાય!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ આપણી belief ને change કરવા માટે હોય છે.

કોઈ મોટી રકમ અર્પણ કરનાર આવે એટલે તરત જ બધાં કહેશે, જુઓ, દાનવીર આવ્યાં! એ મહાન દાનવીર કહેવાય કે સમાજમાં સંવિભાગ કરનાર કહેવાય?

તમે જ્યારે 'દાનવીર'નું label લગાડો ત્યારે જાણે-અજાણે એની side effect તરીકે કર્તૃત્વભાવ આવી જાય, 'મેં આપ્યું' નો સૂક્ષ્મ ego આવી જાય.

સમાજને લાભ થવાની effect સાથે કર્તૃત્વની side effect આવી જાય.

માનો કે, તમારી wife તમારા માટે રસોઈ બનાવે છે અને જ્યારે તમે જમવા બેસો, ત્યારે દીકરીને કહે કે, જા, બેટા! પપ્પાને આ ૪ રોટલીનું દાન કરી આવ! કેવું લાગે? એ દાન કર્યું કહેવાય કે કર્તવ્ય કે સંવિભાગ કર્યો કહેવાય?

જ્યાં પ્રેમ હોય, ત્યાં 'દાન' ન હોય.

જે સંઘને, જે સમાજને, જે ધર્મક્ષેત્રને તમે પ્રેમ કરતાં હો, એના માટે તમારું યોગદાન એ દાન ન કહેવાય, એ સંવિભાગ કહેવાય.

જે યોગદાન અર્પણ કરનારા હોય, તે પ્રભુના વરદાનને પાત્રવાન હોય.

પર્વાધિરાજ પર્યુષણ આપણને આપણા કર્તવ્ય શીખડાવવા માટે આવે છે.

મનુષ્ય એ જ હોય, જે બીજાના ચહેરા પર મુસ્કાન લાવવાનું કર્તવ્ય નિભાવતા હોય.

આસ અને પાસના લોકોને જે 'હાશ' આપે, એ પ્રભુનો શ્રાવક હોય. જેમાં 'હાશ' એનું નામ પુણ્ય અને જેમાં 'ત્રાસ' એનું નામ પાપ!

તમારા સુખમાં કોઈનો સંવિભાગ થાય, કોઈની મુશ્કેલીમાં તમે મુસ્કાન બની જાવ, સામેવાળી વ્યક્તિના દુઃખ દૂર થવાની હળવાશ તમારા ચહેરા પર આવી જાય, તો તમારું માનવ જીવન સફળ થઈ જાય!

જેનું heart soft હોય, એને જ બીજાનું દુઃખ પોતાનું દુઃખ લાગે, એને જ પોતાના સુખ કરતાં બીજાના દુઃખની ચિંતા વધારે હોય.

જે પોતાનો લાભ, બીજાના શુભ માટે વાપરે છે, એની lifeમાં બધે શુભ અને લાભ હોય છે.

અન્યને સુખ આપવાથી, સુખ તો મળે છે પણ તમારા કર્મના ઉદયે આવેલા દુઃખને સહન કરવાનું બળ પણ મળે છે.

કારણ કે, જ્યારે તમે અન્યનું દુઃખ જુઓ છો, ત્યારે તમને તમારું દુઃખ અડધું લાગે છે.

બે હાથ જોડાય છે તે સાર્થક ત્યારે જ થાય છે, જ્યારે એ બન્ને હાથથી એક હાથ આપતાં શીખી જાય છે.

એક વ્યક્તિ જ્યારે સંવિભાગનું કર્તવ્ય નિભાવવાની શરૂઆત કરે છે ત્યારે એનું એ કર્તવ્ય જ એની કિર્તી બની જાય છે. એનું કર્તવ્ય જ એનું કલ્યાણ બની જાય છે, એનું કર્તવ્ય જ અન્યના ચહેરા પર સહજતાથી મુસ્કાન લઈ આવે છે.

સંકલ્પઃ

હું મારા માટે જે લઈશ, તે અન્ય જરૂરિયાતમંદ માટે પણ લઈશ.

**POINTERS**

જે અન્યનું દુઃખ દૂર કરે છે, એના દુઃખ ટકતાં નથી!

જેનું નાનપણથી જ 'આપીને' આનંદનું ઘડતર થયું હોય,

એને જ અન્યના દુઃખ અને અન્યની તકલીફ શોધતાં અને દૂર કરતાં આવડે.

જે તમારા ઘરેથી ખાલી હાથે જાય છે, તે તમારા પુણ્ય ખાલી કરીને જાય છે અને જે તમારા ઘરેથી ભરેલાં હાથે જાય છે, તે તમારું પુણ્ય ભરીને જાય છે.

જે પોતાના સુખનો સંવિભાગ કરે છે, એના સુખનો ગુણાકાર થાય છે. જે પોતાના સુખનો સંવિભાગ કરે છે, તે સામાન્યમાંથી શ્રીમંત અને શ્રેષ્ઠિવર્ય બની જાય છે.

જે સમાજ પાસેથી આપણને કાંઈ મળે છે, એ જ સમાજને કાંઈ અર્પણ કરવું એને કર્તવ્ય કહેવાય, સંવિભાગ કહેવાય!

તમે જ્યારે 'દાનવીર'નું label લગાડો ત્યારે જાણે-અજાણે એની side effect તરીકે કર્તૃત્વભાવ આવી જાય, 'મેં આપ્યું' નો સૂક્ષ્મ ego આવી જાય.

દાનમાં હું મોટો અને એ નાનો, એવો ભાવ હોય છે, જ્યારે સંવિભાગમાં સરખાપણાનો ભાવ હોય છે.

જે યોગદાન અર્પણ કરનારા હોય, તે પ્રભુના વરદાનને પાત્રવાન હોય.

જે પોતાનો લાભ, બીજાના શુભ માટે વાપરે છે, એની lifeમાં બધે શુભ અને લાભ હોય છે. ■

## ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# વિરોધની અજબ દુનિયા દુનિયાભરના ગજબ વિરોધ!

**પ્રાચીન કાળમાં પોતાનો વિરોધ દર્શાવવા સતત ઉપવાસ-આકરા તપ કરીને ઋષિ મુનિઓ પોતાની જિદ પૂરી કરતા તો અર્વાચીન સમયમાં વિરોધનો પ્રકાર પલટાતો જાય છે. આવા અનેકવિધ વિરોધની એક ઝલક...**



આપણા ખેડૂતોનો ઐતિહાસિક ટ્રેક્ટર્સ વિરોધ

વિરોધ.

આ શબ્દમાં જ એક વિશેષ પ્રકારનું આકર્ષણ છે. એ સાંભળતા- વાંચતાં જ કુતૂહલ-જિજ્ઞાસા જાગે. આપણી ઈચ્છા -મરજી ન હોય કે જેની સાથે સહમત નથી એ વાત સામે આવે ત્યારે આપણે જે પ્રતિક્રિયા વ્યકત કરીએ એ વિરોધ...

જગતભરની ભાષામાં વિરોધ દર્શાવવાની પોતીકો એક શબ્દ હોય છે, જેમકે ... અંગ્રેજીમાં 'પ્રોટેસ્ટ' ગુજરાતી કે હિન્દીમાં 'વિરોધ' -મરાઠીમાં 'નિષેધ' -તમિળમાં 'ઈથિરપો' -તેલુગુમાં 'અસમ્મટી' - પંજાબીમાં 'રોષ' અને ઉર્દુમાં 'એતરાઝ' તો બંગાળીમાં 'પ્રોતિબાદ'...ઈત્યાદિ, ઈત્યાદિ જેવા શબ્દ છે.

વિરોધ એ માનવીની જન્મજાત વૃત્તિ-પ્રવૃત્તિ છે. જન્મતાંની સાથે જ રડવું એ વિરોધ દર્શાવાનો શિશુનો પહેલો પ્રયાસ છે. માતાની આરામદાયક કૂખમાંથી નવી દુનિયામાં પ્રવેશવા સામેની એ કદાચ અસહમતિ હોય શકે..!

આજની ક્ષણે આજે બે ઘટનાને લઈને જબરા વિરોધની દેશભરમાં ગરમાગરમ ચર્ચાઓ ચાલી રહી છે. એક છેઃ રોડ શેરીમાં ભમતાં ભટકતાં કૂતરાં અને કબૂતર ...!

પાટનગર દિલ્હીમાં રખડુ કૂતરાઓનો એવો ત્રાસ વધી ગયો છે કે સુપ્રીમ કોર્ટે સ્થાનિક સત્તાવાળાને કડક શબ્દોમાં ફરમાન ફટકાર્યું છે કે : 'રસ્તામાં રખડતાં કૂતરાંને 'ગાયબ' કરી દો!'

દિલ્હી અને NCR (રાષ્ટ્રીય પાટનગર પ્રદેશ ) વિસ્તારમાંથી આવાં ૮ લાખ કૂતરાંને રોડ પરથી દૂર કરીને એમને ૮ અઠવાડિયામાં શૅલ્ટર હૉમમાં ખસેડવાનો આદેશ સર્વોચ્ચ અદાલતે આપ્યો છે, જેની સામે દેશભરના પ્રાણીપ્રેમી-જીવદયા જેવી સંસ્થાઓએ જબરો ઊહાપોહ જગાડ્યો છે. આવા ફરમાનને મોટાભાગના લોકોએ અ-તાર્કિક અને અ-વાસ્તિવક લાગે છે.

પ્રાણીઓનાં હક્ક માટે લડતાં જાણીતાં પ્રાણીપ્રેમી મેનકા ગાંધીએ આને કયારેય અમલમાં ન મૂકી શકાય એવો અવ્યવહારુ આદેશ ગણાવ્યો છે. એમનાં કહેવા મુજબ સ્થાનિક સરકાર પાસે માંડ બે શૅલ્ટર હૉમ છે. બીજાં તાત્કાલિક બનાવી એમાં ૮ લાખ રખડતાં શ્વાનોને ખસેડીને એમને રાખવા માટે બે હજારથી વધુ નવાં આશ્રય સ્થાનો બાંધવા પડે એમાં રાખવા પાળવા પાછળ રૂપિયા ૧૫ હજાર કરોડ ખર્ચવા પડે!

આ કૂતરાં કોન્ટ્રોવર્સી એવી વકરી છે કે દેશના ચીફ જસ્ટિસ ગવઈજીએ કહ્યું છે કે હવે હું ખુદ સર્વોચ્ચ અદાલતના આદેશની સમીક્ષા કરીશ. આમ અત્યારે તો આ 'દાસ્તાન-અ - ડોગ' વિવાદ કામચલાઉ 'સ્ટેચ્યૂ' મોડમાં આવી ગયો છે.

ભટકતાં કૂતરાં જેવો જ વાદ-વિવાદ મહારાષ્ટ્રમાં જાગ્યો છે. અહીં જાહેર જગ્યાઓમાં કબૂતરોને ચણ નાખવા પર મુંબઈ સુધરાઈના પગલે બોમ્બે હાઈ કોર્ટે તાત્કાલિક પ્રતિબંધ મૂકી દેતાં પારેવા પ્રેમીઓ એને એમાંય ખાસ જૈન શ્રાવકોમાં દેકારો બોલી ગયો છે. શહેરનાં ચબૂતરાં-કબૂતરખાનામાં ચણ નાખનારને કડક સજાનો નિર્ણય જાહેર થતાં કબૂતરોને દાણાં-પાણી અચાનક બંધ થઈ જવાથી સંખ્યાબંધ કબૂતરો તરફડીને મરી ગયાં એટલે કબૂતર-પ્રેમીઓ જબરા રોષે ભરાયા છે.

મુંબઈ કોર્પોરેશનની આ મનમાની સામે જાહેરસભા-વિરોધ પ્રદર્શનો યોજાયાં છે. આ વિરોધમાં હવે જૈન આચાર્યો-મુનિશ્રીઓ પણ જોડાયા છે અને 'આંદોલન' કરવાની ગંભીર ચીમકી આપતા આ 'ચણ બંધી' વિખવાદ વધુ ભડક્યો છે...

બીજી તરફ, કબૂતરોને કામચલાઉ ચણ-પાણી આપવાનો પ્રતિબંધ બોમ્બે હાઈ કોર્ટે ચાલુ રાખ્યો છે તો આ વિવાદમાં હાલના તબક્કે વચ્ચે ન પડવાનો નિર્ણય સુપ્રીમ કોર્ટે લીધો છે તો કબૂતરપ્રેમી તરફ સહાનુભૂતિ દર્શાવતા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ માત્ર ગોળ ગોળ વાતો કરી રહ્યા હોવાથી મુંબઈના કબૂતરખાનાનો વાદ-વિખવાદ ખરો ગૂંચવાયો છે...

આમ એક તરફ દિલ્હીમાં ભટકતા શ્વાન અને મુંબઈમાં કબૂતરો પર દાણા-પાણીને લઈને પશુપ્રેમીઓ સત્તાવાળા સામે આર-પારની નક્કર લડાઈ લેવાના જુસ્સામાં છે.

અહીં આપણે પ્રજાના જાતભાતના વિરોધ પછી એમાંથી પલટાતાં આંદોલનની વાત કરી રહ્યા છીએ ત્યારે તમને પણ યાદ હશે કે ૨૦૨૧માં એવું એક કિસાન આંદોલન થયું હતું, જેણે દેશ આખાને કામચલાઉ હચમચાવી દીધો હતો. ...



દિલ્હીઃ ભટકતાં કૂતરાં



મુંબઈઃ કબૂતરોને ચણ

ચારેક વર્ષ પહેલાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ આશરે ૧૦ મહિના ચાલેલા ખેડૂતોના આ આંદોલનના અંતે મોદી સરકારે ઝૂકવું પડયું હતું. એ વખતે દેશભરમાંથી ૪૦ હજાર કિસાન એમનાં ૨ લાખ ટ્રેકટરો લઈને દિલ્હી પહોંચી ગયા હતા..!

આ રીતે વિશાળ ટ્રેકટર માર્ચ દ્વારા વિરોધ પ્રગટ કરવાના ખેડૂતોના આવા વિચારથી આપણને સહેજે વિસ્મય થાય. આપણે ત્યાં આ પ્રકારનો પહેલો વિરોધ હતો. જોકે, આપણી પહેલાં પણ નેધરલેન્ડમાં આ પ્રકારની ટ્રેકટર માર્ચ દ્વારા વિરોધ થઈ ચૂક્યો છે. 'દેશમાં વધતા જતા પ્રદૂષણ માટે ખેડૂતો જવાબદાર છે...' એવો ત્યાંની સરકારે ટકોર કરતાં ત્યાંના ખેડૂતો એવા ગિન્નાયા કે એમણે એનાં વિરોધમાં દેશભરમાંથી ૧૦ હજાર ટ્રેકટર સાથે હેગ સિટી તરફ પ્રયાણ કરીને ૯૯૮ કિલોમીટરના માર્ગ- હાઈ-વે એવા જામ કરી નાખ્યા કે સરકાર તોબા પોકારી ગઈ ને ખેડૂતો સામેના આક્ષેપો પાછા ખેંચીને સમાધાન કરવું પડ્યું...! ટ્રેકટર સાથે હેગ પર આવી ચઢાઈ કરવાનું મુખ્ય કારણ એ કે અહીં રાજવી પરિવાર રહે છે ઉપરાંત 'યુનો'ની આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટ પણ અહીં છે!

આવો જ ટ્રેક્ટર મોરચો ફ્રાન્સ તેમ જ અમેરિકામાં સફળતાપૂર્વક યોજાયો હતો. વોશિંગ્ટનની એ ટ્રેક્ટર - રેલીથી ત્યાંના સત્તાવાળા એવા ઊંઘતા ઝડપાયા કે રેડ પાડવી- દરોડા પાડવા પરથી 'ટ્રેક્ટર રેડસ' શબ્દ ત્યાંની રોજિંદી બોલીમાં ઉમેરાઈ ગયો..!

આમ જાતભાતની ચળવળ અને વિરોધ પ્રદર્શનને કારણે અનેક સરકાર કે સત્તાવાળા મુસીબતમાં મુકાતા આવ્યા છે. અલબત્ત, આવી બધી ચળવળ પાછળ મોટેભાગે વિદ્યાર્થી અને યુવાનો જ આગળ હોય છે.

ઉદાહરણ તરીકે, દેશમાં ઊતરતું જતું શિક્ષણનું સ્તર અને મોઘું થતું ભણતર તરફ સરકારનું ધ્યાન દોરવા ચીલીના પાટનગર સેન્ટિયાગોમાં ૧૦૦ જેટલાં સ્ટુડન્ટસે જાહેરમાં 'ચુંબન મહોત્સવ' યોજ્યો, જ્યાં ચળવળકાર યુવાન-યુવતીઓ ખુલ્લેઆમ એકમેકને કીસ કરતાં હતા ને આજુબાજુ પોસ્ટર્સ લગાડ્યાં કે 'અહીં પ્રેમ ફ્રીમાં મળે છે ને ભણતર મોંઘુ છે..!'

જાહેર સ્થળો પર આ પ્રકારના સતત પ્રદર્શનના પરિણામે સત્તાવાળાએ શિક્ષણ-લોનનું વ્યાજ તાબડતોબ ઘટાડી દીધું..!

આ જ રીતે કેનેડાની કૉલેજોમાં વધતી જતી ફી સામે વિરોધ દર્શાવવા ત્યાંના કૂયુબેક- મોનટ્રિયલ- ટોરેન્ટોમાં આશરે ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ અર્ધનગ્ન અવસ્થામાં આંદોલન શરૂ કર્યું. માત્ર જાંગિયાભેરની આ ચળવળ ત્રણેક મહિના ચલાવ્યા પછી સત્તાવાળાએ ફીમાં ધરખમ ઘટાડો કરીને એમની વાત માનવી પડી.

આમ જુવો તો આ પ્રકારના અર્ધ કે પૂર્ણ નગ્ન અવસ્થા કે જાહેરમાં સમૂહ ચુંબન દ્વારા થતાં વિરોધ કે પ્રદર્શનની તાત્કાલિક ચર્ચા જરૂર થાય, પણ હવે એ બહુ સહજ થઈ ગયા છે. એમાં નવીનતા રહી નથી. તમારા વિરોધને વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવો હોય એની વાત -ચર્ચા સાગમટે થાય એ માટે વિશાળ જનસમુદાયના સરઘસ-મોરચા જરૂરી છે ને એમાંય કશુંક નવું તત્ત્વ- નાવિન્ય હોવું જરૂરી છે. એક ઉદાહરણ લઈએ...


અમેરિકામાં ડોનલ્ડ ટ્રમ્પ પહેલી વાર રાષ્ટ્રપ્રમુખ બન્યા પછી મહિલાના હક્ક વિશે એ કંઈક આડુંઅવળું બોલ્યા એમાં ત્યાંની મહિલાઓ બગડી.

વોશિંગ્ટનમાં જબરી રેલી કાઢી, જેમાં સામેલ ૩ લાખ સ્ત્રી-પુરુષોએ પિન્ક- ગુલાબીનાં પર્સ-સ્કાર્ફ-મફલર સાથે રાખેલાં. અમેરિકાની મહિલાઓને ટેકો આપવા લંડન- પેરિસમાંય આવાં પિન્ક ગુલાબી ગુલાબી મોરચા યોજાયા હતા..!

આવા ગુલાબી વિરોધ પરથી આપણે ત્યાં પણ ભભૂકી ઊઠેલી આવી જ એક સનસનાટીભરી ઘટના યાદ કરવી જોઈએ.

થોડાં વર્ષ અગાઉ 'વેલેન્ટાઈન ડે' વખતે મેંગ્લોરના એક પબમાં બિયર પીતી કેટલીક યુવતીને 'શ્રી રામ સેના' નામની એક સ્થાનિક ગ્રૂપના અમુક યુવકોએ 'આ ભારતીય નારીની સંસ્કૃતિ નથી.' એવું કહીને ફટકારી. બસ, પછી તો નિશા સુસાન નામની એક મહિલા પત્રકાર એવી વિફરી કે બીજી મહિલાઓને સાથે લઈને પેલાઓની સંસ્થા પર એમને પિન્ક નીકર-ગુલાબી ચડ્ડીઓનો ઢગલો કર્યો. એમની આ અનોખી ચળવળને દેશભરમાં એવો જબરો પ્રતિસાદ મળ્યો કે ગણતરીના દિવસોમાં જ ૫૦ હજારથી વધુ ગંદી ગુલાબી નીકરો પેલાઓ પર વરસી..!

આ ઘટના પછી પબ કે બારમાં જતી કોઈ યુવતી-મહિલાને કોઈ કનડતું નથી!




પિન્ક ચડ્ડી-પેન્ટિસ પ્રોટેસ્ટનું પ્રતીક દ્વારા મેંગ્લોરની નારીઓનો વિરોધ

આવો જ એક ચકચારભર્યો અન્ડરવેર જાંગિયા વિરોધ રશિયામાં પણ થયો હતો. રશિયાના સર્વેસર્વા પુતિનના કટ્ટર વિરોધી એવા વિપક્ષના નેતા એલેકસી નેવલનીને જેલમાં એના બ્લ્યુ અન્ડરવેરના અસ્તરમાં ઝેર ભેળવીને એની હત્યા કરવામાં આવી છે એવી વાત બહાર આવતા એલેકસીના સર્મથકોએ રશિયાભરમાં વાદળી જાંગિયા સાથે વિરોધ પ્રદર્શનો યોજ્યાં હતાં, જેનો પડઘો જગતભરમાં પડ્યો હતો.

આપણે ત્યાં વર્તમાનમાં ચાલી રહેલા રખડતા શ્વાન અને ચણ-પાણી વગર તરફડતાં કબૂતરોના વાદ વિખવાદ વિરોધ હજુ ભભૂકે છે, પણ એનો સુખદ ઉકેલ બનતી ત્વરાએ આવે એવી આશા રાખીએ...

જો કે, આ બધા વચ્ચે આપણે એ યાદ રાખવું જોઈએ કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ઘરના- ભૂખ હડતાલ-સવિનય અસહકાર-અનાદર, વિગેરે નીતિ-રીતિ દ્વારા સત્તાને કઈ કઈ રીતે હંફાવવી એનાં આપણને તદન અહિંસક અદ્‌ભુત પાઠ શીખવ્યા છે.

૨૦૨૧માં ભૂમિપૂત્રોની ચળવળ વખતે સરકારે ખેડૂતોની ટ્રેકટર રેલી રોકવા કાંટાળી વાડ અને સિમેન્ટના અવધોરક સાથે લોખંડના ખિલ્લા જમીનમાં જડી દીધા પછી એ ખિલ્લાને ખસેડીને આપણા જગતના તાતે ત્યાં પુષ્પોના છોડ વાવ્યા હતા... આ પણ એક ગાંધીગીરી જ હતી...! ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# હાચિકો સ્ટેચ્યૂ - જાપાનના જ નહીં, દુનિયાના સૌથી લોકપ્રિય કૂતરા પાસે...




જ્યાં પણ જાઓ ત્યાંની વળતી ટિકિટ લઈને જાઓ એટલે સમયસર પાછું તો ઊપડી જ જવું પડે. કાવાગુચિકોથી વળતી બસનો સમય થયો એટલે અમે ફુજીને છેલ્લે સારી રીતે સ્ટેશનથી અને થોડી વાર બસમાંથી જોવા માટે સજ્જ હતાં. જાપાન છે, એટલે બસ સમયસર આવી, કોઈ પણ કષ્ટ વિના ભરાઈ, સમયસર આગળ ચાલી. અમને બારી પણ ફુજીની સાઈડ જ મળી. હવે ધાર્યા કરતાં વધુ થોડી વાર ફુજી દેખાઈ ગયો. તેમાંય એ વિસ્તારનો એક કન્વિનિયન્ટ સ્ટોર તેના લોકેશનના કારણે ખાસ ખ્યાતનામ બની ગયો છે. આમ તો આખાય જાપાનમાં ઢગલાબંધ લૉસન સ્ટોર્સ છે. પણ આ સ્ટોરની બરાબર છત પર ફુજી ગોઠવાયેલો હોય તેવું લાગતું હતું. અમારે તો ત્યાં ખાસ ચાલીને જવું પણ ન પડ્યું. ઊલટાનું બસમાંથી પરફેક્ટ હાઈટ પરથી તે વ્યૂને પણ થોડી પળો માટે માણી લીધો. હવે ધીમે ધીમે વાતોમાં ફુજી પાછળ નીકળી ગયો. જાપાન જે રીતે મનને ભાવી રહ્યું હતું, અહીં ફુજીને છેલ્લી વાર જોયો હોય તેવું જરાય ન લાગ્યું. જો ક્યાંય પાછાં જવાનો પ્લાન બનતો હશે તો તે લિસ્ટમાં જાપાન ઘણું આગળ હશે એ હવે નક્કી હતું.

જોતજોતામાં શિન્જૂકુ સ્ટેશન ફરી આવી ગયું. સવારની બે ટ્રેઈનની હાડમારી ક્યાંય ભુલાઈ ગઈ. રાત પડી ગઈ હતી. શિન્જૂકુ સ્ટેશન તો ખુદ એટલું ધમધમતું હતું કે ત્યાં જ નાનકડું ગામ વસેલું હોય તેવું લાગતું હતું. ખરેખર જાપાનના આવાં મહાકાય ટ્રેન સ્ટેશન્સ અને ત્યાંની અંડરગ્રાઉન્ડ દુનિયા બાકી બીજે ક્યાંય નથી. તેનું સૌથી મોટું કારણ જગ્યાનો અભાવ પણ ખરો. ટ્રેન સ્ટેશનની આસપાસ શોપિંગ અને





મનોરંજનના વિસ્તારો એવી રીતે ગોઠવાયા છે કે ત્યાં જવા માટે લોકો આપમેળે જ ટ્રેનથી જાય અને રસ્તા પર ભીડ અને ટ્રાફિક થોડો ઓછો થઈ શકે. અન્ડરગ્રાઉન્ડ સ્ટેશનમાં ચાર-પાંચ માળ તો ક્યાંય પણ જોવા મળી જતા હતા. શિબૂયા સ્ટેશનમાં તો સાત માળ હતા. એટલું જ નહીં, ટોક્યો સ્કાયટ્રીમાં તો ટાવરની નીચે દસ માળની જમાવટ છે. ક્યાંક પાર્કિંગ લોટ, ક્યાંક બસ સ્ટોપ, ક્યાંક મલ્ટિપ્લેક્સ, ક્યાંક શોપિંગ મોલ, ક્યાંક ડોન્કી એટલે કે ડોન કિહોટે નામની સુવિનિયર શોપ, બધું ત્યાંનું ત્યાં જ એક જ ભોંયરામાં મળી જતું.

એવામાં શિન્જૂકુ પહોંચતાં હજી માંડ અંધારું થયું હતું. હવે તે દિવસે વિચાર્યું કે હાચિકોના સ્ટેચ્યૂ પર માથું ટેકવી આવીએ. જાપાનને સાચાં હોય કે કાલ્પનિક અને કાર્ટૂનનાં, પ્રાણીઓ અને પક્ષીઓથી ખૂબ પ્રેમ છે. પછી તે માયથોલોજિકલ ગોડઝિલા હોય કે પછી ખરો હાચિકો નામનો આકિતા ઇનુ બ્રિડનો કૂતરો, મહત્ત્વ બધાંને અહીં એટલું જ મળ્યું છે. અમને ગોડઝિલાનું સ્ટેચ્યૂ ફોટોગ્રાસના પ્રમાણમાં સાવ ટચૂકડું લાગ્યું હતું, પણ હાચિકો તો એક ભવ્ય ચોકમાં મૂકવામાં આવ્યો છે. ત્યાં સ્ટેશનની ઘણી એક્ઝિટ પર તો હાચિકોના ચિત્ર સાથે એરો બતાવેલાં હતાં. તમે ધારો તો પણ હાચિકો ક્યાં છે તે ચૂકી શકો નહીં. એવામાં અમે એકઝિટ પર પહોંચ્યાં અને તરત જ કૂતરાનું મજેદાર શિલ્પ નજરે પડ્યું. અમે તો ધારેલું કે સાંજે ત્યાં લોકો ઊભરાતાં હશે, પણ તે સમયે ત્યાં માંડ બે-ત્રણ જણાં ફોટો પાડતાં દેખાયાં.

પોતાની વફાદારી માટે જગવિખ્યાત કૂતરો જોવા પ્રાઇમ ટાઇમ પર કોઈ ખાસ ન આવ્યું હોય તે કઈ રીતે બને. પહેલાં તો લાગ્યું કે અમે જ ક્યાંક ખોટા ચોક પર પહોંચી ગયાં હોઇએ, પણ હાચિકો તરફની સાઈન તો ખોટું નહોતી બોલતી. બસ અમારી આંખોએ હજી ત્યાંની ભીડ જોઈ ન હતી. ત્યાં ફોટા પાડવા માટે આખા ચોકને ફરતી મારી જિંદગીની સૌથી લાંબી લાઈન લાગેલી હતી. બસ, શિલ્પ પાસે લોકો પોતાની પ્રાઇવસીથી ફોટા પડી શકે તે માટે બધાંએ લાઈન થોડે દૂરથી ચાલુ કરી હતી. જાપાનમાં ટૂરિસ્ટની ભીડ પણ લાઈનના સ્વરૂપે જ હોય છે. અમે તો હાકોનેથી નક્કી કરી ચૂક્યાં હતાં કે માત્ર ફોટો અને રીલ્સની લાઈનમાં અમે નહીં ઊભા રહીએ. અમે ખુશી ખુશી હાચિકોના સ્ટેચ્યૂનો દૂરથી જ ફોટો પાડીને મનમાં જ તે લોયલ કૂતરાને શ્રદ્ધાંજલિ આપી દીધી.

આ હાચિકો ૧૯૨૩માં જન્મેલો અને પ્રોફેસર ઉએનોનો પાલતુ અને મનપસંદ બની ગયો હતો. બંને રોજ સાથે ઘરેથી ચાલીને શિબૂયા સ્ટેશન સુધી જતા. પછી પ્રોફેસર ટ્રેન લઈને જતા અને સાંજે કામ પતે એટલે પાછા ફરતા. ત્યાં આખો દિવસ હાચિકો તેમની ધીરજથી રાહ જોતો રહેતો. પછી બંને સાથે ફરી ચાલીને ઘરે પાછા ફરતા. ૧૯૨૫માં અચાનક જ પ્રોફેસરનું અવસાન થઈ ગયું અને તેઓ સાંજે પાછા ન આવ્યા. તે પછી પણ હાચિકો દસ વર્ષ સુધી રોજ સવારે નિશ્ચિત સમયે એકલો સ્ટેશન પહોંચી જતો અને ત્યાં પ્રોફેસરની રાહ જોતો. હવે એ જ સ્થળે શિબૂયા સ્ટેશનની બહાર હાચિકો આજે પણ શિલ્પનાં રૂપમાં ત્યાં જ બેઠો છે. જાપાનીઝ લોકો માટે હાચિકો લોયલ્ટીનું પ્રતીક બની ગયો છે. તેને વાર્તાઓ, કાર્ટૂન, ચિત્રો, ફિલ્મોમાં પણ સ્થાન મળ્યું છે. ઘણાં તો હાચિકોને દુનિયાનો સૌથી વફાદાર કૂતરો પણ કહે છે.

જોકે ભારતીયોને તો જેકી શ્રોફની ફિલ્મ 'તેરી મહેરબાનિયાં'નો કૂતરો કે પછી 'હમ આપકે હૈં કૌન'નો ટફી પણ એટલાં જ વફાદાર લાગે. પણ જાપાનમાં હાચિકો એટલો લોકપ્રિય બની ગયો છે કે તેની બ્રીડ આકિતા ઇનુને જાપાનની નેશનલ ડોગ બ્રીડ બનાવી દેવામાં આવી છે. જાપાનને આમ તો બિલાડીઓ વધુ પસંદ હોવાની વાત છે, પણ હાચિકોની શ્રાઇન પર ઊભાં રહેલાં લોકોને જોઇએ તો લાગે કે કૂતરાઓ પણ લોકપ્રિયતાના મામલે જરા પણ પાછા પડે તેવું નથી.

શિબૂયાની ખ્યાતનામ બિલાડીને આ વફાદાર કૂતરા તરફથી લોકપ્રિયતાના મામલે બરાબર કોમ્પિટિશન મળી રહી હતી. જો કે તે સમયે તો લાગ્યું કે થ્રીડી બિલાડીની નવીનતાની સામે હાચિકો પ્રત્યે મુલાકાતીઓને વધુ પડતી સહાનુભૂતિ હતી.

આ કૂતરાના સ્ટેચ્યૂ પાસે અમે સેલ્ફી ન લીધી, પણ તેની હાજરી અને લોકોનો તેના પ્રત્યેનો પ્રેમ ત્યાં જરૂર અનુભવી શકાતો હતો. અમે હવે બાકીનો સમય શિન્જૂકુ સ્ટેશન પર વિતાવવાનાં હતાં. રાત પડ્યે રોપોન્ગીની હોટલ પાછું પહોંચવાનું હતું. હવે તો જાણે રોપોન્ગીની હોટલ ઘર જેવી લાગવા માંડી હતી. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com



# કેનેડીના આ વાક્યનો મર્મ હજુ સુધી આપણે કેમ સમજ્યા નથી?

થોડા દિવસ પહેલા સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વનું રૂલિંગ આપ્યું. આપણે ત્યાં મોટે ભાગે બને છે એમ પ્રજાના મોટા વર્ગને સ્પર્શતા આ રૂલિંગ વિશે થવી જોઈએ એટલી ચર્ચા ન થઇ.

વાત એમ છે કે ત્રિશૂર જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈ-વે નંબર : ૫૪૪નો ટોલ પ્લાઝા થોડા સમય માટે બંધ કરાવવા કેરળ હાઈ કોર્ટમાં અરજી થયેલી.

અરજીકર્તાઓનું કહેવું હતું કે આ હાઈ-વે પર વધુ પડતા ખાડા અને ટ્રાફિકની સમસ્યાઓને કારણે હાઈ-વેની પરિસ્થિતિ અત્યંત બદતર છે. જ્યાં સુધી આ પરિસ્થિતિ સુધરે નહિ ત્યાં સુધી વાહનચાલકો પાસે ટોલ વસૂલવો જોઈએ નહીં. કેરળ હાઈ કોર્ટે વાહનચાલકોની તરફેણમાં ચુકાદો આપ્યો.

હાઈ-વેની જાળવણી કરવી, ટોલ ટેક્સ ઉઘરાવવો વગેરે બાબતોનું નિયંત્રણ 'નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા-(એનએચએઆઈ)' કરે છે. એના દ્વારા કેરળ હાઈ કોર્ટના ઉપરોક્ત ચુકાદા સામે સુપ્રીમમાં અપીલ કરવામાં આવી. ભારતના સર્વોચ્ચ ન્યાયમૂર્તિ જસ્ટિસ બી. આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદચંદ્રનની બેંચ દ્વારા તમામ પાસાઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને કેરળ હાઈ કોર્ટના ચુકાદાને સર્વથા વાજબી ઠરાવાયો એટલે એ નેશનલ હાઈ-વેનો ટોલ પ્લાઝા ચાર અઠવાડિયા સુધી બંધ રહેશે.

આ ચુકાદા સાથે બેન્ચે કડક ટિપ્પણી પણ કરી કે ખાડાવાળા રસ્તાઓ બિનકાર્યક્ષમતાની નિશાની છે. વાહનચાલકો વિહિકલ ટેક્સ પેટે તો પહેલેથી જ સરકારને પૈસા ચૂકવી દેતા હોય છે તો પછી બિસ્માર હાઈ-વે પરથી પસાર થવા બદલ ટોલ ટેક્સ શું કામ ચૂકવે? હાઈ વેઝ એટલા માટે જ બનાવવામાં આવે છે કે લોકો સરળતાપૂર્વક અને ઝડપથી લાંબા અંતરની મુસાફરી કરી શકે, પણ બેમાંથી એક્કેય સુવિધા સચવાતી ન હોય તો આપણે કઈ વાતના પૈસા ચૂકવી રહ્યા છે?

જે લોકો નિયમિતપણે આપણા દેશના વિવિધ હાઈ-વેઝનો ઉપયોગ કરે છે એ બધા સર્વોચ્ચ કોર્ટના આવા કડક વલણથી રાજી થયા. જો કે આવા એકાદ રૂલિંગ માત્રથી લોકોમાં જાગૃતિ આવી જશે અને દરેક રાજ્યમાંથી આવો અવાજ ઊઠશે એવું માની લેવાની જરૂર નથી, કેમકે આપણને ભારતીયોને ઘણી બધી બાબતો એવી હદે કોઠે પડી ગઈ છે કે આપણે એ દિશામાં વિચારવાનું જ બંધ કરી દીધું છે.

સવાલ માત્ર પૈસા ચૂકવવાનો નથી. નાગરિકોની સુરક્ષાનું ય મહત્ત્વ ખરું કે નહિ? અને જો સુરક્ષાની ચર્ચા થાય તો માત્ર હાઈવે પૂરતા સીમિત રહેવાને બદલે શહેરી માર્ગોને ય આવરી લેવા જોઈએ, કેમકે બિસ્માર હોવા બાબતે શહેરના રસ્તાઓ નેશનલ અને સ્ટેટ હાઈવેથી ચાર ચાસણી ચડે એવા છે. આધારભૂત મળતા આંકડાઓ મુજબ ૨૦૨૩માં ભારતમાં એક લાખ બોત્તેર હજાર જેટલા નાગરિકો અકસ્માતનો ભોગ બનીને માર્યા ગયા. દર ત્રીજી મિનિટે એક નાગરિક મોતને ભેટતો હોય તો એ વાતને ગંભીર ગણવી જ પડે. ઊંચા મૃત્યુદર માટે વાહનચાલકોની બેદરકારી અને અણઆવડત તો જવાબદાર ખરા, પરંતુ બિસ્માર રસ્તાઓ અને નિયમપાલન પ્રત્યેની બેદરકારીનો ફાળો ય એટલો જ મોટો ગણાય. બીજી બાબતો માટે નાગરિકો પોતે જવાબદાર હોઈ શકે, પરંતુ રસ્તાઓની બનાવટ અને નિભાવની જવાબદારી સંપૂર્ણપણે તંત્રને શિરે છે. આજની તારીખે નેશનલ હાઈવે ઓથોરિટી અને મ્યુનિસિપલ કોર્પોરેશન્સ ટેક્સ ઉઘરાવવામાં જેટલી ચીવટાઈ રાખે છે એટલી રસ્તાઓના નિભાવને લઈને નથી રખાતી.

હાઈવે ઓથોરિટીઝ સહિતની જવાબદાર સંસ્થાઓ સાવ ખાડે ગઈ હોય એવું ય નથી. ભારતમાં નવા હાઈ-વેઝનું કામ તેજ ગતિએ થઇ જ રહ્યું છે, પરંતુ પહેલેથી મોજૂદ રસ્તાઓની સમસ્યા વિશે લોકો બહુ બોલતા નથી એટલે સમસ્યાના નિરાકરણ બાબતે સરકારી તંત્ર પણ ઉદાસીન છે.

વિદેશોમાં આ મામલે કેવી પરિસ્થિતિ છે? ખાસ કરીને વિકસિત દેશોમાં મોટા ભાગના હાઈ-વેઝ ભારતની સરખામણીએ બહેતર છે. ભારતીયોને આંચકો લાગે વાત એ છે કે લક્ઝમબર્ગ, ફિનલેન્ડ, લિશ્ટેનસ્ટાઈન, કોસોવો, માલ્ટા, મોનાકો અને સાનમરીનો જેવા નાના નાના યુરોપિયન દેશોમાં તો ટોલ ટેક્સ છે જ નહિ. પ્રધાનમંત્રી મોદી થોડા દિવસો પહેલા સાયપ્રસ દેશની મુલાકાતે ગયેલા. ત્યાં પણ ટોલ ભરવાની સિસ્ટમ નથી. વળી અમુક દેશ એવાય છે જે આપણી માફક દરેક નેશનલ હાઈવે પર ટોલ પ્લાઝા નથી ખડકી દેતા, બલકે અમુક બ્રિજ કે ટનલ અથવા મેજર હાઈ વેઝ પર જ ટોલ ઉઘરાવે છે.

એથી વિરુદ્ધ કેટલાક દેશોમાં ટોલ ટેક્સના દર એટલા ઊંચા છે કે ભારતના ઊબડખાબડ હાઈ વેઝ પ્રત્યેની તમારી તમામ ફરિયાદોનો એક ધડાકે છેદ ઊડી જાય! દાખલા તરીકે મુંબઈગરાને સી-લિંક રોડ પર કિલોમીટર દીઠ આશરે સાડા નવ રૂપિયા ટોલ ટેક્સ ભરવો પડે છે, જ્યારે ઓસ્ટ્રેલિયાના શહેર મેલબોર્ન ખાતે આવેલા સિટીલિંક નેટવર્કનો ૨૨ કિલોમીટર લાંબો રોડ પાર કરવા માટે ૧૦ ઓસ્ટ્રેલિયન ડૉલર્સ ટોલ ચૂકવવો પડે. રૂપિયા મુજબ ગણીએ તો કિલોમીટર દીઠ ૨૫.૪૫ રૂપિયા.

સેન્ટ્રલ લંડનમાં પણ મુંબઈની માફક ગીચ ટ્રાફિકની સમસ્યા હતી. સત્તાવાળાએ એમાંથી બચવા જબરો ઉપાય અજમાવ્યો. પિક-અપ અવર્સ દરમિયાન જો તમારે સેન્ટ્રલ લંડનના અમુક વિસ્તારોના મુખ્ય માર્ગોનો ઉપયોગ કરવો હોય, તો એક દિવસના ૧૫ યુરો જેવડો ચામડાફાડ ટેક્સ ચૂકવવો પડે! (આજની તારીખે ૧ યુરો એટલે આશરે ૧૦૧ રૂપિયા) આ ચાર્જ માટે ટોલ ટેક્સને બદલે 'કન્જેશન ચાર્જ' એટલે કે ભીડભાડ ઉપર લાગતો ચાર્જ જેવા શબ્દો વાપરવામાં આવે છે.

યુરોપ-અમેરિકામાં બીજા અનેક માર્ગો એવા છે, જે આપણને મોંઘાદાટ લાગે, પણ ટોલ ટેક્સના ઊંચા દરો સામે ઉત્તમ ક્વોલિટીના રસ્તાઓ પણ મળે છે એ વાત ભૂલવી ન જોઈએ.

જોકે આપણા ભારતની સમસ્યા જરા જુદી છે. આપણે ધારીએ તો વિશ્વમાં સૌથી સસ્તા દરના ટોલટેક્સ સાથે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા હાઈ- વેઝ બનાવી શકીએ એમ છીએ, પરંતુ આ કેમ શક્ય નથી બનતું એની પાછળ જવાબદાર ભ્રષ્ટાચાર સહિતનાં અનેક કારણ પણ જાણીતા છે.

યુએસએના સદ્ગત પ્રમુખ જ્હોન એફ કેનેડીએ એક વાર કહેલું કે અમેરિકા સમૃદ્ધ દેશ છે એટલે એના રસ્તા સારા છે એવું નથી. બલકે અમેરિકાના રસ્તા સારા છે એટલે એ સમૃદ્ધ દેશ બની શક્યો છે...!

ચીન-અમેરિકા વચ્ચેની વ્યાપારિક ભીંસમાંથી નીકળીને ખરા અર્થમાં વિશ્વગુરુ બનવા ઇચ્છતા ભારતીયોએ કેનેડીના વાક્યનો મર્મ સમજવાની તાતી જરૂર છે. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com


# પુણેના પાનશેતનું કોવ આવાસ...

૧૭૦ ચોરસ મીટર વિસ્તારનું, સન ૨૦૨૧માં તૈયાર થયેલ 'રેડ બ્રિક સ્ટુડિયો' દ્વારા ડિઝાઇન કરાયેલ પુણેના પાનશેતનું કોવ આવાસ કેટલીક રીતે નોંધપાત્ર છે. આ આવાસનો પ્લાન મૂળભૂત રીતે સામાન્ય કહી શકાય તેવો છે. એક લાંબા લંબચોરસને ત્રણ ભાગમાં વિભાજિત કરાયો છે. વચ્ચેના ભાગમાં દીવાનખંડ તથા ભોજન વિસ્તારનો સમાવેશ કરાયો છે. તેની એક તરફ રસોડું છે. રસોડાની બાજુમાં એક શયનકક્ષ અને તેની યુટીલીટી ગોઠવવામાં આવી છે. વચ્ચેનાં ભાગની બીજી તરફ બે શયનકક્ષ તથા તેની યુટીલીટી ગોઠવાઈ છે. વચ્ચેના મુખ્ય વિસ્તારની સામે વિશાળ મંચ બનાવાયો છે જેનાં પર ઊભાં રહીને ચારે તરફનો કુદરતનો નજારો માણી શકાય. તેની થોડીક આગળ પાણીનો કુંડ બનાવ્યો છે. મુખ્ય લંબચોરસની એક તરફ પણ પાણીનો ભૌમિતિક આકારનો કુંડ બનાવ્યો છે. આ સમગ્ર આયોજનનું પ્રવેશ સ્થાન વચમાં છે જે ઉપરના સ્તર પરથી ઓર્ગેનિક કહી શકાય તેવાં પગથિયાં દ્વારા મુખ્ય પ્રવેશ સ્થાન પર પહોંચે છે. પ્લાનની દૃષ્ટિએ આમાં નવીનતા છે તેમ કહી ન શકાય, પરંતુ જે રીતે આ સમગ્ર પ્લાનનું વિગતિકરણ કરવામાં આવ્યું છે અને તે કુદરતી માહોલની અંદર જે રીતે ગોઠવાઈ જાય છે તે સમગ્ર રચનાને રસપ્રદ બનાવે છે.

આ એક રોજના ઉપયોગ માટેનું આવાસ નથી પરંતુ અઠવાડિયાના અંતે પ્રાપ્ત થતાં 'અવકાશ'ને કુટુંબીજનો તથા મિત્રમંડળ સાથે માણવા માટેની તક સમાન વ્યવસ્થા છે. આ મકાનના સ્થાનની પસંદગી માટે ખાસ સંવેદનશીલતા તેમજ ચીવટતા રાખવામાં આવી હોય તે સ્વાભાવિક છે. ચારે બાજુ પશ્ચિમી ઘાટના પર્વતોથી ઘેરાયેલ, શહેરી ચહલપહલથી દૂર, કુદરતી વનરાજી વચ્ચેનું આ સ્થાન પસંદ કરવાથી કેટલાંક પડકાર પણ ઊભાં થાય અને કેટલાંક નિર્ણયો આપમેળે પણ લેવાતાં થાય. એમ કહી શકાય કે આ પ્રકારનું સ્થાન મકાનની રચના માટે કેટલીક ક્લુ આપે તો કેટલીક મુશ્કેલીઓ સર્જે. એમ જણાય છે કે આ રચનામાં ક્લુનો સરસ ઉપયોગ થયો છે અને મુશ્કેલીઓનું અસરકારક નિરાકરણ કરાયું છે.


એક રીતે આ આવાસ કુદરત સાથે ભળી જાય છે તો સાથે સાથે તે પોતાનું વિધાન પણ સ્થાપિત કરે છે. આ રચના કુદરતના રૂપરંગ સાથે ગોઠવાઈ જાય છે અને સાથે સાથે એક દ્રઢ ભૌમિતિકતાને પણ મહત્ત્વ આપે છે. અહીં ભૂગોળની સાથે ભૂમિતિનું પણ મહત્ત્વ જોવાં મળે છે. આ રચના પ્રમાણમાં સૌમ્ય છે પરંતુ પોતાની ઓળખ પણ જાળવી રાખે છે. આ સ્થાને જમીનની જે ઊંચનીચ હોય તેનો રચનાત્મક ઉપયોગ પણ અહીં જોવા મળે છે અને જ્યાં જરૂર જણાય ત્યાં જમીનને સમતલ પણ બનાવી દેવાઇ છે. આજુબાજુની પરિસ્થિતિ સાથે દ્રશ્ય સંપર્ક સાધવા માટે અહીં પ્રયત્ન પણ કરાયો છે અને જ્યાં જરૂર જણાય ત્યાં ગોપનીયતાને પણ મહત્ત્વ અપાયું છે. આ આવાસ આમ તો આધુનિક જીવનશૈલીને પ્રતિબિંબિત કરે છે, પરંતુ તેની બનાવટમાં જે સામગ્રીનો ઉપયોગ થયો છે તેમાં પરંપરાગત શૈલીની અસર વર્તાય છે.

એક રીતે જોતાં આ આવાસનો મોટાભાગનો વિસ્તાર એક છત દ્વારા જ આચ્છાદિત છે, આ છત ઘરની લગભગ પૂરેપૂરી લંબાઈમાં ઊંધા વળાંકાકાર બનાવાઈ છે જે સમગ્ર મકાનને નાટકીયતા પ્રદાન કરે છે. આ છત 'વી' આકારના લોખંડના માળખા પર ટેકવવામાં આવી છે અને તેની નીચે ચારે તરફ બારીઓ ગોઠવાઈ છે જેનાથી આ છત જાણે કે હવામાં તરતી હોય તેમ, હલકી ફુલકી પ્રતીત થાય છે. આને કારણે આ મકાનનું દ્રશ્ય પ્રમાણમાપ સૌમ્ય અને આવાસીય બની રહે છે. આ છતની બનાવટ ફેરો-સિમેન્ટ તકનીકથી કરવામાં આવી છે અને તેથી તેની જાડાઈ માત્ર બે ઇંચ જેટલી જ જરૂરી બની છે. વળી તેના ઊંધા આકારને કારણે અહીં વરસાદનું પાણી એકત્રિત થઈ શકે છે જ્યાંથી તેનો યોગ્ય રીતે સંગ્રહ થાય છે.





સામાન્ય રીતે નજરે ન ચડતું પ્રવેશ, નીચેના સ્તરે ગોઠવાયેલ સમગ્ર આવાસ, ત્યાં સુધી પહોંચવા માટે જાણે કુદરતી માહોલ વચ્ચે બનાવવામાં આવેલ રસપ્રદ પગથિયાં, કુદરત સાથે દશ્ય સંપર્ક સ્થાપવામાં સરળતા રહે તે માટે ગોઠવાયેલા વિશાળ બારી-બારણાં, કુદરત સાથે સામીપ્ય કેળવી શકાય તે માટે બનાવવામાં આવેલ વિશાળ 'ડેક', મિત્રમંડળ અને કુટુંબ સાથેની હળવાશ ભરેલી ક્ષણોને સમાવવા સ્થાનના મનોવૈજ્ઞાનિક વિસ્તાર માટે રહેલી સંભાવનાઓ, પગથિયાં પરથી જ ઘરમાં પ્રવેશતાની સાથે જ આવાસની આરપાર કુદરતી પરિસ્થિતિ સાથે સ્થપાતો દ્રશ્ય સંપર્ક, સ્થાન આયોજનમાં રહેલી સાદગી, જરૂરિયાત પ્રમાણે મકાનના દરેક અંગનું થયેલું નિર્ધારણ, કુદરતી હવા-ઉજાસ માટે યોગ્ય આયોજન, સરળ આયોજન સાથે પણ જળવાઈ રહેતી રસપ્રદતા તથા રચનાના દરેક નિર્ણયની પરસ્પરની સુસંગતતા - આ આવાસની કેટલીક ખાસિયતો છે.




આ આખા આવાસને ઘેરા લાલ રંગના ગ્રિટ ફિનિશ્ડ - પથ્થરની નાની-નાની કપચીમાંથી તૈયાર કરાયેલ પ્લાસ્ટરનો ઓપ અપાયો છે જેનાથી એક રીતે આવાસ કુદરતી પથ્થરના માહોલ સાથે મેળ પણ ખાય છે અને નજર પણ આકર્ષિત કરે છે. તેની અપેક્ષાએ અંદરની મોટાભાગની દીવાલો સફેદ તેમજ લીસી રાખવામાં આવી છે. ક્યાંક પથ્થરની પ્રસ્તુતિ તો ક્યાંક જમીન સાથે મેળ ખાય તેવો ઓપ, ક્યાંક ડોકીયું કરતું પાણી તો ક્યાંક નિર્ધારિત લીલોતરી, ક્યાંક કુદરતની વ્યવસ્થાને અપાયેલું સન્માન તો ક્યાંક માનવીય હસ્તક્ષેપ, આ આવાસમાં આવી ઘણી બાબતો ચીવટતાથી નિર્ધારિત કરાઈ હોય તેમ જણાય છે. એકંદરે આ એક માણવા જેવું આવાસ છે તેમ કહી શકાય. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ચિંટિયો ક્યારે ભરવો એ શીખવું જોઈએ...




મારા ઘરની બાજુમાં જ એક કોર્પોરેટ કપલ રહેવા આવ્યું છે. નાનકડો છોકરો અને બે માણસ પોતે. કોર્પોરેટ કપલ બે રીતે કહ્યું. એક તો બંને કોર્પોરેટ કંપનીમાં કામ કરે છે અને બીજું કોર્પોરેટ કંપનીનો મુદ્રાલેખ હોય છે કે કામ હોય ત્યારે ચરણોમાં આળોટી લેવું અને કામ ન હોય તો સામેથી આવતા દેખાય તો ગલી બદલીને ચાર આંખ કરવાનું પણ ટાળવું.

આ બંને પણ એવા જ. છોકરાને સાચવવાનો હોય તો પાડોશીઓ લાખના બાકી બંને એકબીજાના વખાણ કરીને કહી દે કે અમારા 'એ' કામથી કામ રાખે, કોઈ ઝંઝટ નહીં, કોઈની પંચાત નહીં, અને કોઈની અંગત જિંદગીમાં ડોકિયું ન કરે.... ટૂંકમાં અમે કોઈને સામેથી બોલાવીએ નહીં અમારે કામ હોય તો અમે દોડીને આવી જઈએ.

સવારના પહોરમાં જ પતિ- પત્ની અને ચિન્ટુ ગાંઠિયા - જલેબી લઇ અને મારા ઘરે પ્રગટ થયા. મને ધ્રાસ્કો પડ્યો. આવતાની સાથે જ એમણે ડાઇનિંગ ટેબલ પર પડીકું ખોલ્યું અને ઓપરેશન થિયેટરમાં દર્દીને એનેસ્થેસિયાની દવાનો ડોઝ ઇન્જેક્ટ કરે અને પાંચ સેકન્ડમાં દર્દી બેહોશીમાં આવી જાય તેમ ગાંઠિયા- જલેબીની સુગંધથી મારા બધા ધ્રાસ્કાસભર વિચાર અદ્રશ્ય થઈ ગયા. 'જાને યે મોકા ફિર મિલે ના મિલે, આગે આગે જો હોગા દેખા જાયેગા...' આવું મનમાં બોલી ને મેં ગાંઠિયા- જલેબીને પૂરતો ન્યાય આપ્યો.

મારો ઓડકાર પૂરો થવો અને એનો મારા ઘરની નવી ટીપોઈ માગવી બંને ભેગું થઈ ગયું. અડધી કલાકમાં મારી નવી ટીપોઈ અને બે સિંગલ સોફા એના ઘરની શોભા બની ગયા.

આજે એની કંપનીના બોસ પરિવાર સાથે રાત્રે જમવા આવવાના હતા અને પ્રમોશનની વાત થવાની હતી એટલે સારું લગાડવા માટે મારા ફર્નિચરનો ઉપયોગ થયો હતો. અંદરથી હું રાજી પણ થયો કે ચાલો, કોઈને પ્રમોશન મળતું હોય તો અડધો દિવસ આપણે સોફા વગર ચલાવીશું.

સાંજે બોસ એમનાં ધર્મપત્ની અને એમનાં દીકરો- વહુ અને એમની આંગળીએ બોસનો છ સાત વર્ષનો પૌત્ર નોની આવી પહોંચ્યાં.

થોડીવાર થઈ પછી પેલા કપલમ ઘરમાંથી ત્રુટક ત્રુટક અવાજ ને ભેગા કરી ને મેં આખું વાક્ય બનાવ્યું કે છોકરાઓ તોફાને ચડ્યા છે અને જે વસ્તુ હાથમાં આવે તેનો ઘા થાય છે. 'છરી કાંટાથી ના રમાય, એવું ન કરાય, વોટ ઇસ ધીસ? ધીસ ઇસ રોંગ સ્પેલિંગ, કરેક્ટ કરો, યસ વેરી ગુડ...' મને એમ થયું કે ચાલો, છોકરાઓ લખવા બેસી ગયા ડાહ્યા કહેવાય.

ત્યાં નવા અવાજો આવવા લાગ્યા :

'ડોન્ટ જમ્પ, ફોલ ડાઉન થઈ જશો, જો પગમાં વાગ્યું ને? રોવાનું નહીં બ્રેવ બોય છો ને?' અઢી ત્રણ કલાક સુધી આવાં વાક્યો સાંભળી મને કુતૂહલ સાથે મારા ફર્નિચરની ચિંતા થઈ, પરંતુ સીધું તો એમના ઘરે કેમ પહોંચી જવાય? એટલે મેં પણ કોર્પોરેટ કલાકાર બની અને લીંબુ સોડા પેક કરાવી હસતા હસતા પેલા યુગલના ઘરમાં પ્રવેશ કર્યો.

'મને થયું કે તમારા બોસ આવ્યા છે અને તમારા ઘરના સ્વાદિષ્ટ ભોજનને ભરપેટ ન્યાય આપ્યા બાદ પચાવવા માટે સોડા જરૂરી છે. અને પાડોશી પાડોશીને કામ નહીં આવે તો બીજું કોણ આવશે? એટલે તમારે ધક્કો ન થાય માટે હું જ લીંબુ- સોડા લઈને આવ્યો છું.'

આટલું વાક્ય તો હું માંડ પૂરું કરી શક્યો, કારણ કે તરત જ મારી નજર ટીપોઈ પર ગઈ. છરી- કાંટાથી મારી નવી નકોર ટીપોઈ પર નાના નોનીએ કોતરી કોતરી અને આખા ખાનદાનના નામ લખેલા. તેમાં પણ સ્પેલિંગ મિસ્ટેક થઈ હોય ત્યાં સુધારી નવેસરથી લખેલા. જે ટીપોઈને મારા ઘરવાળા દિવસમાં પાંચ વાર પોતા મારતા હોય અને છ વાર ઝાપટતા હોય તેની આ હાલત જોઈ અવાચક થઈ ગયો. એથી વધારે તો મારા બંને સોફામાં વચ્ચોવચ આખો પગ અંદર સમાઈ જાય તેવડું કાણું પાડી અંદરનું ફોર્મ કાઢી છોકરાઓ રમતા હતા તેનો વસમો આઘાત લાગ્યો.

પેલું કોર્પોરેટ કપલ મારા ચહેરાના હાવ ભાવ જોઈ સમજી તો ગયું. બોસ ના જુએ તે રીતે બે હાથ જોડી મને સાચવી લેવા આજીજી કરવા લાગ્યું. મને થયું કે ચાલો કાંઈ વાંધો નહીં. આ ત્રણેય વસ્તુ અહીં મૂકી ને કહેશું કે નવું મારા ઘરે આપી દેજો. બોસને તો જાણે કશો ફરક પડતો જ ન હતો. છોકરાઓના માથે હાથ ફેરવી અને પછી પોતાના પેટ પર હાથ ફેરવી 'બહુ મજા આવી, નેક્સ્ટ મીટિંગમાં પ્રમોશનની વાત કરશુ'. કહી નીકળવા જતા હતા ત્યાં એનો ચિન્ટુ મારી બાજુમાંથી પસાર થયો અને મારા પગ પર એનો પગ પડ્યો એટલે તરત જ મેં એને ઊંચકી લીધો અને કરવું ન જોઈએ છતાં પુષ્ટ ભાગમાં જોરદાર ચિંટિયો ભરી લીધો. આ બધું એટલું ઝડપથી થયું કે હાજર તમામ લોકોને એમ થયું કે પગની ઠેસ વાગવાથી રોવે છે. મેં પણ કહ્યું કે 'બેટા એવું તો ચાલ્યા કરે.'

જતા જતા બોસ કોર્પોરેટ કપલને કહેતા ગયા કે 'સારી કંપનીના સોફા બનાવડાવો આવા....આવા તકલાદી ન ચાલે.'

એકવાર તો મને થઈ ગયું કે એ બન્નેના આખા ખાનદાનને ચિંટિયાની જરૂર છે.

અમુક છોકરાઓને મા- બાપ ઘરમાં તો તોફાન ન કરવા દે, પરંતુ 'બહાર જઈ અને તોફાન કરો' તેવી સૂચના આપતા હોય તેવું સ્પષ્ટ લાગે.

તમે જ કહેજો મેં જે છેલ્લે ચિંટિયો ભર્યો તે એના મા- બાપે કે પેલા કોર્પોરેટ કપલે વ્હેલા ભરી લીધો હોત તો મારી ટીપોઈ અને સોફા બચી જાત કે નહીં? ■

**વિચારવાયુ:**

*'માનતા' ના હોય એ કોઈનું તો ઠીક-પોતાના સગા બાપનું પણ માનતા ન હોય...*

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

**સસ્તામાં**

દરેક પૂજા, જ્યોતિષ, લઘુરુદ્ર, વાસ્તુ, કાલસર્પ, રાંદલ કથા. 8369339259. (૧૫૩૮૧-એ)

## ૯. લગ્ન સંબંધી

■ મુંબઈનાં / NRIનાં યુવકોનાં / યુવતીઓનાં બાયોડેટાઓ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૩૭૫)

**મંગલમ મેરેજબ્યુરો**

વિધવા, છૂટાછેડા, વિધુર, હેન્ડીકેપ સર્વ જ્ઞાતિ માટે. સંપર્ક- 8108037839. (દહેજ નહીં). (બી-૧૬૩૯૨)

**■ 1976 બોર્ન વૈષ્ણવ ડિવોર્સી યુવક માટે ડિવોર્સી, વિધવા એક બાળકવાળી, ઘર જમાઈ બનશે. રિલેશનશીપ. જ્ઞાતિબાધ નથી. જયેશ- 8976467844. (દહેજ નહીં) (બી-૧૬૩૯૪)**

**પરિચય સંમેલન**

14/09/2025, રવિવારે, કાંદિવલીમાં સમસ્ત ગુજરાતી સમાજના/ દરેક જ્ઞાતિના કુંવારા/ છુટાછેડા/ વિધવા/ વિધુર માટે. શ્રી હરિઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (૧૫૩૮૧-સી)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav, Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (229-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૬૨૯૪)

**મહેમાનોના ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૨૨૮-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**ચિરાગ**

દક્ષિણ ભારત, યુપી, વારાણસી, પ્રયાગરાજ, અયોધ્યા, મુક્તિનાથ, નેપાળ, ચંપારણ્ય, જગન્નાથપુરી, ગંગાસાગર. 7303560200/ 9660523040. (૧૫૩૮૦/એ)

## ૧૪. નોકરી ખાલી છે

**પ્રોપર બોમ્બેમાં**

IPO ભરી ફાઈલ કરવા/ વૉટ્સએપ મેસેજ કરવા વીકમાં એક વખત વ્યક્તિ જોઈએ. 9892387267. (૨૩૨-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**''તક''**

''નિવૃત્ત, ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ/ ફુલટાઈમ કામ''. ''તાલીમ ઉપલબ્ધ''. ''ઓફિસ સપોર્ટ મળશે.''. ''કોઈ રોકાણ નહીં'' :- 8879985966/ 9320132162. (૨૦૯/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**મલાડ (વેસ્ટ)**

**2 બેડરૂમ દીપનીકેતન બિલ્ડિંગ ફર્નીશ્ડ, 550' કાર્પેટ 1.40/- CR નીયર મીત્તલ કોલેજ, - 9869244158. (એસડીબી-૨૮૩૬)**

**કાંદિવલી (વેસ્ટ)**

મહાવીર નગર, લિંક રોડ, 3 બેડરૂમ 1100' યુઝેબલ કાર્પેટ 2.75 CR નેગોશિએબલ 9324854365. (૨૨૨-એ)

**અંધેરી (ઈસ્ટ)**

**રેડી પઝેશન સ્ટેશન / દેરાસર પાસે એમેનિટીઝવાળા ટાવરમાં 4 બેડરૂમ 1567' ફૂટના હાયર ફ્લોરના ફ્લેટો સસ્તા ભાવે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૮૨૧)**

**દેવલાલી**

ફ્લેટ, દુકાન, બંગલા, પ્લોટ લેવા - વેચવા / ભાડેથી. પરેશ - 9930803959 - 9930106054. (૧૬૨-સી)

**વિલે-પારલા (ઈસ્ટ)**

સ્ટેશન નજીક પ્રાઈમ લોકેશનમાં ફુલી ફર્નિશ્ડ ૩ બેડરૂમ, હોલ, કીચન ૧૨૦૦' કારપેટ ફ્લેટ તુરંત જ આઉટરાઈટથી રેડી પઝેશનમાં આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓ પોતાની ઓફર મોકલવા વિનંતી મોબાઈલ - 09819201737, 09820550033. (૨૦૬-એ)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૧૫૫-એ)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૬૩૭૩)

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાયસન્સથી 4 બેડરૂમ્સ વેસ્ટર્લી ફ્લેટ 1236' 11મો માળો નવું મકાન બજાજ રોડ, આપવાનો છે. એજન્ટઃ અશ્વિન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૦૨-સી)**

**વિલેપાર્લે વેસ્ટ**

**ઓનરશીપથી નવું બિલ્ડિંગ 2 બેડરૂમ્સના 2 ફ્લેટ ૭૪૦' ૧૧મે અને ૧૦મો માળ, બજાજ રોડ, આપવાના છે. એજન્ટઃ અશ્વિન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૦૨-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**વાના પ્રોપર્ટી**

૨ બેડરૂમ, ગામદેવી, તાડદેવ, વ્યાજબી ભાવે લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૩૬૫)

**વાના પ્રોપર્ટી**

૪ બેડરૂમ, તાડદેવ, ૩ બેડરૂમ ગેરેજ સાથે પેડર રોડ, ૩ બેડરૂમ નવા બિલ્ડિંગમાં ગોવાલિયા ટેન્ક - લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૩૬૨)

**વાના પ્રોપર્ટી**

૨/૩/૪ બેડરૂમના ફ્લેટો, વાલકેશ્વર, રીજ, નેપિયન્સી, પેડર, વોર્ડન રોડ, કેમ્પસ કોર્નર - ગોવાલીયા ટેન્ક, ગામદેવી લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૩૬૪)

**બોરીવલી (ઈસ્ટ)**

દત્તપાડા 3 બેડરૂમ 1050' ગુજરાતી સુંદર સોસાયટી (2.71). ઓનરઃ- 9820177738. (૧૭૦-એ)

**માટુંગા ફાઈવ ગાર્ડન**

બે થી પાંચ બેડરૂમના લકસરીયઝ ફ્લેટો રેડી બંધાતામાં લેવા મળો જવાહર ઠક્કર ૯૮૨૧૩૬૩૧૧૩. (૨૯૬)

**ઘાટકોપર (ઈસ્ટમાં)**

**વેચાણથી- રો-હાઉસ બંગલો, નો-ટ્રાફિક, નો-પોલ્યુશન. સંપર્કઃ 9323650893. (૧૯૩-સી)**

**DISCOUNT 3,00,000/-**

In stamp Duty, Festival offer 1 બેડરૂમ 340' કારપેટ, 95 લાખ+, - 440' કારપેટ 1.23 કરોડ+, માસ્ટર બેડરૂમ કાંદિવલી વેસ્ટ એસવી રોડ સ્ટેશનની સામે, Swastick House 9820866563. (જેપી/૪૫૧૨-સી)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

**૪ બેડરૂમ કારપેટ ૧૯૦૦', નવું બિલ્ડીંગ, ઓ.સી. સાથે, 9.25 કરોડ, નેગોશીયેબલ, લેવા/ વેચવા / લીવલાયસંસથી. ''ચેતન નાગર'' 9820141544 / 9920141544. (બી-૧૬૩૪૭)**

**મલાડ (વેસ્ટ)**

**માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી- ભાડેથી. લેવા.- ભરત પટેલ- 9820054730, નિષીત- 9920041841. (એસડીબી-૨૮૦૧)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

સુધાપાર્ક / MICL - 3 બેડરૂમ, હોલ, કિચન તથા પંતનગર- 1,2,3 બેડરૂમ, હોલ, કિચન, રેડી. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૭૨-એ)

**ANDHERI**

**સ્ટેશન નજીક બજેટમાં FLATS - OFFICES, નવી-જૂની સોસાયટીમાં વેચાતા-ભાડાથી લેવા-આપવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૭૯૯)**

**મરીન ડ્રાઈવ**

૨ બેડરૂમ ૭૫૦ કાર્પેટ વાનખેડે સામે ૧.૫૦ ભાડે અશ્વિન 9820355666. (૩૦૧)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલીમાં- કાંદિવલીમાં- ગોરેગાંવમાં**

પ્રિ-લોન્ચ ઓફર - 19,500/- (રેડીમાં હાલનો ભાવ - 26,000/- થી 36,000/-) ''શ્રીજી'' 98200 45571. (જેપી/ ૪૫૦૯-ઈ)

**વિલેપાર્લા ઈસ્ટ**

**સુંદર હવા ઉજાસવાળો ફ્લેટ. 1050 ૩૧૦૦૦ Per sq feet ૨ પાર્કીંગ સાથે દેરાસરની સામે તુરંતમાં આપવાનો છે. 9619018233. (૩૦૦)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**રેપ્યુટેડ બિલ્ડર્સના અંડર કન્સ્ટ્રકશન પ્રોજેક્ટમાં - ૧ બેડરૂમ, હોલ, કિચન, 475', 499 કારપેટ, ૨ બેડરૂમ, હોલ, કિચન - 785' કારપેટ, 3 બેડરૂમ, હોલ,કિચન - 1100', 1230', 1370' કારપેટ, 4 બેડરૂમ, હોલ, કિચન, 1410' કારપેટ, 6 બેડરૂમ, હોલ, કિચન - 2200' કારપેટ, વધુ વિગત માટે સંપર્ક - HOME - ALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૨૧૨-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી. તિલક રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન - 740' કારપેટ. 9821069113, 9870769113. (૨૧૨-સી)

**મરીન ડ્રાઈવ**

૪ બેડરૂમ ૧૫૫૦ કાર્પેટ ૧ ગેરેજ વાનખેડે સામે ૧૧ ફાઈનલ અશ્વિન 9820355666. (૩૦૨)

**દહિસર (ઈસ્ટ)**

ઠાકુર મોલની બાજુમાં, 2 બેડરૂમ 536' કાર્પેટ, 31માં માળે નેશનલ પાર્કનું નયન રમ્ય દૃશ્ય. 1.45 Cr નેગોશીએબલ. 9324854365. (૨૨૨-સી)

**અંધેરી (ઈસ્ટ)**

2 બેડરૂમ - 700' - પાર્કિંગ - શિલ્પા બિલ્ડિંગ - 75K. તેમજ ફુલ્લી ફર્નિશ્ડ 3 બેડરૂમ - 960' - જમ્બો દર્શન - 95K ''નવકાર એસ્ટેટ'' 8879129237. (જેપી/ ૪૫૧૨-ડી)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705' અને 3 BHK, 951' વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક - 9930333456 (P51800055546). (૧૯૧-એ)

**લોનાવાલા-ખંડાલા**

ફ્લેટો-રોહાઉસ-બંગલાઓ-નાના-મોટા-પ્લોટ લેવા-વેચવા. શ્રીજી- ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૩૦૬)

**''બોરીવલી (વેસ્ટમાં)''**

**''1 બેડરૂમ- 33,000/- 2 બેડરૂમ- 45,000/- થી 65,000/-, 3 બેડરૂમ- 75,000/- થી 1,25,000/- તથા દુકાન ભાડેથી લેવા/ આપવા માટે સંપર્કઃ અશોકભાઈ''- 9821362244. (૨૨૫-બી)**

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

રામ કૃષ્ણ મિશન પાસે- નવું બિલ્ડીંગ-૪ બેડરૂમ એરિયા ૧૮૨૫' કારપેટ+ સર્વન્ટ ટોઈલેટ, ૩ પાર્કિંગ, જીમ અને ઓ.સી. સાથે, તુરંત વેચવાનો. ફોનઃ- ''ઓનર'' 9820156133. (બી-૧૬૩૯૦)

## ૧૭. જગ્યા આપવી છે

**વાલ્કેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્શીયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૮૩૮)

**બોરીવલી (વેસ્ટ)**

**સોડાવાલા લેન, ૨.૫ બીએચકે, 832' કારપેટ, હાયર ફ્લોર, ૨ પાર્કિંગ સાથે વેચાણથી લેવા. ભાનુ પ્રોપર્ટીઝ- 9930219031, 9967346036. (૨૨૭-એ)**

**ઘાટકોપર ઈસ્ટ- કોલ ઓનર**

**૬૦' રોડ, પ્રીમીયમ ન્યુ ટાવર, ૨ બેડરૂમ અનટચ રીસેલ ફ્લેટ લેવા. 7208215105. (૨૨૭-બી)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વિવિધ પ્રાઈમ લોકેશનમાં વેચાણથી. ૧ બેડરૂમ ૩૦ ફ્લેટ્સ, ૨ બેડરૂમ ૫૦ ફ્લેટ્સ, ૩ બેડરૂમ ૪૦ ફ્લેટ્સ. તથા કોમર્શિયલ ઓફિસો. નામદેવ 9322671121. (એસડીબી-૨૮૩૭)

**''માટુંગામાં''**

**''જૈન દેરાસર પાસે નવા ટાવરમા 2/3 બેડરૂમના બ્યુટીફુલ ફ્લેટ્સ, OC છે.'' ''ઓજલ બિલ્ડર્સ''- 8591254627. (૨૨૬-એ)**

**અંધેરી (વેસ્ટ)**

2 BHK ''યશોધન'' (4.25 કરોડ), 2 BHK ''અરૂણોદય'' (4.00 કરોડ), 2 BHK ''ગ્રીનકોર્ટ'' (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ - જુહુ સ્કીમ લીવલાયસન્સથી ''ગૌતમ જોષી'' 9322236433 / 9821069632. (૨૨૩-એ)

**''જુહુ જેવીપીડી''**

**સ્પેશીયસ 2 + 2= 4 BHK, JODI FLATS, 880 + 880= 1,760' કાર્પેટ, વાસ્તુ પર્ફેક્ટ, ગાર્ડન ફેસીંગ, રેડી પઝેશન, 4 ઓપન પાર્કિંગ, સરસ મેન્ટેન્ડ સોસાયટી, જુહુ સર્કલની નજીક, ટોપ સીક્યોરીટી, 24 કલાક BMC પાણી, 2 એગ્રીમેન્ટ પોસીબલ, લોઅર ફ્લોર, બાળકો સાથેના વર્કીંગ કપલ માટે તથા સીનીયર સીટીઝન માટે શ્રેષ્ઠ, Price : 7.25 Cr. (Negotiable). + ઉપરાંત 3 BHK, 1,225' કાર્પેટ, મીડલ ફ્લોર, 1 પાર્કિંગ, ફર્નિશ્ડ ફ્લેટ, 10મો રોડ, જુહુ સ્કીમ, Price : 7.25 Cr. (Negotiable). રેરા રજી. એજન્ટ: ''પંકજ શાહ'' - 98200-86849 // 98209-88006. (૨૨૪-એ)**

**બોરીવલી ઈસ્ટ**

નજીકમાં પઝેશન, 1 બેડ 350 કાર્પેટ, માસ્ટર બેડ, 1.05 Cr ફુલ પેકેજ. દેવાંગ - 9773701111. (જેપી/૪૫૧૧-ઈ)

**પ્રભાદેવી**

ટ્વીન ટાવર લેન 815' 2 બેડ ફર્નિશ્ડ પાર્કિંગ સાથે, 5,25,00,000/-. 9819569698. (૨૨૮-ઈ)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી West**

ભાટીયા હોલ પાસે 380' કાર્પેટ 1,10,00,000/- અર્જન્ટ વેચાણથી. 9819569698. (૨૨૮-ઈ)

**REDEVELOPMENT ગયેલા**

**બિલ્ડિંગોમાં ફ્લેટ/ શૉપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૨૩૧-સી)**

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**

જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કિંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૪૦ લાખ (નેગોશીએબલ) 7045336155. (એસડીબી-૨૮૩૯)

**''વહેલો તે પહેલોના ધોરણે''**

**ત્રણ બેડરૂમ ટેરેસ સાથે ફૂલી ફર્નિશ ફ્લેટ વેચવાનો છે. સ્વિમિંગ પૂલ, જીમ, ગાર્ડન, એક પાર્કિંગ સાથે, બીજે માળે, ''મેરેથોન ગેલેક્સી'', 2 વસંત ઓસ્કારની સામે, LBS માર્ગ, મુલુંડ વેસ્ટ મુંબઈ. આ ઓફર 10 સપ્ટેમ્બર 25 સુધી છે. વહેલો તે પહેલોના ધોરણે. ફ્લેટ વેચવા માટે અમારી ઓફર છે 2.65 cr. તમારે ફ્લેટ જોઈને ઓફર આપવાની છે. 2.50 cr. થી 2,65 cr. સુધી. જેની ઓફર સારી લાગશે તેની સાથે અમે ડીલ નક્કી કરીશું. "Upcoming metro station nearby." ફોટા જોવા માટે નીચેના નંબર પર WhatsApp મેસેજ કરજો. Contact: Owner Kamlesh Panchal 9820125374, Neel Panchal 9820020880. (૨૨૪-બી)**

**અંધેરી (વેસ્ટ)**

સ્ટેશન સામે, પેઈંગ ગેસ્ટમાં છોકરાઓ માટેની જગ્યાઓ ૯૦૦૦ ભાડું + ૯૦૦૦ ડિપોઝિટમાં લેવા. રાજેશભાઈઃ ૯૮૨૦૭૭૨૩૯૦. (૨૩૦-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી-1 BHK- 463' કારપેટ, હાયર ફ્લોર, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, પાર્કિંગ અને OC સાથે, બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ, ચિંતામણી દેરાસરની બાજુમાં ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992, જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૧૩-ડી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી-3 BHK- 885' કારપેટ, હાયર ફ્લોર, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, પાર્કિંગ અને OC સાથે, એમિનિટીઝ સાથે બ્રાન્ડ ન્યુ ટાવર, શહાજી રાજે રોડ, પ્રબોધન ઠાકરે કલબની બાજુમાં ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992, જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૧૩-સી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી-3.5 BHK- 1150' કારપેટ, સ્ટિલ્ટ પાર્કિંગ અને OC સાથે, નરીમાન રોડ, રજિસ્ટર્ડ વેલ મેનટેન સોસાયટી, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992, જતીન વીરા- 9119512675. (જેપી/ ૪૫૧૩-બી)

**કાંદિવલી (વેસ્ટ)**

ભાડેથી-1 બેડરૂમ 30000/- 2 બેડરૂમ 45000/- એમ.જી. રોડ રેડી લેવા 7498921336. (જેપી/૪૫૧૩/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**POWAI**

Rental Vikhroli - W Mayfair Symphony 2 BHK - 950 Cpt, 3 Toilets, Furn AC, 3 Side Open, Parking, Deck, Gym, 70K/3L, Mehta: 9323365000 / 8369662987. (223-A)

**'THE KOLLAGE'**

Available, 2 BHK 939'-4.25 Cr. pkg, 2.5 BHK 1128 - 5.18 Cr. pkg., 3 BHK 1452'-6.50 Cr.pkg. Next to Regency hotel, off W.E.Highway & Gundavali Metro Stn, Ready possession, OC Received s/pool-Gym-kids play area-multi purpose Hall-Amphi theater etc. site Andheri East 9619827779. (JP/4510-B)

**LALLUBHAI PARK ANDHERI WEST**

Luxurious project ARAVE

2 BHK - 600/679/808'

3 BHK - 1127/1270'

4 BHK - 1480'

- Jodi also available
- G+13 storey building with 20+ Amenities

MahaRERA # P51800079479

Contact Site : 99337 30044

(B-16336)

**ZERO MAINTENANCE SOCIETY**

1 BHK Flat for Sale + Parking, at Tardeo. Atul, 9820070445, 9920070445. (B-16379)

**WADALA (W), KATRAK ROAD,**

Nr Ram Mandir and 5 Gardens 2.5 BHK S/F, Parking, Usable 750', Ownership 3.25 Cr. neg. Call 9821230938 - 9821053128. (216-A)

**MATUNGA EAST EXCLUSIVE**

**1 Flat Per Floor, Open on all sides, 2000 + usable Large Balcony, Beautiful views Motivated Seller 12 Cr. revised 11.25 Cr. Open to offers 9004078342. (B-16362)**

**MAHALAXMI READY OC FLATS**

**Resale and Investors Deals 2, 3 Bed 4.50 Cr., 7.35 Cr. 7 Star Amenities Rooftop Amenities also Byculla 2, 3 Bed with Jain Mandir and 7 Star Amenities Large Layout 3.35 Cr., 4.50 Cr. - 98192 27923. (B-16266)**

(જુઓ પાનું ૧૨) ▸▸

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ધખારો | ફજેતી |
| ધગશ | મજબૂત |
| ધરખ | ઉકળાટ |
| ધજાગરો | ભરવાડ |
| ધનગર | હોંશ |

### ઓળખાણ પડી?

સુંદર - મનોરમ્ય પાંખડીઓ, મધ મીઠી સુગંધ અને પ્રેમ - કલ્પનાના પ્રતીક ગણાતા સ્પેનની વરાયટીનું ફૂલ ઓળખાયું?

અ) LILY
બ) STOCK
ક) DAISY
ડ) CARNATION



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ત | ર | ૨ બો | ળ | | ૩ વ્યા | ખ્યા | ન | ૪ મા | ળા |
| ર | | લ | | ૫ જ | જ | | | દ | |
| ખા | | ૬ બા | વ | ળ | | ૭ અ | ચ | ર | ૮ જ |
| ૯ ટ | ૧૦ ક | લા | | ૧૧ બં | ૧૨ ક | ર | | ૧૩ પા | ન |
| | સ | | ૧૪ બ | બા | લ | | ૧૫ ભ | ટ | જી |
| ૧૬ ધ | બ | ૧૭ ક | | કા | | ૧૮ સા | થ | | વ |
| ર્મ | | ૧૯ સ | વા | ર | | | વા | | ન |
| ૨૦ સં | ૨૧ ગ | મ | | | ૨૨ ના | ગ | રી | ૨૩ ક | |
| ૨૪ ક | ર | | ૨૫ રા | ૨૬ હ | ત | | | ૨૭ લ | ૨૮ ડ |
| ૨૯ ટ | ક | રા | હ | ટ | | ૩૦ ધો | ધ | મા | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | | | | ૧૦ | ૧૧ | | ૧૧-અ | | |
| ૧૨ | | | ૧૩ | | ૧૪ | | | | |
| | | ૧૫ | | | | | ૧૬ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | | ૨૦ | | ૨૧ | | | |
| | | | ૨૨ | | | ૨૩ | ૨૪ | | ૨૫ |
| ૨૬ | | ૨૭ | | ૨૮ | | | | | |
| | | ૨૯ | ૩૦ | | | | ૩૧ | | |
| ૩૨ | | | | | | ૩૩ | | | |
| | | ૩૪ | | | | | | | |

**આડી ચાવી**

૧. તરખાટ, ધમાલ, હોબાળો (૫)
૫. રાહત, મોકળાશ (૪)
૯. આદેશ, આજ્ઞા, ફરમાન (૩)
૧૦. કીકો, સ્વરઉચ્ચારણમાં પડતો ફેર (૨)
૧૧અ. એક દેવી (૩)
૧૨. પોયણું (એક ફૂલ)નું અંગ્રેજી નામ (૨)
૧૪. જતન કરવા, સારસંભાળ લેવા (૩)
૧૫. સત્વ, મતલબ, સહાય (૨)
૧૬. વાંચનાર, પ્રાધ્યાપકનો ઉપરી (૩)
૧૮. દિશાનિર્દેશ, બાજુ, ભણી (૩)
૨૦. કિંમતી વસ્તુ (૩)
૨૨. સ્ત્રી (૨)
૨૩. ડાબું (૨)
૨૬. કેરીને બાફીને બનાવાય (૩)
૨૮. ગાયબ, પાસે નથી (૪)
૨૯. દુનિયા, વિશ્વ (૩)
૩૧. સમુદ્રો (૩)
૩૨. બે પાંખાળો ટહુકો (૨)
૩૩. વસ્ત્રવિહીન (૨)
૩૪. આપસમાં, અરસપરસ (૬)

**ઊભી ચાવી**

૧. સુગમતા, સહેલાઇ (જો. છૂ.) (૫)
૨. અસલીનું વિરોધી (૩)
૩. સોગંદ, --- ના જેવું (૨)
૪. ટિપ્પણી (૨)
૬. સોએ કેટલા તેનું પ્રમાણ (૪)
૭. ફળ-શાકભાજીનાં છોતરાં (૨)
૮. ટકા પ્રમાણે (૪)
૧૧. પૂરતા ખોરાકનો અભાવ (૪)
૧૩. આણી (૨)
૧૫. ચોખ્ખું, સ્પષ્ટ (૨)
૧૭. એક તાલવાદ્ય (૨)
૧૯. ગઝલમાં--- કાફિયા મેળવાય (૩)
૨૦. જામીની, જામીનગીરી (૪)
૨૧. આમ ઘોડા પર --- થઇને ના આવો (૩)
૨૪. મદદ કરનાર (૫)
૨૫. ઉપવાસનો દિવસ (૫)
૨૬. શૈશવ (૪)
૨૭. ખાવાપીવાની સગવડ (૨)
૩૦. ધૂળ, દટાયેલું, ઝેર આપનારું (૩)
૩૩. અવાજ, ધ્વનિ (૨)

### ગુજરાત મોરી મોરી રે

નોર્વેના નાટ્યકાર હેનરિક ઈબ્સનના જગવિખ્યાત નાટક પરથી ગુજરાતીમાં ભજવાયેલા નાટકનું નામ શું હતું?

અ) સાપના ભારા બ) સંસારચક્ર ક) ઢીંગલી ઘર ડ) ગૃહલક્ષ્મી

### જાણવા જેવું

અગ્નિ એટલે દેવતા. વૈદક મત મુજબ અગ્નિ ત્રણ પ્રકારનો છેઃ એક ભૌમ, કે જે ઘાસ, લાકડાં વગેરેના બળવાથી ઉત્પન્ન થાય; બીજો દિવ્ય, કે જે આકાશમાં વીજળીથી ઉત્પન્ન થાય અને ત્રીજો ઉદર અથવા જઠરનો, કે જે પિત્ત રૂપે દૂંટીની ઉપર ને હૃદયની નીચે રહીને ખાધેલું અન્ન પચાવે.

### સુડોકુ-૯૦૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | | | | ૩ | | |
| ૯ | ૬ | ૩ | | | ૮ | | | |
| ૨ | | | | ૯ | | | | |
| ૧ | ૪ | | | | ૩ | | | |
| | | | ૯ | | ૬ | | | |
| | | | ૧ | | | | ૪ | ૬ |
| | | | | ૧ | | | | ૫ |
| | | | ૭ | | | ૪ | ૧ | ૯ |
| | | ૮ | | | | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૩ | ૫ | ૮ | ૭ | ૯ | ૧ | ૪ |
| ૭ | ૯ | ૫ | ૬ | ૪ | ૧ | ૩ | ૨ | ૮ |
| ૪ | ૮ | ૧ | ૩ | ૨ | ૯ | ૭ | ૫ | ૬ |
| ૯ | ૧ | ૪ | ૮ | ૭ | ૩ | ૫ | ૬ | ૨ |
| ૮ | ૨ | ૭ | ૯ | ૬ | ૫ | ૧ | ૪ | ૩ |
| ૫ | ૩ | ૬ | ૨ | ૧ | ૪ | ૮ | ૭ | ૯ |
| ૬ | ૫ | ૨ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૧ |
| ૧ | ૭ | ૮ | ૪ | ૩ | ૬ | ૨ | ૯ | ૫ |
| ૩ | ૪ | ૯ | ૧ | ૫ | ૨ | ૬ | ૮ | ૭ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

વિશ્વનું કયું શહેર 'વિન્ડ સિટી' તરીકે ખ્યાતિ ધરાવે છે? અહીંના રાજકારણીઓ બોલ બચ્ચન તરીકે ઓળખાયા છે.

અ) બુડાપેસ્ટ બ) તેહરાન ક) બર્લિન ડ) શિકાગો

### નોંધી રાખો

ગરીબ, વિલાસી અને લોભીની વ્યાખ્યા શું છે? ગરીબ થોડું માંગે, વિલાસી ઘણું માંગે અને લોભી બધું જ માંગે.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૪, ૨૦, ૫૨, ૧૧૬, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૧૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૮૫ બ) ૨૧૦ ક) ૨૪૪ ડ) ૨૯૦

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| દખલ | હસ્તક્ષેપ |
| દગડ | પથ્થર |
| દચક | હડસેલો |
| દરકાર | કાળજી |
| દળદર | ગરીબી |

ગુજરાત મોરી મોરી રે: કૃષ્ણ શાહ

ઓળખાણ પડી: Elephant Shark

માઈન્ડ ગેમ: ૪૮૬

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: ન્યૂ યોર્ક

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) મુલરાજ કપૂર (૮) સુભાષ મોમાયા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજિતા ખોના (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ દોશી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) રમેશ દલાલ (૧૯) હિના દલાલ (૨૦) ઈનાક્ષી દલાલ (૨૧) જ્યોત્સના ગાંધી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) હર્ષા મહેતા (૨૪) વિપીન શાહ (૨૫) ધવલ શાહ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) જીત શાહ (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) ભાવના કર્વે (૨૭) પ્રવીણ વોરા (૨૮) મહેશ દોશી (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) અંબરીષ ઓઝા (૩૩) પુષ્પા ખોના (૩૪) ડાયના સંતોકે (૩૫) અલકા વાણી (૩૬) અરવિંદ કામદાર (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) શિલ્પા શ્રોફ (૩૯) નિતિન જયંતિલાલ બજરિયા (૪૦) કમલ માતલિયા (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) નીતા દેસાઈ (૪૬) કિશોર સંઘરાજકા (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી

## સંસ્થા સમાચાર

### રવિવારે તીર્થ ભૂમિ ગિરનારની ધન્ય ધરા પર સર્જાશે ભવ્યતા, દિવ્યતા અને ધન્યતાનો ત્રિવેણી સંગમ

પ્રભુ નેમ દરબારના રજવાડી શામિયાણામાં પધારશે પ્રભુ મહાવીરના માતા ત્રિશલા દેવીના ૧૪ મહાસ્વપનોની દિવ્ય વણઝાર! જેના પાવનદર્શને કૃતકૃત્ય બનશે વિશાળ જન સમુદાય અને સર્જાશે એવી એ પવિત્ર પાવન ક્ષણ જ્યારે સાક્ષાત પ્રભુ પધાર્યાની અનુભૂતિ કરાવતી કર્ણપ્રિય ભક્તિ સ્તવનાના સૂરો સાથે નૃત્ય - ભક્તિ- કીર્તનામાં ભીંજાએલાં ભાવિકો ભગવાન મહાવીર જન્મોત્સવના ભવ્યાતિભવ્ય વધામણા લઈને આનંદ, ઉત્સાહ અને હર્ષવિભોર બનીને પ્રભુને પારણીયે ઝૂલાવી જન્મારાની ધન્યતા અનુભવશે.

જે આજે પ્રભુનો જન્મોત્સવ ઉજવે તે ભવિષ્યમાં પ્રભુ પરિવારમાં જન્મ પામવાની નિયતિનું સર્જન કરી દેતા હોય છે. આવી નિયતિનું સર્જન કરવા સર્વ ધર્મપ્રેમી ભાવિકો પધારો ગિરનારે, પ્રભુ નેમ દરબારે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યે પ્રભુ ભક્તિના ઝૂલે ઝૂલવા આમંત્રિત કરી રહ્યાં છે પારસધામ ગિરનાર.

### ‘સમેત શિખરજી યાત્રા’ બાબતે જેજેસી નોર્થ ઈસ્ટની કારોબારીએ લીધો મહત્ત્વનો નિર્ણય

જેજેસી નોર્થ ઈસ્ટના નેજા હેઠળ છેલ્લાં ૩૦ વર્ષથી દર બે વર્ષે સ્પેશ્યલ ટ્રેન દ્વારા આયોજિત કરવામાં આવતી શ્રી સમેત શિખરજી યાત્રાનો લાભ હજારો સાધર્મિકોએ લીધો છે.

આ વર્ષે તા. ૭ નવેમ્બર, ૨૦૨૫થી તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન ૧૪મી વખત આખી સ્પેશ્યલ ટ્રેન દ્વારા શિખરજી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેજેસીની ‘યાત્રા પ્રવાસ કારોબારી સમિતિ’એ આ યાત્રામાં જોડાવા ઈચ્છતા જૈન સાધર્મિકો માટે પવિત્ર પર્યુષણ પર્વ નિમિત્તે થ્રી ટિયર સ્લિપર ક્લાસમાં ફક્ત રૂ. ૧૨૦૦૦/- (રૂપિયા બાર હજાર)માં લઈ જવાનો નિર્ણય કર્યો છે. માત્ર થોડીક જગ્યા (સિટ) ઉપલબ્ધ હોવાથી ‘વહેલા તે પહેલા’ના ધોરણે નામ નોંધવામાં આવશે. એ જ રીતે ટૂ ટિયર એસી અને થ્રી ટિયર એસીમાં પણ જૂજ સંખ્યામાં સીટ્સ ઉપલબ્ધ હોવાથી યાત્રામાં જોડાવા ઈચ્છુકોને જાણ કરવાની કે શક્ય તેટલા ઝડપથી જેજેસી કાર્યાલયનો સંપર્ક કરીને નામ નોંધાવી લેવા.

### સ્વતંત્રતા દિવસની ઉજવણી



૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયો હતો. દર વર્ષે આપણે આઝાદીના આ દિવસને ખૂબ હર્ષોલ્લાસથી મનાવીએ છીએ. દેશભરમાં ધ્વજવંદન, દેશભક્તિના ગીતો ગૂંજે છે અને વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. આવો જ ઉત્સાહ અંધેરી (પૂર્વ)માં આવેલી શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઈસ્કૂલમાં જોવા મળ્યો હતો. દેશના સ્વતંત્રતા સેનાનીઓ અને શહીદોના ચિત્રોથી શાળાની દીવાલને શણગારવામાં આવી હતી. સાથે જ વિદ્યાર્થીઓને સમાનતા, ભાઈચારો, ન્યાય અને સ્વતંત્રતાના મૂલ્યો જાળવી રાખવાની અપીલ કરવામાં આવી હતી.

### હાથી-ઘોડા પાલખી, જય કન્હૈયાલાલ કી




કૃષ્ણ પૂજન અને દહીંહાંડીનો કાર્યક્રમ અંધેરી (પૂર્વ)માં આવેલી શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઈસ્કૂલમાં ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. એ દરમિયાન અનેક વિદ્યાર્થીઓ રાધા-કૃષ્ણના વેશમાં આવ્યા હતા. એમને જોઈને લાગતું હતું કે ગોકુળ નગરી અહીં આવી ગઈ છે. કાર્યક્રમની શરૂઆત ભગવાન કૃષ્ણની આરતી અને પૂજાથી થઈ હતી. વિદ્યાર્થીઓએ કૃષ્ણના જીવન પર આધારિત નૃત્ય રજુ કર્યુ હતું.

### જન્માષ્ટમીની ઉજવણી



ઘાટકોપરમાં આવેલી એસ.વી.ડી.ડી. પ્રી-પ્રાયમરી સ્કૂલમાં ભગવાન કૃષ્ણના જન્મોત્સવને ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો. નાના બાળકો રંગબેરંગી વસ્ત્રો, મોરપીંછ, વાંસળી અને આભૂષણોથી સજી-ધજીને આવ્યા હતા. રાધા-કૃષ્ણની ઝલક જોઈને સૌ કોઈ મંત્રમુગ્ધ થયા હતા.

બાળકોએ શ્રીકૃષ્ણની બાળલીલાઓ પર આધારિત નૃત્ય રજુ કર્યુ હતું. વિશેષ આકર્ષણ એટલે ટીચર્સ દ્વારા શ્રીકૃષ્ણ જન્મનો જીવંત અભિનય, કંસના કેદખાનામાં દેવકી-વાસુદેવ દ્વારા કૃષ્ણનો જન્મ અને ગોકુળ સુધીની યાત્રાનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યુ હતું. બાળકોને ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ સમજાવવામાં આવ્યુ. સાથે જ શ્રીકૃષ્ણના જીવનમાંથી પ્રેમ, મૈત્રી અને સદાચારના પાઠ ગ્રહણ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

### જન્માષ્ટમીની ધૂમ

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ચંદાબેટીજી મહારાજ મદનમોહનજીની હવેલીમાં જન્માષ્ટમીનો પર્વ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ફોર્ટમાં આવેલી આ હવેલીમાં આયોજિત આ ઉત્સવમાં શ્રદ્ધાળુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌ લાલાની ભક્તિમાં તલ્લિન થયા હતા. ■

# માલેગાંવ અને ૭/૧૧ના પીડિતોને ન્યાય નહીં મળવા માટે રાજકારણ જવાબદાર: બોરવણકર

પુણેઃ માલેગાંવ અને ૭/૧૧ના વિસ્ફોટ પીડિતો અને રેશનાલિસ્ટ નરેંદ્ર દાભોળકરના સગાઓને સંપૂર્ણ ન્યાય ન મળવાનું એક કારણ રાજકીય હસ્તક્ષેપ છે, એમ પૂર્વ આઇપીએસ અધિકારી મીરાં બોરવણકરે કહ્યું છે.

બુધવારે પુણેમાં ડૉ.દાભોળકરની ૧૨મી પુણ્યતિથિના કાર્યક્રમમાં બોલતા ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ)ના ભૂતપૂર્વ અધિકારીએ દાવો કર્યો હતો કે તેમને આ કાર્યક્રમમાં ભાગ લેવા પર સવાલ ઉઠાવતો એક ધમકીભર્યો ઇમેઇલ મળ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તાજેતરમાં એક મરાઠી દૈનિકના એક લેખમાં પોલીસના કામકાજમાં રાજકીય હસ્તક્ષેપ વિશે મેં લખ્યું હતું એ જ વિષય પર બોલવાનું નક્કી કર્યું હતું. મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર જુલિયો રિબેરોએ પંજાબના એક અંગ્રેજી દૈનિકના એક લેખમાં સ્પષ્ટતા કરી હતી કે મુંબઈ એટીએસના ભૂતપૂર્વ વડા હેમંત કરકરેએ માલેગાંવ બ્લાસ્ટ કેસમાં દિલ્હી સ્થિત નેતાના રાજકીય દબાણ કરવામાં આવ્યું હોવાનું તેમને જણાવ્યું હતું. રિબેરોએ લેખમાં લખ્યું હતું કે કરકરે સાથેની તેમની વાતચીત ૨૦૦૮માં ૨૬/૧૧ના હુમલામાં મુંબઇ એટીએસ (આતંકવાદ વિરોધી ટુકડી)ના વડાના મૃત્યુના એક કે બે દિવસ અગાઉ થઈ હતી, એમ બોરવણકરે જણાવ્યું હતું. માલેગાંવ બ્લાસ્ટનો ચુકાદો આવ્યા બાદ પોતે એ જાણવાની કોશિશ કરી હતી કે પુરાવા ક્યાં ગયા એમ બોરવણકરે જણાવ્યું હતું. ભૂતપૂર્વ આઈપીએસ અધિકારીએ દાભોળકર હત્યા કેસમાં પુણેની અદાલતના નિરીક્ષણને પણ ટાંક્યા હતા. આ સંદર્ભમાં બોરવણકરે જણાવ્યું હતું કે રાજકારણીઓ દાભોળકર હત્યા અને માલેગાંવ બ્લાસ્ટ જેવા કેસમાં જો દખલગીરી કરે અને પીડિતોને ન્યાય ન મળે તો તેનાથી ખરાબ બીજું શું હોઈ શકે? વધુમાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે અમે ૭/૧૧ ના ટ્રેન બોમ્બ ધડાકાના ૧૯૦ પીડિતો અને માલેગાંવ પીડિતોને ન્યાય આપી શક્યા નથી તેમજ દાભોળકર હત્યામાં વાસ્તવિક ગુનેગારોને શોધી શક્યા નથી. અન્ય વિવિધ પરિબળોની સાથે રાજકીય હસ્તક્ષેપ એ એની પાછળનું એક મુખ્ય કારણ છે. (પીટીઆઈ)■

# મેટ્રો બની મુંબઈગરાની નવી લાઈફલાઈન

## એક દિવસમાં ૩,૩૪,૭૬૬ લોકોએ કર્યો મેટ્રોમાં પ્રવાસ

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈઃ ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ મહા મુંબઈ મેટ્રો લાઇન ટૂ-એ અને મેટ્રો-૭ પર ૩,૩૪,૭૬૬ મુંબઈવાસીઓ મુસાફરી કરી હતી, જે અત્યાર સુધીની એક દિવસમાં સૌથી વધુ પ્રવાસીઓની મુસાફરી માનવામાં આવે છે.

૧૮ જૂન, ૨૦૨૫ થી અત્યાર સુધીમાં પ્રવાસીઓએ રેકોર્ડ ૧૩ વખત તોડી નાખ્યા હોવાનો દાવો એમએમઆરડીએ કર્યો હતો. તે ઉપરાંત વોટ્સએપ ટિકિટ વેચાણમાં પણ એક ૭૩,૦૪૪ ટિકિટ સાથે નવો રેકોર્ડ કર્યો હતો. મહા મુંબઈ મેટ્રો વોટ્સએપ દ્વારા મેટ્રો ટિકિટ વેચવામાં ભારતમાં મેટ્રો સિસ્ટમ્સમાં અગ્રેસર છે.

હાલમાં, મેટ્રોના ૬૭ ટકાથી વધુ મુસાફરો ડિજિટલ, પેપરલેસ ટિકિટનો વિકલ્પ પસંદ કરીને પેપરલેસ મુસાફરી કરી રહ્યા છે, જ્યારે ૨૨ ટકા મુસાફરો વૉટ્સએપ ટિકિટિંગનો ઉપયોગ કરી રહ્યા છે. પહેલી ૧ જુલાઈ, ૨૦૨૫ થી પ્રવાસીઓમાં ૧૨ટકાનો વધારો થયો છે. ■

# ડીએએસથી સજ્જ ભારે વાહનોમાં ક્લીનર ફરજિયાત નહીં

## રાજ્ય સરકારે જનતા પાસેથી વાંધા-વિરોધ મગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ડ્રાઇવર આસિસ્ટ સિસ્ટમ (ડીએએસ)થી સજ્જ ભારે માલવાહક વાહનોમાં એટેન્ડન્ટ અથવા ક્લીનરની ફરજિયાત જરૂરિયાતને દૂર કરવા માટે એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે, એમ એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

રાજ્ય પરિવહન વિભાગે ૨૯ ઓગસ્ટ પહેલા આ અંગે જનતા પાસેથી વાંધા-વિરોધ અને સૂચનો મંગાવ્યા છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે શુક્રવારે જણાવ્યું હતું કે રાજ્યમાં ભારે માલવાહક વાહનમાલિકોના અનેક સંગઠનોએ ડ્રાઇવર સાથે એટેન્ડન્ટ રાખવાની ફરજિયાત આવશ્યકતામાં છૂટછાટ આપવાની માગણી કરી હતી.

તેમણે એમ પણ કહ્યું હતું કે ટ્રાન્સપોર્ટરોએ એ વાત ટાંકી હતી કે વાહનોમાં ટેકનોલોજીકલ અપગ્રેડને કારણે હવે એટેન્ડન્ટની જરૂરિયાત ઓછી થઈ ગઈ છે અને એવો પણ નિર્દેશ કર્યો હતો કે એટેન્ડન્ટની નિમણૂક કરવાથી ‘બિનજરૂરી રીતે વહીવટી ખર્ચમાં વધારો થયો છે.’

બુધવારે જારી કરાયેલા ડ્રાફ્ટ નોટિફિકેશનમાં જણાવાયું છે કે, ‘ભારે માલવાહક વાહનમાં એટેન્ડન્ટ રાખવો ફરજિયાત રહેશે નહીં. જો કે, આ મુક્તિ ફક્ત ડ્રાઇવર આસિસ્ટ સિસ્ટમ (ડીએએસ)થી સજ્જ વાહનોને જ લાગુ પડશે.’

સૂચના મુજબ, ડીએએસમાં ૩૬૦-ડિગ્રી વ્યૂ કેમેરાનો સમાવેશ થવો જોઈએ, જે વાહનના બધા બ્લાઇન્ડ સ્પોટ્સ અને પાછળના ભાગનું લાઇવ ફીડ પૂરું પાડી શકે, તેમજ પ્રોક્સિમિટી એલાર્મ સિસ્ટમ પણ હોવી જોઈએ જે ઑડિઓ અને વિઝ્યુઅલ ચેતવણીઓ આપે.

‘આ સિસ્ટમ પાછળથી આવતા ડ્રાઇવરોને અને વાહન રિવર્સ લેવામાં આવતું હોય ત્યારે અન્ય રોડ યુઝર્સને પૂરતી આગોતરી ચેતવણી આપશે અને તે ડ્રાઇવરને સલામતી સુનિશ્ચિત કરવા જરૂરી ચેતવણીઓ આપશે,’ એમ તેમાં જણાવવામાં આવ્યું છે. રાજ્ય સરકારે મહારાષ્ટ્ર મોટર વાહન નિયમો, ૧૯૮૯માં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ બાબતે સરકાર ૨૯ ઓગસ્ટ પછી અંતિમ નિર્ણય લેશે, એમ જણાવવામાં આવ્યું હતું. વાંધાઓ અથવા સૂચનો પરિવહન વિભાગને પરિવહન કમિશનર, પરિવહન કમિશનરની કચેરી, પાંચમો માળ, ફાઉન્ટેન ટેલિકોમ બિલ્ડિંગ નં. ૨, એમ. જી. રોડ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧ને મોકલવા. પરિવહન વિભાગે જણાવ્યું હતું કે નિર્ધારિત તારીખ પહેલાં મળેલા વાંધાઓ અને સૂચનો સરકાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે.■

### ભારે વાહનોના સંગઠનોએ આપી હતી હડતાળની ચેતવણી

મુંબઈઃ રાજ્યના ભારે વાહનો અને માલસામાન પરિવહન કરનારા વાહનોના સંગઠનોએ પડતર માગણીઓ માટે ૧૧ સપ્ટેમ્બરે રાજ્યવ્યાપી હડતાળની ચેતવણી આપી હતી, આમ છતાં ભારે વાહનોના સંગઠનોએ એવી માગણી કરી હતી કે ક્લીનરનો ફરજિયાત ઉપયોગ રદ કરવામાં આવે.

રાજ્યમાં જીવનાવશ્યક અને જરૂરી માલસામાનનું પરિવહન કરતા ઘણા વાહન માલિક સંગઠનોએ માગ કરી હતી કે ડ્રાઇવર સાથે ક્લીનર આપવાની શરત હળવી કરવામાં આવે. હાલમાં, અત્યાધુનિક ટેકનોલોજીની મદદથી વાહનોનું ઉત્પાદન થઈ રહ્યું હોવાથી ક્લિનરની જરૂર નથી. આને કારણે, ખર્ચ બિનજરૂરી રીતે વધે છે. ■

# થાણેમાં બિલ્ડિંગનો જોખમી હિસ્સો તુટી પડ્યા, રહેવાસીઓને ખસેડાયા

(અમારા પ્રતિનિધી તરફથી)

થાણેઃ થાણેમાં એક બિલ્ડિંગની ગેલેરીનો ભાગ તૂટી પડ્યો હતો. તકેદારીના પગલારૂપે આખી બિલ્ડિંગ ખાલી કરવામાં આવી હતી.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટ જણાવ્યા મુજબ શુક્રવારે થાણે (પશ્ચિમ) ઓમ સાઈ પ્રસાદ બિલ્ડીંગ પાસે લક્ષ્મી નિવાસની બાજુમાં કિસાન નગરમાં વાગલે એસ્ટેટ પાછળ સવારે ૧૦.૪૦ વાગ્યે ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની અને ટેરેસ સાથેની લગભગ ૩૫ થી ૪૦ વર્ષ જૂની પંચશીલ નિવાસ બિલ્ડીંગના પહેલા માળનોગેલેરીનો એક ભાગ ધરાશાયી થયો હતો. બિલ્ડિંગનો બાકીનો હિસ્સો જોખમી સ્થિતિમાં હોવાથી તમામ રહેવાસીઓને બિલ્ડિંગ ખાલી કરાવી હતી.



ઘટના સ્થળે ફાયર બ્રિગેડ વાહન સહિત અતિક્રમણ વિભાગનો સ્ટાફ, થાણેના શ્રીનગર પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ, મહાવિતરણના કર્મચારી પહોંચી ગયા હતા.

સુરક્ષાના કારણોસર ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ સ્ટાફ અને ફાયર વિભાગના કર્મચારીઓની મદદથી ઘટના સ્થળે આખી ઇમારત ખાલી કરાવવામાં આવી હતી. છે. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું.

આ બિલ્ડિંગમાં ૬૦થી ૭૦ રહેવાસીઓ રહે છે અને સલામતીના કારણોસર થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્કૂલ નં.:-૨૩ માં તેમના માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

પંચશીલ નિવાસ બિલ્ડીંગ લગભગ ૩૫ થી ૪૦ વર્ષ જૂની છે. આ ઇમારત સીટુ-એ શ્રેણી એટલે કે અત્યંત જોખમી શ્રેણી હેઠળ આવે છે.

ઇમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર કુલ છ દુકાનો અને પહેલાથી ચોથા માળ પર કુલ ૨૦ રૂમ અને ટેરેસ પર કુલ ૦૩ રૂમ છે. ■

# પ્લાસ્ટિક દંડ ન ભરતા પાલિકાની ટીમ મેડિકલનું ફ્રીજ ઉપાડી ગઈ

## કાશીમીરામાં બનેલી ઘટનામાં કાર્યવાહી કરાશે

ભાયંદરઃ મીરા રોડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની સફાઈ ટીમે પ્લાસ્ટિક બેગ રાખવા બદલ દંડ ન ચૂકવી શકતા દવાની દુકાનના માલિકનું ફ્રીજ ઉપાડી ગયા. સીસીટીવી કેમેરામાં કેદ થયેલી આ સમગ્ર ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરમાં સ્વચ્છતા રાખવા અને પ્લાસ્ટિક બેગના ઉપયોગને રોકવા માટે વોર્ડ સ્તરે એક ખાસ સફાઈ ટીમની રચના કરી છે. વહીવટીતંત્રે આ ટીમને રસીદ બુક અને ખાસ યુનિફોર્મ આપ્યો છે. આ ટીમ વોર્ડના વિવિધ વિસ્તારોમાં જઈ રસ્તા પર થૂંકનારા અને કચરો ફેંકનારાઓ સામે કાર્યવાહી કરે છે. વહીવટીતંત્રે આ ટીમને પ્લાસ્ટિક બેગનો ઉપયોગ કરતા દુકાનદારો પાસેથી દંડ વસૂલવાનો અધિકાર પણ આપ્યો છે.

શુક્રવારે સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ વોર્ડ નંબર ૬ ની એક ટીમ કાશીમીરામાં એક દવાની દુકાનમાં ગઈ હતી. આ સમયે દુકાનદાર પાસેથી પ્લાસ્ટિકની થેલીઓ મળી આવી હતી. તેના આધારે ટીમે દુકાનદાર પર ૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જોકે સવારનો સમય હોવાથી તાત્કાલિક દંડ ભરી ન શકવાનું દુકાનદારે ટીમને કહ્યું હતું. આના કારણે દુકાનદાર અને ટીમ વચ્ચે શાબ્દિક દલીલ થઈ અને દંડ ન મળવાથી ટીમના એક સભ્યએ દુકાનદારનું ચોકલેટ અને અન્ય સામગ્રી ભરેલું ફ્રિજ ઉપાડવાનું શરૂ કર્યું. અન્ય કર્મચારીઓએ પણ તેને સહકાર આપ્યો અને ફ્રિજ દુકાનમાંથી બહાર કાઢવામાં આવ્યું. દુકાનદાર રામસિંહ ધાણીયાએ આ ઘટનાનું સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર શેર કર્યું છે અને સંબંધિત કર્મચારીઓ વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મ્યુનિસિપલ કર્મચારીઓના આ કૃત્યથી સમાજમાં રોષ ફેલાયો છે. ભાજપના નેતા રવિ વ્યાસે આ મામલે વહીવટી અધિકારીઓ પાસે જવાબ માંગ્યો છે. આ સંદર્ભમાં જાહેર આરોગ્ય વિભાગના ડેપ્યુટી કમિશનર સચિન બાંગરે પ્રતિક્રિયા આપી છે કે આ બાબતની વિગતવાર માહિતી લીધા પછી યોગ્ય નિર્ણય લેવામાં આવશે. ■

# માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકના પરિવારને ૭૨ લાખનું વળતર ચૂકવવાનો ટ્રિબ્યુનલનો આદેશ

થાણેઃ થાણેમાં એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ચાર વર્ષ અગાઉ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા ૩૩ વર્ષના યુવકના પરિવારજનોને ૭૨.૦૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

ટ્રિબ્યુનલના સભ્ય આર. વી. મોહિતેએ ૨૦ ઑગસ્ટે આપેલા પોતાના આદેશમાં અકસ્માત માટે જવાબદાર પક્ષને અરજીની તારીખથી નવ ટકા વ્યાજ સાથે વળતર ચૂકવવાનું કહ્યું છે.

ખાનગી કંપનીમાં સિનિયર એનાલિસ્ટ તરીકે કામ કરતો સુનીલ લક્ષ્મણ પાટીલ એપ્રિલ, ૨૦૨૧માં ટૂ-વ્હીલર પર મુંબઈ-ગોવા હાઇવે પરથી જઇ રહ્યો હતો ત્યારે પૂરપાટ વેગે આવનારા ટેન્કરે ટક્કર મારતાં તેનું મૃત્યુ થયું હતું.

સુનીલ મહિને ૨૯,૮૨૨ રૂપિયા કમાતો હતો, જેને એમએસીટીએ વળતરની ગણતરી કરવા માટે ધ્યાનમાં લીધો હતો.

સુનીલ પાટીલની પત્ની, બે સંતાન અને માતા-પિતાએ દાવાની અરજી દાખલ કરી હતી અને તેમનું પ્રતિનિધિત્વ એડવોકેટ એસ.એમ. પવારે કર્યુ હતું.

અકસ્માત માટે મૃતકની બેદરકારી જવાબદાર હતી, એવો દાવો બચાવ પક્ષ દ્વારા કરવામાં આવ્યો હતો, જેને ટ્રિબ્યુનલે ફગાવી દીધો હતો. ટ્રિબ્યુનલે કહ્યું હતું કે ટેન્કરનો ડ્રાઇવર એ વ્યક્તિ હતો જેને અકસ્માત ટાળવાની છેલ્લી તક હતી. ટ્રિબ્યુનલે વીમા કંપનીને પ્રથમ મૃતકના પરિવારને ૭.૦૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા અને તે બાદમાં ટેન્કરના માલિક પાસેથી વસૂલવાના નિર્દેશ આપ્યા હતા. (પીટીઆઇ) ■

# લોનની સગવડને બહાને ૧.૩૫ કરોડ રૂપિયા પડાવ્યા

થાણેઃ બાંધકામ પ્રોજેક્ટ માટે લોનની સગવડ કરવાની ખાતરી આપીને નવી મુંબઈના ટૅક્સ કન્સલ્ટન્ટ સાથે ચાર જણે ૧.૩૫ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ફરિયાદને આધારે થાણે પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી) હેઠળ ચાર જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ ગુનો સાત વર્ષ અગાઉ બન્યો હોવાથી ભારતીય દંડ સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું અધિકારીનું કહેવું છે.

પોલીસ ફરિયાદ અનુસાર ૩૩ વર્ષના ફરિયાદીએ પાલઘર જિલ્લાના વસઈ તાલુકામાં આવેલા નાગલા વિલેજ ખાતે જમીન ખરીદી હતી. આ જમીન પર તે પોતાની કંપની શરૂ કરવા માગતો હતો. બાંધકામના ખર્ચ માટે ફરિયાદી જાન્યુઆરી, ૨૦૧૯માં એક કંપની મારફત લોન મેળવવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

લોન પ્રક્રિયા માટે ફરિયાદીને એગ્રિમેન્ટ પર હસ્તાક્ષર કરવાનું કહેવામાં આવ્યું હતું. આરોપીએ ફરિયાદીની કંપની પાસેથી પ્રોસેસિંગ ફીને નામે ૧.૩૫ કરોડ રૂપિયા વસૂલ્યા હતા.

આરોપીએ પ્રોજેક્ટ સાઈટના નિરીક્ષણ અને સ્ટડી માટે કોઈ ટીમ મોકલાવી નહોતી. વાયદા કરીને પણ આરોપીએ કોઈ લોન અપાવી નહોતી.

વારંવારની પૂછપરછમાં આરોપીએ ઉડાઉ જવાબ આપ્યા હતા. આખરે ફરિયાદીએ પ્રોસેસિંગ ફીને નામે પડાવેલાં નાણાં પાછાં માગ્યાં હતાં. ફરિયાદીને નાણાં પાછાં ન મળતાં પોતે છેતરાયો હોવાની જાણ થઈ હતી.

આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ દસ્તાવેજો અને આર્થિક લેવડદેવડની ખાતરી કરી રહી છે. શુક્રવારે મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ ન હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# અમૃત ૨.૦ના બાકી પ્રોજેક્ટ્સ ૩૧ માર્ચ સુધી પૂર્ણ કરો: મુખ્ય પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું કે શહેરી વિસ્તારોમાં અમૃત ૨.૦ મિશન હેઠળ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સંબંધિત પડતર પ્રોજેક્ટ્સ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા જોઈએ.

સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે વોર રૂમની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા, ફડણવીસે સરકારી એજન્સીઓને કલ્યાણકારી યોજનાઓ અને મિશનના અસરકારક અમલીકરણની ખાતરી કરવા નિર્દેશ આપ્યો જેથી તેઓ નાગરિકોના જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો લાવી શકે.

તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારની યોજનાઓના અમલમાં રાજ્ય પાછળ ન રહે તે માટે વિભાગોએ સતર્ક રહેવું જોઈએ.

વિવિધ યોજનાઓ અને પહેલનો હેતુ સામાન્ય લોકોના જીવનધોરણને સુધારવાનો છે. અસરકારક અમલ નિશ્ચિત કરવાની અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાની જવાબદારી વિભાગોની છે, એમ તેમણે કહ્યું હતું. અમૃત ૨.૦ (અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન) મિશનની સમીક્ષા કરતા, ફડણવીસે ભાર મૂક્યો હતો કે શહેરી વિસ્તારોમાં પાણી પુરવઠા, ગટર, ગ્રીન સ્પેસ અને તળાવના કાયાકલ્પને લગતા બાકી પ્રોજેક્ટ્સ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ‘મિશન મોડ’માં પૂર્ણ કરવા જોઈએ. તેમણે અધિકારીઓને પડતર વહીવટી મંજૂરીઓ તાત્કાલિક આપવા અને સ્થાનિક સંસ્થાઓની સમયસર ભાગીદારી નિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે વિલંબ ટાળવા માટે તમામ કાનૂની મંજૂરીઓ મેળવ્યા પછી જ બાંધકામ શરૂ થવું જોઈએ. ‘જો અગાઉથી પરવાનગીઓ આપવામાં આવે, તો કામ વિક્ષેપ વિના શરૂ થઈ શકે છે. વિભાગોએ તબક્કાવાર મંજૂરીઓ પણ નિશ્ચિત કરવી જોઈએ જેથી પ્રોજેક્ટ્સ સરળતાથી આગળ વધે,’ એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. તેમણે શહેરી વિસ્તારોમાં સુલભ આરોગ્યસંભાળ પૂરી પાડવા માટે રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ આરોગ્ય કેન્દ્રો પૂર્ણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ■

### ૧૭. જગ્યા આપવી છે

**AHMADABAD**

Best Investment in Sanand Starting 33 Lacs 405 sq.yd Plot Size Multiple Sizes 9167723483 / 9869070123. (228-A)

AVAILABLE FLAT ON DIStress Outright Sale Tardeo Opp. Bhatia Hospital 1 BHK Converted into 2 BHK 580 Carpet 2nd Floor without Lift Price 2:40 Cr. Buying Selling Leasing 9867010111. (303)

### ૧૮. જગ્યા જોઈએ છે

**મરીન ડ્રાઈવ**

જોઈએ છે અમારા ક્લાઈન્ટ માટે 2/3/4/5 બેડ ચર્ચગેટથી મરીન ડ્રાઈવ અને સાઉથ મુંબઈ. અશોક શાહ 9821036552 www.squarefeetrealty.in (૨૩૨-બી)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાઈસન્સથી ઓફિસ એમ એલ સ્પેસીસ ડી જે રોડ ૧૧૫૦' આપવી છે. એજન્ટ: અશ્વિન મર્ચન્ટ: 9819874515. (૨૦૨-ડી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

સ્ટેશન / મેટ્રો નજીક, પ્રાઈમ લોકેશનમાં, ઓફિસો, વેચાણથી / ભાડેથી. રેડી. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૭૨-સી)

**ઓફિસ - વેચાણથી**

Swastick house, (Festival Discount Rs 3,00,000/- in Stamp Duty) કાંદિવલી વેસ્ટ સ્ટેશન સામે, 340' કારપેટ 95 લાખ+, -440' કારપેટ, - 1.23 કરોડ+, - 90% લોન, Jodi office 690' - 890' કારપેટ સંપર્ક 9820866563. (જેપી/૪૫૧૨-બી)

**''વિરાર (વેસ્ટમાં)''**

''રનિંગ MULTISPECIALITY હોસ્પિટલ (8 કરોડમાં), OC છે'':- 8007342828. (૨૨૫-એ)

**ચર્નીરોડ**

સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**PRELEASED OFFICE**

**મહિને 60,000/= ભાડેથી લાગેલી, ઓફિસ વેચવાની. (1.44 CR) (૨ પાર્કિંગ સાથે) (300' + 300' LOFT) યુઝેબલ - 600' મહાવીરનગર, CROMA/D'MART પાસે, કાંદિવલી (વેસ્ટ). OWNER: 76666 44727. (૨૩૧-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
**સતરા પાર્ક શિંપોલી**

**રીલાયન્સ મોલની પાસે, બ્રાન્ડેડ કમર્શીયલ શોરૂમ 1630' VERTICAL ભાડેથી આપવાનો. (Rs. 225/= PER SQUARE FEET RATE) 76666 44727. (૨૩૧-ડી)**

**દસ હજાર**

ભાડેથી નાની દુકાન મથુરાદાસ રોડ, કાંદિવલી વેસ્ટમાં આપવાની છે અન્ય, પ્રપોઝલ લેવા-આપવા. 9082825482. (૧૫૩૮૧/બી)

### ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**

''ગણપતિ'', ''ભજન'', ''નવરાત્રી દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૨૨૨/ડી)

### મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### ૨૩. મનોરંજન

**''વિનોદ શાહ''**

પ્રોજેક્ટર સ્કીન સાથેઃ માતૃપિતૃ વંદના, દરેક ભાવયાત્રા, પહેડી, સાંજી, પ્રાર્થનાસભા- 9821540500. (બી-૧૬૩૧૮)

**હાસ્ય ધમાકા**

**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્નગીત + ગેમ્સ. 9820464530. (૧૮૫-એ)**

**''ધન્ય તપસ્વી..''**

ઉગ્ર તપસ્યાનાં તપસ્વીને 'શાતા' પહોંચાડતો કાર્યક્રમ (સાંજી) માટે સંપર્ક : ''વિનોદ શાહ'' - 9821540500. (બી-૧૬૩૮૯)

**જય જિનેન્દ્ર**

તપસ્યાના તપસ્વી + અનુમોદના + સાંજી + ભક્તિ + ભજન + ગણપતિ + પ્રાર્થના + નવરાત્રી - 9821795355. (બી-૧૬૩૯૩)

### ૨૭. ઔષધ ઉપચાર

**પગના દુખાવાની**

તેમજ શરીરના અન્ય દુખાવાની આયુર્વેદિક દવા (ઘેરબેઠા મેળવો) સંપર્ક- 9223574060. (જેપી/૪૫૦૯-એફ)

### ૩૧. નાણાંકીય

**ખોવાઈ ગયેલા**

શેરો પાછા મેળવવા, ફિઝિકલ શેર ડિમેટ કરવા, મ્યુચ્યુઅલ ફંડમાં અટકાઈ ગયેલા પૈસા પરત મેળવવા - 9820197333. (જેપી/૪૫૦૯-એ).

**FUNDING**

For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (135-A)

### ૩૨. જમીન - મિલકત

**ટિટવાલા (ઈસ્ટ)**

**વેચાણથી, 400 - 800 સ્કવેર યાર્ડ પ્લોટ સંપર્ક :- 9323650893. (૧૯૩-એ)**

■ કચ્છ ભુજ તાલુકાના ગામડાઓમાં કુકમા લાખોંદ પધ્ધર સ્કીમના પ્લોટો તથા પ્રોપર્ટી તથા મુન્દ્રા તાલુકામાં તથા અબડાસા તાલુકામાં ખેતર જમીન પ્લોટો લેવા તથા વેચવા માટે સંપર્ક કરો. મોબાઈલ નંબર = 9924933596, મોબાઈલ નંબર = 9033296596. ઓફિસ એડ્રેસ= સીતારામ એસ્ટેટ શ્રીનાથજી કોમ્પલેક્ષ શોપ નંબર 7 જુનાવાસ માધાપર ભુજ કચ્છ. (બી-૧૬૩૯૬)

**INVENTORY AVAILABLE**

1) 120 Cr. Property available for Sale at Cumballa Hill 2) 18 Cr. Property available for Sale at Alibaug 3) Plots / Bungalow for Sale for Investment / Second Homes for 85 Lakhs / 4.5 Cr. / 6.5 Cr. at Alibaug 4) Hotels available for Sale / Investment / Management Contracts @ Mumbai 5) 10600 sqft Site available for Sale for Showrooms / Dealerships / Franchises / Supermarkets at Kandivali SV Road Contact meghatrambak@gmail.com (B-16395)

### ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૩૦૧)

**પ્રિન્ટીંગનું કામ**

પેમ્પલેટ, પેપર, પ્રીન્ટીંગ અને વિતરણ સાથે. બોરીવલી. પરેશ શાહ : 9898312030. (૧૮૮-એ)

**પર્યુષણ ગિફ્ટ**

સાંજી, પારણા તથા ગણપતી નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે. - 9930310057. (બી-૧૬૩૮૨)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**એસ્ટ્રો ન્યુમરોલોજીસ્ટ**

તમારા પરિવારમાં સંતાનના નામ માટે, લગ્ન યોગ, જોબ યોગ, બિઝનેસ કંપનીનું નામ શું રાખવું, લકી યર વગેરે માટે સંપર્ક કરો 6357077555 જગદીશભાઈ. (૨૦૮/એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૭૮-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)




બેંગલૂરુનું એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ (એકદમ ઉપર) અને નવી મુંબઈનું ડી. વાય. પાટીલ સ્ટેડિયમ.

# મહિલા વર્લ્ડ કપમાં બેંગલૂરુની મૅચો નવી મુંબઈમાં રમાશે

મુંબઈ: આગામી ૩૦મી સપ્ટેમ્બરે ભારત અને શ્રીલંકામાં શરૂ થનારા મહિલાઓના વન-ડે વર્લ્ડ કપના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેનાથી ભારતની મૅચો પર અસર પડશે.

બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાનારી મૅચો નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. બેંગલૂરુમાં ચોથી જૂને આરબીસીના પ્રથમ આઇપીએલ ટાઇટલના ચૅમ્પિયનપદની ઉજવણી વખતે થયેલી જીવલેણ ભાગદોડના મામલે કર્ણાટક રાજ્ય સરકારે સખત વલણ અપનાવ્યું હતું જેને કારણે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આ વિશ્વકપની જે મૅચો રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું એ માટે પરવાનગી નથી મળી. ધક્કામુક્કીની ઘટનામાં ૧૧ જણે જીવ ગુમાવ્યા હતા.

મહિલા વર્લ્ડ કપની ફાઇનલ બીજી નવેમ્બરે રમાવાની છે. મૅચોના કેટલાક સ્થળમાં બદલાવ આવ્યો છે, પરંતુ ટૂર્નામેન્ટની તારીખમાં કોઈ ફેરફાર નથી કરાયો. અગાઉની જેમ વર્લ્ડ કપની પ્રથમ મૅચ ભારત-શ્રીલંકા વચ્ચે ૩૦મી સપ્ટેમ્બરે ગુવાહાટીમાં રમાશે.

ભારત અને પાકિસ્તાનની મહિલા ટીમ વચ્ચેની મૅચ પાંચમી ઑક્ટોબરે કોલંબોમાં રમાશે.

આ સ્પર્ધા માટેના પાંચ સ્ટેડિયમના નામ હવે આ મુજબ છેઃ એસીએ સ્ટેડિયમ (ગુવાહાટી), હોલ્કર સ્ટેડિયમ (ઇન્દોર), ડીવાય પાટીલ સ્ટેડિયમ (નવી મુંબઈ), એડીએ-વીડીસીએ સ્ટેડિયમ (વિશાખાપટનમ) અને આર. પ્રેમદાસા સ્ટેડિયમ (કોલંબો). ■

# ઑનલાઈન ગેમિંગનું દૂષણ વર્ષોથી ચાલવા જ કેમ દીધું?

## નવા ખરડાને લીધે હવે અનેક પરિવારો બચી જશે: ટીમ ઈન્ડિયા એશિયા કપમાં જર્સી સ્પૉન્સર વિના જ રમશે?

મુંબઈ: ડ્રીમ11 જેવી તમામ પ્રકારની ઑનલાઇન ફૅન્ટસી સ્પોર્ટ્સ ઍપ તેમ જ ગૅમ્બલિંગ પ્લેટફૉર્મ પર પ્રતિબંધ લાગુ કરતો જે ખરડો આ અઠવાડિયે લોકસભા તેમ જ રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યો એને પગલે ટીમ ઇન્ડિયા હવે જર્સી સ્પૉન્સર તરીકે ડ્રીમ11નું નામ ગુમાવશે એવી સંભાવના વચ્ચે એવું પણ મનાય છે કે નવમી સપ્ટેમ્બરે શરૂ થનારા એશિયા કપમાં ભારતીય ટીમના ખેલાડીઓ સ્પૉન્સરના નામ વિના રમશે. સટ્ટા અને જુગાર પર પ્રતિબંધ મૂકતો આ નવો કાયદો ટીમ ઇન્ડિયા પરની સૌથી મોટી અસર તરીકે ઓળખાવી શકાય. વાસ્તવમાં આ ગેમિંગનું દૂષણ વર્ષોથી અનૈતિક રીતે ચાલતું હતું જેના પર છેક હવે લગામ તાણવામાં આવી છે.

ગેમિંગના આ ધંધા અને ટેક્સની આવકની આ રમત પર છેક હવે કેન્દ્ર સરકારના ખેલકૂદ મંત્રાલયનો આ અંકુશ આવ્યો છે. ટીમ ઇન્ડિયાને આવા પ્રકારના સ્પૉન્સર હવે નહીં મળે અને ક્રિકેટ બોર્ડને આવા સ્પૉન્સર તરફથી કરોડો રૂપિયાનો કૉન્ટ્રૅક્ટ નહીં મળે, પરંતુ સૌથી સારી વાત એ છે કે આવી ગેમિંગ ઍપ પર તવાઈ આવવાથી અનેક પરિવારો બચી જશે. ખાસ કરીને યુવા વર્ગના કરોડો લોકો ગેમિંગ ઍપ સાથે સંકળાયેલા હતા જેને લીધે તેઓ કરોડો રૂપિયા ગુમાવતાં હતા જે હવે બંધ થઈ જશે.

### પત્તાં જુગાર છે તો ગેમિંગ શું હતું?

પત્તાં રમો તો જુગાર, પરંતુ મોબાઇલ પર ગેમિંગમાં મગ્ન થઈ જાઓ તો મનોરંજન અને ક્રિકેટની ટૅલન્ટ.

આ વળી કેવું! પાનાં રમવા એ ગુનો ગણાય છે, પણ ક્રિકેટના મેદાન પરની ગતિવિધિઓ અને ખેલાડીઓના પર્ફોર્મન્સને આધારે મોબાઇલ પર ગેમ રમો તો એ સત્તાવાર ગમ્મત! આ ભેદભાવ વર્ષોથી ચાલતો હતો જે હવે બંધ થઈ જશે.

બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ કહ્યું છે કે ' ક્રિકેટ બોર્ડ કેન્દ્ર સરકારના દરેક કાયદા અને નીતિનું પાલન કરશે. જેની પરવાનગી નહીં હોય એ અમે નહીં જ કરીએ. અગાઉ સરકારે આલ્કોહૉલ તથા તમાકુના પ્રચાર પર પ્રતિબંધ મૂક્યો ત્યારે પણ બીસીસીઆઇએ એ બન્ને વર્ગની પ્રૉડક્ટોનો પ્રચાર ટાળ્યો હતો.'

એવું મનાય છે કે બીસીસીઆઇ હવે ટીમ ઇન્ડિયાના સ્પૉન્સર માટે નવા ટેન્ડર બહાર પાડશે.

### ડ્રીમ11ની રોકડાની રમતો બંધ

એક જાણીતી વેબસાઇટના અહેવાલ મુજબ ડ્રીમ11એ સંસદના બન્ને ગૃહમાં (પ્રમોશન ઍન્ડ રેગ્યુલેશન ઑફ ઑનલાઇન ગેમિંગ બિલ) ખરડો પસાર થયા બાદ પોતાની વેબસાઇટ પર શુક્રવારે જણાવ્યું હતું, 'રોકડાની રમત અને સ્પર્ધાઓ બંધ કરવામાં આવી છે.' જોકે આવું જણાવવાની સાથે ક્રિકેટચાહકોને 'સ્ટે ટ્યૂન્ડ'ની અરજ પણ કરવામાં આવી હતી. આ ખરડો અમલી બનાવવા માટે રાષ્ટ્રપતિની મહોર મળી એ પહેલાં શુક્રવારે આ વેબસાઇટ પરની અન્ય કેટલીક રમતો ચાલુ રહી હતી.

### ૨૦૧ અબજ રૂપિયાના સટ્ટા પર લગામ

ઑનલાઇન રિયલ મની ગેમ્સને પ્રોત્સાહન આપવું કે એને માટે નાણાકીય સહાય કરવી એ હવેથી ગુનો ગણાશે અને ગુનેગારને પાંચ વર્ષ સુધીની જેલની સજા થઈ શકશે.

સરકારી આંકડાના અંદાજો પરથી જાણવા મળ્યું છે કે કંપનીઓ વર્ષે આશરે ૪૫ કરોડ લોકો પાસેથી ૨.૩૦ અબજ ડૉલર (અંદાજે ૨૦૧ અબજ રૂપિયા) ઊભા કરતી હતી. જોકે હવે આ મસમોટા સટ્ટા પર લગામ મૂકવામાં આવી છે.




### ટીમ ઈન્ડિયાના સ્પૉન્સર્સના ભૂતકાળ પર એક નજર

ટીમ ઇન્ડિયા સાથે સંકળાયેલા ઘણા સ્પૉન્સર્સ નાણાકીય કે કાનૂની ગૂંચમાં અટવાઈ ચૂક્યા હોવાનું એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. ૨૦૦૧થી ૨૦૧૩ સુધી ટીમ ઇન્ડિયાના જર્સી પર સહારાનો લોગો ચમકતો હતો, પરંતુ નિયમનને લગતા ભંગ બદલ સેબીએ આ ગ્રૂપને ભરડામાં લીધું હતું. સ્ટાર ઇન્ડિયા ૨૦૧૪થી ૨૦૧૭ સુધી લીડ સ્પૉન્સર હતી, પરંતુ કૉમ્પિટિશન કમિશન દ્વારા એની વિરુદ્ધ તપાસ થઈ હતી. ૨૦૧૭માં ઑપો સાથે પાર્ટનરશિપ થઈ હતી, પણ ૨૦૨૦માં આર્થિક મુશ્કેલીઓના કારણસર આ ભાગીદારીનો અકાળે અંત આવી ગયો હતો. ૨૦૨૦માં બાયજૂસને બીસીસીઆઇ તરફથી જર્સી સ્પૉન્સરશિપનો હક મળ્યો હતો. જોકે પેમેન્ટમાં ડિફૉલ્ટ થવાને કારણે બીસીસીઆઇ આ શૈક્ષણિક સંસ્થાને અદાલતમાં લઈ ગઈ હતી અને એ સાથે શિક્ષણ આધારિત આ કંપનીના ભારતીય ક્રિકેટ સાથેના સંબંધોનો અંત આવ્યો હતો. ■

# સચિને પહેલી વાર પુત્ર અર્જુનની વાગ્દત્તા સાનિયા ચંડોક સાથેનો ફોટો શૅર કર્યો, અંજલિ-સારા પણ તસવીરમાં



સારા તેન્ડુલકર (વચ્ચે)ની ઍકેડેમીના ઉદ્ઘાટન પ્રસંગે પપ્પા સચિન તથા મમ્મી અંજલિ, નાની ઍનાબેલ તેમ જ અર્જુનની મંગેતર સાનિયા ચંડોક.

મુંબઈ: ક્રિકેટના ભગવાન તરીકે જાણીતા મહાન ક્રિકેટર સચિન તેન્ડુલકરના પુત્ર અર્જુન તેન્ડુલકરની તાજેતરમાં એક નાના ખાનગી સમારંભમાં સાનિયા ચંડોક સાથે સગાઈ કરવામાં આવી ત્યાર બાદ પહેલી જ વાર સચિને તેની વહુ સાથેની તસવીર જાહેરમાં શૅર કરી છે. આ ફોટોમાં સચિનની પત્ની અંજલિ, પુત્રી સારા તેમ જ અંજલિનાં મમ્મી ઍનાબેલ મહેતા પણ નજરે પડે છે.

અર્જુન-સાનિયા ચંડોક વચ્ચેની સગાઈના ફંક્શનની તસવીરો હજી મીડિયા સુધી નથી પહોંચી, પરંતુ તેન્ડુલકરની એક ઍકેડેમીના કાર્યક્રમમાં અર્જુનની મંગેતર સાનિયા સાથેની પરિવારની તસવીર વાઇરલ થઈ છે. સચિને પહેલી જ વાર પોતાના સોશ્યલ મીડિયા હૅન્ડલ પર પોતાની વહુની ઝલક બતાવી છે.

સચિનની પુત્રી સારાએ મુંબઈમાં પિલેટ્સ ઍકેડેમી ખોલી છે જેમાં શારીરિક તથા માનસિક રીતે ફિટનેસ વધુ સારી કરવા માટેના પ્રોગ્રામ ઑફર કરવામાં આવે છે. દુબઈની આ ઍકેડેમીની મુંબઈમાં ખોલવામાં આવેલી આ ચોથી બ્રાન્ચ છે. આ શાખાના ઉદ્ઘાટનનો સમારંભ નાના પાયે રાખવામાં આવ્યો હતો જેમાં રિબન કાપતી વખતે સારા સાથે તેના મમ્મી-પપ્પા તેમ જ નાની અને સાનિયા ચંડોક હાજર હતાં.

સચિને ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં પુત્રી સારા વિશે લખ્યું છે, ' પૅરેન્ટ્સ હંમેશાં ઇચ્છે છે કે તેમના બાળકો સૌથી વધુ પસંદ હોય એ ક્ષેત્રમાં આગળ વધે. પિલેટ્સ સ્ટૂડિયો ખોલવો સારા માટે એ જ બહુમૂલ્ય પળ છે. જેમ એક-એક ઇંટથી ઇમારતનું ચણતર થાય એમ સારા તનતોડ મહેનત કરીને આ મંઝિલ સુધી પહોંચી છે.' ■

# રિન્કુની આઠ સિક્સર, સાત ફોર સાથે વિનિંગ સેન્ચુરી



મેરઠ: મિડલ ઑર્ડરના આક્રમક બૅટ્સમૅન રિન્કુ સિંહે ગુરુવારે યુપીટી-૨૦ સ્પર્ધામાં મેરઠની ટીમ વતી ૪૮ બૉલમાં આઠ સિક્સરની મદદથી અણનમ ૧૦૮ રન કરીને પોતાની ટીમને જિતાડી હતી અને એશિયા કપની ટીમમાં પોતાનું સિલેક્શન ખોટું નથી એ સાબિત કર્યું હતું. રિન્કુની સદીની મદદથી મેરઠ મેવરિક્સે ધ્રુવ જુરેલની ગૌર ગોરખપુર ટીમ સામેનો ૧૬૮ રનનો લક્ષ્યાંક સાત બૉલ બાકી રાખીને મેળવી લીધો હતો. રિન્કુએ ૪૫ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી જેમાં સાત ફોર પણ સામેલ હતી અને તેનો સ્ટ્રાઇક-રેટ ૨૨૫.૦૦ હતો. એક સમયે રિન્કુની ટીમની ૩૮ રનમાં ચાર વિકેટ પડી ચૂકી હતી. ■

# શ્રેયસ નહીં, પણ શુભમન જ સૌથી મોટો દાવેદાર

મુંબઈ: શ્રેયસ ઐયરને ટી-૨૦ એશિયા કપની ટીમમાં ન લેવામાં આવતાં તેના પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા ચાહકો વચ્ચે તેની વન-ડે કરીઅરની વાતો થવા લાગી છે જેમાં કહેવાયું છે કે રોહિત વન-ડેમાંથી નિવૃત્ત થશે ત્યાર પછી શ્રેયસને જ કેપ્ટન બનાવવામાં આવશે. જોકે ક્રિકેટ બોર્ડના આધારભૂત સૂત્ર પાસેથી જાણવા મળ્યું છે કે રોહિત વન-ડેમાંથી જ્યારે પણ રિટાયર થશે ત્યારે કેપ્ટન તરીકે શુભમનને તેના અનુગામી તરીકે સૌથી મોટો દાવેદાર ગણવામાં આવશે. ■

# ઑસ્ટ્રેલિયા સામે સાઉથ આફ્રિકા નવ વર્ષથી જીતે જ છે: સતત આટલામી સિરીઝ જીત્યું

## વન-ડે ફૉર્મેટમાં કાંગારુંઓની શ્રેણી-પરાજયની હૅટ-ટ્રિક

મકાય: સાઉથ આફ્રિકાએ યજમાન ઑસ્ટ્રેલિયાને અહીં શુક્રવારે વન-ડે શ્રેણીની સતત બીજી મૅચમાં પણ હરાવીને ટ્રોફી પર ૨-૦ની વિજયી સરસાઈ સાથે કબજો કરી લીધો હતો અને સૌથી મોટી વાત એ છે કે ઑસ્ટ્રેલિયા સામે સાઉથ આફ્રિકા નવ વર્ષથી વન-ડે સિરીઝ જીતે જ છે અને શુક્રવારે લાગલગાટ પાંચમી શ્રેણીમાં કાંગારુંઓ તેમની સામે હારી ગયા હતા. પેસ બોલર લુન્ગી ઍન્ગિડી (૮.૪-૧-૪૨-૫) શુક્રવારનો મૅન ઑફ ધ મૅચ હતો.

૨૦૧૬થી ૨૦૨૫ સુધીમાં બન્ને દેશ વચ્ચે કુલ પાંચ વન-ડે સિરીઝ રમાઈ છે અને એ તમામમાં સાઉથ આફ્રિકાએ ટ્રોફી જીતી લીધી છે. વર્તમાન શ્રેણીમાં હજી એક મૅચ રમાવાની બાકી હોવાથી એઇડન માર્કરમની ટીમને ૩-૦થી ક્લીન સ્વીપ કરવાની તક છે.

સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી અને ૨૩ રનમાં માર્કરમ, રિકલ્ટનના રૂપમાં પહેલી બે વિકેટ ગુમાવી હતી. પછીથી બે મોટી ભાગીદારીએ ટીમને મોટી મુશ્કેલીમાંથી બચાવી લીધી હતી. મૅથ્યૂ બ્રીટ્ઝકે (૮૮ રન, ૭૮ બૉલ, બે સિક્સર, આઠ ફોર) અને ટોની ડિ ઝોર્ઝી (૩૮ રન, ૩૯ બૉલ, પાંચ ફોર) વચ્ચે ૬૨ બૉલમાં ૬૭ રનની અને બ્રીટ્ઝકે તથા ટ્રિસ્ટેન સ્ટબ્સ (૭૪ રન, ૮૭ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ૯૦ બૉલમાં ૮૯ રનની ભાગીદારી થઈ હતી. સ્ટબ્સ અને વિઆન મુલ્ડર (૨૬ રન, ૨૧ બૉલ, ચાર ફોર) વચ્ચેની ૪૮ રનની ભાગીદારીએ પણ ટીમને ૨૫૦-પ્લસનો સ્કોર અપાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. પ્રથમ વન-ડેના હીરો કેશવ મહારાજે અણનમ બાવીસ રન કર્યા હતા. ઑસ્ટ્રેલિયાના સ્પિનર ઍડમ ઝૅમ્પાએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

ઑસ્ટ્રેલિયાની ટીમ ૧૯૩ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. સાઉથ આફ્રિકાએ ૮૪ રનથી વિજય મેળવ્યો હતો. વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (૮૭ રન, ૭૪ બૉલ, બે સિક્સર, ૧૦ બૉલ) અને કૅમેરન ગ્રીન (૩૫ રન, ૫૪ બૉલ, ત્રણ ફોર) વચ્ચેની ચોથી વિકેટ માટેની ૬૭ રનની ભાગીદારી ઑસ્ટ્રેલિયાની ટીમમાં સૌથી મોટી હતી.

તેમને બાદ કરતા બીજા બૅટ્સમેન નિષ્ફળ જતાં મિચલ માર્શની ટીમે ઘરઆંગણે જ સિરીઝ-પરાજયની નામોશી જોવી પડી હતી. સાઉથ



આફ્રિકન બોલર્સમાં ઍન્ગિડીની પાંચ વિકેટ ઉપરાંત નાન્દ્રે બર્ગર અને સેનુરન મુથુસામીએ બે-બે વિકેટ મેળવી હતી. ■

# વધારાનું સ્ટોપેજ નવસારી ખાતે મુંબઈ સેન્ટ્રલ ⇌ ગાંધીનગર કેપીટલ વંદે ભારત એક્સપ્રેસ



| ટ્રેન નં. ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપીટલ વંદે ભારત એક્સ. w.e.f. ૨૪.૦૮.૨૦૨૫ | | સ્ટેશનનું નામ | ટ્રેન નં. ૨૦૯૦૨ ગાંધીનગર કેપીટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સ. w.e.f. ૨૩.૦૮.૨૦૨૫ | |
|---|---|---|---|---|
| અત્યારનો સમય | સુધારેલ સમય | | અત્યારનો સમય | સુધારેલ સમય |
| ૦૬.૦૦ (D) – | ફેરફાર નથી | મુંબઈ સેન્ટ્રલ | ૨૦.૩૦ (A) – | ૨૦.૩૫ (A) – |
| ૦૬.૨૩ (A) ૦૬.૨૫ (D) | ફેરફાર નથી | બોરીવલી | ૧૯.૩૨ (A) ૧૯.૩૪ (D) | ૧૯.૩૭ (A) ૧૯.૩૯ (D) |
| ૦૭.૫૬ (A) ૦૭.૫૮ (D) | ફેરફાર નથી | વાપી | ૧૮.૧૩ (A) ૧૮.૧૫ (D) | ૧૮.૧૮ (A) ૧૮.૨૦ (D) |
| ૦૮.૧૯ (A) ૦૮.૨૧ (D) | ફેરફાર નથી | વલસાડ | ૧૭.૫૧ (A) ૧૭.૫૩ (D) | ૧૭.૫૬ (A) ૧૭.૫૮ (D) |
| – – | **૦૮.૪૩ (A) ૦૮.૪૫ (D)** | **નવસારી** | – – | **૧૭.૨૭ (A) ૧૭.૨૯ (D)** |
| ૦૯.૦૦ (A) ૦૯.૦૩ (D) | ૦૯.૦૫ (A) ૦૯.૦૮ (D) | સુરત | ૧૭.૦૫ (A) ૧૭.૦૮ (D) | ફેરફાર નથી |
| ૧૦.૧૮ (A) ૧૦.૨૧ (D) | ૧૦.૨૩ (A) ૧૦.૨૬ (D) | વડોદરા | ૧૫.૪૮ (A) ૧૫.૫૧ (D) | ફેરફાર નથી |
| ૧૦.૪૩ (A) ૧૦.૪૫ (D) | ૧૦.૪૮ (A) ૧૦.૫૦ (D) | આણંદ | ૧૫.૨૫ (A) ૧૫.૨૭ (D) | ફેરફાર નથી |
| ૧૧.૩૦ (A) ૧૧.૩૫ (D) | ૧૧.૩૫ (A) ૧૧.૪૦ (D) | અમદાવાદ | ૧૪.૪૦ (A) ૧૪.૫૦ (D) | ફેરફાર નથી |
| ૧૨.૨૫ (A) – | ૧૨.૩૦ (A) – | ગાંધીનગર કેપીટલ | – ૧૪.૦૦ (D) | ફેરફાર નથી |

સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રાળુઓ કૃપયા www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

બધી આરક્ષિત ટીકીટો માટે ઓરીજીનલ ID પ્રૂફ સાથે રાખો

# પોવેલ ઉવાચ અગાઉની સાવચેતી વચ્ચે એચડીએફસી બૅન્ક, રિલાયન્સ, આઈસીઆઈસીઆઈ બૅન્કની આગેવાનીએ પ્રોફિટ બુકિંગને કારણે શૅરબજાર ગબડ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જેક્સન હોલ સિમ્પોઝિયમમાં પોવેલના પ્રવચન અગાઉની સાવચેતી વચ્ચે આઇસીઆઇસીઆઇ બેન્ક અને એચડીએફસી બેન્ક સહિતના હેવીવેઇટ શેરોની આગેવાનીએ ઊંચા મથાળે વેચવાલી નીકળતાં સપ્તાહના અંતિમ દિવસે છ દિવસની આગેકૂચને બ્રેક લાગી હતી. નિફ્ટીએ ફરી ૨૫,૦૦૦ની સપાટી ગુમાવી હતી જ્યારે સેન્સેક્સ ૬૯૪ પોઇન્ટ ગબડ્યો હતો.

નબળી શરૂઆત બાદ અંતે સેન્સેક્સ ૬૯૩.૮૬ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા ઘટીને ૮૧,૩૦૬.૮૫ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૨૧૩.૬૫ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા ઘટીને ૨૪,૮૭૦.૧૦ પોઇન્ટની સપાટી પર બંધ રહ્યો હતો. મીડિયા અને ફાર્મા સેગમેન્ટ છોડીને સાર્વત્રિક વેચવાલી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં પણ વેચવાલી જોવા મળી હતી. સેન્સેક્સના શેરોમાં એશિયન પેઇન્ટ, અલ્ટ્રાટેક સીમેન્ટ, ટાટા સ્ટીલ, આઇટીસી, એચસીએલ ટેક, કોટક મહિન્દ્રા બેન્ક, અદાણી પોર્ટ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસ, એચડીએફસી બેન્ક અને ટેક મહિન્દ્રા ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને સન ફાર્મા ગેઇનર્સ રહ્યા હતા.

એ જ રીતે, નિફ્ટીમાં સૌથી વધુ ઘટનારા શેરોમાં એશિયન પેઇન્ટ્સ, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ, અદાણી એન્ટરપ્રાઇઝ, હીરો મોટોકોર્પ, અલ્ટ્રાટેક સિમેન્ટનો સમાવેશ હતો, જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારત ઇલેક્ટ્રોનિક્સ, મારુતિ સુઝુકી, ભારતી એરટેલ, ટાઇટન કંપની ચોપ ગેઇનર્સની યાદીમાં હતા. સેક્ટરલ ધોરણે મીડિયા ઇન્ડેક્સ એક ટકા વધ્યો હતો અને ફાર્મા ઇન્ડેક્સ ૦.૪ ટકા વધ્યો હતો, જ્યારે મેટલ, આઇટી, એફએમસજી ઓઇલ અને ગેસ, પીએસયુ બેંક, ખાનગી બેંક, રિયલ્ટી અને રિઅલ્ટી ઇન્ડેક્સમાં અડધાથી એક ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારના અભ્યાસુઓ અનુસાર જીએસટીના પ્રસ્તાવિત સુધારાઓ અને એસએન્ડપીના ભારત માટે રેટિંગ અપગ્રેડ અંગે આશાવાદ પર આગેકૂચનો દોર છ દિવસ વિસ્તરર્યો હતો. જોકે, ફેડરલના રેટકટના નિર્ણય અગાઉ બજારમાં સાવચેતીનો ટોન જોવા મળ્યો હતો અને ઊંચા મથાળે પહોંચેલા શેરોમાં પ્રોફિટ બુકિંગ પણ જોવા મળ્યું હતું. એ જ સાથે રશિયાએ યુક્રેન પર ફરી મિસાઇલ હુમલો કર્યો હોવાથી શાંતિ મંત્રણા પડી ભાંગવાના સંજોગોએ બીજા અનેક જોખમો ઊભા કર્યા છે.

જીએસટી દરોના સુતાર્કિકરણ માટેના પ્રધાનમંડળે પાંચ ટકા અને ૧૮ ટકાના બે સ્લેબ ધરાવતા જીએસટી માળખા માટેના કેન્દ્ર સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી છે. જીએસટી કાઉન્સિલ આ અંગે આવતા મહિને આ સંદર્ભે નિર્ણય લે એવી સંભાવના છે. હાલ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સનું માળખું, પાંચ ટકા, બાર ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા, એમ ચાર સ્લેબ ધરાવે છે. મની ઓરિએન્ટેડ ગેમીંગ પ્લેટફોર્મ પરના પ્રતિબંધ બાદ નઝારાના શેરમાં શરૂ થયેલું ધોવાણ ત્રીજે દિવસે પણ ચાલુ રહ્યું હતું.

પાછલા બે દિવસમાં ૨૩ ટકાના કડાકા બાદ શુક્રવારે પણ તેની પડતી જારી રહી હતી. ક્લીન સાયન્સના પ્રમોટર્સ બ્લોક ડીલ દ્વારા ૨૦ ટકા ઇક્વિટી હિસ્સો વેચવાની તજવીજમાં હોવાના અહેવાસ છે. ઇન્ડિયન સોસાયટી ફોર હીટીંગ, રેફ્રીજરેટીંગ એન્ડ એર કન્ડિશનીંગ એન્જિનિયર્સ, ઇશ્રાય કૂલ કોન્ક્લેવ ૨૦૨૫માં ધી ઇકો ફેક્ટરી ફાઉન્ડેશનના સ્થાપક આનંદ ચોરડિઆને ડીકાર્બોનાઇઝેશન એક્સલન્સ એવોર્ડ અપાયો છે.

એપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઇસ લિમિટેડમાંથી તેના મેનેજિંગ ડિરેક્ટર સુનીતા રેડ્ડીની આગેવાની હેઠળના પ્રમોટર જૂથે પોતાનો ૧.૩૦ ટકા હિસ્સો રૂ. ૧૪૮૯ કરોડમાં ઓફલોડ કર્યો છે. એશિયા, આફ્રિકામાં એસએમઇને ટેકો આપવા માટે જાપાન ઇન્ટરનેશનલે એસીએફમાં ૪૦ મિલિયન ડોલરનું રોકાણ કર્યું છે.

# ચાંદીમાં ₹ ૧૨૧૬ની આગેકૂચ, રૂપિયો નબળો પડતાં વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૨૧૧નો સુધારો

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલના આજના મોડી સાંજના વક્તવ્ય પૂર્વે રોકાણકારોનો સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અને ડૉલર ઈન્ડેક્સ મજબૂત થવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં ૦.૨થી ૦.૪ ટકાનો ઘટાડો આગળ ધપ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ ૦.૪ ટકા જેટલા ઘટીને ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૭ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતા સ્થાનિક ઝવેરી બજારમાં વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૦થી ૨૧૧નો સુધારો આવ્યો હતો.

# ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતી અને ઈક્વિટી માર્કેટ તૂટતાં રૂપિયો ૨૭ પૈસા ગબડ્યો

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સતત છ સત્રની તેજીને બ્રેક લાગવાની સાથે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી તેમ જ આજે મોડી સાંજે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૭ પૈસા ગબડીને ૮૭.૫૨ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૨૪૬.૫૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતાં અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે

**CCTV કેમેરાઓની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ, કમીશનીંગ**

સીની. ડીવી. સિગ્નલ & ટેલિકોમ એન્જી. (નોર્થ), ૨જો માળ, DRM'S ઓફિસ, મું. સેન્ટ્રલ, મુંબઈ-૮ ટે. નં. **SG-216-2-135-WA** તા. ૧૯-૮-૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: મુંબઈ ડીવી.માં સુરત સેક્શનના ટ્રેક સાઈડના સંવેદનશીલ સ્થળો ખાતે સર્વેલન્સ માટે સોલાર સીસ્ટમ સાથે CCTV કેમેરાઓની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ, કમીશનીંગ. (WR). કામની કિંમત: ₹ ૯૨,૮૫,૭૮૭.૩૮. બારડી: ₹ ૧,૮૫,૭૦૦/- સુપ્રતિની તા. & સમય: ૧૮-૯-૨૫ના ૧૫ ક. સુધી. ખુલવાની તા. & સમય: ૧૮/૯/૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ **www.ireps.gov.in**ની મુલાકાત લો. 0521

અમને લાઈક કરો: facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરનો ડીપાર્ટમેન્ટ)

**ઈ-ટેન્ડર નોટીસ**

| ડીપાર્ટમેન્ટ | હાઈડ્રોલિક એન્જિનિયર | | | |
|---|---|---|---|---|
| સબ-ડીપાર્ટમેન્ટ | ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (સ્ટોર્સ/પરચેઝ) | | | |
| ઈ-ટેન્ડર નં. | વિષય | બારડી | ટેન્ડર ફી | અંતિમ તારીખ |
| ૨૦૨૫_MCGM_૧૨૧૧૨૯૭ | વિષય: વર્ષ ૨૦૨૫-૨૬ માટે BMCના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ અને રીઝવોયર્સ માટે ૧૯૮૬ના IS: ૬૪૬ (છેલ્લા સુધારા) પ્રમાણે ટન કન્ટેઈનર્સમાં લીકવીડ ક્લોરિનનો પુરવઠો | રૂા. ૬,૨૨,૬૦૦/- | રૂા. ૧૮,૧૫૦/- +૧૮% GST | ૧૫.૦૯.૨૦૨૫ |
| ટેન્ડરનું વેચાણ | ૨૫.૦૮.૨૦૨૫ સમય: સ. ૧૧.૦૦ ક. થી ૧૫.૦૯.૨૦૨૫ સમય: બ. ૪.૦૦ ક. સુધી | | | |
| વેબસાઈટ | https://mahatenders.gov.in https://portal.mcgm.gov.in | | | |
| સંપર્ક વ્યક્તિઓ: | | | | |
| a) નામ: | શ્રી એ. આર. ચંદન | | શ્રી એસ. એ. વસાવે | |
| b) હોદ્દો: | A.E. (Store/ Purchase) | | S.E. (Store) | |
| c) સંપર્ક નં.: | ૮૧૬૯૨૫૬૦૭૨ | | ૯૮૨૧૭૮૨૩૧૩ | |
| d) ઈ-મેલ id:- | dyhestores.he@mcgm.gov.in | | | |

સહી/-
E.E. (Store/ Purchase)

PRO/1355/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

## મધ્ય રેલવે

ક્રમ. S. ૧૨૦ ટી. ઓક્શન પ્રો./૨૦૨૫-૨૬ તા. ૧૮.૦૮.૨૦૨૫

ધી પ્રીન્સીપલ ચીફ મટીરીયલ્સ મેનેજર ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચે પ્રમાણે સ્ક્રેપના વેચાણ માટે સપ્ટેમ્બર-૨૦૨૫ના મહિના દરમ્યાન ઈ-ઓક્શન યોજશે.

| હરાજી સંચાલક અધિકારીઓ | હરાજી તારીખ અને દિવસ | | | સંપર્ક નં. |
|---|---|---|---|---|
| Sr.DMM/NGP | ૦૨.૦૯.૨૦૨૫ મંગળવાર | ૧૦.૦૯.૨૦૨૫ બુધવાર | ૨૨.૦૯.૨૦૨૫ સોમવાર | ૭૨૧૯૬૧૨૭૫૦ |
| Sr.DMM/BSL With MMR depot. | ૦૩.૦૯.૨૦૨૫ બુધવાર | ૧૧.૦૯.૨૦૨૫ ગુરુવાર | ૨૩.૦૯.૨૦૨૫ મંગળવાર | ૭૨૧૯૬૧૧૭૫૧ |
| Sr.DMM/PA | ૦૮.૦૯.૨૦૨૫ સોમવાર | ૧૫.૦૯.૨૦૨૫ સોમવાર | ૨૪.૦૯.૨૦૨૫ બુધવાર | ૭૨૧૯૬૧૩૭૫૦ |
| Sr.DMM/BB | ૦૯.૦૯.૨૦૨૫ મંગળવાર | ૧૬.૦૯.૨૦૨૫ મંગળવાર | ૨૫.૦૯.૨૦૨૫ ગુરુવાર | ૮૮૨૮૧૧૯૭૫૦ |
| Sr.DMM/SUR | ૧૦.૦૯.૨૦૨૫ બુધવાર | ૧૭.૦૯.૨૦૨૫ બુધવાર | ૨૬.૦૯.૨૦૨૫ શુક્રવાર | ૭૨૧૯૬૧૪૭૫૦ |
| DY.CMM[ETL]HQ For SMM(G) CRD | ૦૨.૦૯.૨૦૨૫ મંગળવાર | ૧૦.૦૯.૨૦૨૫ બુધવાર | ૨૨.૦૯.૨૦૨૫ સોમવાર | ૮૮૨૮૧૧૦૭૬૧ |
| DY.CMM(M) PR | ૦૮.૦૯.૨૦૨૫ સોમવાર | ૧૫.૦૯.૨૦૨૫ સોમવાર | ૨૪.૦૯.૨૦૨૫ બુધવાર | ૮૮૨૮૧૧૯૭૫૫ |
| DY.CMM(CWE)MTN | ૦૩.૦૯.૨૦૨૫ બુધવાર | ૧૧.૦૯.૨૦૨૫ ગુરુવાર | ૨૩.૦૯.૨૦૨૫ મંગળવાર | ૮૮૨૮૧૧૯૭૭૦ |
| DY.CMM[ETL]HQ For AMM/HBHR | ૦૨.૦૯.૨૦૨૫ મંગળવાર | ૧૦.૦૯.૨૦૨૫ બુધવાર | ૨૨.૦૯.૨૦૨૫ સોમવાર | ૮૮૨૮૧૧૦૭૬૧ |
| DY.CMM [ACL] BSL | ૦૯.૦૯.૨૦૨૫ મંગળવાર | ૧૬.૦૯.૨૦૨૫ મંગળવાર | ૨૫.૦૯.૨૦૨૫ ગુરુવાર | ૭૨૧૯૬૧૧૭૫૦ |

**નોંધ:** જો જરૂર જણાશે તો પાત્ર લોટ માટે હરાજીની ઓરીજીનલ તારીખ અને સમયના આગામી કાર્યકારી દિવસે પૂરક હરાજી હાથ ધરવામાં આવશે. રેલવે શાસન તેની પોતાની મુનસફી પર કોઈપણ પૂરક હરાજીને રદ કરવાનો અધિકાર અનામત રાખે છે. **નોંધ:** a) રેલવે ઈ-ઓક્શનમાંથી કોઈ લોટને પાછો ખેંચવાનો અધિકાર અનામત રાખે છે. રેલવે કોઈપણ યોગ્ય રીતે કોઈપણ આગામી હરાજીમાં કોઈપણ ડેપો/ ડીવીઝનના કોઈપણ લોટની હરાજીનો અધિકાર પણ અનામત રાખે છે. તેમ જ મધ્ય રેલવેના બીજા ડેપો/ ડીવીઝનના આગામી હરાજીમાં કોઈપણ ડેપો/ ડીવીઝનનો ન વેચાયેલો લોટ વેચી શકાશે. b) ગવર્મેન્ટ પોલિસી પ્રમાણે, જો સ્ક્રેપ મટીરીયલ્સના રીસાઈક્લીંગમાં પર્યાવરણ અને પ્રદૂષણના મુદ્દાઓ સમાવિષ્ટ હોય તો, આવા લોટ સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (CPBB) /સ્ટેટ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (SPCB) દ્વારા જારી કરાયેલા માન્ય લાઈસન્સ ધરાવતા અધિકૃત બીડર્સને જ વેચી શકાશે. C) ઈ-ઓક્શન સૂચિ વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ હશે. d) જો ઈ-ઓક્શન, ડીજીટલ હસ્તાક્ષર, રજિસ્ટ્રેશન પ્રક્રિયા અને સહભાગીતા વ.ને લગતી કોઈ સહાયની જરૂર હોય તો કૃપયા ઉપર મુજબના સંબંધિત હરાજી સંચાલક અધિકારીનો કે Dy. CMM/Sales/HQ, મોબાઈલ નં. ૮૮૨૮૧૧૦૭૬૧, ઈ-મેઈલ એડ્રેસ **dycmm.s.cstm@gmail.com** કે **dycmms@cr.railnet.gov.in** પર સંપર્ક કરો.

પ્રીન્સીપાલ ચીફ મટીરીયલ્સ મેનેજર વતી

Apex-383

अपने जानवरों को रेल लाइन से दूर रखे

BRIHANMUMBAI MAHANAGARPALIKA

જોબનપુત્રા કમ્પાઉન્ડ, નાનાચોક, મુંબઈ-૪૦૦૦૦૭.
નં. ACD/A.E. (SWM)/D/ ૫૨૧/તા. ૨૨.૦૮.૨૦૨૫

**ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_૧૨૧૨૬૧૭ http://mahatenders.gov.in |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપિલ કોર્પોરેશન |
| વિષય | વિસર્જન કરાયેલ ગણપતિ મૂર્તિને કલેક્શન પોઈન્ટથી વચગાળાની સુવિધા સુધી પરિવહન માટે ડમ્પર વાહનો ભાડે લેવા. (પ્રક્રિયા કેન્દ્ર) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | રૂા. ૯,૬૨,૮૦૦/- |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/ બારડી | રૂા. ૧૦,૦૦૦/- |
| ટેન્ડર ફોર્મ | રૂા. ૧૭૧૪/- (રૂ. ૧૪૫૨+૧૮% GST) |
| ટેન્ડરના ઈશ્યૂ અને વેચાણની તારીખ | ૨૨.૦૮.૨૦૨૫ ૧૬.૦૦ ક.થી |
| ટેન્ડરની વેચાણ માટે છેલ્લી તા. અને સ. & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૨૭.૦૮.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| બીડ ખોલવાની તારીખ | ૨૮.૦૮.૨૦૨૫ ૧૬.૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | આસી. કમિશનર "D" વોર્ડની ઓફિસ, જોબનપુત્રા કમ્પાઉન્ડ, નાના ચોક, ગ્રાન્ટ રોડ (પ), મુંબઈ-૪૦૦૦૦૭ |
| બીડ ખોલવા માટેનું સ્થળ | આસી. એન્જિ. (SWD) "D" વોર્ડ ઓફિસમાં ઓનલાઈન |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.**
BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર(SWD) "D" વોર્ડ

PRO/1370/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

परिशिष्ट - ११

**BRIHANMUMBAI MUNICIPAL CORPORATION (GENERAL ELECTION-2025) PUBLIC NOTICE**

For the General Election of Brihanmumbai Municipal Corporation to be held in the Year-2025, the programme for the publication of draft ward boundaries is as follows:-.

| | | |
|---|---|---|
| 1 | Date of publishing Notification of the draft ward boundaries | Friday, 22 August, 2025 |
| 2 | Period for submitting objections & Suggestions (To be submitted to the Municipal Commissioner for objections & Suggestions, in Election Office or concerned ward Office) Place – List of offices is attached herewith. | Friday, 22 August, 2025 to Thursday, 04 September, 2025 (upto 3.00 p.m.) |

**Note** : The Citizens who have filed Objections & Suggestions will be informed separately about the date of hearing.

**BRIHANMUMBAI MUNICIPAL CORPORATION GENERAL ELECTION-2025**

For the General Election of Brihanmumbai Municipal Corporation -2025, The list of offices to accept the Objections & Suggestions regarding Draft Ward Formation

| Sr. No. | Electoral Ward No. | Office | Office Address |
|---|---|---|---|
| 1 | - | Dy. A & C (Election) (I/c) | Election Office, 3rd Floor, BMC Annex Building, Fort, Mumbai - 400 001 Email - aetdo.election@mcgm.gov.in |
| 2 | 1 To 8 | Asst. Assessor & Collector, 'R/N' Ward | Office of Asstt. Assessor & Collector R North Ward, Prabodhankar Thakare Natyagrih Building, A Wing, 3rd Floor, Chamunda Circle, Borivali (West), Mumbai-400092. Telephone No. 022 2895 9707 Email - aacrn.ac@mcgm.gov.in |
| 3 | 9 To 18 | Asst. Assessor & Collector, 'R/C' Ward | Office of Asstt. Assessor & Collector R/Central ward, Municipal Office Building, 2nd floor,Near Goragandhi Hotel, , F. P. 44, T. P. S. No. 1. Chandavarkar Road, S. V. Road, Borivali (West), Mumbai-400 092. Telephone No. 022 2890 3944 Email -aacrc.ac@mcgm.gov.in |
| 4 | 19 To 31 | Asst. Assessor & Collector, 'R/S' Ward | Office of Asstt. Assessor & Collector R/South ward, Municipal Office Building, Room no.109, 1st floor, Mahatma Gandhi Cros Road No.02, Near Sardar Vallabbhai Patel Swimming Pool, Kandivali (West), Mumbai - 400 067. Telephone No. 022 2805 5246 Email -aacrs.ac@mcgm.gov.in |
| 5 | 32 To 35, 46 To 49 | Asst. Assessor & Collector, 'P/N' Ward | Office of Asstt. Assessor & Collector P/N Ward, Municipal Office Building, 9th Floor, Liberty Garden, Malad (West), Mumbai - 400 064. Telephone No. 022 2999 4000 Ext.7902 Email - aacpn.ac@mcgm.gov.in |
| 6 | 36 TO 45 | Superintendent (Election) 'P/E' Ward | BMC P/East Ward Office, Ramlila Maidan, Hira Bazar, Malad (East), Mumbai - 400 097 Email - aacpn.ac@mcgm.gov.in |
| 7 | 50 To 58 | Asst. Assessor & Collector, 'P/S' Ward | Office of Asstt. Assessor & Collector P/South Ward, Municipal Office Building, C.T.S. No.746 Village Pahadi, Swami Vivekanand Marg, Goregaon (West), Mumbai-400 104. Telephone No. 022 2872 0051 Email - aacps.ac@mcgm.gov.in |
| 8 | 59 To 71 | Asst. Assessor & Collector, 'K/W' Ward | Office of Asstt. Assessor & Collector K-West ward, Municipal Office Building, Paliram Road, Off Swami Vivekanand Road, Opp. Andheri Station, Andheri (West) Mumbai - 400058. Telephone No. 022 2624 9594 Email - aackw.ac@mcgm.gov.in |
| 9 | 72 To 79 | Superintendent (Election) 'K/N' Ward | BMC K/North Ward Office, BMC Market Building, CTS No. 172/2, 175A, Poonam Nagar, Village-Majas, Jogeshwari East, Mumbai - 400 060 Email - aacke.ac@mcgm.gov.in |
| 10 | 80 To 86 | Asst. Assessor & Collector, 'K/E' Ward | Office of Asstt. Assessor & Collector K-E ward, Municipal Office Building, 2nd Floor, Room no. 206, Azad Road, Off. Andheri Kurla Road, Gundavali, Andheri (E), Mumbai - 400 069, Telephone No. 022 2684 3392 Email - aacke.ac@mcgm.gov.in |
| 11 | 87 To 96 | Asst. Assessor & Collector, 'H/E' Ward | Office of Asstt. Assessor & Collector H - East Ward, Municipal Office Building, 2nd Floor, Plot No. 137, TPS - 5, Road No. 2, Prabhat Colony, Santacruz (East), Mumbai – 400 055. Telephone No.022 2617 3198 Email - aacheast.ac@mcgm.gov.in |
| 12 | 97 To 102 | Asst. Assessor & Collector, 'H/W' Ward | Office of Asstt. Assessor & Collector H-west ward, Municipal Office Building, 4th Floor, Room No. 406, 2nd Hasnabad lane, Khar Road (west), Mumbai - 400 052. Telephone No.022 2644 0120 Ext.425 Email - aachw.ac@mcgm.gov.in |
| 13 | 103 To 108 | Asst. Assessor & Collector, 'T' Ward | Office of Asstt. Assessor & Collector T Ward, Municipal Office Building, Room No 7 & 9, Ground Floor, Lala Devi Dayal Marg, Mulund (West), Mumbai – 400 080. Telephone No.22 2564 5290 Ext.313 Email - aact.ac@mcgm.gov.in |
| 14 | 109 To 122 | Asst. Assessor & Collector, 'S' Ward | Office of Asstt. Assessor & Collector S Ward, Amenity Building,1st floor, Lodha Complex, Station Road, Gate no.03, Kanjur Marg (E), Mumbai - 400 042. Telephone No.022 2594 7519 Email - aacs.ac@mcgm.gov.in |
| 15 | 123 To 133 | Asst. Assessor & Collector, 'N' Ward | Office of Asstt. Assessor & Collector N Ward, Municipal Office Building (Annex), 3rd Floor, Jawahar Road, Ghatkopar (East), Mumbai - 400 077. Telephone No.022 2501 1781 Email - aacn.ac@mcgm.gov.in |
| 16 | 134 To 148 | Asst. Assessor & Collector, 'M/E' Ward | Office of Asstt. Assessor & Collector M/East Ward, Municipal Office Building, Room No. 307, 308, 3rd Floor, Junction of Late Madhukar Tukaram Kadam Marg & Periphery Road, Deonar Municipal Colony, Govandi, Mumbai-400 043, Telephone No.022 2555 9049 Email - aacme.ac@mcgm.gov.in |
| 17 | 149 To 155 | Asst. Assessor & Collector, 'M/W' Ward | Office of Asstt. Assessor & Collector M/West Ward, Municipal Office Building, Room No.2, Ground Floor, Sharadbhau Acharya Marg, Near Natraj Cinema, Chembur, Mumbai-400 071.Telephone No.022 2528 0795 Email -aacmw.ac@mcgm.gov.in |
| 18 | 156 To 171 | Asst. Assessor & Collector, 'L' Ward | Office of Asstt. Assessor & Collector L Ward, Municipal Office Building, 2nd Floor, Laxmanrao Yadav Market Building, S. G. Barve Marg, Kurla (West), Mumbai – 400 070. Telephone No.022 2650 3183 Email - aacl.ac@mcgm.gov.in |
| 19 | 172 To 181 | Asst. Assessor & Collector, 'F/N' Ward | Office of Asstt. Assessor & Collector F/North Ward, Municipal Office Building, Plot No.96, Bhau Daji Road, King's Circle, Matunga (East), Mumbai - 400019. Telephone No.022 2402 4353 Email -aacfn.ac@mcgm.gov.in |
| 20 | 182 To 192 | Asst. Assessor & Collector, 'G/N' Ward | Office of the Asstt. Assessor & Collector G / North Ward Office, Municipal Office Building, Room No. 27, 1st floor, Harishchandra yelve marg, Near Plaza Cinema, Dadar (West), Mumbai -400028.Telephone No.022 2430 8111 Email -aacgn.ac@mcgm.gov.in |
| 21 | 193 To 199 | Asst. Assessor & Collector, 'G/S' Ward | Office of Asstt. Assessor & Collector G / South Ward, Municipal Office Building, Room No. 22, 4th Floor, Dhanmil Naka. N.M. Joshi Marg, Prabhadevi, Mumbai-400 013. Phone No. 022 2422 6907 Email -aacgs.ac@mcgm.gov.in |
| 22 | 200 To 206 | Asst. Assessor & Collector, 'F/S' Ward | Office of Asstt. Assessor & Collector F/South ward, Municipal Office Building, 1st floor, room no. 7/8, Junction of Dr. B. R. Ambedkar Road and Jagannath Bhatankar Marg, Parel (East), Mumbai – 400 012. Phone No. 022 2411 4925. Email -aacfs.ac@mcgm.gov.in |
| 23 | 207 To 213 | Asst. Assessor & Collector, 'E' Ward | Office of Asstt. Assessor & Collector E Ward, Municipal Office Building, 1st flr, 10, Shaikh Hafizuddin Marg, Byculla (West), Mumbai – 400 008. Phone No.022 2309 9410. Email -aace.ac@mcgm.gov.in |
| 24 | 214 To 219 | Asst. Assessor & Collector, 'D' Ward | Office of Asstt. Assessor & Collector D ward, Municipal Office Building, 4th Floor, Jobanputra Compound, Nana Chowk, Grant Road (West), Mumbai - 400 007. Telephone No. 022 2386 5643 Email - aacd.ac@mcgm.gov.in |
| 25 | 220 To 222 | Asst. Assessor & Collector, 'C' Ward | Office of Asstt. Assessor & Collector C ward, Municipal Office Building, 4th Floor, 76, Shrikant Palekar Marg, Chandanwadi, Marine Lines, Mumbai -400 002. Telephone No. 022 2208 2817 Email -aacc.ac@mcgm.gov.in |
| 26 | 223 To 224 | Asst. Assessor & Collector, 'B' Ward | Office of Asstt. Assessor & Collector B Ward Municipal Office Building, 1st flr, 121, Ramchandra Bhatt Marg, Babulla Tank Cross Lane, Near J.J. Hospital, Dongri, Mumbai - 400 009. Telephone No. 022 2379 1569 Email - aacb.ac@mcgm.gov.in |
| 27 | 225 To 227 | Asst. Assessor & Collector, 'A' Ward | Office of Asstt. Assessor & Collector A Ward, 4th Floor, 134 E, Shahid Bhagat Sing Road, Near Reserve Bank of India, Fort,, Mumbai - 400 001. Telephone No. 022 2266 0380 Email - aaca.ac@mcgm.gov.in |

Sd/-
Dt. 22/08/2025
(Bhushan Gagrani)
Municipal Commissioner,
Brihanmumbai Municipal Corporation

PRO/1379/ADV/25-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## વિઘ્નહર્તાના આગમનમાં કોઇ વિઘ્ન નહીં જોઇએ

# રસ્તાના ખાડા ૭૨ કલાકમાં ભરવાનો આદેશ

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈ: સોમવાર અને મંગળવારે સતત બે દિવસ પડેલા મુશળધાર વરસાદે મુંબઈમાં ખાડાઓનું સંકટ વધારી નાખ્યું છે. ખાડાને કારણે ટ્રાફિક સમસ્યા વકરી ગઈ છે. તેની દખલ ગંભીર લઈ ને મુંબઈ ઉપનગરીય પાલક પ્રધાને ગણેશોત્સવ પહેલા તમામ ખાડાઓ ભરવા માટે ૭૨ કલાકનો સમય પાલિકા અધિકારીઓને આપ્યો છે. તેમણે વાકોલા, વિક્રોલી અને ગોરેગાંવમાં પુલો પરના ખાડાઓને મુદ્દે પણ પાલિકાને આડેહાથ લીધા હતા. તેમ જ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન એમએસઆરડીસીને પણ તાત્કાલિક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. જો તેઓ ખાડા પૂરવામાં નિષ્ફળ જાય, તો પાલિકા સમારકામ હાથ ધરશે.

તાજેતરમાં થયેલા ભારે વરસાદે મુંબઈ અને તેના ઉપનગરોમાં ખાડાઓનું સંકટ વધારી નાખ્યું છે. પહેલી થી ૨૨ ઓગસ્ટ દરમિયાન ૪,૦૦૦થી વધુ ખાડાઓ નોંધાયા છે. આટલા બધા ખાડા રસ્તા પર હોવાથી મુંબઈગરાની જ ગણેશોત્સવ મંડળોમાં ચિંતા વ્યાપી ગઈ છે, ખાસ કરીને જ્યારે આ વર્ષે આ તહેવાર 'રાજ્ય મહોત્સવ' (રાજ્ય ઉત્સવ) તરીકે ઉજવવામાં આવનાર છે.

ઉપનગરમાં પાલક પ્રધાને સુધરાઈ, એમએમઆરડીએ, એસઆરએ, ટ્રાફિક પોલીસ અને રેલવે સત્તાવાળાઓના વરિષ્ઠ અધિકારીઓ, ભૂતપૂર્વ કોર્પોરેટરો સાથે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક બોલાવી હતી, જેથી તમામ વિભાગોમાં તાત્કાલિક કાર્યવાહી અને સંકલન સુનિશ્ચિત કરી શકાય. આ બેઠકમાં પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

પાલક પ્રધાને મુંબઈમાં હાઇવે અને આંતરિક રસ્તાઓ પર ખાડાઓ સંબંધિત ફરિયાદોમાં વધારો થવા પર ગંભીર

(જુઓ પાનું ૪) ▶▶

## રેલવે સ્ટેશનના સ્ટૉલ પરથી ખરીદી કરતી વખતે ખાસ ચેતજો!

# ઑનલાઈન પેમેન્ટનો પાસવર્ડ જોઈને ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરનારી દિલ્હીની ટોળકી સક્રિય

*યોગેશ સી. પટેલ*

મુંબઈ: મુંબઈના રેલવે સ્ટેશનો પરના સ્ટૉલ પરથી ખરીદી પછી ઑનલાઈન પેમેન્ટ કરતી વખતે મુસાફરોએ ખાસ ચેતવા જેવી ઘટનાઓ હાલમાં જ સામે આવી છે. ટર્મિનસો પર સક્રિય દિલ્હીની ટોળકીના સભ્યો ઑનલાઈન પેમેન્ટ વખતે પાસવર્ડ નોંધી લે છે અને પછી કોઈ ને કોઈ બહાને મોબાઈલ માગીને મોબાઈલધારકની જાણબહાર તેના બૅન્ક ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરી લે છે. કુર્લાના લોકમાન્ય ટિળક ટર્મિનસ પર આ રીતની છેતરપિંડીનો ભોગ બનનારા સુરતના કર્મચારીએ ૨૦ રૂપિયાની કોલ્ડ ડ્રિન્કની બૉટલ ખરીદ્યા પછી સવા લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો હતો.

રેલવે પોલીસના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ આ રીતે છેતરપિંડીથી નાણાં ટ્રાન્સફર કરવાના તાજેતરમાં ચાર કેસ નોંધાયા હતા, જેમાંથી એક કેસ તો નવા જ બનેલા લોકમાન્ય ટિળક ટર્મિનસ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. ગુજરાતના સુરત શહેરમાં કામ કરતા આદિલ શાહરુદ્દીને (૨૭) નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

સુરતથી આવેલા આદિલને ઉત્તર પ્રદેશના કુશીનગર જવાનું હોવાથી તે એલટીટીથી ટ્રેન પકડવાનો હતો. તેણે કુર્લા ટર્મિનસ પરના સ્ટૉલ પરથી ૨૦ રૂપિયાની કોલ્ડ ડ્રિન્કની બૉટલ ખરીદી હતી અને યુપીઆઈથી રૂપિયા ચૂકવ્યા હતા. આદિલ તેના મોબાઈલ ફોનમાં યુપીઆઈનો ચાર આંકડાનો પાસવર્ડ ટાઈપ કરતો હતો ત્યારે ટોળકીના એક સભ્યએ ચૂપચાપ તેની પાછળ ઊભા રહી પાસવર્ડ નોંધી લીધો હતો. એ પાસવર્ડ આરોપીએ તેના બીજા સાથીને આપી દીધો હતો.

આદિલ ટ્રેનમાં બેઠો ત્યારે આરોપીના સાથીએ મિત્રતા કરી આદિલ સાથે વાતચીત શરૂ કરી હતી. પહેલાં અહીંતહીંની વાતો કરીને વિશ્વાસ સંપાદન કર્યા પછી આરોપીના સાથીએ તેના મોબાઈલ ફોનનું રિચાર્જ પતી ગયું હોવાનું કહ્યું હતું. વતનમાં ઘરે કૉલ કરવાને બહાને આરોપીના સાથી આદિલનો મોબાઈલ ફોન માગ્યો હતો.

હિચકિચાટ પછી આદિલે તેનો મોબાઈલ આરોપીના સાથીને આપ્યો હતો. કૉલ કરવાને બહાને સીટ પરથી ઊભા થઈ આરોપીના સાથીએ પાસવર્ડની મદદથી આદિલના બૅન્ક ખાતામાંથી ૧.૧૫ લાખ રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. રૂપિયા ટ્રાન્સફરના મેસેજ પણ તેણે ડિલીટ કરી

(જુઓ પાનું ૪) ▶▶

# કૉંગ્રેસ પોતે 'મત ચોરી'માં સંડોવાયેલી છે: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કોંગ્રેસ પર તેના 'મત ચોરી'ના આરોપો બાબતે ટીકા કરતાં એવો દાવો કર્યો હતો કે સાતારા જિલ્લાના ભાજપના વિધાનસભ્યે ખુલાસો કર્યો છે કે વિરોધ પક્ષ પોતે જ આવા કપટી માધ્યમોનો કેવી રીતે ઉપયોગ કરી રહી છે.

પત્રકારો સાથે વાત કરતા, ફડણવીસે કહ્યું હતું કે, ભાજપના વિધાનસભ્ય અતુલ ભોંસલેએ પર્દાફાશ કર્યો છે કે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવ્હાણના પરિવારના સભ્યો અને સહયોગીઓએ એક કરતાં વધુ જગ્યાએ મતદાન કેવી રીતે કર્યું હતું.

ભોંસલેએ નવેમ્બર ૨૦૨૪ની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં કરાડ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારમાંથી ચવ્હાણને હરાવ્યા હતા.

કોંગ્રેસ ખુલ્લી પડી ગઈ છે. અમારા વિધાનસભ્ય (ભોંસલે)એ સ્પષ્ટપણે દેખાડ્યું છે કે કોંગ્રેસ કેવી રીતે મત ચોરીમાં સંડોવાયેલી છે. આ બાબતોનો જવાબ

(જુઓ પાનું ૪) ▶▶

## લોકોમાં આ મુદ્દો ઉઠાવીશું: શરદ પવાર

મુંબઈ: ચૂંટણી પંચ અને ભાજપ પર કોંગ્રેસ દ્વારા લગાવવામાં આવેલા 'મત ચોરી'ના આરોપો પર ચાલી રહેલા વિવાદ વચ્ચે, એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે શુક્રવારે કહ્યું હતું કે વિપક્ષ એક થઈને આ મુદ્દો ઉઠાવશે અને દેશના નાગરિકો સમક્ષ તેને ઉજાગર કરશે.

અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા, તેમણે કહ્યું હતું કે તેમનો પક્ષ પણ ચૂંટણીના પરિણામોનો અભ્યાસ કરી રહ્યો છે.

આ મહિનાની શરૂઆતમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણીમાં 'મત ચોરી'નો આરોપ લગાવ્યો હતો, જેમાં ભારતીય ચૂંટણી પંચ પર શાસક ભાજપ

(જુઓ પાનું ૪) ▶▶

## પૃથ્વીરાજ ચવ્હાણના ભત્રીજાએ ત્રણ જગ્યાએ મતદાન કર્યું

ભાજપે એવો આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણના ભત્રીજા ઇન્દ્રજીત ચવ્હાણે ત્રણ જગ્યાએ મતદાન કર્યું હતું.

મત ચોરી સામે અવાજ ઉઠાવનાર ગાંધીના કોંગ્રેસ પક્ષે તેમના મતવિસ્તારમાં મતદાર યાદી સાથે છેડછાડ કરી હોવાનું બહાર આવી રહ્યું છે. કોંગ્રેસે ગાંધી પરિવારના વફાદાર અને રાહુલ ગાંધીના વિશ્વાસુ પૃથ્વીરાજ ચવ્હાણને મત ચોરી વિરોધી સમિતિમાં સમાવીને ગુપ્ત રીતે તેમના પોતાના મતવિસ્તારમાં મતદાર યાદીની ચાવીઓ આપી દીધી છે. તેમના પોતાના મતવિસ્તારની મતદાર યાદીમાં નવા ચમત્કારો બહાર આવી રહ્યા છે. કોંગ્રેસે એક જ વ્યક્તિની અધ્યક્ષતામાં મત ચોરી વિરોધી સમિતિની નિમણૂક કરી છે? એનો અર્થ એ કે ચોરાયેલી વસ્તુઓ શોધવાની જવાબદારી ચોરને સોંપવી, એમ ભાજપ

(જુઓ પાનું ૪) ▶▶

# ઈદ-એ-મિલાદના 'ડ્રાય ડે' જાહેર કરવાની માગણી

નવી મુંબઈ: ઈદ-એ-મિલાદના દિવસને મહારાષ્ટ્ર સરકાર 'ડ્રાય ડે' જાહેર કરે એવી લેખિત વિનંતી નવી મુંબઈ, રાયગડ, રત્નાગિરિ, સિંધુદુર્ગ જિલ્લાઓના પ્રભારી અને એમઆયએમના વિદ્યાર્થી આઘાડીના મહારાષ્ટ્ર રાજ્ય મહાસચિવ હાજી શાહનવાઝ ખાને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને કરી છે.

ઈદ-એ-મિલાદ (અથવા મિલાદ-ઉન-નબી) એક મુસ્લિમ તહેવાર છે. મુસ્લિમ ધર્મના સ્થાપક, પયગંબર હઝરત મુહમ્મદનો જન્મ આ દિવસે થયો હતો. આ દિવસે લોકો મસ્જિદોમાં ખાસ નમાઝ અદા કરવા જાય છે અને પયગંબર સાહેબને શ્રદ્ધાંજલિ આપવા માટે ભેગા થાય છે, જેમાં પયગંબર

(જુઓ પાનું ૪) ▶▶

# નાંદેડ એરપોર્ટ અચાનક બંધ

## પ્રવાસીઓ રઝળી પડ્યા

નાંદેડ: જિલ્લાના કેટલાક ભાગોમાં કુદરતી આફતને કારણે રાજકીય મોરચે નેતૃત્વનો અભાવ જોઈ શકાય છે. નરેન્દ્ર મોદી સરકારના નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે (ડીજીસીએ) ગુરુવારે જિલ્લાને વધુ એક ઝટકો આપ્યો. શુક્રવારથી નાંદેડ એરપોર્ટ પરની હવાઈ સેવાઓ સંપૂર્ણપણે અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી છે. આ એરપોર્ટ તાજેતરમાં મહારાષ્ટ્ર એરપોર્ટ ડેવલપમેન્ટ કંપની દ્વારા લેવામાં આવ્યું હતું પરંતુ બે મહિનામાં કંપનીની મર્યાદાઓ સ્પષ્ટ થઈ ગઈ.

નાંદેડ એરપોર્ટ પર રનવેની હાલત અત્યંત ખરાબ હોવાને કારણે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશકની કચેરીએ એરપોર્ટ કંપનીના પત્રના આધારે નાંદેડ એરપોર્ટને હાલ પૂરતું બંધ કરવાનો નિર્ણય લીધો હતો. શુક્રવારે સવારે જિલ્લા કલેક્ટર રાહુલ કાર્ડિલેએ મુખ્ય પ્રધાન અને સંબંધિત વિભાગોને ફ્લાઇટ સેવાઓ બંધ કરવાની સૂચના આપ્યા બાદ સરકારી સ્તરે હિલચાલ શરૂ થઈ ગઈ હતી. પરંતુ નાંદેડથી વિવિધ શહેરોમાં વિમાનમાં મુસાફરી કરતા મુસાફરોને ભારે અસુવિધાનો સામનો કરવો પડ્યો છે. ■




# વિક્રોલી બ્રિજ પર પ્લાસ્ટિકના કચરાને કારણે પાણી ભરાયાં

## પાલિકાએ ડ્રેનેજ નેટવર્ક બનાવવાની યોજના બનાવી

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈ: મુંબઈમાં મંગળવારે ભારે વરસાદ દરમિયાન તાજેતરમાં ખોલવામાં આવેલા વિક્રોલી રેલ ઓવરબ્રિજ (આરઓબી) પર મોટા પ્રમાણમાં પાણી ભરાતા ટીકાનો સામનો કરનારી મુંબઈ મહાનગરપાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટની ટીમે ગુરુવારે બ્રિજનું નિરીક્ષણ કર્યું હતું. એ દરમ્યાન તેમને પ્લાસ્ટિક કચરો પાણીના ઇનલેટ્સમાં ભરાઈ ગયા હોવાને કારણે પાણી ભરાઈ ગયા હોવાનું

(જુઓ પાનું ૪) ▶▶

# મુખ્ય પ્રધાને ઉપરાષ્ટ્રપતિના ઉમેદવાર માટે સમર્થન માગ્યું, પરંતુ મારી અસમર્થતા: શરદ પવાર

મુંબઈ: એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે શુક્રવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એનડીએના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણન માટે સમર્થન માગવા માટે ફોન કર્યો હતો, પરંતુ તેમણે પોતાની અસમર્થતા વ્યક્ત કરી હતી.

અહીં પત્રકારો સાથે વાત કરતા સિનિયર પવારે કહ્યું, 'વિપક્ષી ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ પહેલેથી જ પોતાની ઉમેદવારીપત્રક દાખલ કરી દીધું છે. ભલે અમારી પાસે એનડીએ કરતાં ઓછા મત હોય, અમે ચિંતિત નથી,' એમ તેમણે કહ્યું હતું.

પવારે એમ પણ કહ્યું હતું કે વિપક્ષે સર્વાનુમતે રેડ્ડીને પોતાના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

'વિપક્ષના બધા મત રેડ્ડીને જશે. તે તેની તાકાત જાણે છે. અમને કોઈ અપસેટની અપેક્ષા નથી,' એમ તેમણે કહ્યું હતું. દેશના બીજા

(જુઓ પાનું ૪) ▶▶

# અટલ સેતુ પર ઇ-વાહનોને ટોલ મુક્તિ

મુંબઈ: અટલ સેતુ (અગાઉ મુંબઇ ટ્રાન્સ હાર્બર લિંક અથવા એમટીએચએલ) પર ઇલેક્ટ્રિક વાહનોને ટોલ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી હોવાનું એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. રાજ્યના શહેરી વિકાસ વિભાગે ગુરુવારે એક જાહેરનામામાં જણાવ્યું હતું કે આ છૂટ ઇલેક્ટ્રિક ફોર-વ્હીલર્સ અને ઇલેક્ટ્રિક બસોને લાગુ પડશે, જેમાં રાજ્ય પરિવહન ઉપક્રમો અને પ્રાઈવેટ ઓપરેટરો દ્વારા સંચાલિત બસોનો પણ સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર મોટર વ્હીકલ ટેક્સ એક્ટ, ૧૯૫૮ની જોગવાઈઓ હેઠળ લેવાયેલો આ નિર્ણય આ વર્ષે ૩૧ જાન્યુઆરીના અગાઉના નોટિફિકેશનમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં ૨૧.૮ કિ.મી.ની સી લિંક અને તેના એપ્રોચ રોડનો ઉપયોગ કરીને તમામ કેટેગરીના વાહનો પર ટોલ વસૂલવામાં આવ્યો હતો. આ વર્ષે મે મહિનામાં રાજ્યના ગૃહ વિભાગે જાહેર હિતમાં અટલ સેતુ પર દોડતી ઇલેક્ટ્રિક કાર અને બસોને ટોલ મુક્તિ આપવાનો નિર્ણય કર્યો હતો. (પીટીઆઈ)

## કોર્ટ પરિસરમાં સરકારી વકીલે ગળાફાંસો ખાધો

# જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો

છત્રપતિ સંભાજીનગર: જિલ્લાની વડવાની કોર્ટના પરિસરમાં સરકારી વકીલે ગળાફાંસો ખાધા બાદ શુક્રવારે કોર્ટના જુડિશિયલ મેજિસ્ટ્રેટ વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એડવોકેટ વિનાયક ચાંદેલે (૪૭) આત્મહત્યા કરતાં પહેલા લખેલી સુસાઇડ નોટમાં જણાવ્યું હતું કે જુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જેએમએફસી) રફિક શેખ બધાની સામે મને અપમાનિત કરતા હતા

(જુઓ પાનું ૪) ▶▶

# ગિરગામ ચોપાટી પર બ્લુ બોટલ જેલીફિશનું જોખમ

મુંબઈ: છેલ્લા બે-ત્રણ દિવસથી મુશળધાર વરસાદ અને દરિયામાંથી જમીન તરફ ફૂંકાતા પવનને કારણે ગિરગામ ચોપાટી પર જેલીફિશ જેવી ઝેરીલી બ્લુ બોટલની હાજરી વધી છે. દર વર્ષે આ સમયગાળામાં મુંબઈના દરિયાકિનારે બ્લુ બોટલ જોવા મળે છે અને અનેક લોકોને એ કરડી હોવાની ઘટના બની છે.

બ્લુ બોટલ એક દરિયાઈ પ્રાણી છે અને એનું નામ તેના આકાર અને દેખાવ પરથી રાખવામાં આવ્યું છે. અસંખ્ય વાદળી દોરા અને તેના પર હવાથી ભરેલા અપારદર્શક ફુગ્ગાને કારણે બ્લુ બોટલ સમુદ્રમાં તરતી રહે છે. મુંબઈના દરિયાઈ જીવસૃષ્ટિમાં ત્રણ પ્રકારના જેલી જેવા જીવો જોવા મળે છે. ચોમાસા પહેલાં 'બ્લુ બટન', ચોમાસામાં 'બ્લુ બોટલ' અને વરસાદ ઓછો થતાં દરિયાકાંઠે 'બોક્સ' જેલી જેવા જીવો જોવા મળે છે. બ્લુ બોટલ ઝેરી હોય છે.

બે દિવસ પહેલા વાઇલ્ડલાઇફ અને મરીન રિસર્ચર સાહિર દોશીએ ગિરગામ ચોપાટીના દરિયાકિનારે બ્લૂ રંગની બોટલ જોઇ હતી. બ્લુ બોટલના ડંખને કારણે સોજો આવી જાય છે અને ખૂબ જ દુખાવો થાય છે. ડંખના કિસ્સામાં સમયસર તબીબી સારવાર લેવી મહત્વપૂર્ણ છે. યોગ્ય સારવારથી એકથી બે કલાકમાં દુખાવો ઓછો થઇ જાય છે અને ઇજા ઠીક થઇ જાય છે. ■

# ગણેશ ઉત્સવમાં 'ભજન મંડળો'ને રૂ. ૨૫,૦૦૦

મુંબઈ: મહારાષ્ટ્રના સાંસ્કૃતિક બાબતોના પ્રધાન આશિષ શેલારે શુક્રવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આગામી ગણેશ ઉત્સવમાં વાદ્યો ખરીદવા માટે ૧,૮૦૦ 'ભજન મંડળો' (ભક્તિ સંગીત મંડળો)ને રૂ. ૨૫,૦૦૦નું મૂડી અનુદાન આપશે. ૨૭ ઓગસ્ટથી શરૂ થનારા ૧૦ દિવસના ગણેશ ઉત્સવને આ વર્ષે રાજ્ય ઉત્સવનો દરજ્જો આપવામાં આવ્યો છે.

પત્રકારો સાથે વાત કરતા શેલારે કહ્યું હતું કે, 'આ પહેલ હેઠળ ૧,૮૦૦ ભજન મંડળોને સંગીતનાં વાદ્યો ખરીદવા માટે રૂ. ૨૫,૦૦૦નું અનુદાન આપવામાં આવશે. આ નિર્ણય આ ઉત્સવને ઉજવવા માટે સમગ્ર મહારાષ્ટ્રમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનો એક ભાગ છે.'

ગ્રાન્ટ માટે ઓનલાઈન અરજીઓ ૨૩ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર સુધી વેબ પોર્ટલ https://mahaanudan.org પર ઉપલબ્ધ રહેશે. શેલારે ભજન મંડળોને યોજનાનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# સિમ કાર્ડ ખરીદીને ઍક્ટિવેટ કરનારી ટોળકી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાયબર ફ્રોડ કરનારી ટોળકી માટે બૅન્ક ખાતાં અને સિમ કાર્ડ ખરીદીને તેને ઍક્ટિવેટ કરી આપનારી ટોળકીને ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી હતી. આ ટોળકી બોગસ નામે કંપની ખોલીને તેના આધારે બૅન્ક એકાઉન્ટ ખોલાવતી અને પછી સિમ કાર્ડ પર ઍક્ટિવેટ કરાવતી હતી. પછી તે બૅન્ક ખાતાં અને સિમ કાર્ડને ઉપયોગ માટે સાયબર ઠગોને પૂરાં પાડવામાં આવતાં હતાં. આ ટોળકીએ પૂરાં પાડેલાં સિમ કાર્ડની મદદથી દેશભરના નાગરિકો પાસેથી ૬૦.૮૨ કરોડથી વધુ રૂપિયા પડાવવામાં આવ્યા હોવાનું તપાસમાં જણાયું હતું.

બોગસ કંપનીને નામે વિવિધ બૅન્કોમાં કરન્ટ એકાઉન્ટ્સ ખોલાવવામાં આવ્યા પછી તેનો ઉપયોગ નાગરિકોને છેતરીને નાણાં પડાવવામાં થયો હોવાની માહિતી પોલીસને મળી હતી. કાંદિવલી પૂર્વમાં આવેલી બે કંપનીની કામગીરી શંકાસ્પદ હોવાનું જણાયું હતું. આ કંપની દ્વારા ઉપયોગમાં લેવાયેલાં સિમ કાર્ડ્સ પણ બીજી વ્યક્તિને નામે રજિસ્ટર્ડ હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું. મળેલી માહિતીને આધારે પોલીસની

(જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**